# હરખી

(ચોધરીજાતિમાં સામૂહિક દેવપૂજાનું સ્વરૂપ)

લેખક

ડૉ. અરવિંદ જે. ભટ્ટ



ગૂજરાત વિદ્યાપીઠ

અમદાવાદ-૩૮૦ ૦૧૪

આદિવાસી સંશોધન શ્રેણી પુ૦ ૩૫

# હરખી

(ચોધરીજાતિમાં સામૂહિક દેવપૂજાનું સ્વરૂપ)

લેખક

**ડૉ. અરવિંદ જે. ભટ્ટ**

નિવૃત્ત પ્રાધ્યાપક અને અધ્યક્ષ
સમાજમાનવશાસ્ત્ર વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ

**ગૂજરાત વિદ્યાપીઠ**
**અમદાવાદ-૩૮૦ ૦૧૪**

પ્રકાશક
પીયૂષભાઈ શાહ
કા. કુલસચિવ
ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦ ૦૧૪

© ગુજરાત વિદ્યાપીઠ

પ્રથમ આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૨
પ્રત ૩૫૦

કિંમત રૂ. ૧૦૦.૦૦

ISBN : 81-86445-27-7

મુદ્રક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય,
અમદાવાદ-૩૮૦ ૦૧૪

## પ્રકાશકનું નિવેદન

ગુજરાત વિદ્યાપીઠના ધ્યેયોમાં પછાત અને આદિમ સમુદાયોના વિકાસ-ઉત્કર્ષનાં કાર્યો પર ભાર મૂકવામાં આવ્યો છે. આ સંદર્ભમાં સંસ્થામાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તથા સમાજમાનવશાસ્ત્ર વિભાગ દ્વારા સંશોધન તથા અધ્યાપનનું કાર્ય થાય છે. ડૉ. અરવિંદભાઈ ભટ્ટે અહીંના અધ્યાપનકાળ દરમ્યાન ગુજરાતની ચોધરીજાતિના ધાર્મિક પાસામાં સામૂહિક દેવપૂજા - ''હરખી'' વિષે જે ઊંડાણભર્યો અભ્યાસ કર્યો હતો તેને આજે સંસ્થાની સંશોધન શ્રેણીમાં પ્રગટ કરતાં આનંદ અનુભવું છું.

ગુજરાતના આદિવાસીઓ વિષેનું પ્રકાશિત સાહિત્ય આમેય ઘણું ઓછું છે. અને તેમાંયે કોઈ એકાદ પાસા વિષે ક્ષેત્રકાર્ય આધારિત અને ઊંડાણભર્યા સંશોધન અભ્યાસો નહિવત્ છે. તેમના અગાઉના અભ્યાસ પુસ્તક ''ગુજરાતના ચોધરીઓ''ની જેમ આ પુસ્તક પણ વાચક તથા સંશોધનકર્તાઓને ચોધરીજાતિમાં ઊંડાણભર્યું ડોકિયું કરાવવામાં ઉપયોગી થશે તેમ આશા રાખું છું.

# નિવેદન

ગુજરાતમાં વિવિધ આદિવાસી સમુદાયો વસે છે. તેમાં દક્ષિણ ગુજરાતમાં ચોધરી આદિવાસી સમુદાય વસતી અને સાંસ્કૃતિક દૃષ્ટિએ એક મહત્ત્વની જાતિ તરીકે જુદો પડે છે. આ સમુદાયની મોટાભાગની વસતી એકલા સુરત જિલ્લામાં છે. વિકાસની પ્રક્રિયામાં આજે આ જાતિ શિક્ષણ અને કેટલેક અંશે આર્થિક બાબતોમાં અગ્રસ્થાને દેખાય છે. છતાં તેની પરંપરાગત સામાજિક-ધાર્મિક માન્યતાઓ, મૂલ્યો, આચારોનું પ્રભુત્વ સાર્વત્રિક રીતે તેમના જીવનમાં હજુ પણ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે; એટલું જ નહીં પણ દક્ષિણ ગુજરાતની તેની પડોશી આદિવાસીજાતિઓ-ગામીત, દૂબળા, કોટવાળિયા, ધોડિયા, વસાવા ભીલોના સાંસ્કૃતિક માળખા સાથે કેટલુંક સરખાપણું પણ દેખાય છે. છતાં તેમની બોલી, પરંપરાગત સ્ત્રીઓનો પોશાક, કુટુંબ વ્યવસ્થા, સગપણ વ્યવસ્થા, લગ્ન વ્યવસ્થા અને ધાર્મિક જીવન વ્યવસ્થામાં તેમનું આગવાપણું સ્પષ્ટપણે અભિવ્યક્ત થાય છે. અભ્યાસી તરીકે તેમના આ વિશિષ્ટપણાએ મને આકર્ષ્યો હતો.

ચોધરીજાતિ પરનો અભ્યાસ આમ તો છેક ૧૯૭૦થી શરૂ કર્યો હતો. જે ૧૯૮૫ સુધી સતત ચાલુ રહ્યો હતો. આ બધા સમય દરમિયાન આ જાતિ સમુદાયનાં અનેકવિધ પાસાંઓનો અભ્યાસ કરવાનો પ્રયત્ન થયો હતો. તેમાંથી અવારનવાર છૂટક લેખો પણ પ્રકાશિત થયા છે. તથા ‘ગુજરાતના ચોધરીઓ’ નામનું એક પ્રકાશન ૧૯૮૫માં પુસ્તક આકારે પ્રગટ થયું છે. જેમાં આ સમુદાયમાં આવી રહેલા સામાજિક પરિવર્તનને દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ચોધરીજાતિના સમગ્ર અભ્યાસ દરમિયાન તેમનું ધાર્મિક જીવન, વિધિઓ, આચારો, દેવદેવીઓ, માન્યતાઓ, ભગત વગેરે વિવિધ પાસાંઓ વિશે ઊંડાણથી વિગતો મેળવવાનું કાર્ય ચાલુ હતું. આ સંદર્ભમાં તેમનામાં જોવા મળતી સામૂહિક દેવપૂજા ‘હરખી’ પરત્વે પણ અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કર્યું હતું; અને પ્રાપ્ત વિગતોને આધારે જે સમય મળ્યો તેમાંથી ૧૯૭૨માં ‘આદિવાસી ગુજરાત’માં લેખ દ્વારા પ્રાથમિક બાબતો પ્રકાશિત થઈ હતી. પરંતુ બીજી ઘણી વિગતો રજૂ કરવાની રહી ગઈ હતી. જેમાં રેકોર્ડિંગ કરેલા ભગતના પૂજાના બોલ અને અન્ય વિગતોને રજૂ કરવાનો ત્યારે અવકાશ મળ્યો નહોતો. આજે તે બધી વિગતોને સાથે લઈને પુસ્તક આકારે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત અભ્યાસ ચોધરીજાતિના ધાર્મિક જીવનના ભાગરૂપે સામૂહિક

દેવપૂજાનું જે સ્વરૂપ દેખાય છે જેને તેઓ 'હરખી' તરીકે ઓળખાવે છે તે વિશેનો છે. તેમના ધાર્મિક જીવનમાં પરંપરાગત દેવ-દેવી પૂજાના સ્વરૂપનું ઘાણું મહત્ત્વ છે. તેને તેઓ પોતાનું સર્વસ્વ ગાણાવે છે. જીવનના સારા માઠા, દુઃખ કે આફતના પ્રસંગોએ દેવોની કૃપા પ્રાપ્ત થાય તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. પરિણામે તેઓ વૈયક્તિક તેમ જ સામૂહિક રીતે જીવનના વિવિધ તબક્કાઓ, પ્રસંગો, વખતે તેમની પૂજા દ્વારા કૃપા મેળવવાનો, તેમને ખુશ કરવાનો સતત પ્રયત્ન કરતા દેખાય છે. તેમની જરાસરખી નાખુશી કે નારાજગી ઘરબાર, ખેતીવાડી, છૈયાં-છોકરાં, પશુ-પંખી વગેરેમાં આફત, મુશ્કેલીઓ, અકસ્માત કે નુકસાનકારક બને છે. તેમની ખુશી સુખાકારી, ધન-ધાન્યની વિપુલતા, વંશવૃદ્ધિ લાવે છે. આમ ભૌતિક તથા સાંસારિક સુખોની પ્રાપ્તિ માટે હરખીપૂજાનું વિશિષ્ટ સ્વરૂપ પ્રાધાન્યપાણે વિકસેલું દેખાય છે. અહીં આ સામૂહિક પૂજાની સંરચના તથા કાર્યવ્યવસ્થા શું છે તથા સમગ્ર જીવન વ્યવહારમાં તેનો શો ફાળો છે તેને સમજવાનો પ્રયત્ન કર્યો છે.

ચોધરીજાતિની 'હરખીપૂજા' તેમનાં મોટા દેવોના સ્થાનકે થાય છે. ક્ષેત્રકાર્ય દરમિયાન તેમનાં નીચેનાં સ્થાનકો જેમાં (૧) દેવલી માડી - તાલુકે સોનગઢ (૨) ગોવાળ દેવ - તાલુકે વ્યારા (૩) દૂધ મોગરા - તાલુકે માંગરોળ (૪) આહિન્દો ડોગાર - તાલુકે માંડવી - જે તેમનાં મુખ્ય સ્થાનકો ગાણાય છે તે બધાં સ્થળોએ હરખી સમયે પ્રત્યક્ષ મુલાકાત કરીને અભ્યાસ કરવાનું ગોઠવવામાં આવ્યું હતું. પ્રસ્તુત વિષય પરત્વેનું ક્ષેત્રકાર્ય માટે ભાગે ૧૯૭૪થી ૧૯૭૮ સુધીના સમયગાળાનું રહ્યું હતું. તેમના આ મોટાં દેવસ્થાનોએ જ્યારે હરખી જાય ત્યારે તે દિવસો દરમિયાન તેમની સાથે દેવસ્થાને રહીને અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

(૧) પ્રથમ મુલાકાત : તા. ૧૪-૩-૧૯૭૪ના દિવસે સોનગઢ તાલુકામાં દેવલપાડા ગામે દેવલી માડીની હરખીની પૂજામાં ભાગ લેવાનું થયું હતું.

(૨) બીજી મુલાકાત : આ જ મહિનામાં વ્યારા તાલુકામાં ગોવાળદેવે હરખીપૂજામાં ભાગ લેવાનું બન્યું હતું.

(૩) ત્રીજી મુલાકાત : તા. ૧૭-૧-'૭૫ના રોજ માંગરોળ તાલુકામાં દૂધમોગરાના સ્થાનકે ભાગ લેવાનું બન્યું હતું.

(૪) ચોથી મુલાકાત : તા. ૨૧-૧-'૭૮ના રોજ માંડવી તાલુકામાં આહિન્દા ડોગારની હરખીમાં ભાગ લેવાનું બન્યું હતું.

અભ્યાસના આ બધા પ્રસંગોમાં મારા સ્નાતક તથા અનુસ્નાતકના વિવિધ ચોધરી વિદ્યાર્થી મિત્રોએ આ કાર્યમાં મારી સાથે વખત કાઢી રાત્રી રોકાણ કરી



રેકોર્ડિંગ કરવામાં તથા રેકોર્ડિંગને ચોધરી બોલીમાંથી ગુજરાતી લિપિમાં લખવામાં અને તેનું ગુજરાતી કરવામાં મને ઘાણી મદદ કરી છે. આમાં શ્રી બી. સી. ચોધરી (વેડછી) જે આજે આચાર્ય, જેલ સ્ટાફ તાલીમશાળા, અમદાવાદ ખાતે સરકારી સેવાઓમાં કામ કરે છે તેમનો ફાળો ઘાણો રહ્યો છે. તેમાણે દેવલીમાડી અને ગોવાળદેવની હરખીમાં મને સાથ આપ્યો હતો. (૨) માંડવી તાલુકામાં દેવગઢ ઉત્તર બુનિયાદી શાળાના આચાર્ય ગમનભાઈ ચોધરી અને તેમનાં પત્નીએ મને દૂધમોગરાની હરખી દરમિયાન સાથ આપ્યો હતો. (૩) ચોથી હરખીમાં બાબુ એન. ચોધરી (ઘંટોલી) તથા નારસિંહ ચોધરી (સાલૈયા)એ આહિન્દા ડોગારની હરખીમાં સાથ આપી મને ઘાણી મદદ કરી છે. ઉપરાંત સ્નેહી મિત્ર શ્રી ચિમનભાઈ પટેલે તેમને ત્યાં વેડછી આશ્રમમાં મને સંશોધન કામની અનુકૂળતા કરી આપીને ભારે ઉપકૃત કર્યો છે. આ સૌ મિત્રોની મદદને પરિણામે આજે આ પુસ્તકને ઘાટ આપી શકાયો છે. તે બદલ તે સૌનો હૃદયપૂર્વક ખૂબ આભારી છું. આ હરખીપૂજાના ગાયાણાની નોંધને પુનઃ નકલ કરી આપવા બદલ વિદ્યાર્થી કસનજી ચોધરી (અંધારવાડી)નો આભારી છું. આ લખાણની હસ્તપ્રતને સ્વ. ડૉ. હર્ષદ ત્રિવેદીએ તથા શ્રી હકુભાઈ શાહે જોઈને કરેલાં સૂચનો બદલ તેમનો પાણ આભારી છું. હરખીના લખાણને પુસ્તક આકારે છાપવાનું સૂચન કરનાર બહેન શ્રી બિંદુવાસીની જોશી તથા તેને પુસ્તક આકારે છાપવા માટે માજી કુલનાયક શ્રી ગોવિંદભાઈ રાવલે જે રસ લીધો છે તે બદલ તેમનો ઋણી છું. અંતે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના ભૂતપૂર્વ નિયામક ડૉ. સિદ્ધરાજ સોલંકી અને નિયામક ચંદ્રકાન્ત ઉપાધ્યાયે આ છપાવવામાં જે મદદ કરી છે તેથી તેમનો આભારી છું. આ લખાણને ચિત્રો દ્વારા સૌષ્ઠવ આપવામાં મદદ કરનાર સ્નેહી મિત્ર શ્રી લાલુભાઈનો પાણ ઋણી છું.

'સુખમની'
૧૯/૪૩૫, સત્યાગ્રહ છાવણી
સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫

અરવિંદ ભટ્ટ

## અનુક્રમણિકા


નિવેદન

| | | |
|---|---|---|
| ૧. | પ્રસ્તાવના : ચોધરીજાતિ એક પરિચય | ૧ |
| ૨. | હરખીનું સ્વરૂપ | ૧૨ |
| ૩. | હરખી અને દેવદેવીઓ | ૨૭ |
| ૪. | હરખી અને ભગત | ૫૦ |
| ૫. | હરખી પૂજા | ૬૧ |
| ૬. | ઉપસંહાર | ૯૬ |
| | **પરિશિષ્ટ** | |
| ૧. | હરખી પૂજામાં ભગતના બોલ | ૧૦૩ |
| ૨. | ચોધરી બોલીના શબ્દાર્થો | ૧૨૯ |




## પ્રકરણ ૧
## પ્રસ્તાવના : ચોધરીજાતિ એક પરિચય

**પ્રસ્તાવના**

ગુજરાતની આદિવાસી જાતિઓમાં ચોધરીજાતિ અન્ય આદિવાસી જાતિઓની સરખામણીમાં વસતિ અને સંસ્કૃતિની દૃષ્ટિએ રાજ્યની અતિ મહત્ત્વની આદિવાસી જાતિઓમાંની એક મહત્ત્વની જાતિ છે. આ જાતિની ઉત્પત્તિ વિશે કોઈ ચોક્કસ પુરાવાઓ કે આધારભૂત માહિતી મળતી નથી. રેવરંડ જ્હોન (૧૮૬૬) જણાવે છે કે ચોધરીજાતિ તાપી નદીના અસ્તિત્વ કાળથી હયાતી ધરાવે છે. મુંબઈ ગૅઝેટિયર (૧૯૦૧૧ : ૩૧૨) તેમને મૂળ પાવાગઢથી ૧૮૮૪માં નાસી છૂટેલા રાજપૂતો તરીકે ઓળખાવે છે. વસતિગણતરી અહેવાલ (૧૯૧૧ : ૨૮૮) વડોદરા રાજ્ય - તેમને ઉત્તર ગુજરાતના આંજણા ચોધરીઓ સાથે જોડે છે. દંતકથા અનુસાર પાવાગઢના પતનથી નાસી છૂટેલા રાજપૂતો સુરત જિલ્લાના મહુવા તાલુકામાં નળધરા વિસ્તારમાં સ્થાયી થયેલા. ત્યાં ચોધરી સ્ત્રીના સંગથી ચોધરી થયેલા અને વિસ્તરેલા છે. ગાયકવાડના રાજ્ય દરમિયાન આ વિસ્તારોમાં પૂર્વ તરફથી વસાવા ભીલોનો ભારે રંજાડ થતો હતો; ત્યારે નળધરાના આ ચોધરીઓએ હુમલા ખાળવામાં મદદ કરેલી તેથી ગાયકવાડે તેમને આ વિસ્તારનાં ૧૨ ગામો જાગીરમાં આપેલાં. ત્યારથી આ વિસ્તારના ચોધરીઓ પોતાને જાગીરદાર તરીકે ઓળખાવતા થયા. ચોધરીજાતિનું સાંસ્કૃતિક માળખું તેમને ઘણી પુરાણી જાતિ તરીકે માનવા પ્રેરે છે. તેથી સમગ્ર ચોધરીજાતિ નાસી છૂટેલા પાવાગઢના રજપૂતોમાંથી વિસ્તરેલા છે તે સાથે સહમત થઈ શકાતું નથી. આ કદાચ નળધરા વિસ્તારના ચોધરી પૂરતી મર્યાદિત સ્થિતિ હોઈ શકે જેઓ પોતાને રૂપા ગોકુળના વંશજો તરીકે દર્શાવે છે.*

**(૧) વિસ્તાર અને વસતિ :**

ચોધરીજાતિની ૧૯૬૧ની વસતિ પ્રમાણે દેશમાં ૯૮.૯૨ ટકા જેટલી વસતિ એકલા ગુજરાતમાં છે અને ૧.૦૮ ટકા મહારાષ્ટ્રમાં છે. આમ ગુજરાત તેમનું મુખ્ય વતન કહી શકાય. ગુજરાતમાં તેમની વસતિ ભરૂચ, સુરત, વલસાડ જિલ્લાઓમાં મુખ્યત્વે જોવા મળે છે. ૧૯૭૧ પ્રમાણે એકલા સુરત જિલ્લામાં

---

* વધુ વિગતો માટે જુઓ, ‘‘ગુજરાતના ચોધરીઓ, લે. અરવિંદ ભટ્ટ; ૧૯૮૫ - પ્રકાશક : ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪






જ સમગ્ર ગુજરાતની ૯૫.૯૪ ટકા જેટલી વસતિ જોવા મળે છે. ભરૂચ જિલ્લામાં ૨.૬૭ ટકા અને વલસાડમાં ૧.૧૫ ટકા જેટલી વસતિ છે. આ રીતે ગુજરાતમાં સુરત જિલ્લો તેમનું વતન દેખાય છે. સુરત જિલ્લામાં તેમની વસતિ જિલ્લાની મધ્યમાં તાપી નદીની ઉત્તર અને દક્ષિણે એક ઊભા પટ્ટાની જેમ માંગરોળ, માંડવી, વ્યારા, વાલોડ, બારડોલી અને મહુવા તાલુકાઓમાં જ સૌથી વધારે કેન્દ્રિત થયેલી દેખાય છે. સુરત જિલ્લામાં અન્ય આદિવાસીઓની સરખામણીમાં જિલ્લાની કુલ આદિવાસી વસતિમાં ચોધરી વસતિનું પ્રમાણ ૨૧.૮૨ ટકા છે જ્યારે ગામીત જાતિ ૨૮.૧૧ ટકા, દૂબળા જાતિ ૨૧.૬૪ ટકા અને ભીલ જાતિ ૧૩.૯૫ ટકા વસતિ ધરાવે છે. આમ ચોધરીઓ વસતિના પ્રમાણની દૃષ્ટિએ સુરત જિલ્લામાં બીજા ક્રમમાં દેખાય છે. ૧૯૭૧ની વસતિગણતરી પ્રમાણે જિલ્લાની કુલ ચોધરી વસતિમાંથી ૯૭.૭૬ ટકા લોકો ગ્રામવિસ્તારમાં અને ૨.૬૪ ટકા વસતિ શહેરી વિસ્તારમાં વસે છે. જિલ્લામાં ચોધરી વસતિની દૃષ્ટિએ માંડવી (૬૨.૮૭), વ્યારા (૩૭.૦૭), માંગરોળ (૨૦.૭), વાલોડ (૪૪.૧૬), બારડોલી (૨૫.૧૯), મહુવા (૧૪.૨૧) મહત્ત્વના તાલુકાઓ ગણાવી શકાય.

**(૨) ગામ અને રહેઠાણ :**

સુરત જિલ્લામાં ચોધરી વિસ્તાર અગાઉ દર્શાવ્યું તે પ્રમાણે જિલ્લાની મધ્યમાં તાપીની ઉત્તર-દક્ષિણે ઊભા પટ્ટા જેવો દેખાય છે. આ બધો વિસ્તાર મહદંશે મેદાની છે અને ખાસ ડુંગરાળ નથી. આ વિસ્તારમાં ચોધરીઓ પરંપરાગત રીતે વિકીર્ણ ગ્રામરચના એટલે ખેતરે ખેતરે ઘર બાંધીને રહેનારા છે. પરંતુ સંપર્કને પરિણામે તથા વસતિ વધતાં ક્યારેક આઠથી દસ ઘરનાં ઝૂમખાંમાં પણ દેખાય છે. આવાં ઘણાં ઝૂમખાં મળી એક ફળિયું બને તથા પાંચદસ ફળિયાં મળી એક ગ્રામવિસ્તાર બને. ક્યારેક આવું વિકીર્ણ ગામ વ્યારા તાલુકાના ઊંચા માળા જેવું ૬થી ૭ ચોરસ માઈલ વિસ્તારમાં બાર ફળિયાં જેટલા વિસ્તારમાં પણ વિસ્તરેલું જોવા મળે છે.

પરંપરાગત રીતે ચોધરીઓનાં ઘર વાંસની કામઠીની દીવાલોનાં અને છાણમાટીથી લીંપેલાં, ઉપર ઘાસ, દેશી કે મેંગલોરી નળિયાંવાળાં, બારી વિનાનાં એક કે બે મોટા ખંડવાળાં હોય છે. થોડો સુધારો થતાં ઊંચા પાયાવાળાં, બારીવાળાં, વાંસની કામઠીનાં લીંપેલાં તથા વિકસિત એવાં મેંગલોરી નળિયાંવાળી ઘરરચનાવાળાં, જે સારાં હવાઉજાસવાળાં છે. આવાં ઘર શિક્ષિતો તથા ગાંધીવિચારની પ્રવૃત્તિના સંપર્કમાં આવનારાઓએ વિકસાવ્યાં છે. તેમાં ઈંટોની ભીંતો અને નળિયાંનું છાપરું પણ જોવા મળે. વધુમાં તેઓમાં આજે તો

ધાબાવાળાં મકાનોમાં, સોસાયટી બનાવીને રહેવાનું નવું વલણ પણ વિકસતું જાય છે. પરંપરાગત રીતે રાત્રે ઢોર ઘરમાં બાંધવામાં આવે છે તથા વાંસની કોઠીઓથી અલગ પાડી રસોડું બનાવવામાં આવે છે. ઘરની બહાર પરંપરાગત રીતે પાણિયારું કે માળી જે તાડના થડિયામાંથી ત્રાંસી રહે તેમ બનાવી ઉપર પાણીનાં વાસણો મૂકવામાં આવે જેથી પાણી સહેલાઈથી નીચે ઢળી જાય. આજે રસોડામાં પાકું પાણિયારું પણ વિકસ્યું છે. અને પાકાં મકાનોમાં તો ઊભાં રસોડાં પણ શહેરીકરણની ચાડી ખાતાં વિકસતાં જાય છે. માંસાહારી કુટુંબોનાં ઘરોમાં કૂકડાં, બકરાં દોડાદોડ કરતાં જોવા મળે. સ્નાન માટે ઘર પાછળ કે બાજુમાં આડાશ કરી બહેનો માટે જગ્યા કરી લેવામાં આવે.

**(૨) પોશાક :**

ચોધરીઓ પૂર્ણ પોશાક પહેરનારા છે. પરંપરાગત રીતે પુરુષો સફેદ કચ્છો મારેલું ધોતિયું, ખમીસ, માથે ફાળિયું કે ટોપી પહેરે છે, તથા ઉઘાડા પગે અથવા દેશી બનાવટની ચંપલ કે હવે રબરની સ્લીપર પહેરે છે. આજે આધેડ વયના ધોતિયાને બદલે લેંઘો, ચડ્ડી પહેરે છે. યુવાનોમાં લેંઘો, ઝભ્ભો, પેન્ટ-બુશર્ટ, લુંગી જેવાં નવાં પરિધાન અંગેનાં વલણો વિકસ્યાં છે. રચનાત્મક સંસ્થાઓની અસરથી પુરુષોમાં ખાદી પહેરવાનું પણ વલણ ઘણા સમયથી વિકસેલું દેખાય છે. સ્ત્રીઓ પરંપરાગત રીતે અહીં ચણિયો પહેરતી નથી. માંડવીના વણકરોએ વણેલું લાલ રંગનું અને વાદળી કિનારવાળું 'લૂગડું' કચ્છો મારીને ઢીંચણ સુધીનું પહેરે છે. જરૂર લાગે તો માથે તેનો ફટકો પણ બાંધે. ઉપરના ભાગમાં કબજો







ચોધરી પોશાક

પહેરે. ગાંધીવિચારની અસરને પરિણામે શિક્ષિતોમાં ખાદીનો પોશાક પણ બહેનોમાં પ્રવેશ્યો છે. અને તેથી ગુજરાતી કે દક્ષિણી ઢબની સાડી પણ ચણિયા સાથે પહેરાતી જોવા મળે. જોકે ઉત્તર તાપી વિસ્તારમાં સ્ત્રીઓના પોશાકમાં હજુ પરંપરાગત વલણ વધુ જોવા મળે છે. શૃંગારમાં પરંપરાગત રીતે પરિણીત બહેનો કાળા મણકાની ગાંઠી મંગળસૂત્રની જેમ પહેરે છે તથા રૂપિયાના હાર, હાંસડી વગેરે ઘરેણાં ગળામાં પહેરે છે. કાને લવિંગિયાં, માથે ગોફણો તથા હાથે-પગે પિત્તળ-રૂપાનાં ઘરેણાં હવે અદશ્ય થવા માંડ્યાં છે. સંપર્ક અને શિક્ષણને પરિણામે સોના-ચાંદીનાં ઘરેણાં મંગળસૂત્ર, હાથે કાચ કે પ્લાસ્ટિકની બંગડી, પગે કડાં કે સાંકળાં તથા ઝાંઝરી પણ પહેરતાં જોવા મળે છે.

**ખાનપાન :**

તેઓ પરંપરાગત રીતે માંસાહારી છે. એટલે મરઘાં, બકરાં, માછલાં વગેરે સહજપણે ખાય છે. અનાજમાં તેઓ ડાંગર પકવતા હોઈ ચોખા તથા જુવાર, તૂવર, વાલ, અડદ ખોરાકમાં લે છે. ગરીબ કુટુંબો જુવારના લોટને મીઠાના પાણીમાં નાખી ઉકાળીને પીએ છે જેને 'રાબડું' અથવા 'ઢાંચલું' કહે છે. રચનાત્મક સંસ્થાઓમાં શિક્ષણ, દેવીનો વા તથા સાંપ્રદાયિક અસરોથી કેટલાકે દારૂ, તાડી, માંસાહાર છોડ્યાં છે. પરંપરાગત ધાર્મિક જીવનમાં માનનારા તેમના દેવો ખાતાપીતા હોઈ તેઓ પણ તે ખાયપીએ છે તેવી રજૂઆત કરતા જોવા મળે

છે. આ ઉપરાંત તેમના તમામ સામાજિક પ્રસંગો, વિધિઓમાં દારૂ-તાડીનું મહત્ત્વ દેખાય છે.

**(૪) સમાજજીવન :**

ચોધરીઓ પરંપરાગત રીતે વિવિધ પેટા જૂથોમાં વહેંચાયેલા છે. આમ તો ઘણાં જૂથો જુદા જુદા સંદર્ભમાં દર્શાવાતાં જોવા મળે છે. પરંતુ વાસ્તવમાં એ બધાં જૂથો કોઈ આગવી સામાજિક સભાનતા કે અલગપાણું રચતાં નથી. વાસ્તવમાં સામાજિક દૃષ્ટિએ તેમનામાં ત્રણ પેટા જૂથો સ્પષ્ટપાણે દર્શાવી શકાય છે જેમની વચ્ચે નિશ્ચિત પ્રકારની ઊંચા કે નીચાપણાની ભાવના સંકળાયેલી છે. આવાં જૂથો (૧) નાની ચોધરી અથવા ચોખ્ખા ચોધરી (૨) મોટા ચોધરી અથવા છાટાલા ચોધરી અને (૩) વલવડા ચોધરીનાં છે. આ જૂથો વચ્ચે અનુક્રમે લગ્નવ્યવહારનો વિષેધ છે. પરંતુ હવે શિક્ષણ અને વિકાસને પરિણામે પ્રથમ બે જૂથો વચ્ચેના નિષેધોનું સ્વરૂપ કોઈ કડક પ્રકારનું જોવા મળતું નથી.

તેઓમાં ગોત્રનામો દર્શાવવામાં આવે છે. પરંતુ સામાજિક જીવનમાં – લગ્ન વગેરેમાં તેનું કોઈ મહત્ત્વ કે ઉપયોગિતા સ્પષ્ટ થતી નથી. કેવળ મરણ પામનાર વ્યક્તિનું ખતરું બેસાડવાનું હોય ત્યારે પૂર્વજોને યાદ કરી તેમના પિતૃકુળમાં સ્થાન આપવાના સંદર્ભમાં કુળ કે ગોત્રને યાદ કરવામાં આવે છે. વંશીય સંગઠન મજબૂત જોવા મળે છે. તેમનામાં વધુ પત્નીની મોકળાશ છે. પણ બે પત્નીવાળાં કુટુંબો જવલ્લે જ જોવા મળે છે. લગ્ન પુખ્ત ઉંમરે થાય છે. સાળી સાથે લગ્ન સાહજિક ગણાય છે. ક્યારેક બીજી પત્ની તરીકે પણ જોવા મળે છે. પરંતુ દિયરવટું નથી. ચોધરીલગ્ન એ કરારલગ્ન છે. એટલે પુરુષ અને સ્ત્રી બંનેને ફરિયાદ કરવાનો અને છૂટાછેડા માગવાનો, લેવાનો અધિકાર છે. પુનર્લગ્ન બંને પક્ષે માન્ય છે અને સહજ પ્રાપ્ત છે. લગ્નની રીતમાં છોકરા-છોકરી બંનેને સ્વપસંદગીની મોકળાશ છે. છતાં માબાપ દ્વારા પસંદ કરાતાં પાત્રવાળાં લગ્નોનું પ્રમાણ પણ ઘણું છે. તેઓ છોકરાની જેમ છોકરીને લગ્ન માટે સ્વતંત્રતા આપે છે. પુત્ર સંતાન હોવા છતાં છોકરી પરણીને સાસરે જવા ન માગે તો તે પિતાને ઘરજમાઈ લાવવા માટે સૂચવે છે. આવી રીતે પરણીને આવનાર પુરુષ છોકરીના પિતાને ત્યાં રહે છે. આને ''ખંધાડ'' કહે છે. સામાન્યતઃ ગરીબ કે જમીન વિનાના કુટુંબના છોકરાઓ આ પ્રકારે 'ખંધાડે' જાય છે. આવી વ્યક્તિનું સ્થાન ઘરમાં અને ખેતીકામમાં એક મજૂર જેવું હોય છે. આવા લગ્નસમયે એક કરાર કરવામાં આવે છે. જેમાં સસરાને કે છોકરીને તે પસંદ ન આવે ત્યારે તેનો હિસાબ કરી છૂટો કરી શકાય છે. આથી ''ખંધાડનાં છોકરાં ખંધાડે જાય છે.'' આ એક વિશિષ્ટ લગ્નવ્યવસ્થાનું સ્વરૂપ છે, જે તે સમાજને અનેક પ્રકારે



ઉપયોગી ઉપરાંત સમાજની સ્થિતિસ્થાપકતાને જાળવી રાખવામાં મદદરૂપ થતું જોવા મળે છે.*

**(૫) આર્થિક જીવન :**

તેઓ મુખ્યત્વે ખેતી કરે છે. આ ઉપરાંત ખેતમજૂરી, છૂટક મજૂરી, માછલાં પકડવાં વગેરે કરે છે. શિક્ષિતોમાંના ઘણા પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણમાં તથા કેટલાક સરકારી નોકરી કરે છે. તેઓ ખેતીની સાથે પશુપાલનમાં બળદ, ગાય, બકરાં, કૂકડા પાળે છે. ઘરના વાડામાં શાકભાજી વાવે છે જે મોટે ભાગે સ્ત્રીઓ હાટમાં વેચી આવે છે. ઉકાઈ અને કાકડાપારની નહેરના વિકાસને પરિણામે દક્ષિણ તાપી વિસ્તારમાં ભરપૂર પાણીવાળી નહેરો વિકસતાં ખેતીમાં રોકડિયા પાકોનું પ્રમાણ ઘણું વધ્યું છે. ખાસ કરીને શેરડી, ચીકુ, કેરી વગેરેની ખેતીનો વિકાસ થવાથી આર્થિક સ્તરમાં પણ ફેરફાર થયો છે. આમ નહેર, વીજળી, રસ્તાની સવલતો ઉત્તર તાપી ચોધરી વિસ્તાર કરતાં દક્ષિણ તાપી વિસ્તારમાં વધુ વિકસી હોઈ આર્થિક વિકાસમાં આ વિસ્તાર થોડેઘણે અંશે વધુ વિકાસશીલ લાગે છે. પરિણામે જિલ્લાની માન્ય આદિવાસી જાતિઓની સરખામણીમાં ચોધરીઓમાં આર્થિક વિકાસની સ્થિતિ વધુ સારી જણાય છે.

**(૬) જાતિપંચ અને ન્યાય :**

તેમનું પરંપરાગત ફળિયાપંચ, ગામપંચ અને ચોરાપંચ સામાજિક ન્યાય કરવાનું કામ કરે છે. આઝાદી પહેલાં નળધરાના ચોધરીઓ જેઓ જાગીર મળવાને પરિણામે જાગીરદાર કહેવડાવતા થયા તેઓ વિવિધ વિસ્તારોમાં ઘોડા પર બેસીને સામાજિક, આર્થિક ઝઘડાઓમાં ન્યાય કરવા જતા. તેમનો ભારે કડક બંદોબસ્ત રહેતો હતો. આજે તો વિકાસલક્ષી યોજનાઓમાં પક્ષીય રાજકારણ અને સરપંચ વગેરે ચૂંટાઈને વિકાસલક્ષી કાર્ય પૂરતો રસ લે છે. સામાજિક ન્યાય માટે ગામપંચ, પછી ચોરાપંચ પાસે થાય છે. પરંતુ આજે આ પંચાયતોનું પ્રભુત્વ ઘટતું ગયું છે.

**(૭) ધાર્મિક જીવન :**

ચોધરીઓ પરંપરાગત રીતે ''વન્યધર્મી'' છે. તેથી પ્રાકૃતિક તત્ત્વોમાં તેમની શ્રદ્ધા-માન્યતાનું પ્રભુત્વ છે. તેમનાં દેવ-દેવીઓ તેમને માટે સર્વસ્વ છે જે અદૃશ્ય શક્તિ સ્વરૂપ છે. જેઓ કોઈ આકાર, ઘાટ વિનાનાં – નિરાકાર છે. તેઓનું સ્થાન કોઈ ડુંગરની કે પર્વતની ગુફામાં, નદી, કોતર કે ઝાડ નીચે જોવા મળે છે. ત્યાં કોઈ મૂર્તિ વગેરે નથી. માત્ર ગુફા એ તેમના મોટા દેવોનું અદૃશ્ય

---

*વધુ વિગત માટે જુઓ ''ગુજરાતના ચોધરીઓ : લેખક : ડૉ. અરવિંદ ભટ્ટ, ૧૯૮૫. પ્રકાશક : ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪.

નિવાસસ્થાન મનાય છે. તેમનાં દેવદેવીઓમાં નાનાં, મોટાં કે ઓછી-વધુ શક્તિવાળાં એવા ભેદ પડે છે. પુરુષ દેવો તથા સ્ત્રી દેવો બંનેનો સમાવેશ થાય છે. કાર્યોના સંદર્ભમાં દેવોનું વિવિધ રીતે વર્ગીકરણ થઈ શકે છે. ખેતી, પશુઓ, ઉત્પાદન, વરસાદ, માનવરોગો, વંશવૃદ્ધિ, મરઘાં, બકરાં વગેરે માટેના વિવિધ દેવો જોવા મળે છે. તેમના ધાર્મિક સ્વરૂપને ચાર ભાગમાં વહેંચી શકાય : (૧) ધાર્મિક માન્યતાઓ, (૨) દેવદેવીઓ, (૩) પિતૃપૂજા, (૪) મંત્રતંત્ર અને ભગત. તેમનામાં પરમાત્મા, સ્વર્ગ વગેરે વિશે સામાન્ય ખ્યાલો છે. તેથી વિશેષ ઝીણવટ જોવા મળતી નથી. તેમના મૂળ પૂર્વજ તરીકે તેઓ રાજા પાન્ઠા અને બાલાવિદાણને દર્શાવે છે, જેમનું બહુ મોટું રાજ્ય હતું. સાગબારા તાલુકાનાં જંગલોમાં પાંઢર માતાના સ્થાનક વિસ્તારમાં તેમની ગાદી અને અનેક અવશેષોને સાંકળી તેમની ધાર્મિક કથામાં રજૂઆત કરવામાં આવે છે. મૃત વ્યક્તિનો ભય તેમને સતત પજવે છે, જેમાંથી પિતૃપૂજાનો વિકાસ થયેલો દેખાય છે તથા ખતરાં મૂકવામાં આવે છે. ભૂતપ્રેતની માન્યતા બહુ સ્પષ્ટપણે પ્રવર્તે છે. આ બધાં ધાર્મિક કાર્યો, દેવપૂજા, પિતૃપૂજા, ભૂતપ્રેતની પજવણી, દુ:ખ, દર્દ, આફત વગેરેમાં સહાયભૂત થાય તેવી ''ભગત''ની વ્યવસ્થા સમુદાયમાં ખૂબ સુદઢ સ્વરૂપે વિકસેલી છે જેનું તેમનામાં ધાર્મિક દષ્ટિએ ભારે મૂલ્ય અને અગત્ય છે. ભગત લોક અને પરલોકનું માધ્યમ છે. તેનો બોલ દેવનો. બોલ મનાય છે. તે મંત્રતંત્રની વ્યવસ્થિત તાલીમ પામેલો અને નિશ્ચિત યમ-નિયમો પર ચાલનારો હોય છે. તેમની સમગ્ર ધાર્મિક પરંપરાઓનો, આચારવિધિઓનો તે રક્ષક અને પોષક દેખાય છે. તે સર્વે ધાર્મિક ક્રિયાઓમાં કેન્દ્રસ્થાને છે. તે તેમના ધાર્મિક જીવનનો સૂત્રધાર સમો છે.

ધર્મ એ સંસ્કૃતિનાં તત્ત્વોનો એક ભાગ છે, જે સાર્વત્રિક રીતે બધા સમુદાયોમાં જોવા મળે છે. પછી તે આદિમ સમુદાયો કે આધુનિક જટિલ સમુદાયો કેમ ન હોય. આમ તે માનવજીવનનો એક મહત્ત્વનો ભાગ છે જે તેને આધાર આપનારું મહત્ત્વનું અને મોટું પરિબળ છે. સામાન્યત: ઘણા લાંબા સમય સુધી ધર્મને સભ્ય લોકોની ઊપજ માનવામાં આવતો હતો. ટાયલરે સૌ પ્રથમ સ્પષ્ટ કર્યું કે આદિમ સમુદાયોમાં કોઈ ને કોઈ પ્રકારનું ધર્મનું સ્વરૂપ છે. તેમનામાં ધર્મ વિશે સ્પષ્ટ સમજ છે. તથા સભ્ય સમાજો કરતાં તેમના ધર્મનું સ્વરૂપ ખાસ જુદું પડતું નથી. તેમાં વિવિધ માન્યતાઓ, મૂલ્યો અને વિવિધ આચારોની સંકુલ વ્યવસ્થા હોય છે. તે નાના કે મોટા, પ્રાચીન કે આધુનિક સમુદાયના જીવનને પોષણ આપનારું, સર્વવ્યાપક અને શાશ્વત તત્ત્વ છે. તેમાં કોઈ ને કોઈ પ્રકારના વિશ્વાસો, માન્યતાઓ તથા આચારોનું તંત્ર રચાય છે જેમાં પ્રાર્થના, પૂજા,



આરાધના, દેવીદેવતાઓનાં સ્વરૂપો વિકાસ પામે છે તથા તેમાંથી શુદ્ધિ-અશુદ્ધિ કે પવિત્રતા-અપવિત્રતા અંગેના નિષેધો વગેરેની નિયમન વ્યવસ્થા પણ વિકાસ પામે છે. આ સમગ્ર તંત્રવ્યવસ્થા માનવજીવનનાં સમગ્ર પાસાં જન્મ, લગ્ન, મૃત્યુ, અર્થ વગેરેમાં વિવિધ પ્રકારની આચારસંહિતાનું જાળું વિકસાવે છે. ઉપરાંત ધર્મ સંબંધી અનેક પ્રકારની દંતકથાઓ – પરમાત્મા, દેવીદેવતાઓ, સ્વર્ગ, નર્ક, મૃત્યુ, પુનર્જન્મ, પ્રેત વગેરે અંગે સ્પષ્ટ સમજ, ભય, દુ:ખ, આફત વગેરેમાંથી બચવા, રક્ષણ મેળવવા માટે જપ-મંત્ર-તંત્ર, તેની સાધના અને ઉપાયો કરવાની વ્યવસ્થા પણ તેમાં વિકસે છે, તથા આ વ્યવસ્થાનું અર્થઘટન કરવાનું, લોક અને પરલોક વચ્ચેનો સંબંધ જોડી આપવાનું, તેમનાં દુ:ખો, તકલીફો, ભયનું નિવારણ કરવાનું કાર્ય કરનારી વ્યવસ્થા; ધર્મગુરુ, ધાર્મિક વડો કે ભગત વગેરે પ્રકારની કોઈક સંસ્થાકીય વ્યવસ્થાનો પણ તેમાં વિકાસ થાય છે. અગૂઢ શક્તિઓ, દેવદેવીઓની પૂજા, ભોગ, નૈવેદ્ય તથા મંત્રતંત્ર દ્વારા પ્રભુત્વ દાખવી, કૃપા મેળવી લોકોની પરંપરાગત જીવનવ્યવસ્થાને ગતિશીલ રાખવાનું તથા સમસ્યાઓના ઉકેલ શોધવાનું કાર્ય કરી સમગ્ર સંરચનાને ટકાવી રાખવામાં તે મદદરૂપ બને છે. આમ ધર્મ સામાજિક જોડાણ, સંલગ્નતા અને સાતત્ય રચે છે. આ અર્થમાં તેનું મૂલ્ય અને મહત્ત્વ છે.

અભ્યાસની ચોધરીજાતિ પ્રકૃતિવાદી અને અનેકેશ્વરવાદી દેખાય છે. સદીઓથી તેમના જીવન પર પ્રકૃતિક જીવનનો ભારે પ્રભાવ રહ્યો છે. એટલે વનવાસી અને તેમાંથી 'વન્યધર્મી' સ્થિતિનો વિકાસ સાહજિકપણે થયો છે. વીજળીના કડાકા, વાદળનો ગડગડાટ, ધરતીકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુષ્કાળ, રોગચાળો, નદીઓમાંનાં પૂર, મૃત્યુ, અકસ્માત વગેરે ઘટનાઓ કુતૂહલ પેદા કરનારી તથા ભય પેદા કરનારી અને તેમને મન અનિષ્ટને જન્મ આપનારી દેખાય છે. આ સર્વ બાબતોના ખુલાસા તેમને મળતા ન હોઈ તે ઘટનાઓ કે બનાવોને દૈવી કે અદશ્ય શક્તિઓમાં આરોપણ કરવામાં આવે છે; અને તેમની પૂજા કરી ભોગ, નૈવેદ્ય આપી ખુશ કરી કૃપા, આશીર્વાદ લેવા માટેના પ્રયત્નોનો પણ વિકાસ થાય છે. તો બીજી બાજુ મેલાં તત્ત્વોને કાબૂમાં લેવા માટે મંત્રતંત્રની વ્યવસ્થા દ્વારા તેમનું નિયંત્રણ કરવાની બીજી વ્યવસ્થાનો પણ તેમનામાં વિકાસ થયેલો દેખાય છે. આમ ચોધરીઓમાં નાનાંમોટાં અને વિવિધ શક્તિઓવાળાં અનેક દેવદેવીઓ વિશેની માન્યતા જોવા મળે છે. આ દેવદેવીઓનું વારતહેવાર તથા સમુદાય દ્વારા આયોજિત પૂજા-પ્રાર્થનાનું સ્વરૂપ તેમણે વિકસાવ્યું છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે દેવીદેવતાઓની નારાજગી, નાખુશી તથા મેલાં તત્ત્વોની નારાજગી, અવકૃપા, આફત, દુ:ખ સર્જનારી બને છે. એટલે તેમનામાં જોવા મળતી ધાર્મિક

પૂજાવિધિનું સ્વરૂપ તેમની સમસ્યાઓ, નિષ્ફળતાઓ, કમનસીબીઓ, દુ:ખો, આણધારી આફતોની સામે લડવામાં મદદરૂપ બને છે. તો બીજી બાજુ મેલાં તત્ત્વોના ભયમાંથી બચવા માટે પિતૃપૂજા-ખતરાં પૂજવાનું સ્વરૂપ પણ વિકસેલું દેખાય છે. તેમની ધાર્મિક માન્યતાઓ, મૃત્યુના વહેમને પોષે છે. મૃત્યુ પછી અવગતિ, ભૂતપ્રેતના ખ્યાલો, ઉત્તરક્રિયામાં લેવાતી કાળજી, ખતરાંનું સ્થાપન, પૂર્વજપૂજા વગેરે તેમને સતાવતા ભયની સ્થિતિનો નિર્દેશ કરે છે.* આ પૂજાઓ તેમની જિંદગીમાં સતત ભય, નિરાશા ને જીવનની ગતિશીલતાના અવરોધોને રોકે છે, શાંતિ આપે છે, તેમનામાં આત્મવિશ્વાસ પેદા કરે છે, જીવનનાં મૂલ્યોને પુનર્જીવિત કરવામાં મદદરૂપ બને છે. એટલું જ નહીં પણ આ પૂજા તેમની ભાવનાઓ, શ્રદ્ધાઓને ટકાવી રાખવામાં, તેમનું પરંપરાગમન કરવામાં, સમગ્ર જીવનવ્યવસ્થાને મોટામાં મોટી ઝંઝાવાતોની સ્થિતિમાં પણ વૈયક્તિક તથા સામૂહિક સ્વરૂપે આધાર આપે છે. જે પરંપરાઓને સાંકળી રાખવાનું તથા સંલગ્નતા અને સાતત્ય રચવાનું કાર્ય કરતી દેખાય છે.

ચોધરીજાતિના સમગ્ર ધાર્મિક જીવનનો વડો ભગત ગણાય છે જે તેમનાં દેવદેવીઓ, ધર્મ અંગેના ખ્યાલો, દંતકથાઓ, આફત, દુ:ખ વગેરે બાબતોના ખુલાસા આપનાર, તેમની શ્રદ્ધાનું દઢીકરણ કરનાર, તેમની સમસ્યાઓ, તકલીફો, આફતોમાં રક્ષણ આપનાર કે નિવારણ કરનાર, લોક અને પરલોક વચ્ચેના પ્રતિનિધિરૂપે કામ કરનાર છે. તે તેમની પૂજા, તેના આચારો, વિધિઓનું સંમાર્જન કરી પરંપરાગમન કરે છે. પૂજામાં આગેવાની લે છે, જવાબદારી લે છે અને વિના મૂલ્યે તે પૂજા સંપન્ન કરાવે છે. માંદગી કે દુ:ખમાં તે ઓસડિયાં આપી દોરાધાગા દ્વારા તેનો ઉપચાર કરી સુખશાંતિ આપવામાં મદદગાર બને છે. મેલાં તત્ત્વોને મંત્રશક્તિ દ્વારા નાથી તેના રંજાડથી તેમને મુક્ત રાખવાનું કાર્ય કરે છે. તે તેમના પિતૃઓ સાથે તેમનો સંબંધ પૂજા દ્વારા જોડી આપવાનું કાર્ય કરે છે. દેવનો પવન ચડાવવાથી તે દેવરૂપ બને છે અને તેથી તેનો બોલ દેવનો બોલ એવી અતૂટ શ્રદ્ધાનું તેમનામાં દઢીકરણ જોવા મળે છે. આ એક વિશિષ્ટ ધાર્મિક નેતૃત્વ કરનારી વ્યક્તિનો સમાજમાં આગવો દરજ્જો સ્થપાય છે તથા સન્માન પેદા થયેલું દેખાય છે.

આમ ચોધરીજાતિનું ધાર્મિક માળખું અને તેનું કાર્યાત્મક સ્વરૂપ કેટલીક વિશિષ્ટતાઓ ધરાવે છે. તેથી ચોધરીઓ પોતાને મન ધર્મ શું છે તેની સ્પષ્ટ સમજ આપતાં દર્શાવે છે કે ભગત ચોધરી ધર્મવ્યવસ્થાનો વડો છે. તે જેટલું તે વિશે જાણે છે, સમજે છે, તેમાંનું અમે કાંઈ જાણતાં–સમજતાં નથી. તેથી તેની

* વધુ વિગત માટે જુઓ : અરવિંદ ભટ્ટ (૧૯૮૫), 'ગુજરાતના ચોધરીઓ'.



સૂચના અનુસાર ધાર્મિક ક્રિયાઓ કરવી, દેવ પૂજવા, ભોગ–નૈવેદ્ય આપવાં તે અમારે મન ધર્મ છે. વહેમ તથા શુકન-અપશુકનનાં ઓસડ તરીકે વિવિધ માન્યતાઓ માનવી તથા તે માટે દેવપૂજા કરવી તે તેમને મન ધર્મ છે. દેવદેવીઓની પૂજા કરી તેમને ખુશ કરવાં, પ્રસન્ન કરી જીવનમાં લાભ મેળવવો અથવા આપત્તિકર શક્તિઓને દૂર રાખવાના પ્રયત્નો કરવા તે તેમને મન ધર્મ છે તેમ તેઓ સમજે છે.

ચોધરી સમાજનું ધાર્મિક માળખું તેમની સમગ્ર જીવનવ્યવસ્થાના ભાગ તરીકે એક આંતરગુંફિત અને પરસ્પર અવલંબિત એવી જૈવકીય રચના જેવું દેખાય છે જેથી તેમનાં પાસાંઓને એકદમ સ્પષ્ટ વિભાજિત કરી જોઈ શકાતાં નથી. તે દરેક એકબીજાનાં કારણો અને પરિબળો બને છે. આ જાળ શરીરનાં જ્ઞાનતંતુઓ જેવી સંવેદનશીલ અને સૂક્ષ્મ સ્વરૂપે છે. માત્ર તેમની ધર્મવ્યવસ્થાનો વિચાર કરીએ તો પણ ઈશ્વર, દેવદેવીઓની ઉત્પત્તિ, પુનર્જન્મ, દંતકથાઓ, પૂજાવિધિઓ, માન્યતાઓ, ભૂત-પ્રેત અને તેનાં વિવિધ સ્વરૂપો, પિતૃપૂજા, ભગતનું સંસ્થાકીય સ્વરૂપ, તેની સાધના, યમ-નિયમો, નિષેધો, ઉપચારશાસ્ત્ર, મંત્રતંત્ર વગેરે અનેક વૈવિધ્યતાવાળું સ્વરૂપ છે. આ બધાં વિશેની વિવિધ માન્યતાઓ, કલ્પનાઓ, આચારો વગેરેની મોટી અને વિશાળ શૃંખલાની જાળ ગૂંથાય તેમ છે. એક અભ્યાસી તરીકે કોઈ એકાદ પાસાંઓમાં જરા સરખું ડોકિયું પણ કરવું હોય તો તેમનાં આંતરગુંફિત એવાં સર્વે પાસાંઓ પરત્વે ઊંડાણથી જાણવું પડે કે ધ્યાન આપવું અનિવાર્ય બને છે. આમ તેના હાર્દને સમજવા ઊંડાણભરી ડૂબકી મારવી જરૂરી બને છે. એક અભ્યાસી તરીકે આ સમગ્ર દેવપૂજાના પ્રસંગને સમજવા માટે તેમના સમાજના સભ્યો વચ્ચે થતી આંતરક્રિયાઓ અને તેની ગતિશીલતા શું છે, કેવા પ્રકારની છે તથા તેમાં કયાં પરિબળો કેવી રીતે કાર્ય કરે છે તેને સમજવાનો શક્ય તેટલો પ્રયત્ન કર્યો છે. ચોધરી સમુદાયની તેમની આ ધર્મવ્યવસ્થા તેમના સમગ્ર સમુદાય તથા સભ્યોને પરસ્પર સંગઠિત રાખનારું એક મહત્ત્વનું કાર્યરત પરિબળ સ્વરૂપે જોઈ શકાય છે.



## પ્રકરણ-૨
## હરખીનું સ્વરૂપ

**(૧) પ્રસ્તાવના :**

ચોધરીજાતિ પરંપરાગત રીતે પ્રકૃતિની પૂજા કરે છે. એટલે તેમને 'વન્યધર્મી' કહી શકાય. તેઓ અનેક દેવોને પૂજે છે. તેમના આ દેવદેવીઓનાં કોઈ વ્યવસ્થિત બાંધેલાં મંદિરો નથી, પરંતુ પ્રકૃતિની ગોદમાં ડુંગર પર, નદી, કોતર કે ઝાડ નીચે કે પહાડની બખોલ-ગુફા કે 'મ્હોલ'માં આવેલાં છે. તેનો કોઈ આકાર, ઘાટ, રંગ-રૂપ નથી. તેઓ અદશ્ય શક્તિ સ્વરૂપે મનાય છે. તેઓ અગૂઢ શક્તિવાળાં, રક્ષણ આપનારાં, સુખ આપનારાં છે તેમ તેઓ માને છે. તેમના જીવનમાં આવતી કોઈ પણ પ્રકારની આફત, તકલીફ, અકસ્માત, દુ:ખ વગેરે જેવા પ્રસંગો વૈયક્તિક રીતે કે સામુદાયિક રીતે એક ઘેરી ચિંતા અને ભય પેદા કરે છે. તેઓ માને છે કે આવી દુ:ખમય સ્થિતિ તેમનાં દેવી-દેવતાઓની અતૃપ્તિ કે નાખુશીના કારણે પેદા થાય છે. પરિણામે એવી સ્થિતિમાં તેઓ તેમનાં દેવી-દેવતાઓનું શરણું લે છે અને તેમને પૂજા, ભોગ, નૈવેદ્ય આપી ખુશ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેમના વાર્ષિક જીવનચક્રમાં વૈયક્તિક તેમ જ સામૂહિક ધોરણે નિયમિત રૂપે દેવી-દેવતાઓની પૂજાને સામાજિક, આર્થિક, ધાર્મિક વગેરે જીવનનાં કાર્યોની સાથે સાંકળી તેમની સમગ્ર જીવનવ્યવસ્થાના એક અભિન્ન અંગ સ્વરૂપે સ્થપાયેલી જોવા મળે છે. પરિણામે તેઓ દર વર્ષે એક વખત દેવપૂજા માટે 'હરખી' લઈ જવાનું અચૂકપણે કરે છે. તેઓ માને છે કે આવી રીતે દર વર્ષે પૂજા કરવાથી દેવી-દેવતાઓના આશીર્વાદ સતત મળ્યા કરે છે અને આપણાં કામો સફળ થાય છે, સરળ થાય છે તથા સુખાકારી પ્રાપ્ત થાય છે. જો આવી પૂજા નિયમસર દર વર્ષે ન કરવામાં આવે તો દેવ-દેવીઓ નારાજ થાય છે અને તેથી ગામ ઉપર કે સમુદાય પર અવકૃપા ઊતરે છે, આફત આવે છે તેવી દઢ માન્યતા તેઓ ધરાવે છે. આમ હરખી દ્વારા વૈયક્તિક કે સામૂહિક હિત માટે તેમના વાર્ષિક જીવનચક્રના ભાગરૂપે નિયમિતપણે દેવપૂજા આયોજિત કરવામાં આવતી દેખાય છે અને તે દ્વારા આશીર્વાદ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**(૨) દેવપૂજાનાં સ્વરૂપો :**

ચોધરીજાતિમાં તેમના જીવનચક્રમાં દેવી-દેવતાઓની પૂજાનાં ત્રણ સ્વરૂપો







હરખીની પ્રતિકાત્મક અભિવ્યક્તિ

દેખાય છે. (૧) સામાન્ય પ્રસંગોએ થતી પૂજા (૨) આકસ્મિક પૂજા અને (૩) વિશિષ્ટ સામૂહિક પૂજા.

**(૧) સામાન્ય પ્રસંગોએ થતી દેવપૂજા :**

આ પ્રકારની દેવ-પૂજામાં મોટે ભાગે રોજબરોજના પ્રસંગોમાં નાનાં નાનાં કાર્યો કે વિધિઓ વખતે નાના દેવોને યાદ કરવાનું અને પૂજવાનું કાર્ય હોય છે, જેવા કે વાર તહેવારે થતી પૂજાઓ, નાની માંદગી-તાવ, પેટમાં દુ:ખવું, શરીર દુખવું, સુવાવડ, લગ્ન, સગાઈ, મૃત્યુ, ખતરું બેસાડવું કે નડવું, 'પશુ-પંખીની બિમારી' નીંદામણ, નવું અનાજ ખળીમાં લેવું વગેરે વિવિધ પ્રસંગોએ ગામદેવોની અને પિતૃઓની પૂજા કરવાનું વલણ છે. મહદંશે આવી પૂજા વૈયક્તિક કે કૌટુંબિક સંદર્ભમાં હોય છે. તેમાં મંત્ર-તંત્ર કે બાધા માનવાની કે છોડવાની હોય છે જેમાં ભગતની સહાય લેવી પડે છે. જ્યારે લગ્ન, સગાઈ, નીંદામણ, ખળામાં અનાજ લેવું વગેરે પૂજાઓ તો વૈયક્તિક ધોરણે જાતે પણ કરી લેતા હોય છે.

**(૨) આકસ્મિક પૂજા :**

આકસ્મિક પૂજા જીવનમાં કોઈ મોટી આફત આવી પડે તથા નાના દેવોની પૂજાથી કંઈ વળે નહીં તેમ લાગે ત્યારે આવી પૂજા ભગત નક્કી કરે છે. દા.ત. સંતાન ન થતું હોય, પશુવંશમાં વૃદ્ધિ ન થતી હોય, ઘરમાં કે ખેતીવાડીમાં નુકસાન થતું હોય વગેરે પ્રસંગોએ ભગત મોટા દેવની બાધા માને છે, અને કુટુંબીઓ કે ભગત સાથે જે તે દેવસ્થાને જઈને પૂજા કરી આશીર્વાદ મેળવે છે.

**(૩) વિશિષ્ટ સામૂહિક પૂજા :**

આવી પૂજા સમગ્ર ગામ કે લોકહિતાર્થે યોજાય છે જેમાં સમગ્ર ગામની સુખાકારી, પશુ-પંખીમાં વંશવૃદ્ધિ, ખેતીવાડીમાં બરકત મળે, રોગ, દુષ્કાળ ન આવે વગેરે જેવા ગ્રામસુખાકારીના હેતુથી સમગ્ર ગામ સાથે મળીને મોટાં દેવ-દેવીની પૂજાનું આયોજન કરે છે; અને ગામના સુખ માટે કે આબાદી માટે દેવની પૂજા કરી આશીર્વાદ મેળવે છે.

આમ ત્રીજા પ્રકારની વિશિષ્ટ દેવ-પૂજા જે સમગ્ર ગ્રામસમુદાય કે જનસમુદાયના હિત માટે, સુખ-સમૃદ્ધિ માટે સમગ્ર ગામ સાથે મળીને મોટા દેવની પૂજાનું આયોજન કરી ભગત દ્વારા પૂજા સંપન્ન કરે છે તેને 'હરખી' કહેવામાં આવે છે. આમ 'હરખી' એ એક એવી ધાર્મિક પૂજા છે જે સામૂહિક સુખાકારી માટે, સામૂહિક ધોરણે કરવામાં આવતી એક ધાર્મિક પૂજાનો ભાગ છે. બીજા શબ્દોમાં મોટાં દેવ-દેવીઓની સામૂહિક ધોરણે, સમૂહ માટે પૂજાની સામૂહિક કાર્યરીતનું સ્વરૂપ એટલે 'હરખી'.

આવી પૂજા સમગ્ર ચોધરીસમુદાય માટે ઘણો મોટો ઉત્સવ અને આનંદનો



દિવસ ગણાય છે તથા તેમના જીવનનું ઘણું મોટું અને મહત્ત્વનું કાર્ય ગણાય છે. આવી પૂજા તેમના સમગ્ર સાંસ્કૃતિક, ધાર્મિક જીવનનું મહત્ત્વનું અંગ છે જે તેમના જીવનનો એક મોટો આધાર છે. દેવી-દેવતાઓની નારાજગીમાંથી મુક્તિ મેળવવાનો, તેમના આશીર્વાદ મેળવવાનો, જીવનની સુખાકારી પ્રાપ્ત કરવાનો, નિર્ભય થવાનો આ એક મહત્ત્વનો પ્રયત્ન છે. તે તેમના જીવનની પ્રક્રિયાના એક મોટા ચાલક બળ તરીકે દેખાય છે.

**(૩) હરખીનો દિવસ નક્કી કરવો :**

સામાન્યત: ચોધરીઓના વાર્ષિક સમયપત્રકમાં હિંદુ તહેવારોની જેમ હરખી પૂજાનો કોઈ મુકરર દિવસ હોતો નથી. પરંતુ ચોમાસા પછી ઋતુનો પહેલો પાક લઈ લીધા પછી નવું અનાજ ઘરમાં આવે અને આ નવું અનાજ દેવોને અર્પણ કર્યા વિના ઉપયોગમાં ન લેવાય તેવી ચોધરીઓમાં માન્યતા છે. આમ દેવને નવું અનાજ અર્પણ કરી સુખ-સમૃદ્ધિ માટે આશીર્વાદ લેવા જવાનો આ એક મોકો છે. એટલે મોટે ભાગે ચોમાસાની ઋતુ પછી અને ઉનાળો બેસે તે પહેલાંનો એટલે મુખ્યત્વે શિયાળાનો સમય તેમની દેવપૂજા માટે વધુ અનુકૂળ દેખાય છે. ચોધરી કહેવત પ્રમાણે 'દિવાલ્યે થે દેવાવરે અને હોલ્યે થે વેવાયરે' એટલે દિવાળીએથી દેવપૂજામાં અને હોળીએથી વિવાહમાં. આમ દિવાળીથી હોળી સુધીના સમય દરમિયાન તેમને જ્યારે અનુકૂળ હોય ત્યારે તેઓ દેવપૂજાનો હરખી લઈ જવાનો કાર્યક્રમ ગોઠવે છે.

જો કોઈ કુટુંબ વૈયક્તિક કે કૌટુંબિક તકલીફ માટે દેવપૂજાએ જવા માગતું હોય તો તે પ્રથમ ભગતની સલાહ લે છે. ભગત દર્દ કે તકલીફના સંદર્ભમાં 'દાણા' અથવા 'ખડી'* જોઈ તેની યોગ્ય તપાસ કરે છે અને પછી આદેશ આપે છે કે અમુક મોટા દેવની બાધા માન્યા સિવાય આ દર્દ-તકલીફ દૂર નહીં થાય, ત્યારે તે દેવની પૂજાની માનતા માનવામાં આવે છે. આ માટે ભગત પ્રથમ તેમની કુળદેવી 'ભવાની માતા' પાસે બાધા લેવાની રજા મંગાવે છે, અને સારું થઈ જતાં બાધાની ઉજવણી તે દેવના સ્થાનકે જઈને કરીશ તેવી કબૂલાત કરાવડાવે છે. આમ કુળદેવીની સાક્ષીએ ભગત મોટા દેવની પૂજા-હરખીની બાધા લેવડાવે છે. આવા મોટા દેવનાં સ્થાનકો ચોધરીવિસ્તારમાં તાપીની ઉત્તરે અને દક્ષિણે માંગરોળ, માંડવી, વ્યારા અને સોનગઢ વિસ્તારોમાં આવેલાં છે. એટલે જે તે વિસ્તારના લોકો મોટે ભાગે પોતાની નજીકના કોઈ મોટા દેવની બાધા માને છે

* દાણા કે ખડી એટલે ભગતની સૂચનાથી દર્દ કે તકલીફવાળી વ્યક્તિ પર દાણા ઓવારી લઈને પડીકામાં બાંધવામાં આવેલા હોય તે પડીકું. આ પડીકાના દાણાને આધારે પછી ભગત વ્યક્તિનું દર્દ કે તકલીફનું નિદાન કરે છે.

જેથી જવાઆવવાનું સાનુકૂળ રહે. આમ છતાં કોઈ ખાસ કારણસર અમુક જ મોટા સતવાળા દેવની પૂજાની બાધા માનવી પડે તેમ હોય તો પછી તે ભલે ને તેનું સ્થાનક ગમે તેટલે દૂર કેમ ન હોય પરંતુ લોકો શ્રદ્ધા-ભાવપૂર્વક ત્યાં જાય છે. અભ્યાસ દરમિયાન માંડવી તાલુકાના એક ગામમાંથી ચોધરી જાતિની સૌથી મોટી દેવી 'પાંઢરમાતા', જેનું સ્થાનક છેક ભરૂચ જિલ્લાના સાગવારા તાલુકાના ડુંગરાઓમાં ઊંડાણ વિસ્તારમાં હતું તો પણ સગાંઓ સાથે ગાલ્લીઓમાં બેસીને સૌ આ દેવીની માનતા પૂરી કરવા પૂજા માટે હરખી લઈને ગયેલા જોવા મળ્યા છે.

જો દેવપૂજા સમગ્ર ગામના સંદર્ભમાં વાર્ષિક પૂજા માટે લઈ જવાની હોય અથવા કોઈ ગામના હિતનું કારણ હોય તો ગામના આગેવાનો ભગતને મળીને મોટા દેવની પૂજાનું આયોજન અને તેનો જવાનો દિવસ વગેરે નક્કી કરે છે. આ સંદર્ભમાં ભગત આવી હરખીની આગેવાની લે છે; અને આયોજન માટે ગામના લોકોની એક બેઠક - 'ગોઠ' કરે છે. નક્કી કરેલા દિવસે અને સ્થળે ગામના આગેવાનો અને કેટલાક લોકો પ્રાથમિક ચર્ચાવિચારણા કરવા માટે મળે છે. ભગત ગામના મુખ્ય આગેવાનને કાંડે દોરો બાંધે છે અને હરખી માટે ગામ તરફથી તેને યજમાન કે એક જવાબદાર વ્યક્તિ તરીકે નક્કી કરે છે તથા કુળદેવી ભવાની માતા પાસે 'અમુક મોટા દેવની હરખી લઈ જવાનું નક્કી કરીએ છીએ તો તું દયા કરજે, તેમાં કોઈ વિઘ્ન ન આવે અને અમારી સંભાળ કરજે'... તેવી વિનંતી કરી હરખી લઈ જવાની કબૂલાત કરવામાં આવે છે, જેને 'ગામની બાધા' પણ કહેવામાં આવે છે. આ પછી ચા, દારૂ, તાડી જે વ્યવસ્થા હોય તે સૌ પીએ છે. પછી હરખી લઈ જવા માટે શું શું તૈયારી કરવી પડશે, તેનાં ખર્ચ તથા જરૂરી દેવપૂજાનો સામાન, અન્ય ભગતોની મદદ તથા કયા દિવસથી હરખીનું કાર્ય શરૂ થશે વગેરે બાબતો નક્કી કરવામાં આવે છે.

હરખીનો દિવસ ભગતની સૂચના અનુસાર નક્કી થાય છે. ભગત આ સંદર્ભમાં પ્રથમ ગામમાં કોઈ મરણ થયું હોય તો તેનું ખતરું* મુકાઈ ગયા પછીના દિવસોનું સૂચન કરે છે. આ ઉપરાંત કોઈ ઘરમાં સ્ત્રી પ્રસૂતા હોય તો તે ઘરને–કુટુંબને આવી પૂજામાંથી સંપૂર્ણપણે બાકાત રાખવામાં આવે છે. આમ કેટલીક પૂર્વ શરતો વિચાર્યા પછી ભગત જણાવે છે કે શનિવાર એ હનુમાનદેવનો પૂજાનો દિવસ છે એટલે તે દિવસે હરખી માટે જવાય નહીં. સામાન્યતઃ મોટા દેવની પૂજા માટે ભગત મંગળવારનો દિવસ વધુ પસંદ કરે છે, અને તેથી ત્રણ દિવસ પહેલાં ગામમાં પૂજાની તૈયારી માટેનો સમયગાળો નક્કી કરવામાં આવે છે જેમાં ભગત વૈયક્તિક તથા ગ્રામસમૂહને દેવપૂજા માટે અમુક પ્રકારની પવિત્રતા અને શુદ્ધિના

* ખતરું એટલે મૃત વ્યક્તિનું લાકડા કે પથ્થરનું પ્રતીક



સંદર્ભમાં તૈયારી કરાવડાવે છે. દેવના કાર્યમાં પવિત્રતા તથા શુદ્ધિ કેન્દ્રસ્થાને છે. તેનું ધ્યાન ન રાખવામાં આવે તો પૂજા બગડે છે, મેલાં તત્ત્વો પૂજામાં ભંગ પડાવે છે તેમ ચોધરીઓ માને છે. આ માટે ભગત 'ગામબાંધી'નો કાર્યક્રમ યોજે છે.

ભગત વિવિધ પરિસ્થિતિઓ જોઈ-વિચારીને સૌ આગેવાનો સાથે દેવપૂજા માટેનો દિવસ નક્કી કરે છે. મોટા દેવની પૂજાનો દિવસ નક્કી કરવા માટે ગામના સ્થાનિક દેવ-દેવીની તથા કુળદેવીની રજા લેવા માટે પ્રથમ ત્રણ દિવસ તેમના સ્થાનકે-નાચણખલીમાં પૂજાનું નાચણું કરવામાં આવે છે. ત્રીજા દિવસે દેવપૂજાના મહત્ત્વના અંગ 'કોઠારી'ની પૂજા કરવામાં આવે છે, અને ચોથા દિવસે સવારે મોટા દેવસ્થાને 'હરખી' જાય છે જ્યાં પૂજાનું નાચણું કરવામાં આવે છે. આ દેવપૂજાના કાર્યક્રમની, ગામબાંધીના દિવસની તથા પૂજાની તૈયારી વગેરે વિશે ગામમાં 'વેઠિયા'ને* સાદ પાડવા માટે સૂચવવામાં આવે છે જે ફળિયે ફળિયે તેની જાણ કરે છે તથા ગામની હરખીના નીકળવાનો અને કયા દેવે પૂજા માટે જવાનું છે તે બધી માહિતીની જાહેરાત કરે છે. તેની આ સેવા બદલ ગામલોકો અનુકૂળતા પ્રમાણે તેને રોકડ રકમ આપે છે.

### (૪) બાંધી

ધાર્મિક કાર્યો અથવા દેવપૂજાનાં કાર્યોમાં ચોધરીઓ તન અને મનની પવિત્રતા તથા શુદ્ધિનો આગ્રહ રાખે છે. તેમ ન કરવામાં આવે તો મેલાં તત્ત્વો, અપવિત્રતા કે અશુદ્ધિ દ્વારા પૂજાના કાર્યને બગાડે છે, પૂજા અધૂરી રહે છે અને તેમ થતાં દેવની અકૃપા કે ખોફ પ્રાપ્ત થાય તો ભારે આફત-દુઃખ આવી પડે છે તેમ સ્પષ્ટપણે માને છે. આમ દૈવી અવકૃપા, અશુદ્ધિ કે અપવિત્રતામાંથી પેદા થાય છે અને તેનો ભય તેમને સતત સતાવે છે તેમ જોવા મળે છે. એટલે દેવોને રાજી રાખવા વાર તહેવારે તેમની પૂજા, ભોગ-નૈવેદ્ય આપવાં, અને સુખાકારી મેળવવાનો પ્રયત્ન કરવાનું એક કાર્યાત્મક વલણ તેમનામાં ઊભું થયેલું છે. આ સંદર્ભમાં તેમનામાં કેટલાંક નિષેધો-બંધનો દર્શાવવામાં આવેલાં જણાય છે જેને 'બાંધી' કહેવામાં આવે છે. તેનું પાલન આવશ્યક નહીં પણ અનિવાર્ય માનવામાં આવે છે.

આવાં બંધનો-નિષેધો બે સ્વરૂપનાં દેખાય છે.

(૧) ચોધરી પ્રજાને માટે સમગ્ર ધાર્મિક માળખાના સંદર્ભમાં પ્રાસંગિક પ્રકારના કે તત્પૂરતા – મર્યાદિત સમય માટેના અને (૨) કાયમી ધોરણે પાળવાના. પ્રથમ સ્વરૂપના નિષેધોમાં ચોધરીસમુદાય દેવોની તમામ પ્રકારની

* વેઠિયો-પરંપરાગત ગામમાં પંચાયત દ્વારા ગામસેવા માટેનો સરકારી મુકરર વ્યક્તિ.

પૂજામાં પરંપરાગત રીતે સ્ત્રીઓની હાજરી પર નિષેધ મૂકે છે. એટલે તમામ ધાર્મિક તથા દેવપૂજાનાં કાર્યો એકલા પુરુષો દ્વારા જ સંપન્ન થાય છે. તેઓ દેવપૂજામાં સ્થાનકોને અત્યંત પવિત્ર માને છે. તેઓ માને છે કે સ્ત્રીઓમાં રજસ્વલા અને પ્રસૂતિની સ્થિતિ, તેમનું નરમ દિલ, નાનાં બાળકો વગેરેને મેલાં તત્ત્વો જલદીથી સ્પર્શે છે. એટલે ચોધરી ધાર્મિક માળખામાં સ્ત્રીને પુરુષ જેટલી સ્વતંત્રતા જોવા મળતી નથી અથવા તેને બાકાત રાખવામાં આવી છે.* જ્યારે કામચલાઉ કે તત્પૂરતા નિષેધોમાં પૂજામાં ભાગ લેનાર વ્યક્તિ કે કુટુંબના સંદર્ભમાં અભિવ્યક્ત થાય છે. આ નિષેધો જ્યારે 'બાંધી' ફરમાવવામાં આવે ત્યારે જ અમલી બને છે જે નીચે પ્રમાણે છે :

(૧) ઘરની સફાઈ કરવી અને ઘરને લીંપીગૂંપી સ્વચ્છ કરવું. આ દેવપૂજાનું કાર્ય છે તથા ઘરમાંથી દેવપૂજા માટે સામાન તૈયાર કરી સહભાગી બનવાનું હોઈ શુદ્ધતા આવશ્યક મનાઈ છે.

(૨) પૂજામાં ભાગ લેનાર પુરુષે કોઈ રજસ્વલા સ્ત્રીનો આ દિવસોમાં સ્પર્શ ન કરવો.

(૩) પૂજામાં ભાગ લેનાર પુરુષે પૂજા દરમ્યાન સ્ત્રીસંગ ન કરવો.

(૪) પૂજાના દિવસો દરમ્યાન ઘરમાં ચૂલે રસોઈ ન કરવી.

(૫) પૂજામાં ભાગ લેનાર પુરુષોએ ગામબાંધીના દિવસથી પૂજા પૂરી થાય ત્યાં સુધી ઘરે સૂવાનો અને જમવાનો નિષેધ પાળવો.

બીજા સ્વરૂપના નિષેધો કાયમી ધોરણના સંદર્ભમાં છે જે દેવપૂજાનું કે ધાર્મિક કાર્ય કરનાર વ્યક્તિ-ભગત તરીકે ઓળખાય છે તેના સંદર્ભના છે. ભગત ચોધરી ધાર્મિક જીવનનો પ્રતિનિધિ છે, સૂત્રધાર છે. તે દેવો અને લોકો વચ્ચેનો મધ્યસ્થી છે. દેવો તેના દ્વારા આદેશ આપે છે. તેના દ્વારા પૂજા, ભોગ, પ્રાર્થનાનો સ્વીકાર કરે છે. દેવો તેના દ્વારા કૃપા, આશીર્વાદ લોકો સુધી પહોંચાડે છે. આમ તે દેવનું કામ કરનારો હોઈ તે દેવપૂજાની વ્યવસ્થિત તાલીમ પામેલો, ખાન-પાન અને યમ-નિયમ પાળનારો, દેવોની સાધના, મંત્ર-તંત્ર જાણનારો હોય તે અનિવાર્ય

* જોકે ક્યાંક ક્યાંક સ્ત્રી પણ 'ભગતાઈ' કરતી જોવા મળે છે. નાનાં છોકરાંનાં દુઃખ કે માંદગી તથા સ્ત્રીઓ સંબંધી શારીરિક માંદગીના સંદર્ભમાં જાલી-મૂલી આપે, પૂડી જુએ, ઝૂડ-ઝપટ કરે છે. કોઈ સ્ત્રી મેલી વિદ્યા શીખે તેને તેઓ 'ડાકણ' તરીકે ઓળખાવે છે. જે નાનાં છોકરાંને કે સ્ત્રીઓને રંજાડવાનો પ્રયત્ન કરે છે તેમ માને છે. તેથી ચોધરીઓમાં ડાકણનો ડર પણ ભારે છે. આવી સ્ત્રીની ખબર પડતાં તેની મેલી વિદ્યાને મોટા ભગતો દૂર કરે છે. કારણ કે તે સમાજમાં ઉપાધિ સર્જનાર કે મેલી વિદ્યાનો દુરુપયોગ કરનાર મનાય છે.



મનાય છે. તેના દરેક કાર્યમાં દેવપૂજાની ઝીણવટ અને શુદ્ધિ તથા પવિત્રતા જળવાય તે અનિવાર્ય મનાય છે. તેથી તે કેટલાક નિષેધો કાયમી ધોરણે પાળે તે તેના આ ધાર્મિક વ્યવસાયના સંદર્ભમાં આવશ્યક મનાયેલું છે. પરંતુ દેવપૂજા-હરખીના સંદર્ભમાં 'બાંધી' કેવળ પૂજામાં ભાગ લેનાર લોકસમુદાયના સંદર્ભમાં જ દર્શાવવામાં આવે છે.

ચોધરી, ધાર્મિક માળખાના સંદર્ભમાં બાંધીના ત્રણ પ્રકારો જોવા મળે છે : (૧) સામાન્ય બાંધી, (૨) પાકી બાંધી, (૩) વિશિષ્ટ બાંધી.

**(૧) સામાન્ય બાંધી :** સામાન્ય બાંધી એટલે વૈયક્તિક ધોરણે અથવા સમગ્ર ગામ દ્વારા ગામના-સ્થાનિક નાના દેવો જેવા કે હિમાર્યો દેવ, ભવાની દેવી, કંસરી દેવી, પેટફોડી દેવી, ખતરા પૂજા વગેરે; ઉપરાંત તહેવારો જેવા કે નાંદરવો પૂજવો, અખાતરી, દિવાસો વગેરે સમયે થતી દેવપૂજાના સમયે લોકો પૂજામાં રસ લે તથા ભાગ લે તે આવશ્યક મનાતું હોઈ ઉપરના વૈયક્તિક શુદ્ધિના નિયમોનું પણ તેઓ પાલન કરે તે આવશ્યક મનાય છે. આ દિવસે સામાન્ય કામો ચાલુ રહે છે.

**(૨) પાકી બાંધી :** પાકી બાંધી ત્યારે કરવામાં આવે છે જ્યારે ગામમાં પશુ-પંખીઓમાં કે ખેતીવાડીમાં કે માણસોમાં કોઈ રોગચાળો ફેલાયો હોય અથવા તે ન થાય તે માટે પૂજા થાય છે. આવી સ્થિતિમાં ભગત સમગ્ર ગામને નક્કી કરેલા દિવસ માટે ૧૦થી ૧૫ દિવસ ઘરની બહાર રહેવાનો આદેશ આપે છે. પશુ-બિમારીમાં તે જાલી-મૂળીનો ઉપયોગ કરી દવા તૈયાર કરે છે, અને સમગ્ર ગામમાં રસ્તા, ઘર, પશુઓ પર તે છાંટે છે. ખેતીના પાકમાં રોગ લાગુ પડ્યો હોય તોપણ તે આવી રીતે છંટકાવ કરે છે. માણસોમાં રોગચાળો ફેલાયો હોય તો તે મંત્ર-તંત્ર દ્વારા લીમડાના પાનથી ઝૂડઝપટ તથા દવા છાંટે છે અને આ રીતે રોગને અટકાવવાનો અને દેવોને મદદ કરવા માટે તેના સ્થાનકે પૂજા કરી વિનંતી કરે છે, તેમની બાધા રાખે છે તથા ગ્રામસુખાકારી માટેના વિવિધ ઉપાયો કરે છે. લોકો તેના દર્શાવ્યા પ્રમાણે શુદ્ધતા, પવિત્રતા અને વૈયક્તિક જીવનમાં નિષેધોનું પાલન કરે છે. આવા દિવસોમાં તે ગામના સમગ્ર લોકોને ખેતીવાડી, નોકરીધંધે જવાનું બંધ રાખવા આદેશ આપે છે અને દેવના કાર્યમાં જોડાવા સૂચન કરે છે. આવી બાંધીને ચોધરીઓ ''ગામબાંધી'' તરીકે ઓળખાવે છે. લોકો ભગતના બોલ કે આદેશને દેવના બોલની જેમ માને છે. જો કોઈ આવા આદેશોનું પાલન ન કરે તો તેને ચોધરીસમુદાય દંડ પણ કરે છે.

**(૩) વિશિષ્ટ બાંધી :** આ પ્રકારની બાંધી મોટે ભાગે હરખીના સંદર્ભમાં કરવામાં આવે છે. સમગ્ર ગામ પણ તેમાં જોડાતું હોઈ ''ગામબાંધી'' ગામને

લાગુ પડે છે. ઘર દીઠ મહદંશે એક એક પુરુષ-વ્યક્તિએ હરખીમાં ભાગ લેવાનો હોય છે. તથા સમગ્ર ગામની સુખાકારી માટેના આશીર્વાદ મોટા દેવ પાસેથી લેવાના હોઈ સૌ ઉત્સાહપૂર્વક ભારે શ્રદ્ધાથી આ પૂજામાં જોડાય છે અને તેમાં સંપૂર્ણ સહકાર આપે છે. આ બાંધીમાં અગાઉ દર્શાવ્યા તે તમામ પ્રકારના નિષેધો વૈયક્તિક તેમ જ કૌટુંબિક ધોરણે અને સમગ્ર કામધંધો, નોકરી, કાર્યો બંધ રાખવામાં આવે છે. દેવનું કાર્ય હોઈ ભગતની આગેવાની હેઠળ સમગ્ર ગામ એક થઈને તેમાં ભાગ લે છે. બાંધીના દિવસે ઘરને સાફસૂફ કરી લીંપવામાં આવે છે. ઘરના પુરુષો દેવપૂજા માટે ઘરે 'કોઠારી' - દેવપૂજાના સામાનની ટોપલી - તૈયાર કરે છે અને નક્કી કરેલા ગામ બહારના પડાવે સૌ પ્રથમ રાત્રે ગામદેવની પૂજાના તથા રસોઈ વગેરે તૈયાર કરવાના કાર્યમાં જોડાય છે. અગાઉ દર્શાવ્યું તેમ આવી પૂજામાં પુરુષો જ જોડાતા હોઈ બધા પુરુષો ગામ બહાર સૂવાનું, જમવાનું તૈયાર કરે છે તથા ગામના દેવસ્થાને દેવપૂજાનું નાચણું કરવા માટેની ''ખલી'' - નાનું મેદાન લીંપીને તૈયાર કરે છે. આવી સ્થિતિ એક ઉજાણી જેવું દૃશ્ય પેદા કરે છે. તેથી તેઓ ક્યારેક આવા પૂજાના કાર્યને ''દેવનું ઉજવણું'' એવો શબ્દપ્રયોગ પણ કરે છે.

**(૫) પૂર્વ તૈયારી**

(૧) હરખી લઈ જવા માટે અગાઉથી વ્યવસ્થિત આયોજન કરીને પૂરતી તૈયારી કરવી જરૂરી બને છે. ચોધરીઓ માને છે કે આ દેવપૂજાનું કામ છે એટલે તેના માટેની કોઈપણ ચીજ-વસ્તુમાં કે પૂજામાં કોઈ પણ પ્રકારની ભૂલચૂક અક્ષમ્ય ગણાય છે. તેમ થાય તો દેવની નારાજગી વહોરવી પડે છે. એટલે આ સમગ્ર પૂજાનું આયોજન, તૈયારી અને પૂજા ભગતના માર્ગદર્શન હેઠળ અને તેના દ્વારા જ કરવામાં આવે છે જેથી તેમાં પૂરતી ચોકસાઈ જાળવી શકાય.

(૨) હરખીમાં મોટા દેવોની પૂજાનું કાર્ય કરવાનું હોય છે. એટલે તે ભારે પૂજા ગણાય છે. આવી પૂજામાં મોટો-ભારે સાધનાવાળો, સિદ્ધિઓવાળો, અનુભવી મોટો ભગત આવશ્યક માનવામાં આવે છે, જે સમગ્ર પૂજાની આગેવાની કે જવાબદારી લે છે. આવી પૂજામાં મુખ્ય ભગત ઉપરાંત પૂજાની વિવિધ વિધિઓ માટે ''ભગત'' કક્ષાની બીજી ૮થી ૧૦ વ્યક્તિઓ કે ભગતોની આવશ્યકતા પડે છે. આ ઉપરાંત તેઓ અમુક યમ-નિયમોનું પાલન કરનારા હોય તે પણ આવશ્યક માનવામાં આવે છે. મુખ્ય ભગત આવા જરૂરી ભગતો ગામમાંથી કે આજુબાજુનાં ગામોમાંથી પોતાના સાથીઓ કે શિષ્યોમાંથી પસંદ કરે છે અને સમગ્ર પૂજા દરમ્યાન તેમનો સહકાર પ્રાપ્ત કરે છે.

(૩) ગામની હરખી હોય તો ઘર દીઠ હરખી-દેવપૂજાના ખર્ચ પેટે સામાન્ય



ફાળો ઉઘરાવવામાં આવે છે જેમાંથી ભોગ માટે બકરાં કે ઘેટાં, મરઘાં, ચા, ખાંડ, દૂધ, ઘી, સિંદૂર, ધૂપ, અગરબત્તી, નાળિયેર, ધજાઓ અને માટીની વિવિધ મૂર્તિઓ જેમાં માનવ તથા પશુ આકૃતિઓમાં ઘોડો, બળદ, વાઘ વગેરે સ્થાનિક કુંભાર પાસેથી ખરીદવામાં આવે છે. દેવની પૂજાના સંદર્ભમાં ૨ બકરાં, ૮થી ૧૦ મરઘાં, તથા પવિત્ર દારૂ વગેરે સામાન લેવામાં આવે છે.

(૪) મોટા દેવોનાં સ્થાનકો ગામથી દૂર મોટા ડુંગર પર હોય છે. તેથી ત્યાં પૂજા માટે એક રાત્રી રોકાણ કરવું જરૂરી બને છે, તથા પહેલા દિવસે ગામના દેવસ્થાને પ્રથમ પૂજા કરવાની હોય છે. એટલે લોકો બે દિવસ ગામ બહાર પડાવ નાખીને રહે છે. આમ આ બધા દિવસો દરમિયાન ભોજન માટે ચોખા, શાકભાજી, મસાલા, વાસણો વગેરેની જોગવાઈ પણ કરવી પડે છે. પૂજા સમગ્ર ગામના સંદર્ભમાં હોઈ સામાન્યતઃ ઘર દીઠ એકાદ વ્યક્તિ તેમાં જોડાય તો સહેજે ૧૦૦થી ૧૫૦ માણસોની સંખ્યા પણ હરખીમાં થઈ જાય છે. બાકી ૨૦થી ૨૫ જણનો સામાન્ય હોય છે.

(૫) બધાને દેવસ્થાને જવા-આવવા માટે ગાલ્લીની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. મોટે ભાગે તો સૌ ખેતી કરવાવાળા હોઈ ગાલ્લી સૌ પાસે હોય છે. એટલે ક્યારેક ૨૦થી ૨૫ ગાલ્લીનો સમૂહ આવી હરખીમાં-દેવપૂજામાં જતો જણાય છે.

(૬) દેવપૂજામાં દેવનું વાદ્ય હંમેશાં હોવું આવશ્યક મનાય છે. એટલે 'દેહવાડોવડી' વગાડનારો પણ સાથે લેવામાં આવે છે.

(૭) દેવપૂજામાં નવું પાકેલું અન્ન ''કણી''નું મહત્ત્વ ખૂબ છે. નવું અન્ન દેવને ચઢાવવાના હેતુથી ચોખા, ડાંગર, જુવારનાં કણસલાં તથા વિવિધ શાકભાજી વગેરે પણ સાથે અલગ લઈ જવામાં આવે છે.

(૮) આ ઉપરાંત દેવપૂજાનો સામાન મૂકવા માટે એક નવા વાંસમાંથી વાંસની ટોપલી જે ખાસ આ પ્રસંગે બનાવવામાં આવે છે જેમાં દેવની પૂજાનો સામાન મૂકવામાં આવે છે અને તેને ''દેવની કોઠારી'' તરીકે ગણવામાં આવે છે.

(૯) કોઠારી : દેવપૂજામાં એક મહત્ત્વનું અંગ ''કોઠારી'' છે. કોઠારી એટલે કોઠાર. આ દેવના કોઠારની વાત છે. દેવપૂજામાં લઈ જવામાં આવતાં ધાન્યો જે દેવને ચઢાવવાનાં છે, જેમાં ચોખા, ડાંગર, વાલ, તુવેરદાળ, શાકભાજી તથા સમગ્ર પૂજાનો સામાન - સિંદૂર, અગરબત્તી, ધૂપ, દીવાબત્તીનું ઘી, નાળિયેર દેવની રસોઈના મસાલા તથા પૂજાનો પવિત્ર દારૂ વગેરે તેમાં મૂકીને દેવસ્થાને લઈ જવામાં આવે છે. દેવપૂજા કરવાનું નક્કી થાય એટલે સમગ્ર ઘરને સાફસૂફ કરી

કોઠારી



કુરકીની



છાણ માટીથી લીંપવામાં આવે છે તથા નવા તાજા વાંસમાંથી દેવનો આ કોઠાર-કોઠારી તૈયાર કરવામાં આવે છે. આ કોઠારીમાં નાની બંધ ઢાંકણાવાળી વાંસમાંથી બનાવેલી એક ડબ્બી મૂકવામાં આવે છે જેને તેઓ ''કુરકીની'' તરીકે ઓળખાવે છે. તેમાં વાલ તથા તુવરની દાળ મૂકવામાં આવે છે. આ ઉપરાંત દેવપૂજા માટે માટીના નાના વાસણમાં ૦ા શેર ઘી લઈ જવામાં આવે છે જેને ''કુડો'' કહે છે. કોઠારીમાં દેવને માટે શાકભાજીમાં બટાકા, રીંગણ, પાપડી, ટામેટાં તથા મસાલામાં મીઠું, હળદર, લીલાં મરચાં થોડા પૈસા વગેરે પણ મૂકવામાં આવે છે. આ રીતે દેવની જરૂરી પૂજાસામગ્રી તથા ખોરાકની વસ્તુઓ વગેરે કોઠારીમાં મૂકીને તેને તૈયાર કરવામાં આવે છે. તેની ઉપર એક સફેદ કપડું વીંટાળી દેવામાં આવે છે જેથી કોઈ જીવજંતુ અંદરના પૂજાના સામાન, અનાજ વગેરેને બગાડે નહીં. તૈયાર કરવામાં આવેલી આ કોઠારીને ઘરના ખાંડણિયા પર મૂકવામાં આવે છે. ચોધરીઓમાં દેવપૂજામાં ચોખા-ડાંગરનું સૌથી વધુ મૂલ્ય છે. તેને દેવનું ધાન્ય એટલે ''કણી'' તરીકે માનવામાં આવે છે. સમગ્ર પૂજામાં અહીં ચોખા તથા ડાંગર અગત્યનાં ધાન્ય તરીકે સ્થાન પામેલાં છે. બીજી બાજુ ચોધરીઓનું મુખ્ય ઉત્પાદન ડાંગર-ચોખા છે. તે જ તેમનું જીવન છે. એટલે આવી પૂજા દ્વારા તેમની પાસેના સૌથી ઉત્તમ ધાન્ય તથા શાકભાજી વગેરે દેવને અર્પણ કરવાનું ગોઠવે છે.

ચોધરીમાં ચોખા-ડાંગરની સાથે તેને ખાંડવાનાં સાધન ખાંડણિયો અને સાંબેલાનું પણ એક વિશિષ્ટ મહત્ત્વ છે. તેમના સામાજિક જીવનવ્યવસ્થા જન્મ, લગ્ન, મરણ પ્રસંગે તથા ધાર્મિક ક્રિયાઓમાં પણ તેને એક અગત્યના સાધન તરીકે મહત્ત્વ આપવામાં આવતું જણાય છે. એથી દેવના કોઠારને ઘરના મહત્ત્વના પ્રતીક ''ખાંડણિયા'' પર મૂકવામાં આવે છે અને પછી ત્યાંથી તેને ગામબાંધીના દિવસે જ્યાં ગામના દેવોની પૂજા થવાની હોય છે ત્યાં વાજતે ગાજતે અને સન્માન સાથે દેવ પૂજા માટે લઈ જવાનું ગોઠવવામાં આવે છે.



પ્રથમ એક ''દેહ્વાડોવળી''*વાળો આ દેવના કોઠારને વાદ્ય દ્વારા સંબોધન કરે છે જેમાં તે વગાડે છે...

''કોઠારી પોહી, કણી પોહી તીયાર હોઈ ગઈ,
ચાલનીયે જાતે રહતે, ડોંગરે કાકરે નીહર જાતને,
ઉબેહ રૂમ, હહતી હહતી ચાલની બેન...
હલદીવાડી, મસાલાવાડી, કણીવાડી, કવનીવાડી,
ઉબેહ રૂમ... ... ... ...''

અર્થાત્: હે કોઠારી બહેન, હવે તું તૈયાર થઈ ગઈ. આપણે હવે ચાલી નીકળીએ. આપણે તો ડુંગરમાં જવાનું છે. તું હસતી હસતી આવજે. તું તો હળદરની વાડી છો, ખોરાકની વાડી છો વગેરે...

આમ કોઠારી એ દેવનો કોઠાર હોઈ તેને ખૂબ આદરમાન આપવામાં આવે છે. તેની થોડી પ્રશંસા પણ કરવામાં આવે છે. ડોવડીવાળો આ રીતે તેને દેવસ્થાને લઈ જવા માટે વિનંતી કરે છે અને ઘરની વડીલ વ્યક્તિ તેને ઊંચકીને ગામના દેવસ્થાને લઈ જાય છે.

**(૭) ગામના દેવસ્થાને પૂજા :**

દેવપૂજાની તૈયારી રૂપે બાંધીનો દિવસ મહદંશે રવિવાર નક્કી કરવામાં આવે છે. આ દિવસે અગાઉ દર્શાવ્યું તેમ સૌ ભગતે દર્શાવેલા નિયમો અને આદેશોનું પાલન કરે છે. પુરુષો ભગતના આદેશ પ્રમાણે નક્કી કરેલા પડાવના સ્થાને ભેગા થાય છે. સૌ દેવપૂજાની, દેવના નાચણાની ખલીની તથા ભોજનની તૈયારી કરે છે. દેવસ્થાને નાચણાની ખલી તૈયાર કરી તેને લીંપવામાં આવે છે. આ પછી મુખ્ય ભગત 'હનવાણી' (પવિત્ર જળ), જેમાં દૂધ-પાણી અને તુલસી નાખવામાં આવે છે — તેના વડે છંટકાવ કરી પવિત્ર બનાવે છે. પછી દેવનું ધૂણ કે પવન ચડાવી મંત્રો બોલીને દેવની આ ખલીને મેલાં તત્ત્વો-ભૂત, પ્રેત, વંતરી વગેરે અંદર પ્રવેશ કરી પૂજાને બગાડે નહીં તે માટે ચારે બાજુથી તેને મંત્રથી બાંધે છે. તેઓ દર્શાવે છે કે દેવપૂજાનું કાર્ય હોય ત્યારે તેમાં શુદ્ધિ અને પવિત્રતા હમેશાં અત્યંત આવશ્યક બાબત હોય છે. આવી પૂજામાં દેવને ભોગ, નૈવેદ્ય આપવાનું હોય છે. મેલાં તત્ત્વો હમેશાં ચારે બાજુ અદૃશ્ય સ્વરૂપે ફરતાં જ હોય છે એટલે તેઓ ગમે ત્યારે દેવનો ભોગ અને નૈવેદ્ય ખાવા-ઝપટ મારવા આવે છે અને પૂજા અભડાવે કે બગાડે છે. એટલે આવાં કાર્યો દરમિયાન દરેક

---

* દેવપૂજામાં જ ખાસ વગાડવામાં આવતું મદારીની મોરલીના વર્ગનું તૂમડી કે દૂધીમાંથી બનાવેલું ફૂંકવાનું વાદ્ય છે જે ''ડોબડા'' વાદ્ય કરતાં નાનું અને મધુરું વાગે છે.

પગલે મેલાં તત્ત્વોથી હમેશાં ખૂબ જ કાળજી લેવા માટે જાગૃતપણે કાર્ય કરવું પડે છે. એટલું જ નહિ પણ દેવની પૂજાવિધિઓમાં પણ કોઈ પણ પ્રકારની ભૂલ-ચૂક થાય નહીં તેની પણ ખૂબ જ કાળજી લેવામાં આવે છે. દેવની ખલી સુરક્ષિત થઈ ગયા પછી તેમાં દેવની પૂજાનો સમગ્ર સામાન, કોઠારી, નાચવાની લાકડી, માટીના ઘોડા તથા અન્ય આકૃતિઓ, કાણી વગેરે આ ખલીમાં દેવના ચરણે મૂકવામાં આવે છે.

રાત્રિનું ભોજન પતી ગયા પછી દેવપૂજાની શરૂઆત મોડી રાત્રે શરૂ થાય છે. ડોવડીવાળો ડોવડી વગાડવાનું શરૂ કરે છે અને તેમાં તે દેવની સ્તુતિના મંત્રો વગાડે છે. એટલે પૂજાના ભગતોને દેવપૂજા માટે ધૂણ ચડે છે. સૌ પ્રથમ હરખીનો આગેવાન મુખ્ય ભગત નાચણાની ખલીમાં પ્રવેશ કરે છે અને દેવપૂજાનો અગ્નિ લઈને બેઠેલા ભગત ‘‘ભોગી’’ પાસે જાય છે. આ ભગત દેવતા... દેવતા... દેવતા બોલતો હોય છે. ભગત આ ભોગી સામે - અગ્નિ-આંગીઠ સામે બેસીને અગ્નિની સાક્ષીએ ‘‘ચાચર દેવ’’ જે હિન્દુ સમાજના ગણેશ જેવો શુકનવંતો ગણાય છે તેથી પ્રથમ તેની પૂજા માટે રજા લેવા યાદ કરે છે અને મંત્રો બોલી દેવનું પવન-ધૂણ ચડાવે છે. ભગત બરાબર ધૂણવા માંડે એટલે તેની અંદર દેવે પ્રવેશ કર્યો છે અને દેવનું પવન બરાબર આવ્યું છે તેમ માનવામાં આવે છે. આ પવન બરાબર ચઢે એટલે ભગત ધૂણતો ધૂણતો ઊભો થઈ જાય છે અને હાથમાં વડની વડવાઈ કે ખજૂરીનાં છટિયાંનો સાટકો લઈને પોતાના પગ તેમ જ શરીર પર વારંવાર મારે છે. આ દ્વારા તેનામાં ‘દેવનું પવન’ બરાબર ચડ્યું છે કે નહીં તેની પરખ કરવાનો હેતુ હોય છે. જો પવન બરાબર ચડ્યું હોય તો સાટકાના મારની કશી અસર થતી નથી. પછી ભોગી સામે બેસીને ચાચર દેવ આગળ દેવનું કામ કરવા માટે રજા લેવા વિનંતી કરવામાં આવે છે. દરેક ભગત એક પછી એક આ રીતે ધૂણ-પવન ચડાવીને ખલીમાં આવી ગયા પછી દેવના નાચણાની ખાસ લાકડી જેને ‘‘દેહ્વાય નાકડી’’ કહેવામાં આવે છે તે ખલીમાં ઠોકતા ઠોકતા નાચે છે અને દેવ આગળ વિનંતી કરે છે.

‘‘...ઓ ભૂંયા.... દેહવાડી નગરીણે હૂય કરી હરખી બેહી ગોયારા ભૂંયા.... હરખી હરકી નેહૂ, પોપટ કરી પાલી નેહૂ, ઘેણી કરી થાંભી નેહૂ, સોનારૂપાની થાળીમાં રમાડી નેહૂ રા ભૂંયા.... કોદાડી, કૂવાડી, કાટલી, કાણીહાટે, કવની હાટે, કાલપીચી હાટે, બાલ હાટે રા... ભૂંયા... આજ્ કથ્ હરખીણે ખલે આવી પડ્યા રા. . . ભૂયા. . . આજે વાંક વાંધો કથો પડેની રા. . . ભૂંયા. . . ચાચર ચવીઠ આજે કથ્ ચવીઠામાં આવી ગના રા... ભૂંયા....ઈંયા ચવઠામાં આજે કથ્ જહ દેજા માન દેજા રા ભૂંયા... આડલાણે પાલાણ પટેન આપહુ, ભૂખાણે લાડુ



આપહુ, તરસ્યાણે જલ આપહુ રા ભૂંયા... ચોકીદારને ચોકી ચૂકવુંહ, નાકેદારને નાકુ ચૂકવુંહ.... હુકમદારને હૂકમે હૂકમે માનતા જાહૂં રા...ભૂંયા.... બાર દિહ, બાર વાહુ પડુ, તેર દિહ તેર વાહ પડુ, નદીકિનારે ઉગીલતા જાહૂં, સૂરજ જેવા પરગડા હોતા જાહૂં, ઘી દેવતા કરતા જાહૂં, પાંચ નાયરાલે ઠોકતા જાહૂં, કાણી કવની તરાવતા તરાવતા જાહૂં રા... ભૂંયા... વલ્લાણે ખોલે હરખી આવી પૂગી. વલ્લો તો વલી રાખે, દેવ હોય તો ખાલવી દે, ઉતારાણે ખોલે હરખી આવી પૂગી, ઉતારો દેવ ઉતારો આપે, દેવ ઓલાણે હરખી જાઈ પૂગી. ઓલાણો દેવ ઓલાવી દે, કાણી, કવની, ખાંડ ભેટતા જાહૂ, રૂડા બોન બોનતા જાહૂં. હહતાણે ટાલી, બોનાતાણે જુવાર,.... રામ. . . રામ. . . વેવાર કરતા જાહૂં રા. . . ભૂંયા. . . આંભીયે. . .! આ ભૂંયા. . . જૂને ભૂંહી દેજે, નવા ચોપડ માંડી દેજે. આજે તોરે ખોલે હરખી હોળ કરીને બેહી ગોઈ હા....

અર્થાત્.... અમે અમુક ગામના લોકો તમારી પૂજા માટે આવી ગયા છીએ. અમે હરખીને સરખી કરી લઈશું, પોપટની જેમ પાળી લઈશું, સોનારૂપાની થાળીમાં રમાડી દઈશું. આજે તારી ખલીએ હરખી આવી ગઈ છે. હે ચાચર દેવ! તારા સ્થાનકમાં અમે આજે આવી ગયા છીએ. અમને તારી પૂજાથી જશ આપજે, માન આપજે. અમે કોદાળી, દાતરડું લઈ પરિશ્રમ કરીશું. અમે આંધળાને પેટ પૂરતું ખાવાનું આપીશું. ભૂખ્યાને લાડુ આપશું, તરસ્યાને પાણી પાઈશું. ચોકીદારને ચોકી ચૂકવશું, નાકેદારને નાકુ ચૂકવીશું. હુકમદારના હુકમે હુકમે અમે ચાલતા જઈશું. તારા સ્થાને બાર દિવસ-તેર દિવસ અમે વાસ પૂરીશું. નદીકિનારે સ્નાન કરતા જઈશું, વહેલી સવારે નીકળીને ચાલતા થઈશું. દીવાબત્તી કરતા જઈશું. નાળિયેર ચડાવતા જઈશું. કાણી-કવની તરાવતા જઈશું. વડલા હેઠળ હવે હરખી આવી ગઈ છે. હે ઉતારા દેવ ! ઉતારો આપજે. આંગણાના દેવ ! આંગણે સ્થાન આપી દે જે. કાણી કવની, ખાંડ સમર્પિત કરતા જઈશું. રૂડું બોલતા જઈશું. હસતાને તાલી આપતા જઈશું... બોલતાને સલામ કરતા જઈશું. સૌ સાથે રામ. . . રામ. . . વ્યવહાર કરતા જઈશું. . . હે દેવ! તું અમારું જેટલું જૂનું છે તે ભૂંસી નાખજે અને હવેથી નવા ચોપડા લખજે. આજે તારે ખોળે હરખી બેઠી છે. તેની દેખભાળ કરવાની જવાબદારી હવે તારી છે.

આમ આ વિનંતીનો તબક્કો પૂરો થયા પછી ગામના દેવોની પણ મોટા દેવોની જેમ પૂજા-સ્તુતિ કરવામાં આવે છે. આ દેવો પણ તેમના રોજિંદા જીવનમાં ઘણા મદદરૂપ બને છે. તેમની આ સ્થાનની પૂજા લગભગ મોડી રાત્રે શરૂ થઈ સૂર્યોદય થવા આવે એટલે પૂરી થઈ જાય તે રીતે ગોઠવાયેલી જોવા મળે છે. આટલા સમય દરમિયાન ભગતો દેવપૂજામાં દેવના ખેડૂત, દેવના ચાકર,

દેવના ગોવાળ વગેરે પ્રકારના વિવિધ અધ્યાયો - 'પીઢાં'- દેવસ્તુતિ રૂપે કરે છે. પૂજાનાં આવાં 'પીઢાં' – અધ્યાયો તો અંદાજે ૫૬ જેટલા છે. પરંતુ જેને જેટલા યાદ આવે અથવા પોતાના ગુરુ પાસેથી જે શીખવા મળ્યા હોય તેના આધારે અને મર્યાદિત સમયમાં જેટલાંની થઈ શકે તેટલાની રજૂઆત એક નાટકીય અભિવ્યક્તિરૂપે – વેશ કાઢવાના સંદર્ભમાં ભગતો દેવસ્તુતિની સાથે કાઢે છે. પછી સવારે સ્નાન કરી દેવને સિંદૂર, દીવોબત્તી, અગરબત્તી કરી ભોગ આપે છે. ગામની હરખીને સહીસલામત રીતે મોટા દેવને પૂજાનું કાર્ય સારી રીતે સંપન્ન થાય તેની દેખરેખ રાખવા તથા કાળજી રાખવા માટે આશીર્વાદ મેળવે છે. આ રીતે હરખીના સંદર્ભમાં ગામદેવની પૂજાનો પ્રથમ તબક્કો અહીં પૂરો થાય છે. આ પછી ત્યાં સૌ બપોરનું ભોજન બનાવીને જમે છે અને મોટા દેવના સ્થાનકે જવા માટે ગાલ્લીઓ તૈયાર કરી નીકળે છે.



## પ્રકરણ ૩
## હરખી અને દેવદેવીઓ

**(૧) દેવોનું સ્વરૂપ :**

ચોધરીઓ મૂળે 'વન્ય ધર્મી' છે એટલે પ્રકૃતિપૂજકો છે. તે જગતના કર્તા તરીકે પરમેશ્વરને ઓળખાવે છે, જેને તેઓ ''પરમીહર, ઈશ્વર'' વગેરે નામથી ઓળખે છે. તે ''જૂગી'' – સ્વર્ગમાં રહે છે. પરંતુ તેમના ધાર્મિક માળખામાં ક્યાંયે પરમેશ્વરની પૂજા આવતી નથી. તેઓ દર્શાવે છે કે, સમગ્ર દુન્યવી જગત દેવીદેવતાઓ દ્વારા ચાલે છે. એટલે તેમનું ધાર્મિક માળખું દેવીદેવતાઓ સુધી જ વિસ્તરેલું દેખાય છે. જીવનની તમામ ઘટનાઓ ધર્મ સાથે સંકળાયેલી છે તેમ દર્શાવે છે. સંસારમાં જે કાંઈ બને છે તે દેવીદેવતાઓની કૃપાને કારણે જ બને છે. ભગવાને તેમને આ દુનિયાનું સંચાલન કરવાનું સોંપ્યું છે. આનાથી આગળ અમને ખબર નથી. આમ તેઓ પરમેશ્વર અને દેવીદેવતાઓ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી આ જીવનચક્રનું સંચાલન દેવીદેવતાઓ કરતા હોઈ તેમના સમગ્ર જીવનચક્રમાં દેવીદેવતાઓ કેન્દ્રસ્થાને રહેલાં જણાય છે.

પ્રકૃતિના ખોળે વસતી ચોધરીજાતિ પ્રકૃતિની ઘેરી છાયાની પકડમાં જીવે છે. એટલે કુદરતી આપત્તિ કે પ્રકૃતિની કાર્યપદ્ધતિ વિશેની વૈજ્ઞાનિકતાને તેઓ જાણતા નથી. તેથી અજાણ છે. પરિણામે પવનો, તોફાનો, પૂર, અતિવરસાદ, વાદળોનો ગડગડાટ, ધરતીકંપ, અનાવૃષ્ટિ, વીજળીના ચમકારા, કડાકા વગેરે બાબતો વિશે કુતૂહલતા ધરાવે છે. તેને તકલીફ આપનાર, આપત્તિકારક ઘટનાઓ પુનર્જન્મ, ભયપ્રેરક સ્થિતિ તથા અનિષ્ટ વિચારોની જનની સમજે છે. તેઓ અનેક દેવતાવાદી તથા પ્રકૃતિવાદી છે. હિન્દુઓની જેમ પર બ્રહ્મની કલ્પના તેમને હજુ સ્પર્શી નથી. તેમના પોતાના કરતાં જે વધુ શક્તિશાળી લાગી છે તેવી શક્તિઓને તેમણે દેવીદેવતાઓ તરીકે સ્થાપ્યાં છે.

આ દૈવી શક્તિઓ ભલું કરનારી, લાભ કે સુખ આપનારી અને ભૂત-પ્રેત વગેરે મેલાં તત્ત્વો સ્વરૂપે આપત્તિ આપનારી, નુકસાન કરનારી છે તેમ પણ તેઓ માને છે. તેથી તેઓ બન્નેની કૃપાદૃષ્ટિ ઇચ્છે છે. તેઓ બન્નેથી ડરીને ચાલે છે. દરેક કાર્ય, પૂજાવિધિ વગેરેમાં આ ડર–ભય તેમને હંમેશાં સતાવ્યા કરતો દેખાય છે. તેથી તેઓ બન્ને પ્રકારનાં શક્તિસ્વરૂપોને સરખા ભક્તિભાવથી પૂજે છે અને ખુશ રાખવાનો પ્રયત્ન કરે છે.




ચોધરી વસ્તી વિસ્તાર અને હરખોનાં સ્થાનકો



તેમનાં દેવસ્થાનો – મંદિર, શિલ્પ, મૂર્તિ, સ્થાપત્ય વિનાનાં, કોઈ પણ પ્રકારના આકાર વિનાનાં અદશ્ય તત્ત્વો જેવાં શક્તિશાળી સ્વરૂપો છે. તેમનાં સ્થાનકો પહાડ કે ડુંગરોની ટેકરીઓ પર પથ્થરોની ગુફા 'મ્હલ' કે પોલાણોને દેવનું નિવાસસ્થાન માનવામાં આવે છે. તેમના દેવનાં સ્થાનકો નદી, કોતરડે કે ઝાડ નીચે સ્થપાયેલાં છે. આ દેવીદેવતાઓ કોઈ આકાર, વસ્ત્ર, અલંકાર કે શૃંગાર વિનાનાં હોય છે તથા કોઈ રોજિંદી પૂજા વિનાનાં છે. તે તેમના સામાજિક - આર્થિક, અને ધાર્મિક જીવનનું પ્રતિબિંબ પાડનારાં દેખાય છે. તથા તેમના પ્રકૃતિપ્રેમી સ્વભાવ સાથે નિકટનો સંબંધ ધરાવતાં જોવા મળે છે. આ સૌ દેવો તેમના જીવનના અવિભાજ્ય અંગસમાં દેખાય છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે જો જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ જોઈતી હોય તો આ દેવીદેવતાઓ દ્વારા કે તેમની પૂજા દ્વારા જ મેળવી શકાય છે, કારણ કે તેઓ પૂજા, ભોગથી જ ખુશ થાય છે અને કૃપારૂપે સુખસમૃદ્ધિ અર્પે છે. આમ, તેમની જીવનવ્યવસ્થામાં નાનામોટા અનેકવિધ પ્રસંગો-ખેતી, પશુ ઉત્પાદન, માંદગી, અકસ્માત, ઘર બાંધવું, લગ્ન, સગાઈ, મરણ, જન્મ, જળાશયો, પર્વતો, જંગલો વગેરે બધામાં દેવદેવીઓ અને તેમની પૂજા કેન્દ્રસ્થાને સ્થપાયેલી છે, જે પરત્વે તેમની અતૂટ શ્રદ્ધા અને ભક્તિભાવ પ્રદર્શિત થાય છે અને દેવદેવી પૂજા વધુ ને વધુ દઢીભૂત થતી જાય છે.

**(૨) દેવીદેવતાઓના પ્રકાર :**

ચોધરીઓ પરંપરાગત રીતે ઘણાં પ્રાકૃતિક દેવદેવીઓને માને છે તથા સંપર્કને પરિણામે કેટલાંક હિન્દુ દેવીદેવતાઓમાં પણ તેઓ શ્રદ્ધા ધરાવતા થયા છે. હરખીના સંદર્ભમાં તેઓ માત્ર તેમના પ્રાકૃતિક પરંપરાગત એવા દેવોની જ પૂજા કરે છે. તે સિવાયના અન્ય કોઈ દેવોની પૂજા આ સંદર્ભમાં થતી જોવા મળતી નથી. આમ તેમની ધાર્મિક પૂજાનું સ્વરૂપ તેમના પરંપરાગત ધાર્મિક માળખાને સ્પષ્ટપણે વળગી રહેનારું દેખાય છે.

તેઓ પ્રાકૃતિક દેવોમાં સૂર્ય, ચંદ્ર, ધરતી, દરિયો, વીજળી, મેઘ, હિમાર્યો, અહિન્દોડોગાર, પાંઢરમાતા, દેવલીમાડી, ગોવાળ દેવ, કાળોકાકર, ભેંડોતળાવ, કાંગરીવેલ, બાણભોદેવ, કાવડિયોદેવ, ગુમ્હાયમાડી, ડોબરીદેવી, ભવાનીમાતા, ગીહીમાતા, પેટફોડીમાતા, મરકીમાતા, કાલીમાતા, મગરદેવ, વાઘદેવ, ભેંસપરો, કંસેરીદેવી, કવનીદેવી, કણી, દૂધમોગરા, ગોલીગઢ, ઉનાઈમાતા, પિતૃ ખતરાં, બોગનોભૂત, ચોસઠ જોગણી, મસાણીયો ભૂત, કાકો બળિયો, જળદેવી, ઘાટદેવ, કાનદેવ, રાડિયો ભૂત, હોળીમાતા, નાંદરવો દેવ, ભૂરીમાદણ, હોળિયોડુંગર, બામણિયોભૂત, સાતભૂત, દૂધિયોદેવ, ધારદેવ, પારદેવ, માજી

ભમરો, હનુમાન વગેરે જોવા મળે છે. આ વિવિધ પ્રાકૃતિક દેવોમાં દેવોના સત અને શક્તિના સંદર્ભમાં બે પ્રકારના દરજ્જાની સ્થિતિ જોવા મળે છે : (૧) નાના દેવો, (૨) મોટા દેવો. નાના દેવો સ્થાનિક ગામકક્ષાએ કારભાર સંભાળે છે. તેમના પ્રશ્નો, દુઃખો દૂર કરવામાં તેઓ મદદ કરે છે. તેમના કાર્યક્ષેત્રનો વિસ્તાર એક ગામના પ્રાદેશિક વિસ્તાર સુધીનો જ ગણાય છે. આથી દરેક ગામે આ નાના દેવી-દેવતાઓનાં સ્થાનકો સ્થાપવામાં આવે છે. જ્યારે મોટા દેવીદેવતાઓનાં સ્થાનકો એક જ જગ્યાએ, રહેઠાણ વિસ્તારથી દૂર પહાડ કે ડુંગર ઉપર હોય છે. આ સ્થાનકો સમગ્ર ચોધરીઓના ભૌગોલિક વિસ્તાર સુધીના ક્ષેત્રને આવરે છે તથા સમગ્ર ચોધરી જાતિને અસરકર્તા બને છે. આ દેવો ભારે સતવાળા અને શક્તિશાળી ગણાય છે. આવા દેવોને મોટી આફતો, ભારે દુઃખો, તકલીફો તથા સામૂહિક ઉપાય માટે પૂજવામાં આવે છે.

તેમનાં આ દેવદેવીઓ વિવિધ રીતે ઉપયોગી બને છે. આ સંદર્ભમાં દરેક દેવોનો નિશ્ચિત કાર્યો સાથેનો વિવિધ સંબંધ દર્શાવવામાં આવે છે અને જે તે કાર્ય માટે તેમની પૂજા કરવામાં આવે છે. આ સંદર્ભમાં જોઈએ તો વરસાદ, ખેતીનું ઉત્પાદન વધારવું, નીંદામણ થવું, પાકના રોગો થવા, પશુમાંદગી, પશુનું દૂધ અટકવું તથા દૂધ ન આવવું, શારીરિક માંદગી, સંતાન ન થવાં, બાળકોની માંદગી, મરઘાંમાં રોગ કે તેમનું મરવું વગેરે આપત્તિઓ છે. - આમ ધનધાન્યની વિપુલતા, સુખસમૃદ્ધિ ઉપરાંત વળગાડ, મેલાં તત્ત્વોનો ભય, મરેલાંનું નડવું વગેરે વિવિધ કાર્યો માટે, વિવિધ દેવોની ઉપયોગીતા જોવા મળે છે. એટલે તે દૃષ્ટિએ પણ તેમને વર્ગીકૃત કરી શકાય.

આ દેવદેવીઓમાં પુરુષ અને સ્ત્રી દેવીઓ એવું વર્ગીકરણ પણ દર્શાવી શકાય છે. તે રીતે વળગાડ, રોગના દેવો, ખેતીના દેવો, પશુના દેવો, કોરા દેવો, ભોગવાળા દેવો કે મેલા દેવો વગેરે વિવિધ રીતે પણ વર્ગીકૃત થઈ શકે. હરખીના સંદર્ભમાં નીચે આપેલું સ્થાન, કાર્યો અને પૂજાના સંદર્ભનું વર્ગીકરણ વધુ ઉપયોગી છે.

| **મોટાં દેવ-દેવીઓ** | **સ્થાન** | **પૂજાનું સ્વરૂપ** |
|---|---|---|
| (૧) દેવલીમાડી | દેવલપાડાના ડુંગર પર ગુફા તા. સોનગઢ | સૌથી મોટી દેવી, સુખ સમૃદ્ધિ, વંશવૃદ્ધિ, માટે વ્યક્તિગત તથા સામૂહિક પૂજા. (હરખી) |
| (૨) ગોવાળદેવ | ડુંગર પર ગુફા તા. વ્યારા | પશુ સુખાકારી તથા સુખસમૃદ્ધિ માટે સામૂહિક પૂજા (હરખી) |





ગોવાળ દેવ

| | | |
|---|---|---|
| (૩) કાળો કાકર | ડુંગર પર ગુફા. દક્ષિણ વ્યારા | ધનધાન્યની વિપુલતા માટે સામૂહિક પૂજા (હરખી) |
| (૪) આહિન્દો ડોગાર | ડુંગર પર ગુફા તા. માંડવી (પૂર્વમાં) | સૌથી મોટો શક્તિશાળી દેવ, શારીરિક સુખાકારી, વંશવૃદ્ધિ, રિદ્ધિસિદ્ધિ સર્વ પ્રકારની સમૃદ્ધિ માટે સામૂહિક પૂજા (હરખી) |
| (૫) ભેંડોતળાવ | ડુંગર પર (ઉત્તરે) તા. માંડવી | ધનધાન્યની વિપુલતા માટે સામૂહિક પૂજા (હરખી) |
| (૬) ઉનાઈ માતા | વાંસદા તાલુકામાં | ચામડીના રોગ માટે, વ્યક્તિગત પૂજા, ભજન મંડળી લઈ જાય છે. ચોખ્ખી પૂજા |
| (૭) બાણભો દેવ | ડુંગર પર ડાંગમાં (ઉત્તરે) | રોગ માટે સામૂહિક પૂજા (હરખી) |
| (૮) ગોળીગઢ | ખેતરમાં સ્થાનક વાંસફૂઈ, તા. મહુવા | પુરુષને ગોળી ચઢવાના રોગ માટે, વ્યક્તિગત પૂજા (શિવરાત્રિએ) |
| (૯) દૂધ મોગરા | ડુંગર પર ગુફામાં, ઉત્તર માંડવી | પશુ તથા ખેતીવાડી માટે સામૂહિક પૂજા (શિવરાત્રીએ હરખી) |
| (૧૦) પાંઢરમાતા | ડુંગર પર તા. સાગબારા (ભરૂચ જિ.) | વંશવૃદ્ધિ, રિદ્ધિ-સિદ્ધિ માટે સામૂહિક તથા વ્યક્તિગત પૂજા (શિવરાત્રીએ હરખી) |
| **નાનાં દેવદેવીઓ** | **સ્થાન** | **પૂજાનું સ્વરૂપ** |
| (૧) હિમાર્યો દેવ (સિમાડિયો દેવ) | ગામ વિસ્તારમાં | કુળ દેવતા છે. વ્યક્તિગત પૂજા. ગામના રક્ષણનું કામ. લગ્ન પછી પગે લાગે. |
| (૨) ભવાની માતા | ,, ,, | કુળદેવી ગણાય છે. લગ્ન પછી તેની પૂજા જરૂરી ગણાય, કોઈ પણ બાધા માટે સૌ પ્રથમ આ દેવીને આમંત્રવી પડે અને તેની રજા લેવી પડે. દર વર્ષે શ્રાદ્ધ પર્વમાં, મૃત્યુ પછી પૂજા થાય છે. |
| (૩) નાદરવો દેવ | ,, ,, | ખેતીમાં થતા નીંદામણનો દેવ છે. ઘાસચારા કે અન્નની વિપુલતા માટે પૂજા થાય છે. |
| (૪) ખતરાં (પિતૃ) | ,, ,, | વાર-તહેવારે પૂજા થાય. મૃત્યુ પછી મરનારનું ખતરું મૂકવાની પૂજા. લગ્ન પછી પગે લાગે. |
| (૫) હનુમાન | ,, ,, | દર શનિવારે પૂજા થાય. મંત્ર, શક્તિ માટે પૂજા. ચોખ્ખી પૂજા. |

ઉપરના વર્ગીકરણના સંદર્ભમાં જોઈએ તો મોટા દેવોએ જ હરખી લઈને - સામૂહિક પૂજા કરવાનું વલણ છે. આ દેવોમાં ગોવાળદેવ, આહિન્દો ડોગાર, દેવલીમાડી, કાળોકાકર, બાણભોદેવ, ભેંડોતળાવ, દૂધમોગરા અને પાંઢરમાતાએ ચોધરીઓ હરખી લઈને જાય છે. તેમને મન આ મોટા દેવોનું મહત્ત્વ ઘણું છે. તેઓ જ તેમનું સર્વસ્વ છે. જો સાંસારિક જીવન સુખી રહે તેમ જોઈતું હોય તો આ દેવી-દેવતાઓની ખુશી, આશીર્વાદ જરૂરી છે અને તે માટે તેમની પૂજા-પ્રાર્થના પણ આવશ્યક છે. તેથી તેઓ સર્વ પ્રકારની તકલીફ, દુઃખો કે આફતોમાં આ દેવોનું શરણું લે છે. આ દેવોમાં તેમની અતૂટ શ્રદ્ધા છે. તેઓ સર્વ સુખ, ભોગ, સમૃદ્ધિના દાતા છે. આથી તેમનામાં દેવપૂજાનું ભારે દઢીકરણ થયેલું જોવા મળે છે.

**૩. દેવસ્થાનનાં અંગો**

ચોધરીઓના આ મોટા દેવીદેવતાઓનું સ્થાનક એક વિશિષ્ટ પ્રકારની રચનાવાળું હોય છે. હિન્દુ દેવસ્થાનોમાં પણ સ્થાપત્યની દૃષ્ટિએ તેના પ્રવેશ દ્વારથી માંડીને દેવની મૂર્તિ સુધીની દેવસ્થાનની વિશિષ્ટ રચના હોય છે અને તે વચ્ચે વિવિધ ચાકર દેવોની એક આગવી રચના જણાય છે તેવા પ્રકારની કંઈક આયોજિત સ્પષ્ટ રચનાનું સ્વરૂપ જોવા મળે છે. તેમના દરેક સ્થાને આ રચનાનું સ્વરૂપ એક જ સરખું છે. દેવનું નિવાસસ્થાન પથ્થરોની ગુફા - 'મ્હલ' તરીકે ઓળખાય છે. તેમના દરેક મોટા દેવો કોઈને કોઈ પ્રકારની નાનીમોટી મ્હલમાં રહે છે તેમ માને છે. પછી દેવનો દરવાજો, દેવનો હુકમીદાર, ચોકીદાર અને છેક છેલ્લે મ્હલથી દૂર નાકેદારની સ્થાપના કરવામાં આવેલી દેખાય છે. દેવસ્થાનમાં જો પ્રવેશ કરવો હોય તો નાકેદારનું સ્થાન પ્રથમ આવે છે. તે પછી અનુક્રમે બીજાં સ્થાનો પસાર કરી છેલ્લે દેવની મ્હલે પહોંચાય છે. દરેક દેવના સ્થાને દેવનું નાચવાનું એક મેદાન હોય છે. જે નિશ્ચિત રીતે આકારેલું ગોળાકાર હોય છે જેને દેવની ખલી અથવા "રાયખલી" તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાંત દેવનું સ્નાન કરવાનું સ્થાન પણ દરેક દેવસ્થાને સ્પષ્ટ અંકિત કરેલું હોય છે જેને દેવની 'નાહણી' તરીકે ઓળખવામાં આવે છે. આ બધા દેવોની કોરી અને

ભોગવાળી એમ બન્ને પ્રકારની બાધા મનાતી હોઈ દેવોને જે પશુપંખીનો ભોગ આપવાનો હોય તેની કતલ દેવના મ્હલના સ્થાને કરવામાં આવતી નથી. પરંતુ દરેક દેવસ્થાને તે સ્પષ્ટ અલગ અંકિત કરવામાં આવેલું હોય છે. જેને ''દાહ્ભ'' તરીકે ઓળખવામાં આવે છે. અહીં દેવનો ભોગ વધેરવામાં આવે છે. હવે આપણે ક્રમશ: દેવસ્થાનની રચનાનાં પાસાં વિશે વિચારીએ.

**(૧) દેવની મ્હલ :** અગાઉ દર્શાવ્યું તે પ્રમાણે ચોધરીઓ પોતાના મોટા દેવો વિશે માને છે કે તેઓ કોઈ મોટા પહાડ કે ડુંગરના પોલાણ, બખોલ કે ગુફામાં અદૃશ્ય શક્તિસ્વરૂપે નિવાસ કરે છે. આ તેમનો રાજમહેલ છે. તે અજ્ઞાત અને અભેદ્ય છે. તે વિશે દરેક દેવના સંદર્ભમાં વિવિધ કલ્પનાઓ દર્શાવાતી જોવા મળે છે. દરેક દેવની આ 'મ્હલ' કુદરતી રીતે પથ્થરના પોલાણથી રચાયેલી હોય છે. દરેક મોટા દેવીદેવતાઓની આ મ્હલ કુદરતી પોલાણોથી બનેલી હોઈ એકસરખો દેખાવ, કે અંદરનાં પોલાણો તથા દ્વારોની રચનામાં સામ્ય નથી. સૌ દેવોમાં આહિન્દા ડોગારની મ્હલ ઘણી વિશાળ છે તેમ દર્શાવવામાં આવે છે. મુખ્ય દ્વાર ૮થી ૧૦ ફૂટ પહોળું અને ૪થી ૫ ફૂટ ઊંચું છે અને અંદર ૨૫થી ૩૦ ફૂટ ઊંડું વિશાળ પોલાણ છે. તેનો બીજો પણ એક દરવાજો બાજુમાં છે. અંદર સદંતર અંધારું હોય છે. જ્યારે દેવલી માડીના દ્વારની પહોળાઈ ૫થી ૭ ફૂટ જેટલી અને ઊંચાઈ ૩થી ૪ ફૂટ જેટલી છે. ગોવાળ દેવનું મુખદ્વાર આ બન્ને કરતાં સાંકડું છે. કાળાકારનું મુખદ્વાર પણ સાંકડું છે. ભગત પોતાની પૂજા આ દ્વાર પાસે બેસી વાંકા વળીને કરે છે. અંદર પ્રવેશ કરવામાં આવતો નથી. દ્વાર આગળ ચોખાની પૂંજ મૂકી, દારૂની છાક પાડે, કણી મૂકે, સિંદૂર લગાડે, દૂધનું વાસણ મૂકે, નાળિયેર ચડાવે, ધૂપ, અગરબત્તી, દીવો કરે, માટીના ઘોડા, માનવ તથા પશુ આકૃતિ પણ ત્યાં જ મૂકે છે અને ભોગ ચડાવે છે. મુખદ્વારે જ જુવારનાં કણસલાંનું તોરણ બાંધે છે. આમ, દેવપૂજા દેવના આ ગુફાદ્વારે જ થાય છે. વારંવાર ઘણી બધી હરખીઓ એક પછી એક આવે અથવા સાથે આવે તો પણ દેવના ગુફા દ્વારે વારાફરતી સ્વતંત્ર પણે પોતપોતાના ગ્રામસમુદાયના સંદર્ભમાં આ પૂજા થાય છે. તેથી ગુફાદ્વાર દૂરથી પૂજાપો, ઘોડો, માનવ તથા પશુ આકૃતિઓથી, નાળિયેરનાં છોડાંના મોટા ઢગલાથી ઢંકાયેલા જેવું દેખાય છે. દરેક પૂજા કરનાર જૂથ પૂજાનો જૂનો સામાન ખસેડીને પોતાનો પૂજાનો સામાન મૂકવાનો પ્રયત્ન કરે છે. ગુફાદ્વારેથી પૂજાનો આ સામાન - ચડાવેલા ઘોડા, આકૃતિઓ એની મેળે પવનથી ફેંકાઈ તૂટી ન જાય કે ત્યાં સુધી તેને કોઈ કાઢી નાખતું નથી.





ગોવાળ દેવના ઘોડાઓ

**(૨) રાયખલી :** દેવના ગુફાદ્વાર-મ્હલથી નીચે કે થોડું દૂર એક મેદાન જેવું હોય છે. જેમ ખેતરમાં અનાજ લેવા માટે ખળું હોય છે તેવું ભગતોને દેવના કાર્ય માટે નાચવા એક ગોળાકાર ખલી હોય છે. દેવોના પવિત્ર સ્થાનને કારાણે ચોધરીઓ તેને ''રાયખલી'' તરીકે ઓળખાવે છે. દેવપૂજા માટે જે કોઈ હરખી આવે તે પ્રથમ આ રાયખલીને સાફસૂફ કરે છે, પાણી છાંટી છાણમાટીથી લીંપીને તેને શુદ્ધ અને પવિત્ર બનાવવામાં આવે છે. આ ખલી લીંપાઈને તૈયાર થઈ જાય એટલે પ્રથમ દેવોને પ્રાર્થના કરવામાં આવે છે. ''તારા દ્વારે, તારી ખલીએ પૂજાકાર્ય માટે નાચીને તારી પૂજા કરીશું. અમારું આ કાર્ય હે દેવ તું સફળ કરજે. તું અમને જશ અપાવજે.'' પછી દેવની આણ આપી ભૂતપ્રેત અંદર પ્રવેશી પૂજાને બગાડે નહીં તેથી તેને મંત્ર મારી બાંધે છે. દેવપૂજાનો બધો સામાન, કોઠારી, દેવનું નાચાણું કરવાની લાકડી, ધજાઓ, ડોવળી વગેરે ખલીમાં દેવની સન્મુખ એક દિશામાં મૂકવામાં આવે છે. આથી આ સર્વે ચીજવસ્તુઓ હવે દેવને હવાલે મૂકી છે, તેને હવે કોઈ ભૂતપ્રેત, મેલાં તત્ત્વો સ્પર્શી નહીં શકે, અશુદ્ધ કે અપવિત્ર કરી શકશે નહીં તેમ માનવામાં આવે છે. આ પવિત્ર ખલીમાં પૂજા કરનારા ભગતો સિવાય અને ભગતની મરજી વિનાને પ્રવેશવાનો નિષેધ હોય છે. ખલી મંત્રોથી દેવને સમર્પિત હોઈ ત્યાં ચારે બાજુ દેવનું સત હોય છે. આવાં પવિત્ર સ્થાનોમાં અમુક યમનિયમોનું પાલન કર્યા વિના કોઈ પ્રવેશી શકતું નથી. જો કોઈ ભૂલમાં પ્રવેશે તો દેવ તેને નુકસાન કરે છે તેમ તેઓ માને છે. આ રાયખલી દેવપૂજાનો એક મહત્ત્વનો ભાગ છે. તે દેવનું અંગ કે દેવસ્થાનનો મહત્ત્વનો ભાગ માનવામાં આવે છે.

**(૩) દેવની નાહણી :** 'નાહણી' એટલે દેવનું સ્નાન કરવાનું સ્થાન. દરેક મોટાં દેવસ્થાનોએ કોઈ ને કોઈ પ્રકારની પાણીની વ્યવસ્થા દેખાય છે. ભગત અને લોકો તેને દેવની સ્નાન કરવાની જગ્યા તરીકે ઓળખાવે છે. ડુંગર પર આવું સ્થાનક મહદંશે કોઈ પ્રાકૃતિક ઝરણું કે નદી જેવું હોય છે. આહિન્દા ડોગર પર પર્વત પરથી નાનું ઝરણું દેવસ્થાનથી આશરે ૨૦૦ ફૂટ દૂર ઝાડીમાં દેખાય છે. દેવલી માડીના સ્થાને નીચે તળેટીમાં મોટો કુંડ – કુદરતી ઝરણાને વાળીને બનાવેલો દેખાય છે. ગોવાળદેવે ઝાંખરી નદી આવેલી છે. આમ, બધા દેવસ્થાને પર્વતમાંથી કોઈને કોઈ ઝરણાં દેવોની સ્નાન કરવાની જગ્યા તરીકે ઓળખવામાં આવે છે. હરખીમાં આવતો સમુદાય પૂજા માટે તથા રસોઈ, સ્નાન વગેરે માટે આ પાણીનો જ ઉપયોગ કરે છે. આ સ્થાન દેવનું ગણવામાં આવતું હોઈ પાણી લેતાં કે તેનો ઉપયોગ કરતાં પહેલાં દેવનું સ્તવન, પૂજા કર્યા પછી ભગત દ્વારા તેની મંજૂરી લેવામાં આવે છે. ભગત દર્શાવે છે કે આ સ્થાનેથી દેવપૂજા કર્યા



વિના પાણી બહાર આવતું નથી. દેવની રજાથી – પૂજા કરવાથી ઝરણું ફૂટે છે. અને સમગ્ર પૂજાના કાર્યક્રમ દરમિયાન આ ઝરણાં કે કુદરતી સ્રોતમાંથી તેમને પાણીનો પુરવઠો પ્રાપ્ત થાય છે.

**(૪) દેવના ચાકરો :**

દરેક મોટા દેવસ્થાનની, તેના સમગ્ર વિસ્તારની એક વિશિષ્ટ વહીવટી રચના હોય છે. રાજમહેલમાં અનેક ચોકીદારોનાં નાકાં હોય છે અને તે પસાર કરવા માટે તેમની અનુમતિ મેળવવી પડે છે, તે પછી રાજાના મહેલના દ્વારે જઈ શકાય છે. તેમ ચોધરીઓનાં આ મોટાં દેવદેવીઓનાં સ્થાનકોમાં પણ તેવી વ્યવસ્થા ગોઠવાયેલી હોય છે. દેવનો મ્હલ પર્વતની ગુફા છે. આ સ્થાને પહોંચતાં પહેલાં વચ્ચે વહીવટી દૃષ્ટિએ વિવિધ ચાકરો મૂકેલા છે જેમની વિવિધ કામગીરી દર્શાવવામાં આવે છે. દેવસ્થાનના દ્વારે જવા માટે આ દરેક ચાકરની રચનાનું સ્વરૂપ બધાં દેવસ્થાનોએ એક જ સરખી રચનાવાળું હોય છે. ભગત રાયખલીમાં દેવનું સ્તવન અને પીઢાં કર્યા પછી દેવસ્થાનના રસ્તે થઈને દેવની ગુફાએ આવવા માટે રજા માગે છે. દેવના મ્હલે આવવાના રસ્તે સૌ પ્રથમ નાકેદારનું પ્રથમ નાકું આવે છે. પછી ચોકીદારનું નાકું, છડીદારનું નાકું અને ગુફાના પ્રવેશ દ્વારે દરવાનનું નાકું છે. ભગતે આ દરેક નાકે દરેક નાકેદારની પૂજા, ધૂપ, અગરબત્તી, સિંદૂર, નાચાણું અને તેનો નિશ્ચિત ભોગ આપી રજા લેવી પડે છે. આ રજા મળે પછી બીજા નાકે પૂજા, ભોગ આપે. આમ, દરેક નાકે તેણે આ પૂજાવિધિ કરતાં કરતાં દરેકની રજા, મંજૂરી લેતાં લેતાં છેક દેવના મ્હલે કે તેના દરવાજે પહોંચાય છે.

દેવના રાજમહેલની રચનામાં આ નાકાં દેવસ્થાનથી છેક દૂરથી શરૂ થાય છે. પ્રથમ નાકું અંદાજે ૭૦થી ૧૦૦ ફૂટ કે તેથી વધુ દૂર હોય છે. દરેક દેવસ્થાનની પ્રાકૃતિક રચનાના સંદર્ભમાં તે ગોઠવાય છે. આ દરેક ચાકરનું સ્થાન દેવસ્થાનના રસ્તાનો નિર્દેશ કરે છે. રસ્તાની બંને બાજુ તેના સ્થાન રૂપે એક એક પથ્થર બંને બાજુ મૂકેલા હોય છે. દરેક ચાકરના સ્થાન વચ્ચે ૨૦થી ૨૫ ફૂટ જેટલું અંતર હોય છે. આ અંગે કોઈ નિયમ નથી. જે સ્થાનિક ભૌતિક સ્થિતિ અનુસાર ગોઠવાયેલું હોય છે. દેવનો નાકેદાર નાકાવેરો ઉઘરાવે છે. ચોકીદાર દેવસ્થાનના સમગ્ર વિસ્તારની ચોકી કરવાનું કાર્ય કરે છે. છડીદાર દેવસ્થાને આવનારની દેવને જાણ કરે જેને દેવના આગમનનો પુકાર કહે છે. દરવાન દેવના – મ્હલના દરવાજાનો ચોકીદાર છે. તે દરવાજો ખોલે છે. આમ, વિવિધ વહીવટ અને કામગીરીની સમગ્ર વ્યવસ્થા દેવસ્થાનના સંદર્ભમાં ગોઠવવામાં આવેલી દેખાય છે.

દેવના આ ચોકીદાર દેવસ્થાનની ચારે બાજુની ચોકી કરે છે તથા ચાંપતી નજર રાખે છે. દેવની પસંદગીની ચીજવસ્તુઓને કોઈ લઈ ન જાય તેનું ધ્યાન

રાખે છે. દેવસ્થાનના આ વિસ્તારમાં કોઈ અઘટિત વ્યવહાર ન થાય તેનું પણ તે ધ્યાન રાખે છે. આ દરેક ચાકરની પૂજા કરી, ખુશ કરી, અનુમતિ લઈને જ આગળ દેવના મ્હલે જવાય છે. કોઈ પણ વ્યક્તિ આવી અનુમતિ વિના જ દેવના મ્હલે પહોંચે તો તેણે દેવનો ખોફ વહોરવો પડે છે.

**(૫) દેવનો ઉતારો :**

મોટા ભાગના દરેક મોટા દેવસ્થાને પૂજા કર્યા પછી દેવને ભોગ આપવામાં આવે છે. આ બલીની સંખ્યા અને પ્રકાર, પૂજાનું કારણ તથા સ્વરૂપના સંદર્ભમાં નક્કી થાય છે. પૂજા વૈયક્તિક કે કૌટુંબિક હોય અને તેના કારણને ધ્યાનમાં રાખી એકાદ બકરું કે મરઘું બલિ તરીકે આપે છે. પરંતુ હરખી પૂજામાં મોટો સમુદાય પૂજા કરે છે. માટે બકરાં, ઘેટાં, મરઘાંની સંખ્યા વધુ દર્શાવવામાં આવે છે. દેવનો આ બલિ દેવના મુખદ્વારે કાપવામાં આવતો નથી. પરંતુ દેવસ્થાનના વિસ્તારમાં તે માટેનું પણ એક નિશ્ચિત સ્થાન નિયત કરવામાં આવેલું જણાય છે. આ સ્થળે જ દરેક પશુપક્ષીના બલિનો વધ કરવામાં આવે છે અને પછી દેવના મ્હલે તે ચઢાવવામાં આવે છે. આ સ્થાનને ઉતારા તરીકે પણ ઓળખાવવામાં આવે છે. આ સ્થાન દેવના ગુફા દ્વારની વિરુદ્ધ દિશામાં આવેલું હોય છે. આ સ્થાને મરઘાંનાં પીછાં, બકરાના વાળ વગેરે પડ્યાં હોય છે તથા તેની આજુબાજુ પીછાંનાં તોરણ પણ હોય છે. આથી આ સ્થાન એકદમ જુદું પડી જાય છે અને તુરંત ઓળખાઈ આવે છે. આ સ્થાનને દેવનું કતલખાનું પણ કહેવામાં આવે છે. આ સ્થળે બલિ કાપતાં પહેલાં સ્થાનકની પૂજા કરવામાં આવે છે તથા તેના નામનો પણ અલગ બલિ આપવામાં આવે છે. ધજા, તોરણ વગેરે બાંધવામાં આવે છે. પછી દેવના બલિનો વધ કરવામાં આવે છે.

**(૪) દેવપૂજાની સામગ્રી :**

ચોધરીજાતિના નાના કે મોટા કોઈ પણ પ્રકારના દેવની પૂજા એ અતિ મહત્ત્વની બાબત ગણાય છે. તથા તેમાં કોઈ પણ પ્રકારની ભૂલ કે અધૂરાપણું ભારે આફત સર્જનારું મનાય છે. સમગ્ર પૂજા ભગત દ્વારા થાય છે. ભગત પોતાની તાલીમ, સાધના અને અનુભવને આધારે પૂજા પર બહુ પ્રભુત્વ ધરાવે છે. પરંતુ આ પૂજા કેટલીક ચીજવસ્તુઓ દ્વારા સંપન્ન થાય છે એટલે પૂજામાં તેનું પણ મહત્ત્વનું સ્થાન દેખાય છે. તેના વિના પૂજા અધૂરી રહે છે. અધૂરી પૂજા એ દેવોની નારાજગીનું કારણ બને છે. એટલે દેવપૂજાની ચીજવસ્તુઓ, ભોગ માટેના જીવો વગેરે બાબતમાં પણ અત્યંત કાળજી તથા ચોકસાઈ રખાતી જોવા મળે છે.

મોટા દેવોએ હરખી પૂજા હોય ત્યારે તે મોટી પૂજા મનાય છે. તેમાં મોટે ભાગે



સમગ્ર ગામ જોડાતું હોય છે. એટલે પૂજાની વસ્તુઓ, સાધનોમાં વિપુલતા તથા ચોકસાઈ બંને મહત્ત્વનાં બને છે. સામાન્યતઃ આવી પૂજા નિષ્ણાત ભગતના માર્ગદર્શન અને આગેવાની હેઠળ સંપન્ન થતી હોઈ શરૂઆતથી જ તેના આયોજન અને પૂજાનાં સાધનો, સામાન વગેરે ભગતની સૂચના પ્રમાણે લાવવામાં આવે છે. તેના જણાવ્યા અનુસાર હરખી પૂજામાં દેવપૂજા માટેના સામાનના સંદર્ભમાં નીચેની તૈયારી કરવામાં આવે છે :





(૧) હરખીમાં મુખ્ય દેવ ઉપરાંત નાનામોટા ગામના દેવો તથા દેવના ચાકરો વગેરે સૌની પૂજા કરવાની હોય છે. તથી સૌની ખુશી તથા રજા લેવી આવશ્યક ગણાય છે. એટલે સૌ દેવોનું સન્માન સિંદૂરના તિલકથી થાય છે.



(૨) દરેક દેવો પ્રાકૃતિક દેવો છે. પરંપરાગત રીતે આ પ્રાકૃતિક દેવો હંમેશાં દારૂને પીણાં તરીકે પોતાનાં ધાર્મિક કાર્યોમાં મહત્ત્વનું સ્થાન આપે છે એટલે દેવની પૂજાના કાર્ય માટે પવિત્ર દારૂ આવશ્યક બને છે. પવિત્ર દારૂ એટલે તેને બનાવવાથી માંડીને સાચવવા સુધીની અને પૂજામાં વાપરવા માટે લેવામાં આવે ત્યાં સુધી શુદ્ધતા અને પવિત્રતા વિશેના અગાઉના પ્રકરણમાં દર્શાવેલા નિયમોનું કડક પાલન થવું જોઈએ તથા અયોગ્ય વ્યક્તિનો સ્પર્શ ન થવો જોઈએ. દેવના કાર્ય માટે જ તે તાજો અને અલાયદો બનાવેલો હોવો જોઈએ. તેમાં કોઈ ભેળસેળ થયેલી હોવી ન જોઈએ તથા તેનો કોઈએ પોતાના અંગત ઉપયોગમાં કે વપરાશમાં



લીધેલો ન હોવો જોઈએ. આ દારૂની પૂજાના દરેક પગથિયે પવિત્રતાના હેતુથી દેવની અંજલિ જેને ''છાકપાડવી'' કહે છે. પૂજામાં તેના વપરાશનું પ્રમાણ પણ સારું એવું રહે છે. એટલે દેવપૂજા માટે આવો પવિત્ર દારૂ અમુક પૂરતા જથ્થામાં બનાવીને સાથે લેવો પડે છે.

(૩) કોઈ પણ દેવપૂજા કેમ ન હોય, પરંતુ બધામાં શુદ્ધતા અને પવિત્રતાનો આગ્રહ ચોધરી દેવપૂજામાં કેન્દ્રસ્થાને દેખાય છે. જો આ શુદ્ધતા અને પવિત્રતાનો ખ્યાલ ન રાખવામાં આવે તો ચોધરીઓ માને છે કે મેલાં તત્ત્વો હંમેશાં પૂજામાં ભંગ પાડવા તથા દેવની પૂજાના ભોગ કે નૈવેદ્ય ખાઈ જવા માટે અત્યંત આતુર હોય છે. એટલે પૂજાના સમગ્ર કાર્યમાં, દરેકેદરેક વિધિમાં તથા સ્થાનમાં શુદ્ધિ અને પવિત્રતા આવશ્યક બને છે. આ માટે ભગત દૂધ-પાણીનું મિશ્રણ કરી તેમાં તુલસી નંખાવે છે. આ પવિત્ર પાણીને 'હનવાણી' કહેવામાં આવે છે. પૂજા પહેલાં દેવસ્થાને, દેવનાં નાચણાં પહેલાં રાયખલીમાં, નાહણીએ તથા નાના કે મોટા દેવના ચાકર વગેરેનાં સ્થાનોએ તેનો પ્રથમ છંટકાવ કરવામાં આવે છે.

(૪) દેવપૂજા એ ચોધરી જીવનનું સર્વોત્તમ કાર્ય કે લહાવો ગણાય છે. આ પ્રસંગે પોતાના સર્વસ્વનું સમર્પણ કરવામાં આવે છે. તેઓ મૂળે ખેતી કરનારા જીવ છે, એટલે ખેતી તેમનું જીવન છે. ખેતીમાંથી અન્ન પેદા થાય છે જેને આધારે તેમનું જીવન ચાલે છે, પેટિયું ભરાય છે, પોષણ થાય છે, જીવન ટકે છે. એટલે અન્નને ''કણી'' તરીકે ઓળખાવે છે. આ કણી એ દેવકૃપાનું પ્રતીક મનાય છે. જેને ''કન્સેરી માતા'' તરીકે સ્થાપવામાં આવી છે અને તેની પૂજા થાય છે. તેઓ મુખ્યત્વે ડાંગર પકવે છે. એટલે પૂજામાં ડાંગર તથા ચોખાનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત જુવાર તથા અન્ય ધાન્યો, શાકભાજી વગેરે પણ દેવને ચડાવવા માટે લઈ જવામાં આવે છે. તેઓ માને છે કે માણસને જે જે ચીજવસ્તુઓ તથા ભોજન જોઈએ છે તે તમામ દેવને અર્પણ કરવાં જોઈએ. એટલે અનન્ય ભક્તિભાવ અને શ્રદ્ધાથી પ્રથમ નવું ઉત્પન્ન થયેલું ધાન્ય દેવને અર્પણ કરવામાં આવે છે. પછી જ તેઓ તેને પોતાના ખાવાના ઉપયોગમાં લે છે. પૂજામાં ચોખા તથા જરૂર પડે ત્યાં ડાંગરનો મુખ્યત્વે ઉપયોગ કરવામાં આવે છે. આગળ કહ્યું તેમ દરેક પૂજાના તબક્કાઓમાં દારૂની છાક–અંજલિ-દેવને આપવામાં આવે છે તથા દરેક કાર્યોમાં અને પૂજાના દરેક તબક્કાઓમાં-દેવની ''પૂંજ'' મૂકવામાં આવે છે. આ પૂંજ તરીકે ભગત ચોખાની મૂઠી ભરીને દેવને મૂકે છે. અને પછી દેવસ્તુતિ ચાલુ કરે છે. ભગત પૂજાના બોલમાં બોલે છે કે. . .

''આજે પડતી પૂંજે ઝાની નેજા, વાહ નેતા ગને. પડતી પૂંજે ઝાની નેવા. તીયા તોરે નાકેદાર, ચોકીદાર, બાણદાર, હુકમીદાર, છડીદાર, વરાળદાર,



ઢીંગણાદાર, ઠપકદાર, હુડીદાર, હોપારીદાર; આજે તુમાણે પૂંજે પડતી હા!. . . પડતી પૂંજે ઝાની નેવ. . . તીયા તોરે સતદેવ્ માન દેવ. . .!

અર્થાત્ . . આજે આ મૂકવામાં આવતી પૂંજને તું સ્વીકારી લેજે, પકડી લેજે. 'વાહ'' (પૂર્વજને, દેવને કોરું તથા નવું ધાન્ય) લેતા ગયેલા. તું તે પડતી પૂંજે સ્વીકારી લેજે. આજે તારા નાકેદાર, ચોકીદાર, બાણદાર, હુકમીદાર, છડીદાર, વરાળદાર, હુડીદાર, સોપારીદાર વગેરે ચાકરોની પણ હું પૂંજ મૂકું છું તે સ્વીકારજો. તમે આ પડતી પૂંજ ઝીલી લેશો તો તમારું સત, તમારું માન સાચું છે તેમ સમજીશ.

આમ, ચોધરીઓમાં જન્મ, મરણ, માંદગી, દેવપૂજા, વારતહેવારે થતી તમામ પૂજાવિધિઓમાં કે ખતરાંપૂજા વગેરેમાં સાર્વત્રિકપણે દેવો, પિતૃઓ, દેવના ચાકરો વગેરે સૌને યાદ કરીને ચોખાની પૂંજ મૂકવાની ખાસ પ્રક્રિયા જોવા મળે છે. તેથી તેનું તથા તે નિમિત્તે વપરાતા ચોખાના ધાન્યનું અગત્ય પૂજાના સંદર્ભમાં કેટલું બધું છે તેનું સ્પષ્ટીકરણ થાય છે.

**(૫) દેવહા ડોવળી :**

ચોધરીઓ માને છે કે દેવીદેવતાઓ મનુષ્ય કરતાં ઊંચી કોટિનાં છે. એટલે તેમનું નિવાસસ્થાન, પીણું, ભોગ વિશિષ્ટ હોય છે. તેથી તેમની પૂજા સાથે વાદ્ય વગાડવું જોઈએ. એથી દેવો ખુશ રહે છે. આથી ચોધરીઓની મોટા દેવોની કે નાના દેવોની બધી પૂજામાં વાદ્ય વગાડવું આવશ્યક ગણાયેલું છે. ડોવળી વાદ્ય પૂજાનો એક અનિવાર્ય ભાગ ગણાય છે. ચોધરી જાતિમાં આમ પણ લોકસંગીત અને લોકવાદ્યનું પ્રભુત્વ છે જ. તેમનું ડોબડું ઘણા મોટા કદનું એક ફૂંકવાનું વાદ્ય છે જે તેમના સામાજિક પ્રસંગોમાં પરંપરાગત રીતે વગાડવામાં આવે છે. આ જ રીતે દેવપૂજાનું પણ સ્વતંત્ર અને વિશિષ્ટ વાદ્ય ''દેવહા ડોવળી'' જે ડોબડા કરતાં નાનું,



દેવહા ડોવળી



સાટકો

મદારીની મોરલીના વર્ગનું, તૂમડી કે દૂધીમાંથી બનાવેલું ફૂંકવાનું મધુરું વાદ્ય છે. તે દેવપૂજામાં સુંદર, મધુરું અને પવિત્ર વાતાવરણ પેદા કરવામાં મદદરૂપ બને છે. દેવપૂજામાં વાગતું આ વાદ્ય માઈલો સુધી સંભળાય છે. આ વાદ્ય વગાડનારો ખાસ માણસ હોય છે જે વાદ્ય વગાડવા ઉપરાંત દેવપૂજાના બોલ તથા મંત્રો વગેરેનો પણ જાણકાર હોય છે. પૂજાના પ્રસંગના સંદર્ભમાં વિવિધ રચનાઓ બનાવીને વગાડવાની તેની આગવી કુશળતા પણ તેનામાં દેખાય છે. આમ દેવહ્ા ડોવળી દેવપૂજામાં આરંભ અને વચ્ચે પૂજાના દરેક અધ્યાયે તથા અંત ભાગમાં 'મહત્ત્વની કડી સમું છે. ભગત આવી પૂજા વખતે ગામમાંથી કે વિસ્તારમાંથી કુશળ ડોવળી વગાડનાર વ્યક્તિને સાથે લે છે જેથી પૂજાની રંગત તથા દેવોને ખુશ કરવામાં તે ઘણી મહત્ત્વની ભૂમિકા પૂરી પાડવામાં મદદરૂપ બને છે. આ વાદ્ય દેવપૂજાના કાર્ય સિવાય બીજા કોઈ પણ કાર્ય માટે વગાડવામાં આવતું નથી. આ વાદ્યને ''દેવનું વાદ્ય'' ગણવામાં આવે છે. એટલે તેના પરત્વે એક વિશિષ્ટ આદર તથા શુદ્ધિ વગેરે પણ જાળવવામાં આવે છે.

આ ઉપરાંત એક ''કિરકીટિયું'' વાદ્ય પણ સાથે વગાડે છે. આ વાદ્ય લાકડામાં દાંતા પાડીને બનાવવામાં આવે છે અને તેની પર ઉપરનીચે વાંસની ખાપટ ઘસવામાં આવે છે. આ દ્વારા એક પ્રકારનો તાલબદ્ધ અવાજ કાઢવામાં આવે છે. ખાસ કરીને આ વાદ્યનો ઉપયોગ નાચણામાં તાલ મેળવવાના હેતુથી થતો દેખાય છે. દેવની સ્મૃતિમાં દેવનું નાચણું હોય છે એટલે ત્યારે તાલની સાથે આ વાદ્ય વગાડવામાં આવે છે. આ માટે ડોવળી વગાડવામાં જરૂરી છે તેવી કોઈ વિશિષ્ટ કુશળતા આવશ્યક નથી. તથા ડોવળીના વાદ્ય જેવું દેવના વાદ્ય તરીકેનું તેનું વિશિષ્ટ સ્થાન પણ જોવા મળતું નથી.

**(૬) સાટકો :**

દેવપૂજા શરૂ કરતાં પહેલાં ભગત પોતાનામાં ''દેવના પવનનું'' આહ્વાન કરે છે. આ માટે તે દેવના મંત્રોનું સ્મરણ કરે છે. મંત્રોનું સ્મરણ બરાબર થતાં ભગતને 'પવન' ચડે – તેની અંદર દેવનો વાસ થાય – એટલે તે જોર જોરથી ધૂણવા માંડે છે. આ ધૂણને 'દેવનું પવન' પણ કહેવામાં આવે છે. આવો પવન તાલીમ પામેલા તથા તેના યમનિયમનું પાલન કરનાર ભગતને જ દેવના મંત્રો બોલવાથી ચડે છે, અન્યને નહીં. આવું પવન ચડે એટલે ભગત બેઠા બેઠા ધૂણતો હોય તે ઊભો થઈ જાય છે અને ખલીમાં ચારે બાજુ કૂદાકૂદ કરે છે. હાથમાં વડની વડવાઈનો સાટકો રાખેલો હોય છે તેને પોતાના પગમાં તથા શરીર પર વારંવાર મારે છે. આમ આ વડની વડવાઈનો સાટકો પણ દેવપૂજામાં ચડતા ધૂણની પરીક્ષા કરવા માટેનું અગત્યનું સાધન ગણાય છે. આ સાધન જ્યારે જ્યારે જ્યાં



જ્યાં દેવપૂજાનું કાર્ય હોય અને દેવનું પવન ચડે ત્યારે તેની પરીક્ષા માટે હંમેશાં સાથે રાખવામાં આવે છે.

**(૭) દેવહ્ા નાકડી :**



ચોધરી દેવપૂજાનાં કેટલાંક મહત્ત્વનાં સાધનોમાં ''દેવહ્ા નાકડી'' એટલે દેવની લાકડી પણ એક અગત્યનું સાધન ગણાય છે. દેવપૂજાના નાચણાં વખતે ભગતો આ લાકડી લઈને ખલીમાં કે દેવસ્થાનોએ ઠોકતા ઠોકતા નાચે છે. આ લાકડીની અંદાજે પથી પા ફૂટ જેટલી લંબાઈની હોય છે. તેની ઉપરની ટોચે એક લોખંડની ખોળી સાથે લોખંડની કડીઓનું ઝુમ્મર બેસાડેલું હોય છે. લાકડી જ્યારે નીચે ઠોકવામાં આવે ત્યારે ઉપરની કડીઓવાળું ઝુમ્મર ખખડાટ કરે છે. ભગત જ્યારે ખલીમાં નાચણું કરે છે ત્યારે નાચતાં નાચતાં આ લાકડી પકડીને ઠોકતા હોય છે. લાકડી ઠોકાવાને કારણે એક ખખડાટનું સાતત્ય પેદા થાય છે જે એક પ્રકારનો તાલ આપતું જણાય છે. આ દેવની લાકડી દેવપૂજાના કામ સિવાય અન્ય કોઈ પણ પ્રકારનાં કાર્યોમાં ક્યારેય ઉપયોગમાં લેવામાં આવતી નથી. દેહ્વા ડોવળીની જેમ તે પણ દેવની લાકડી હોઈ પવિત્ર માનવામાં આવે છે.

**(૮) માટીની આકૃતિઓ :**



ચોધરીઓની કોઈ પણ પ્રકારની દેવપૂજા હોય, તેમાં પૂજાના ભાગસ્વરૂપે માટીની પશુ તથા માનવ આકૃતિઓ મૂકવાની પ્રથા સાર્વત્રિકપણે જોવા મળે છે. આ આકૃતિઓ નજીકના કસબામાં કુંભારો માટીમાંથી પકવીને બનાવે છે, જેને તેઓ ખરીદીને દેવસ્થાને ચડાવવા માટે લઈ આવે છે. આ આકૃતિઓ વાસ્તવમાં પ્રતીકો સ્વરૂપે દેખાય છે. માટીના નાનામોટા ઘોડાઓ શ્રદ્ધા અને આર્થિક અનુકૂળતા અનુસાર સૌ ખરીદે છે. આ ઘોડાઓ દેવની શક્તિ અથવા સવારીના હેતુને દર્શાવવાના હેતુથી દેવસ્થાને તેની ગુફાદ્વારે-મ્હલે





મૂકવામાં આવે છે. ચોધરી માન્યતા અનુસાર દેવો પણ માનવો જેવું સાંસારિક જીવન જીવે છે એટલે તેઓ ખેતી કરે છે. માટે ખેતીનાં પશુઓ તરીકે બળદની આકૃતિ મૂકવામાં આવતી દેખાય છે. તે જ રીતે ગાય પણ ખેતી માટેના ઉપયોગનું પ્રતીક દર્શાવે છે. ખેતીમાં, ઘરમાં કામકાજમાં મજૂર તરીકે કામ કરનારાં પ્રતીકો તરીકે માનવ આકૃતિઓ મૂકવામાં આવતાં જણાય છે. આમ દેવોને રીઝવવા માટે તેનાં પ્રતીક તરીકે આ બધી વસ્તુઓ દેવકાર્યમાં અમે મદદરૂપ થઈશું તેવી ભાવનાની અભિવ્યક્તિ આ પ્રતીકો દ્વારા થતી જોવા મળે છે.

**(૫) હરખી અને દેવદેવીઓ :**

અગાઉ નોંધ્યું તે પ્રમાણે ચોધરીઓ મોટા દેવોએ જ હરખીને લઈને પૂજા કરવા જાય છે. તેમના આ મોટા દેવો તાપી નદીની ઉત્તરે માંગરોળ તાલુકાથી માંડીને તાપીની દક્ષિણે છેક વ્યારા તાલુકાના છેડા સુધીના પર્વતીય વિસ્તારોમાં વિસ્તરેલા છે. ઉત્તર તાપી વિસ્તારમાં દૂધમોગરા, આહિન્દોડોગાર, ભેંડોતળાવ જેવાં દેવોનાં સ્થાનકો છે. અને દક્ષિણ તાપી વિસ્તારમાં ગોવાળદેવ, દેવલીમાડી, કાળોકાકર બાણભોદેવનાં સ્થાનકો છે. જ્યારે પાંઢરમાંનું સ્થાનક ભરૂચ જિલ્લાના સાગબારા તાલુકાના ડુંગરોમાં આવેલું છે. આ દેવી આમ તો ચોધરીઓની સૌથી મોટી દેવી ગણાય છે અને ઘણી શક્તિશાળી છે. કોઈક ખાસ સંજોગોમાં સુરત વિસ્તારવાળા ચોધરીઓ તે દેવીની બાધા માને તો ત્યાં પણ હરખી લઈને જાય છે. જ્યારે મોટાં દેવીદેવતાઓમાં ઉનાઈમાતા અને ગોળીગઢના સ્થાનકે, વૈયક્તિક સ્વરૂપે ખાસ કરીને શારીરિક તકલીફો દૂર કરવાના હેતુથી બાધા ફેડવા માટે જાય છે. ઉનાઈમાતાએ ગરમ પાણીના કૂંડ છે જેમાં સ્નાન કરવાથી ચામડીના રોગો મટે છે. જ્યારે ગોળીગઢમાં પુરુષની ગોળી(Testicle)ની તકલીફ માટે બાધા માની વૈયક્તિક પૂજા માટે જાય છે. આ દેવસ્થાનોએ સામૂહિક રીતે હરખીને લઈને પૂજા માટે જવામાં આવતું નથી. આમ હરખી લઈ જવામાં જેને જે નજીક પડે ત્યાં હરખી લઈને જાય છે. આ દેવોનાં સ્થાનકોની રચના તથા તેનાં અંગોની અને પૂજા માટે આવશ્યક સાધનોની ચર્ચા કર્યા પછી આ દેવદેવીઓનો પ્રાથમિક પરિચય મેળવી લઈએ.



**(૧) આહિન્દોડોગાર :** દક્ષિણ ગુજરાતમાં તાપીની ઉત્તરે સાતપૂડાની પર્વતમાળાનો એક મણકો તે 'આહિન્દોડોગાર' આહિન્દાદેવનું સ્થાનક ગણાય છે. માંડવીથી ઉત્તર-પૂર્વે ઈશાન ખૂણે આઠેક માઈલ દૂર ડુંગર પર તેનું સ્થાનક આવેલું છે. ચોધરીજાતિના દેવોમાં આ સૌથી મોટો દેવ ગણાય છે. તે ભારે શક્તિશાળી અને સતવાળો દેવ મનાય છે. આ દેવ 'કાંગરીવેલ' દેવીનો દીકરો ગણાય છે. તેનો નાનો ભાઈ બાણાભોદેવ ગણાય છે. બંને વચ્ચે ભારે ઝઘડો છે. એટલે બંનેનાં સ્થાનકો દૂર અલગ સ્થપાયાં છે. બાણભાદેવનું સ્થાનક તાપીની દક્ષિણે છેક ડાંગની સરહદના પર્વતવિસ્તારોમાં આવેલું છે. આહિન્દાદેવની પૂજામાં 'બાણભાદેવનું' નામ પણ દેવાતું નથી તેમ ભગત દર્શાવે છે જે તેમની વચ્ચેના વિરોધને સ્પષ્ટ કરે છે. લોકોમાં આ દેવ વિશે ભારે શ્રદ્ધા છે. તેની મહેલ-ગુફામાં મોટાં મોટાં ખેતરો અને શાકભાજીની, ફળઝાડની વાડીની વિપુલ સમૃદ્ધિ છે તેમ માને છે. આ દેવસ્થાન વિવિધ વિભાગોમાં વહેંચાયેલું જોવા મળે છે.

દેવની ગુફા જેમાં દેવ અદશ્ય-નિરાકાર સ્વરૂપે એક શક્તિશાળી 'સ્પિરિટ' તરીકે રહે છે. આ ગુફાસ્થાન ડુંગરની ટોચથી ૫૦થી ૬૦ ફૂટ નીચે છે. આ ગુફા અંદાજે અંદર ૨૫થી ૩૦ ફૂટ ઊંડી છે. તેમાં બે દ્વાર છે. મુખ્ય પ્રવેશ દ્વારે જ પૂજા કરવામાં આવે છે. મુખ્ય દ્વાર સાંકડું હોઈ વાંકા વળીને જવું પડે છે. અંદર અંધારું છે. લોકો માને છે કે દેવનો વાઘ કે અજગર ક્યારેક અંદર આવીને રહે છે. પાછળના ભાગમાં સાગનું મોટું ઝાડ છે જેની પર પૂજા કરવાવાળા દેવના નામની ધજા ચડાવે છે. મુખ્ય ગુફા દ્વારે માટીના ઘોડા, પશુઆકૃતિઓ, માનવ-આકૃતિઓ, નાળિયેરનાં છોડાં વગેરેનો મોટો ઢગલો પડેલો હોય છે.

**મહત્ત્વ :** આ દેવ સૌથી મોટો કે પ્રથમ પંક્તિનો દેવ ગણાય છે. દરેક વાર-તહેવાર, ઉત્સવ, ધાર્મિક પૂજાવિધિ વખતે આ દેવની હાજરી હોય છે અને તે સૌનું નિરીક્ષણ કરે છે. દરેક પ્રકારના સુખનો તે દાતા ગણાય છે. લોકોનો તે માનીતો અને દયાળુ દેવ માનવામાં આવે છે.

**પૂજા :** ભગત વિના આ દેવની પૂજાએ જવાતું નથી. ભગતની સૂચના મુજબની બાધા ફેડવા માટે પૂજાનો સામાન લાવવો પડે છે. ગામની હરખી હોય તો દૂધ-પાણીમાં તુલસી નાખીને હનવાણી તૈયાર કરવી પડે છે. તે દેવસ્થાનના રસ્તા, સ્થાન વગેરે જગ્યાએ છાંટીને શુદ્ધ તથા પવિત્ર બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. પૂજાનું આ પ્રથમ પગથિયું છે. સિંદૂર, ધૂપ, અગરબત્તી, નાળિયેર, દીવાબત્તી, દેવનું વાદ્ય 'દેહવાડોવાળી', દેવની નાચવાની લાકડી - 'દેહવાનાકડી', ચોખા, ડાંગર, જુવારનાં કણસલાં, માટીના ઘોડા, પશુ-આકૃતિઓ, માનવ આકૃતિઓ, દૂધ, દારૂ-તાડી, ધજાઓ, ભોગ આપવા

માટે બકરાં-ઘેટાં, મરઘાં વગેરે સર્વ સામાન આવશ્યક બને છે. ભગત આ બધા દ્વારા દેવપૂજા કરે છે. જે વિશે આપણે પાછળના પ્રકરણમાં વિગતે જોઈશું. આ દેવસ્થાને સ્ત્રીથી જવાતું નથી. બૂટ-ચંપલ પહેરીને પણ જવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

ભગત યોગ્ય નિયમોનું પાલન કરીને દેવપૂજામાં પ્રવેશે છે. રાયખલીમાં નાચણાંથી માંડીને બીજા દિવસે બપોરે ભોજન, નૈવેદ્ય, ભોગ ચઢાવીને વિદાય થાય ત્યાં સુધીમાં તેમની પરંપરાગત દેવપૂજા, મંત્રો, સ્તુતિ વગેરે કરે છે. ઉપરાંત દેવનાં પીઢાં કાઢીને સમગ્ર રાત પૂરી કરવામાં આવે છે. પછી દેવના બધા ચાકરોની પૂજા કરવામાં આવે છે અને અંતે દેવની મ્હલે પૂજા દીવો, અગરબત્તી, નાચણું, મંત્રો દ્વારા કરવામાં આવે છે. ત્યાં નાળિયર, દૂધ, અને ભોગ ચડાવવામાં આવે છે, જુવારના કણસલાંનું તોરણ બાંધવામાં આવે છે. ચોખાની પુંજ, ડાંગરની પુંજ, દારૂ કે તાડીની છાક-અંજલિ આપવામાં આવે છે અને આ રીતે દેવની પૂજા સંપન્ન કરવામાં આવે છે.

**(૨) દેવલીમાડી :** વ્યારાથી પૂર્વમાં સાત માઈલ દૂર સોનગઢ તાલુકામાં દેવલપાડા ગામે એક મોટો ડુંગર છે જે દેવલીમાડીના નામે ઓળખાય છે. ચારે બાજુ જંગલ છે. પર્વતની ટેકરી પર દેવીની ગુફા છે. તળેટીમાં દેવીની રાયખલી છે. બાજુમાં થોડે દૂર એક પાણીનો હોજ છે જ્યાંથી પાણી મળી રહે છે. આ દેવીના નાવણની જગ્યા ગણાય છે.

આ દેવી વ્યારા તાલુકામાં દક્ષિણે આવેલા કાળા કાકરાનો ડુંગર છે તેની બહેન ગણાય છે. તેના વિષે વિવિધ પ્રકારની દંતકથાઓ ચોધરીમાં જોવા મળે છે. આ દેવીની પૂજા ચોધરી ઉપરાંત ગામીતો પણ ભારે શ્રદ્ધાભાવથી કરે છે.

**(i) મહત્ત્વ :** વ્યક્તિના મરી ગયા પછી જ્યારે તેનો જીવ ઈશ્વરના દરબારમાં જાય છે ત્યારે આ દેવલીમાડી વ્યક્તિના પાપ-પુણ્યનો હિસાબ લે છે તેમ માનવામાં આવે છે. ચોધરીઓમાં સ્ત્રી-દેવીઓમાં તે સૌથી મહત્ત્વની અને ભારે સતવાળી દેવી મનાય છે. લોકવાયકા અનુસાર દેવી પોતાની લાજ બચાવવા આ પર્વતની ગુફામાં પથ્થરરૂપ બનીને રહી ગઈ છે જેથી અહીં ગુફામાં બે ઊભા પથ્થરોને તેની આકૃતિ માનવામાં આવે છે. રોગો, આફતોમાં આ દેવીનું શરણું લેવામાં આવે છે.

**(ii) પૂજા :** અગાઉ દર્શાવ્યું તે રીતે દરેક દેવસ્થાનમાં તેના ચાકરો અને સ્નાન, ખલી, ભોગ વગેરેનાં નિશ્ચિત સ્થાનકો હોય છે તેમ અહીં પણ છે. ભગત મોટા દેવની પૂજાની જે પદ્ધતિ છે તે જ પ્રમાણે પૂજા કરે છે. કૌટુંબિક દુઃખો તેમ જ સામૂહિક તકલીફ માટે એમ બંને પ્રકારે આ દેવીની પૂજા કરવામાં આવે છે.



દક્ષિણ તાપી વિસ્તારના આદિવાસીઓમાં ભારે શ્રદ્ધાપૂર્વક તે પુજાય છે.

**(iii) ગોવાળદેવ :** વ્યારા તાલુકાના ખાનપુર ગામની દક્ષિણે ઝાંખરી નદીના કિનારે એક જંગલવાટમાં આ દેવનું સ્થાનક છે. આજે જંગલ લગભગ અદશ્ય થવા આવ્યું છે. ડુંગરની ટોચ પર એક પથ્થરની ગુફા આ દેવનું નિવાસસ્થાન મનાય છે. આ દેવસ્થાનની આજુબાજુ દેવના ૧૨ મ્હલ અને ૧૨ ઉતારા છે તેમ માનવામાં આવે છે. આ ઉપરાંત મહાભારતની કથા સાથે આ રચનાનો સંબંધ પણ લોકો સાંકળે છે. નદીની પથ્થરની ભેખડોમાં ભીમની દાંડી, પથ્થરમાં પાડાનાં પગલાં વગેરે હેડમ્બા વન સાથે આ વિસ્તારને સાંકળવાનો પ્રયત્ન કરવામાં આવે છે. નામના સંદર્ભમાં તેને 'ગોવાળદેવ' એટલે ગાયના દેવ માની ૧૯૫૯માં સુધારાવાદી આંદોલને તેને કૃષ્ણદેવ તરીકે રૂપાંતર કરવાનો એક પ્રયત્ન કરેલો. અને નાનું પાકું મંદિરમાં બાંધી તેમાં કૃષ્ણની મૂર્તિ મૂકવામાં આવેલી. પરંતુ પાછળથી પરંપરાગત ધાર્મિક માન્યતાવાળાઓએ મંદિર અને મૂર્તિ બંનેનું ખંડન કરી દીધું. પરંપરાગત શ્રદ્ધાવાન ચોધરીઓ નવું અર્થઘટન સ્વીકારવા તૈયાર ન થયા તેમ બન્યું.

**(i) મહત્ત્વ :** તે ગાયોનો ખાસ દેવ ગણાય છે. ગાય માંદી હોય, વાંઝણી હોય, દૂધ ન આવતું હોય કે અટકી જતું હોય, અથવા પશુની અન્ય કોઈ તકલીફ હોય તો આ દેવની બાધા માનવાથી મટે છે તેમ માનવામાં આવે છે. આ ઉપરાંત સમગ્ર ગામનાં પશુઓ, બાળકો, અને ગામની સુખાકારી માટે પણ આ દેવની કૃપાદષ્ટિ ઉપયોગી બને છે. તેથી આ દેવની સામૂહિક પૂજા પણ ભારે શ્રદ્ધા સાથે કરવામાં આવે છે.

**(ii) પૂજા :** આ દેવે કૌટુંબિક તથા સામૂહિક હરખીપૂજાનું મહત્ત્વ ઘણું છે. અગાઉ દર્શાવ્યું તે પદ્ધતિથી ભગત દેવ પૂજા તથા પીઢાં કાઢે છે. પશુબલી તથા નાળિયેર એમ બંને પ્રકારની પૂજાનો અહીં સ્વીકાર થાય છે. ભગત દેવની ખલીમાં દેવની લાકડી લઈને આખી રાત નાચે છે અને દેવની કૃપા કે આશીર્વાદ લઈને બીજા દિવસે જાય છે. અહીં પણ નાકેદાર, ચોકીદાર, છડીદાર, દરવાન વગેરે દેવસ્થાનના ચાકરોનાં સ્થાનકો હોય છે. ભગત ક્રમશઃ તેમની પૂજા કરે છે.

**(૪) કાળોકાકર :** વ્યારા તાલુકામાં દક્ષિણે ડાંગની સરહદે ડુંગર પર કાકડવા ગામથી પૂર્વમાં આ દેવનું સ્થાનક છે. ચોધરીજાતિ આ દેવને કાળિયા મેઘ તરીકે પણ ઓળખાવે છે. તે વરસાદનો દેવ મનાય છે. દંતકથા અનુસાર ચોધરીઓના જીવનનિર્વાહનું મુખ્ય સાધન ખેતી હોઈ વરુણની ઉપાસના તેઓ કરે છે. આ ઉપાસના કાળોકાકરના સંદર્ભમાં સંકળાયેલી દેખાય છે. આથી આ દેવનું પણ ઘણું મહત્ત્વ છે.

**(i) મહત્ત્વ :** આ દેવ દુષ્કાળને રોકે છે. તેની પૂજાથી સુખ-સમૃદ્ધિ, ઉત્પાદન,

સંપત્તિની પ્રાપ્તિ થાય છે તેમ માનવામાં આવે છે. દુષ્કાળના દિવસોમાં ભગત આ દેવની ખાસ પૂજા આરંભે છે.

**(ii) પૂજા :** કૌટુંબિક અને સામૂહિક એમ બંને પ્રકારે પૂજા કરવામાં આવે છે. મરઘાં-બકરાંનો ભોગ તથા નાળિયેર એમ ચોખ્ખી અને મેલી બંને પ્રકારની પૂજા થાય છે. સવિશેષે દક્ષિણ વ્યારાના ચોધરીઓ આ દેવે હરખી લઈને જાય છે.

**(૫) દૂધમોગરા :** માંડવી તાલુકામાં માંડવીથી ઝંખવાવ રોડ પર ૧૦ કિલોમિટર દૂર આ દેવનું સ્થાનક ડુંગર પર આવેલું છે. આ સ્થાને શિવરાત્રીના દિવસે રાત્રે મેળો પણ ભરાય છે. આમ તો આ દેવ પશુ બીમારી કે તેની કોઈ તકલીફ માટેનો દેવ ગણાય છે.

**મહત્ત્વ :** સ્ત્રીને સંતાન ન થતું હોય, ધાવણ ન આવતું હોય અથવા તે અંગેની કોઈ તકલીફ હોય, પશુવૃદ્ધિ ન થતી હોય તથા પશુમાં દૂધ આવવા અંગેની કોઈ પણ તકલીફ હોય તો આ દેવની બાધા માનવામાં આવે છે અને કૌટુંબિક રીતે તેની પૂજા કરવામાં આવે છે. ઉપરાંત પાણી કે જળાશયોથી પણ રક્ષણ મેળવવા માટે આ દેવની બાધા માનવામાં આવે છે. ચોધરીઓ મચ્છીમારી કરવા માટે નદી, કોતરડે કે તળાવે જાય છે. એટલે ત્યાં માછલાં કાચબા કે મગર જેવાં જળચરોથી રક્ષણ મળે તે માટે પણ આ દેવની પૂજા થાય છે. આ મોટો દેવ ગણાતો હોઈ તેની વાર્ષિક હરખીપૂજા પણ કરવામાં આવે છે.

**પૂજા :** કૌટુંબિક કે સામૂહિક પૂજાના સંદર્ભમાં ભગત બાધા લેવડાવે છે. પશુ કે માનવીની તકલીફ દૂર થાય તથા સમગ્ર પશુ સુખાકારી માટે સામૂહિક પૂજા કરવામાં આવે છે. જળાશય અંગેની તકલીફ થઈ હોય તો લાકડાની મગર જેવી પ્રતિમા કોતરાવીને દેવસ્થાને મૂકવામાં આવે છે. આ મગરની પ્રતિમા પર ચોધરી વ્યાવસાયિક જીવન તથા તેમનાં પ્રાકૃતિક તત્ત્વો જેવાં કે – સૂર્ય, ચંદ્ર, ગાય, બળદ, વલોણું, ખેતી કરતો ખેડૂત, શિકાર, ઘોડા, માછલાં, કાચબો વગેરે પ્રતીકો કોતરવામાં આવે છે. કલાની દૃષ્ટિએ આ એક સુંદર નમૂનો દેખાય છે.

**(૬) બાણભોદેવ :** વ્યારા તાલુકાની દક્ષિણે ડાંગમાં આ દેવનું ડુંગરમાં સ્થાનક આવેલું છે. આગળ દર્શાવ્યું તેમ તે આહિન્દા ડોગારનો નાનો ભાઈ છે.

**મહત્ત્વ :** માનવ તથા પશુરોગોને મટાડવા માટે આ દેવની બાધા માનવામાં આવે છે.

**પૂજા :** કૌટુંબિક તેમ જ સામૂહિક હરખી સ્વરૂપે પૂજા કરવામાં આવે છે.

**(૭) ભેંડોતળાવ :** આ દેવનું સ્થાનક માંડવી તાલુકામાં ખરોલી ગામના એક તળાવની પાળે આવેલું છે. તળાવનું નામ જ દેવના નામથી 'ભેંડોતળાવ' તરીકે ઓળખાય છે. તળાવની પાળે મોટા પથ્થરની એક બખોલ-ગુફા છે. આ ગુફામાં



આ દેવનું નિવાસસ્થાન માનવામાં આવે છે. ગુફામાં કોઈ પુરાણકાળની પથ્થરની મૂર્તિ છે. જે મહાભારત કાળના ભીમ કે તેના પુત્રની માનવામાં આવે છે. આ સ્થળને ચોધરીઓ ભારે સતવાળા દેવસ્થાનક તરીકે માને છે. તેથી આજુબાજુના વિસ્તારના ચોધરીઓ તે સ્થળે હરખી લઈને જાય છે.

**મહત્ત્વ :** ઘરમાં સામાન્યતઃ નાનાં બાળકોનું વારંવાર મરણ થતું હોય ત્યારે ભગત આ દેવની બાધા માને છે. ક્યારેક નાનાં બાળકોનાં મરણ પાછળ ડાકણનો હાથ હશે તેવી પણ એક દૃઢ માન્યતા ચોધરીઓમાં જોવા મળે છે. આવી સ્થિતિમાં આ દેવની બાધા માનવાથી ઘરમાં બાળકોનાં મરણ થતાં અટકે એટલે કુટુંબ હરખી લઈને દેવની પૂજા કરી ભોગ ધરાવે છે.

**પૂજાવિધિ :** સૌ દેવોની જેમ આ દેવે હરખી લઈને આવનાર ભગતને સાથે લઈને આવે છે અને રાત્રીભોજન પછી દેવની ખલીમાં નાચણ દ્વારા દેવસ્તુતિ થાય છે. અંતે ભોગ આપી પૂજા પૂરી થાય છે.

**(૮) પાંઢરમાતા :** આ દેવી ચોધરીજાતિનાં મોટાં દેવી-દેવતાઓમાંની સૌથી મુખ્ય દેવી ગણાય છે. આ દેવીનું મુખ્ય સ્થાનક ભરૂચ જિલ્લાના સાગબારા તાલુકાના ડુંગરમાં આવેલું છે. આ સમગ્ર વિસ્તાર ચોધરીજાતિના પૂર્વજ રાજાબાંઢા અને બાલાવિધાણનાં સ્થાનકો તથા તેમની દંતકથાથી સભર છે. અહીં એક છાપરીમાં નાના ખાડામાં આ દેવીની મૂર્તિ છે. પરંપરાગત રીતે ભરૂચ અને ખાનદેશના ભીલ વસાવાઓ પણ આ દેવીને મુખ્ય દેવી માને છે. આઝાદી પહેલાં સાગબારા વિસ્તાર વસાવા ભીલ રાજાઓનું એક સ્વતંત્ર રજવાડું ગણાતું હતું અને ત્યાંનો રાજા પાંઢરમાતાને પોતાની કુળદેવી તરીકે માનતો હોઈ વર્ષમાં દર શિવરાત્રીના દિવસે ખાસ પૂજા માટે આ જંગલના સ્થાનકે આવતો હતો. આજે પણ સાગબારાના એ રાજાના વંશજો ત્યાંની પૂજાનો હક ધરાવતા જોવા મળે છે.

આ દેવી ભારે સતવાળી દેવી ગણાય છે. તે રાજા બાંઢા અને બાલાવિધાણની બહેન ગણાય છે. સુરત વિસ્તારના ચોધરીઓ કોઈ ખાસ પ્રસંગે જ આ સ્થાનકે પૂજા માટે જાય છે. મોટે ભાગે ભરૂચ વિસ્તારના ચોધરીઓ અને વસાવા ભીલો ત્યાં જાય છે. આ સ્થાને શિવરાત્રીના દિવસે ભારે મોટો મેળો ભરાય છે તથા એક સાથે હજારો બકરાંનો ભોગ તેને ચડતો હતો. આ પ્રસંગે કહેવાય છે કે એક પણ માખી ત્યાં આવતી ન હતી. ભોગની આ પ્રથા મુંબઈની જીવદયા મંડળીના પ્રયાસથી ૧૯૭૩થી બંધ થઈ છે.

**પૂજાવિધિ :** સૌ દેવ-દેવીઓની જેમ પૂજા થાય છે. નાળિયેર, અગરબત્તીથી ચોખ્ખી અને મેલી બન્ને પૂજા ભગત દ્વારા થાય છે. ભોગ આપવાનું ચાલુ છે. મરઘાં-બકરાંનો ભોગ સ્થાનકે ન આપતાં દૂર જંગલમાં લઈ જઈને આપે છે.

## પ્રકરણ-૪

## હરખી અને ભગત

**(૧) પ્રસ્તાવના :**

દરેક સમુદાયને તેના ધાર્મિક જીવન અંગેનું માર્ગદર્શન આપનારા, તેનું અર્થઘટન કરનારા, તેની ક્રિયા-વિધિઓની સમજ આપનારા તથા તેના પૂજાપાઠ કરાવનારા – સમગ્ર ધાર્મિક જીવનને ગતિશીલ રાખનારા ધાર્મિક આગેવાનો કે વડા હોય છે. આવા આગેવાનો વિવિધ નામોથી ઓળખાય છે. ચોધરીજાતિમાં તેમનો ધાર્મિક વડો 'ભગત'ના નામે ઓળખાય છે, જે તેમની ધાર્મિક ફિલૉસૉફીનો જાણનાર, ધાર્મિક ક્રિયાઓ તથા તે અંગેની પૂજાવિધિઓ કરાવનાર, પરમેશ્વરના પ્રતિનિધિ જેવો, લોક અને પરલોકની કડીરૂપ, ભય, આફત તથા મુશ્કેલીઓમાં રક્ષણ આપનાર, માંદગી તથા ભૂત-પ્રેતના ભયમાંથી બચાવનાર, મદદ કરનાર, વિશિષ્ટ આદર અને માનને પાત્ર મનાય છે.

ભગત ધર્મને લગતી તમામ બાબતો વિશેની જાણકારી ધરાવનારો, રોગો કે દુઃખદર્દનો ઉપચારક, સામાજિક-ધાર્મિક જીવનના પ્રસંગોમાં સલાહકાર છે. ધાર્મિક ઉત્સવો, પૂજા-આચાર વગેરે બાબતોમાં તે આગેવાની લે છે તેથી લોકોમાં તેને વિશેની એક વિશિષ્ટ શ્રદ્ધા સ્થપાયેલી હોય છે. આમ, ચોધરીઓનાં ધાર્મિક જીવનનાં કાર્યોમાં તથા સર્વ બાબતોમાં ભગત કેન્દ્રસ્થાને જોવા મળે છે. તેથી તે લોકહૃદયમાં વધુ ને વધુ ઊંડે સુધી બિરાજેલો દેખાય છે.

'ભગત તરીકે કામ કરનાર વ્યક્તિ ધર્મના માધ્યમ દ્વારા જ સમાજમાં અન્ય લોકોથી સ્પષ્ટ જુદી પડી જાય છે. તે યમનિયમની તાલીમ પામેલો અને વિવિધ પૂજા-વિધિઓનો જ્ઞાતા હોઈ ધાર્મિક બાબતો પરત્વે પ્રભુત્વ ધરાવે છે. મંત્રતંત્રની જાણકારી તથા જાલી-મૂલી કે ઓસડિયાં અંગેનું તેનું જ્ઞાન લોકોના રોગોને નાથવામાં કે મટાડવામાં, વળગાડ દૂર કરવામાં તથા દેવ-પૂજા કરવામાં તેને સફળતા અપાવે છે. વિવિધ દેવ-દેવીઓની પૂજા-બાધાઓ છોડાવવામાં, હરખી જેવા પ્રસંગોમાં સમગ્ર ગામવતી આગેવાની લઈને દેવનું કામ કરવામાં તે મહત્ત્વની ભૂમિકા ભજવતો દેખાય છે. આમ તે દેવ-દેવતાઓ અને લોકો વચ્ચેનું માધ્યમ બને છે. તેને મળતી ધાર્મિક કાર્યની સફળતા-નિષ્ફળતા લોકહૃદયમાં તેનું સ્થાન તથા આદર નક્કી કરે છે અને વિશ્વાસ પેદા કરે છે.





આમ, ભગત ચોધરી સમુદાયમાં એક બાજુ જનસમુદાય અને દેવદેવતાઓ વચ્ચેનું માધ્યમ બને છે તો બીજી બાજુ તે ધર્મના માધ્યમ દ્વારા દેવી-દેવતાઓનું પ્રતિનિધિત્વ કરે છે. પરિણામે લોકો તેના બોલને દેવનો બોલ માને છે, તેના બોલને આખરી વચન ગણે છે તથા તે પ્રમાણે શ્રદ્ધા અને ભાવપૂર્વક વર્તે છે. તે લોકવર્તનને દિશા અને ગતિ આપનારો છે, જે તેમના સમાજમાં ઊંડી શ્રદ્ધાનું પ્રેરકબળ બને છે. તેથી ચોધરી સમુદાયમાં ભગતનો એક વિશિષ્ટ સન્માન ને આદરપાત્ર વર્ગ રચાય છે.

ભગતનું કાર્ય કરનારાઓ બધા હંમેશાં એક જ સરખી કક્ષાની શક્તિ, જાણકારી કે નિપુણતા ધરાવતા હોતા નથી. કોઈ પશુરોગો કે પક્ષી રોગોનો ઈલાજ કરવાની વધુ ફાવટ ધરાવે છે, તો કોઈ માનવરોગોનો ઈલાજ કરે છે; કોઈ વળગાડ, ઝૂડઝપટ, દોરોધાગો, ડાકલાં, ભૂત-પ્રેતની કનડગત દૂર કરવાનો ઈલાજ કરે છે; તો કોઈ દેવપૂજા કરવામાં વધુ કુશળતા ધરાવતા હોય છે, તો કોઈ સાપ-વીંછીનાં ઝેર ઉતારવામાં, તો કોઈ ચોરી-લૂંટ થઈ હોય તો તેનું પગેરુ બતાવવામાં પણ કુશળ હોય છે. એટલે ભગતમાં કયા પ્રકારની કેટલી કુશળતા, આવડત, પ્રભુત્વ છે તેના સંદર્ભમાં તેનો દરજ્જો – મોટો કે પાકો ભગત, સામાન્ય કે કાચો ભગત તથા પાલવ વગેરે નક્કી થાય છે. મોટો કે પાકો ભગત એ ગણાય છે જે તમામ પ્રકારની વિદ્યાઓ વિશેની જાણકારી, આવડત અને પ્રભુત્વ ધરાવતો હોય. આમાં પણ ખાસ કરીને ભૂત-પ્રેત, વંતરી, ડાકણ, ખતરાનું નડવું વગેરે પર જેનો કાબૂ છે તે મોટા શક્તિશાળી ભગત તરીકે કે પાકા ભગત તરીકે ઓળખાય છે. જ્યારે કોઈ એકાદ કે બે વિદ્યાઓની જાણકારી અને આવડત ધરાવનારા કાચા ભગત ગણાય છે. માત્ર સાપનું કે વીંછીનું ઝેર ઉતારવાનું કામ કરનારા 'પાલવ' તરીકે ઓળખાય છે. દરેક ભગતની પોતાની જાણકારી, આવડત તથા કાર્યનું પ્રભુત્વ કેટલું છે તેના સંદર્ભમાં સમાજમાં તેનો દરજ્જો સ્થાપિત થાય છે. જોકે, દેવનું કામ કરનારા સૌ 'ભગત' કહેવાય છે એટલે સામાન્ય ચોધરી વ્યક્તિ કરતાં તો તેમનો દરજ્જો વિશિષ્ટ કે ઊંચો સ્થપાય જ છે, પરંતુ અનુભવ, જાણકારી અને પ્રભુત્વના સંદર્ભમાં સૌથી ઊંચો દરજ્જો પ્રાપ્ત થાય છે.

ચોધરીઓ માનવી કરતાં વધુ શક્તિશાળી એવી અલૌકિક સર્વોચ્ચ શક્તિમાં માને છે તથા તેની સાધના કરી, પૂજા કરી, મંત્રો દ્વારા, ભોગ-નૈવેદ્ય દ્વારા તેને કાબૂમાં લઈને તેની પાસે કામ કરાવી શકાય છે, કૃપા મેળવી શકાય છે તેવી માન્યતા ધરાવે છે, તેથી તેમનાં નાનાંમોટાં બધાં સામાજિક, આર્થિક, ધાર્મિક કાર્યોમાં દેવપૂજા, આચારો, નિયમો, મંત્રતંત્ર વગેરે કોઈ ને કોઈ સ્વરૂપે

સંકળાયેલાં દેખાય છે. પાકના રોગો, પશુઓમાં વૃદ્ધિ, માંદગી, માનવોમાં રોગો, વંશવૃદ્ધિ, આફતો, તકલીફો વગેરે સર્વ પ્રકારની બાબતોમાં દેવ-દેવીઓનું શરણું લેવાય છે અને આ બધામાંથી મુક્ત થવા પૂજા, પ્રાર્થના, ઉપચાર વગેરેનું એક આખું વ્યવસ્થિત અને વિશિષ્ટ પ્રકારનું ઉપચારતંત્ર પણ તેમના પરંપરાગત ધાર્મિક જીવનચક્રમાં વિકસેલું દેખાય છે. આ તંત્ર-વ્યવસ્થા જેમાં દેવપૂજા, મંત્ર ઉપાસના, તે માટેના યમનિયમો, મેલાં તત્ત્વોનો વળગાડ દૂર કરવો, પિતૃપૂજા વગેરેનો સમાવેશ થાય છે. આ માટે નિશ્ચિત પ્રકારની સાધના, તાલીમ, લાયકાત, અનુભવ આવશ્યક બને છે જે તેમનામાં એક સંસ્થાકીય સ્વરૂપ તરીકે વિકાસ પામે છે. ભગત દુઃખ-દર્દ જુએ, વળગાડ દૂર કરે, દેવપૂજા દ્વારા દેવોની કૃપા મેળવે, મંત્રતંત્રની સાધના કરે, રોગનિદાન કરે, જાલી-મૂળી આપે. આ રીતે તેમનામાં એક વિશિષ્ટ ઉપચારશાસ્ત્રનો પણ વિકાસ થયેલો દેખાય છે.

**(૨) ભગતની તાલીમ :**

ચોધરીજાતિમાં દેવપૂજા તેમના ધાર્મિક જીવનનું એક મહત્ત્વનું ચાલક પરિબળ છે. દેવીદેવતાઓની પૂજા નિયમિત રીતે તથા વારતહેવારે, પ્રસંગોએ પણ થવી જોઈએ તેવી માન્યતા ધરાવે છે. વળી, આ પૂજા કોઈ પણ પ્રકારની ભૂલચૂક વિના થવી જોઈએ તે બાબત તેમાં કેન્દ્રસ્થાને છે. પૂજા અધૂરી, ખોટી કે ભૂલોવાળી કે અશુદ્ધ બને તો દેવની નારાજગીનો કોપ સહન કરવો પડે છે તેવી દઢ માન્યતા પણ તેઓ ધરાવે છે. એટલે તેઓ કહે છે કે, ''આ દેવનું કાર્ય છે. તેમાં કોઈ પણ પ્રકારની અશુદ્ધિ, ગફલત માફ થતી નથી.'' આથી આ દેવપૂજનનું કાર્ય કરનાર વ્યક્તિ સર્વ પ્રકારની પૂજાવિધિઓનો જાણકાર, કુશળ તથા સમર્થ વ્યક્તિ હોય તે આવશ્યક છે, જે લોકોને રક્ષણ આપી શકે, તેમની શ્રદ્ધાઓ, વિશ્વાસોનું પરંપરાગમન કરી શકે, લોકોનું ધાર્મિક નેતૃત્વ કરી શકે તેવો હોવો જોઈએ. આવી વ્યક્તિ લોકોનો દેવો પરત્વેનો વિશ્વાસ ટકાવી રાખે છે તથા ધર્મ પરત્વેની તેમની આસ્થા જાળવી રાખવાનું કામ કરે છે. ચોધરી સમાજમાં આવી વ્યક્તિ જ 'ભગત' તરીકે ઓળખાય છે. માટે આ બધાં કાર્યો માટે તથા જવાબદારીઓ માટે તે નિશ્ચિત પ્રકારની વ્યવસ્થિત તાલીમ લે તે જરૂરી ગણાય છે. ચોધરીસમાજમાં ભગત બનવું એટલે દેવનું કામ કરવું અને તે માટે વિશિષ્ટ પ્રકારની તાલીમ અનિવાર્ય માનવામાં આવી છે. કોઈ પણ વ્યક્તિ પોતાની જાતે ભગત કે ધાર્મિક પૂજાવિધિનું કાર્ય કરી શકતી નથી, દેવપૂજાની આવડત માટે પાળવા પડતા નિયમોવાળું જીવન, ભૂત-પ્રેત સાથેની કામગીરીનું સામર્થ્ય વગેરે માટે સાધનાની આવશ્યકતા તેમાં રહેલી છે. એટલે ખાસ તાલીમ પ્રાપ્ત કર્યા વિના કોઈ સામાન્ય વ્યક્તિએ આવા કાર્યમાં પગ મૂકવો હિતાવહ



નથી, એ તેનું ગજું નથી તેમ ચોધરીઓ માને છે. આ અંગેની તાલીમ કોઈ જાણકાર, અનુભવી અને સમર્થ વ્યક્તિ જ આપી શકે છે જેની પાસે જઈને શિષ્ય બનીને તાલીમ લેવી આવશ્યકત ગણાય છે.

આમ, ચોધરીજાતિમાં ધાર્મિક કાર્યો કરવાં તે કોઈ સામાન્ય વ્યક્તિનું કાર્ય કે ગજું નથી. તે દેવનું કાર્ય છે. તેમાં વિવિધ દેવશક્તિઓ તથા મેલાં તત્ત્વો – ભૂત, પ્રેત, ડાકણ વગેરે સાથે કામ પડે છે તથા માનવરોગોની, પશુરોગોની જાણકારી, તેને પારખવાની કળા, તેને મટાડવા માટે મંત્ર-તંત્રનું તથા દવા માટે જાલી-મૂળીનું જ્ઞાન વગેરે વિશિષ્ટ આવડત અને હોશિયારી માગે છે. તેથી કોઈ વ્યક્તિ પોતાની જાતે ભગત તરીકે પોતાને સ્થાપી શકતો નથી. આવાં કાર્યો કુશળ તાલીમ પામેલી વ્યક્તિ જ કરી શકે છે. ચોધરી જાતિમાં આવાં કાર્યો માટે વ્યવસ્થિત તાલીમ આપનારી સંસ્થા જેવું નથી, છતાં જે કોઈ વ્યક્તિ સ્વૈચ્છિક રીતે પોતે 'ભગત' તરીકે દેવદેવીઓનું કામ કરવા રાજી હોય તે પોતાના વિસ્તારના પાકા કે મોટા ભગત જે સર્વ પ્રકારની વિદ્યાઓમાં કુશળ, અનુભવી અને સમર્થ હોય તેની પાસે આવી તાલીમ લેવા માટે જાય છે. ભગત તેનો શિષ્ય તરીકે સ્વીકાર કરે તો તાલીમ આપવાની વ્યવસ્થા ગોઠવાય છે.

ચોધરી જાતિમાં આવી તાલીમ વારસાગત હોતી નથી. આવાં કાર્યો માટે વ્યક્તિએ પોતાની જાતતૈયારી – મરજી દર્શાવવાં પડે છે. ક્યારેક ભગતનાં સંતાનો તેવી ઇચ્છા દર્શાવે છે તો તેમને પણ તાલીમ આપવામાં આવે છે. તે વારસાગત નથી. પરંતુ આ તાલીમ સાર્વત્રિક અને સ્વૈચ્છિક છે. આ વિદ્યા કોઈ બદઈરાદાથી શીખવા માગનારને આપવામાં આવતી નથી. આવી વિદ્યાનો ઉપયોગ જનહિતાર્થે, નિઃસ્વાર્થ ભાવે સેવા કરવાની તમન્ના કે ભાવના હોય તેવી વ્યક્તિને જ આપવામાં આવે છે. તથા જે પૂરતું ધ્યાન આપે, ચોકસાઈ રાખે, યમનિયમોનું બરાબર પાલન કરે, તેમાં બિલકુલ ઢીલાશ ન રાખે તેવી વ્યક્તિને લાયક ગણવામાં આવે છે. તેમાં જરા સરખી ગફલત, ચૂક કે ભૂલ જાનનું સંપૂર્ણ જોખમ નોંતરે છે.

ભગતની સમગ્ર તાલીમનો આધાર તાંત્રિક ક્રિયાઓ અને મંત્રો પર રહેલો છે. તેના વિના કોઈ પણ ધાર્મિક કે દેવવિષયક ક્રિયા થઈ શકતી નથી. તે એક એવી શક્તિ છે જે પ્રાકૃતિક તત્ત્વો કે શક્તિઓ પર પ્રભાવ પાડે અને પ્રભુત્વ જમાવે છે તથા તે દ્વારા ધારેલો હેતુ સિદ્ધ કરી શકાય છે તેમ તેઓ માને છે. આ સમગ્ર વિદ્યાની તાલીમ ગુપ્ત હોય છે અને જનહિતાર્થ સિવાય શીખવવામાં આવતી નથી. આ મંત્ર-તંત્ર શીખવા એ જીવનને હોડમાં મૂકીને કામ કરવા જેવી સ્થિતિ છે, તેથી તેનો ચોકકસ ગુરુ, ચોક્કસ રીત, સમય, સ્થળ હોય છે. આવી વિદ્યા-

તાલીમ જાણકાર ગુરુ દ્વારા ગુપ્ત રીતે શીખવવામાં આવે છે.

ભગત બનવા ઇચ્છનારે મુખ્ય કે પ્રતિષ્ઠિત ભગતની આવી વિદ્યા શીખવા માટેની મંજૂરી લેવી પડે છે. તે મંજૂરી આપે પછી તેના સૂચવ્યા પ્રમાણે પૂજાસામગ્રી વગેરે લઈને, સ્નાન કરીને સૂચવ્યા મુજબના સ્થળે રાત્રિના સમયે હાજર થવાનું હોય છે. આવી તાલીમ સામાન્યતઃ બળેવના દિવસ પછીથી શરૂ થાય છે અને કાળી ચૌદશના દિવસે શીખેલાઓની સામૂહિક કસોટી 'ગાડી રમવી' દ્વારા થાય છે.

મુખ્ય ભગત જે શિષ્યને તાલીમ આપવાનું કાર્ય કરે છે તે તાલીમ માટે મંત્રવિદ્યાથી પાંચસાત સ્થળો મંત્રો મારીને બાંધે છે, જેથી કોઈ મેલાં તત્ત્વો તેમાં ખલેલ ન પાડે. ચોધરીઓ માને છે કે આવી વિદ્યાની તાલીમ વખતે તેમાં અપાતા ભોગ ખાવા મેલાં તત્ત્વો ગમે ત્યાંથી આવી ચડે છે. તે ચારે બાજુ ફરતાં જ હોય છે. એટલે તેમનાથી બચવા માટે મંત્રો દ્વારા એક અદશ્ય કોટ-કિલ્લા જેવું બનાવવામાં આવે છે જેની કોઈને ખબર હોતી નથી. અંતિમ સમયે ગુરુ શિષ્યને જે તે સ્થળે આવવાનું સૂચન કરે છે. શિષ્યે ગુરુની આજ્ઞા મુજબ ધૂપ, અગરબત્તી, સિંદૂર, અડદના દાણા, ચોખા, તેલ કે ઘીનો દીવો તથા સૂચવેલો ભોગ જેમાં મરઘું, દૂધ, ઈંડું વગેરે સૂચના મુજબ લઈને જવાનું હોય છે. મુખ્ય ભગત વિદ્યા શીખવવાનું સ્થળ સામાન્યતઃ જ્યાં પૂર્વજોના પાળિયા કે ખતરાં ન હોય, મેલાં તત્ત્વોનું નિવાસસ્થાન ન હોય, કે સ્મશાન ન હોય તેવું પરંતુ નદીકિનારે કે ખુલ્લા મેદાનને પસંદ કરે છે.

પ્રથમ રાત્રે ગુરુ શિષ્ય પાસે તેલ કે ઘીનો દીવો કરાવી તેના માથે ચોખાની પુંજ મૂકે છે. શિષ્ય પાસે પ્રતિજ્ઞા લેવડાવે છે અને નાનાંમોટાં સૌ દેવદેવીઓનું સ્મરણ કરી મંત્રજાપ કરી દારૂના પ્યાલા પીવડાવે છે. આ પ્યાલા પીવાથી શિષ્યમાં મંત્રશક્તિ સંચારિત થાય છે અને તેને દેવનું પવન ચડે છે એટલે ધૂણવા માંડે છે. તેને આ સમયે વડની વડવાઈનો સાટકો લઈને સમગ્ર શરીરે મારવામાં આવે છે. શરીર પર ઠંડું પાણી રેડવામાં આવે છે. આ તાલીમને ચોધરીઓ 'નામ છોરાવાની વિધિ' તરીકે ઓળખાવે છે. તેનામાં દેવનો પવન સ્થાયી થઈ જાય તો તેને શરીરે કશો માર વાગતો નથી કે ઠંડા પાણીની કશી અસર થતી નથી. તે પછી ગુરુ મંત્રો આપે છે, જેમનો વારંવાર મુખપાઠ કરાવવામાં આવે છે. આ તાલીમ એકાદ રાત્રિમાં પૂરી થતી નથી. શીખનાર વિવિધ વિદ્યાઓમાંથી કઈ કઈ વિદ્યાઓ શીખવા માગે છે તે પ્રમાણે વિદ્યા શીખવાના વિવિધ તબક્કાઓ પડે છે તથા દરેક કાર્યવિધિના મંત્રો એક જ દિવસે શીખવવામાં આવતા નથી. દરેક કાર્યવિધિના મંત્રોનું રટણ કરાવવામાં આવે છે જેથી તે બરાબર મોઢે થઈ જાય.



આ રીતે વિવિધ કાર્યોના મંત્રો જેવા કે, નાના રોગોના મંત્રો, નાના દેવોની પૂજાના મંત્રો, પશુ-પંખીની માંદગીના મંત્રો, મોટા દેવોની પૂજાના મંત્રો, સાપ-વીંછીનાં ઝેર ઉતારવાના મંત્રો, દર્દ પારખવા માટેના મંત્રો અને તેની રીત, દેવપૂજાની પદ્ધતિઓ, મેલી વિદ્યાને નાથવાના તથા ભૂતપ્રેતને સાધવાના મંત્રો, વળગાડ દૂર કરવાના મંત્રો શિખવવામાં આવે છે. આવા મંત્રો ભારે જોખમ ભરેલા હોય છે. એટલે શિષ્ય શરૂઆતના પ્રાથમિક તબક્કાના મંત્રો અને પૂજાનાં કાર્યોમાં બરાબર નિષ્ણાત થયા પછી મેલી વિદ્યા અને તંત્રના મંત્રો તથા તેની કાર્યરીતિ વિશેનું જ્ઞાન-તાલીમ આપવામાં આવે છે. શિષ્ય આ મેલી અને તાંત્રિક વિદ્યાનો યોગ્ય ઉપયોગ કરી શકે તેમ છે તેમ લાગ્યા પછી તથા તેને ચકાસ્યા પછી જ ગુરુ આ મંત્રો આપે છે. આ ઉપરાંત તે ખતરું પૂજવું, દેવ-દેવીઓની પૂજામાં વપરાતાં સાધનો, પૂજાની વસ્તુઓ, ભોગ, નૈવેદ્ય, ઓસડિયાં કે જાલી-મૂળીનું જ્ઞાન વગેરે સમયે સમયે આપે છે. એક શિષ્યને પાકા ભગત બનવા માટે ઘણો સમય-વર્ષો લાગે છે. બધા શિષ્યોમાંથી આવી ઉચ્ચ કક્ષાએ પહોંચનાર બહુ થોડા જ હોય છે તથા વર્ષોના અનુભવ પછી તે પાકા ભગતની કક્ષાએ પહોંચે છે. કેટલાક અમુક અમુક મર્યાદિત વિદ્યા શીખીને અટકી પણ જાય છે. એટલે ચોધરી સમાજમાં પાકા ભગતોની સંખ્યા બહુ જોવા મળતી નથી. ક્યારેક સમગ્ર વિસ્તારમાં માંડ બેત્રણ જ એવી કુશળ અને અનુભવી વ્યક્તિઓ જણાય છે.

ભગતની તાલીમના જે વિવિધ તબક્કાઓ પડે છે તે દરેક તબક્કે તેની તાલીમનું પરીક્ષણ થાય છે. સામાન્યતઃ આવા પ્રકારનું પરીક્ષણ કાળી ચૌદશની રાત્રે અન્ય શિષ્યોની હાજરીમાં થાય છે. આ પ્રસંગને 'ગાડી રમવી' કહેવામાં આવે છે. આ પરીક્ષામાં પાસ થતાં – ગુરુ શિષ્યને માથે હાથ મૂકે છે, ભેટે છે – જેને ગુરુદીક્ષા કહેવામાં આવે છે. આમ, પાકા ભગત કે કાચા ભગત બનવાની તાલીમનું એક વ્યવસ્થિત તંત્ર છે જે અત્યંત ગુપ્ત હોય છે. દેવપૂજાની સાધના તથા નાનામોટા રોગોના ઉપચારની સાધનામાં ગુરુ દૂધના સાત પ્યાલા અને દારૂના સાત પ્યાલા પીવડાવી સાધના હસ્તગત કરાવડાવે છે. મેલાં તત્ત્વોના ઉપચાર કે તેને નાથવાની સાધના અગાઉ કહ્યું તેમ ભારે સાધના કહેવાય છે જેમાં અનિવાર્યપણે મેલાં તત્ત્વોને બલી આપવો જ પડે છે. સોનગઢ વિસ્તારમાં જામખેડીના એક મોટા ભગતે પોતાની આવી તાલીમના સંદર્ભમાં જણાવેલું કે, ક્યારેક મેલાં તત્ત્વો મનુષ્યનું કાળજું માગે ત્યારે મોટી ઉપાધિ થાય છે. મનુષ્યનો ભોગ ક્યાંથી લાવીને આપવો ? ખાસ કરીને ડાકણવિદ્યામાં આવું વિશેષ જોવામાં આવે છે. પરિણામે ડાકણ છોકરાને કે વ્યક્તિને ખાઈ જાય છે એવું કહેવામાં આવે છે. તે પાછળનું રહસ્ય આવા ભોગ આપવાનું કારણ મુખ્ય હોય

છે. ભગતે જણાવ્યું કે, મેલાં તત્ત્વો અડધી વિદ્યા આપે પછી ભોગ આપ્યા પછી બાકીની સાધના પૂરી થાય. જો તે ન આપી શકાય તો તે સાધકને જ મારીને ખાઈ જાય છે. આમ, નિષ્ણાત ગુરુ ભગત હોય તો તે માનવબલીને બદલે મરઘું કે બકરું અપાવીને કામ પતાવી દેવડાવે છે. એટલે મેલી વિદ્યાની સાધનાના તબક્કામાં મરઘાના લોહી અને દારૂના પ્યાલા પીવડાવવામાં આવે છે તથા પિશાચી તત્ત્વો ભોગ માગે છે જેમાં મરઘા-બકરાનો ભોગ આપીને તેને સંતુષ્ટ કરવામાં આવે છે.

**(૩) ભગતે પાળવાના યમ નિયમો :**

કોઈ પણ પ્રકારની પછી તે દેવસાધના, મંત્ર-તંત્ર સાધના હોય તે હંમેશાં નિશ્ચિત યમનિયમોના પાલન વિના શક્ય બનતી નથી. ચોધરી જાતિમાં મંત્ર-તંત્ર તથા દેવપૂજાનું આખું સ્વરૂપ આ નિયમોના પાલન તથા શુદ્ધિના નિયમ પર આધારિત દેખાય છે. તેનાથી સાધકને મંત્ર-તંત્ર સાધનામાં બળ મળે છે, સરળતા રહે છે, તથા રક્ષણ પ્રાપ્ત થાય છે. એટલે સમગ્ર સાધનાના તાલીમકાળ ઉપરાંત ભગતના સમગ્ર જીવનકાળ દરમિયાન તેનું પાલન અનિવાર્ય ગણાયું છે. નહીં તો તેમાં જાનનું જોખમ રહેલું છે. તથા સાધનાનું બળ હણાઈ જાય છે અને તેની કોઈ અસરકારકતા રહેતી નથી. આમ સાધના કે વિદ્યાના બળને ટકાવી રાખવા માટે યમનિયમોનું પાલન તેમનામાં અનિવાર્યપણે સ્વીકારાયેલું છે. ચોધરી ભગત વ્યવસ્થામાં આ નિયમો નીચે પ્રમાણે જોવા મળે છે:

(૧) પ્રાપ્ત કરેલી તાલીમનું દર વર્ષે કાળીચૌદશની રાત્રે પરીક્ષણ કરવું.

(૨) દેવદેવીઓના સ્થાનકે વારંવાર દર્શને જવું.

(૩) દર શનિવારે હનુમાનની પૂજા અવશ્ય કરવી.

(૪) ભોજન કરતાં પહેલાં દેવસ્તુતિ અચૂક કરવી.

(૫) સાપ કે પશુને મારવાં નહીં.

(૬) કોઈ પણ સ્ત્રીનું એઠું પાણી પીવું નહીં.

(૭) કોઈ પણ રજસ્વલા કે સગર્ભા સ્ત્રીના હાથની બનાવેલી રસોઈ ખાવી નહીં. તથા તેના હાથનું પાણી, બીડી, તમાકુ વગેરે કોઈ ચીજવસ્તુ સ્વઉપભોગ માટે વાપરવી નહીં. તેવી સ્ત્રીને ભગતના રસોડામાં પ્રવેશવાનો નિષેધ હોય છે.

(૮) અમુક પશુપંખીનું માંસ ખાવાનો નિષેધ છે.

(૯) રસોઈ થતી હોય ત્યારે તૈયાર થયેલો પહેલો કે છેલ્લો રોટલો ખાવો નહીં. ચૂલા પર રસોઈનું વાસણ જ્યાં સુધી મૂકેલું હોય ત્યાં સુધી ભોજન ખવાય નહીં.

(૧૦) ભોજન કરવાનું ચાલુ હોય અને દીવો બંધ થઈ જાય તો જમવાનું તુરત બંધ કરી દઈ ઊઠી જવું જોઈએ.



(૧૧) સાવરણી તથા ખાંડણિયો-ઉખલો કદી ઓળંગવો નહીં તથા સાંબેલા પર કદી પગ ન મૂકવો.

(૧૨) ઘરમાં સુવાવડનો કેસ હોય તો ભગતે ઘરમાં તેટલા દિવસ જમવું નહીં.

આવા વિવિધ નિષેધોમાં ખાસ કરીને ચોધરીઓ સ્ત્રીની રજસ્વલા સ્થિતિમાં અને રસોઈમાં મેલાં તત્ત્વોનો પ્રવેશ ઝટ થાય છે અને મેલાં તત્ત્વો ભગતની સાધનાનો નાશ કરે છે તેમ માને છે.

**(૪) ભગતનાં કાર્યો :**

સમગ્ર ચોધરી ધાર્મિક વ્યવસ્થામાં ભગત કેન્દ્રસ્થાને છે. તે તેનું ચાલક પરિબળ દેખાય છે. તેમની ધાર્મિક વ્યવસ્થા — દેવદેવીઓની પૂજા, મંત્ર-તંત્રની સાધના, વિવિધ પ્રસંગોએ કરવામાં આવતી ઉપચાર પદ્ધતિઓ વગેરે જોતાં ભગતની વ્યવસ્થા એક સંસ્થાકીય સ્વરૂપ ધારણ કરતી દેખાય છે, જે સમગ્ર ધાર્મિક વ્યવસ્થાને ટકાવી રાખવામાં તથા ગતિશીલ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ચોધરી-સાંસ્કૃતિક જીવનનાં મોટા ભાગનાં બધાં પાસાંઓમાં કોઈ ને કોઈ રીતે ધર્મનું તત્ત્વ ગૂંથાયેલું છે. અને જ્યાં જ્યાં ધાર્મિક તત્ત્વો છે ત્યાં ત્યાં ભગતની આવશ્યકતા હંમેશાં જોવા મળે છે. ભગત ધર્મના માધ્યમ દ્વારા દેવીદેવતાઓ તથા જનસમુદાય વચ્ચે માધ્યમરૂપ બને છે. તે જનહિતાર્થે નિ:સ્વાર્થભાવે લોકોનાં કાર્ય કરે છે. આર્થિક પ્રવૃત્તિઓમાં ખેતરનું ખેડવું, બી નાખવું, નીંદામણ કાઢવું, પાકને રોગ થવો, વરસાદ વધુ કે ઓછો આવવો, પાકની વૃદ્ધિ, પાકને લણવો, નવું અનાજ ઘરમાં લેતા પહેલાં દેવને અર્પણ કરવું, પશુમાંદગી, ગાયમાં દૂધ ન આવવું કે અટકવું, પશુવંશવૃદ્ધિ, પંખી માંદગી, વંશવૃદ્ધિ, માનવરોગો, આફતો, દુ:ખોમાં દાણા જોઈ દુ:ખદર્દ તપાસવાં, મંત્રતંત્ર દ્વારા રોગનિવારણ, જાલી-મૂળીનો ઉપયોગ, ભૂતપ્રેત વગેરેનો ડર, વળગાડ દૂર કરવો, લગ્ન, સગાઈ, મૃત્યુ, શ્રાદ્ધ, પિતૃપૂજા, ખતરાં વગેરે જીવનનાં વિવિધ પાસાંઓમાં દેવો પરત્વેની આસ્થા અને તે માટે બાધા, ઉપચાર, દુ:ખ, રોગ, વળગાડ નિવારણ માટે ભગતની આવશ્યકતા તેમને રહે છે જ. ભગત તેમની ચોધરી જીવન વ્યવસ્થામાં અનેકવિધ કાર્યો કરે છે. આમ, ભગત ધાર્મિક બાબતોમાં નેતા, બીમારીમાં ચિકિત્સક, જીવનમાં પેદા થતી અનેકવિધ મુશ્કેલીઓમાં મદદરૂપ, દેવદેવીઓમાં વિશ્વાસ અને શ્રદ્ધા પેદા કરી તેને સતત સજાગ કરવાનું, મંત્રતંત્ર, પૂજાવિધિઓ, જાલી-મૂળી દ્વારા લોકોનો આત્મવિશ્વાસ સંપાદન કરવાનું કાર્ય કરે છે. તેનું કાર્ય એક નિ:સ્વાર્થ પાયા પર

રચાયેલું દેખાય છે. તે ભયંકર રોગો, બીમારીઓ, ભૂતપ્રેત, ડાકણ વગેરેની પજવણીમાંથી લોકોને મુક્ત કરવા કશા બદલાની અપેક્ષા રાખતો નથી. સલાહ માટે કોઈ ફી લેતો નથી. તે દેવનું કાર્ય છે, ધર્મનું કાર્ય છે તેમ સમજીને ગમે ત્યારે કાર્ય કરવા માટે તે તત્પર હોય છે. દેવદેવીઓ, મંત્રોમાં અને ઉપચાર કરવાની વિધિઓમાં તેનામાં ગજબની શક્તિ હોય છે. તે સામી વ્યક્તિમાં એક અજબની શ્રદ્ધા પેદા કરે છે. તે દરદીને સાંત્વન આપે છે. મુશ્કેલીઓમાં તે એક માત્ર આધારરૂપ ગણાય છે. પરિણામે લોકમાનસ પર ઘણી ઘેરી અસર મૂકી જાય છે. લોકો તેના બોલને છેલ્લો બોલ કે દેવનો બોલ ગણી તેનો સ્વીકાર કરે છે. તેમાં કોઈ શંકાકુશંકા કરતા નથી. શ્રદ્ધા અને ભક્તિભાવથી તેનું પાલન કરે છે.

**(૫) ભગતાઈ કરવી :** ''ભગતાઈ'' એટલે ભગતની કાર્ય કરવાની રીત. ભગત સામાન્યતઃ કોઈ પણ બીમારી, દુ:ખ કે તકલીફનું નિદાન કરવામાં તે વ્યક્તિને રૂબરૂ જોઈને અથવા વ્યક્તિની ગેરહાજરીમાં તેના પરથી ઓવારીને લાવવામાં આવ્યા હોય તેવા અડદના દાણા જેને ''ખડી'' કહે છે, તેને જોઈને દર્દનું નિદાન કરવાનો પ્રયત્ન કરે છે. ભગત ઘંટીના પડિયા પર, કે હાથમાં ચોખાના, ડાંગરના કે અડદના દાણા લઈને મંત્રો બોલીને વારંવાર બબ્બેની જોડીમાં ગોઠવે છે. ત્યારે એક દાણો એકલો રહી જાય તો દરદીનું દર્દ પકડાયું છે તેમ જણાવી તેનો ઉપચારવિધિ કરવાનું ગોઠવે છે. ચોધરીઓમાં આ ઉપચાર વિધિ (૧) હલકો વિધિ (૨) ભારે વિધિ નામે ઓળખાય છે. (૧) હલકા વિધિમાં સામાન્યતઃ નાની માંદગી - તાવ, પેટમાં કે માથામાં દુ:ખવું, છાતીમાં કે હાથે-પગે દુખવું, ઝાડ પરથી પડી જવું, ઊલટી, ઝાડો, પેશાબ વગેરેની તકલીફમાં દાણા જોઈ દર્દ નક્કી કર્યા પછી ભગત લીમડા, અથવા શિમળા કે ઉમરાના છાડની ડાળીનો ઉપયોગ કરી દર્દીના શરીર પર વારંવાર ફેરવે છે. ચોખાનો લોટ, રાખ, માટીને દર્દવાળા ભાગ પર વારંવાર ચોપડે, દેવનું સ્તવન કરી મંત્રો બોલી ધૂણ-પવન ચડાવે અને દેવ પાસે દર્દ દૂર કરવા મદદ પણ માંગવામાં આવે છે. સામાન્ય રીતે દર્દ તપાસીને તે જાલી-મૂળી આપે છે. કપડા કે દોરીને મંત્રો મારીને ગાંઠો મારી આપે જેને ''ધડો બાંધવો'' કહે છે. જે દર્દીને ગળામાં કે હાથે સૂચવ્યા પ્રમાણે બાંધવામાં આવે છે. પછી જરૂર લાગે તો ગામના દેવસ્થાને લઈ જઈને નાના દેવોની બાધા માને અને ઈંડું કે મરઘાનો ભોગ અપાવે.

(ii) ભારે વિધિમાં કોઈ હઠીલો કે મોટો રોગ, લાંબી માંદગી, કોઈ મોટી આફત, ભૂત-પ્રેત કે ખતરાનું નડવું વગેરે પરિસ્થિતિ હોય ત્યારે ભગત દેવસ્થાને પૂજા-મંત્ર કરે, ધૂણે અને આખી રાત દેવની સ્તુતિ કરે. ભવાનીમાતા કે



સિમાર્યદેવે જઈને મોટા દેવની બાધા લેવડાવે. સારું થતાં દેવપૂજા કરી બાધા ફેડાવે અને મરઘું-બકરું વગેરે આપી દેવને ખુશ કરે.

**હરખી અને ભગત**

ભગત વિવિધ ધાર્મિક કાર્યો કરવા ઉપરાંત કૌટુંબિક કે સમગ્ર ગામના સંદર્ભમાં કોઈ આફત, તકલીફ અથવા વાર્ષિક પૂજાના સંદર્ભમાં મોટા દેવદેવીઓની પૂજાનું આયોજન કરે જેને ''હરખી'' કહેવામાં છે. મોટા દેવોની આવી પૂજા ચોધરી સમુદાયમાં અતિ મહત્ત્વની પૂજા તરીકે ધાર્મિક સદ્કાર્ય કરવાનો લહાવો ગણાય છે. હિન્દુઓમાં બદ્રીકેદાર, વૈષ્ણવોદેવી, અમરનાથ, પશુપતિનાથ કે રામેશ્વરની યાત્રા કરવા જેવી અતિ મોટી બાબત ગણાય છે, તેમ ચોધરી જીવનમાં તેમનાં મોટાં દેવદેવીઓના દર્શને આવી હરખી દ્વારા પૂજા કરવી એ જીવનનું બહુ મોટું ભાગ્ય સમજવામાં આવે છે. કૌટુંબિક રીતે હરખી લઈને જવાનું તો જિંદગીનું ઉત્તમોત્તમ ભાગ્ય ગણવામાં આવે છે. આ સૌ મોટા દેવી-દેવતાઓનાં સ્થાનકો તેમનાં મોટાં તીર્થસ્થાનો છે જ્યાં રોજબરોજ બધાં જઈ શકતાં નથી. જીવનમાં એકાદ બે વખત પણ આવાં સ્થાનોએ જવા મળે તો તો જીવન ધન્ય થયું મનાય છે. કોઈ મોટી જાત્રાનું પુણ્ય અને દેવના ઘણા મોટા આશીર્વાદ મેળવવાનો જિંદગીભરનો અનેરો આનંદ મનાય છે.

આવી પૂજાનું કાર્ય અગાઉ આપણે જોયું તેમ દેવનું કાર્ય કરવાનું હોઈ તેની ઘણી વ્યવસ્થિત અને લાંબા સમયથી તૈયારી કરવી પડે છે. આ સમગ્ર પૂજાનું-હરખીનું કાર્ય ભગતની આગેવાની હેઠળ કે તેના માર્ગદર્શન હેઠળ અને તેની જવાબદારી હેઠળ થાય છે. એટલે આવી દેવપૂજામાં ભગતનું કાર્ય બહુ મહત્ત્વનું તથા ભારે જવાબદારીવાળું સમજવામાં આવે છે. ચોધરીઓ માને છે કે આ પૂજા મોટા દેવદેવીઓની છે, જેમનું સત ઘણું ભારે હોય છે. એટલે પૂજામાં અત્યંત સાવચેતી, કાળજી તથા શુદ્ધિ વગેરે અતિ મહત્ત્વનાં લેખાય છે. ભગત માટે તે ભારે કપરી કસોટી જેવું કહેવાય છે. આવી પૂજામાં કોઈ પણ પ્રકારની ભૂલચૂક ન પડે તથા શુદ્ધિ અને પવિત્રતા જળવાય તે પર પૂજાની આગેવાની લેનાર ભગતની સમર્થતા પર આધાર રાખે છે. આવી પૂજામાં મેલાં તત્ત્વોનો રંજાડ, વિઘ્ન ડગલે ને પગલે આવવા પૂરેપૂરો સંભવ હોય છે. એટલે તેમાં ભારે સાવચેતી, અગમચેતી, હોશિયારી, કુશળતા રાખવી પડે છે. આવું કાર્ય કોઈ સમર્થ ભગત જ સંપન્ન કરી શકે છે. તે જ તેની જવાબદારી લઈ શકે છે. મુખ્ય ભગત પોતાને પૂજાનાં વિવિધ કાર્યોમાં ઉપયોગી થાય એવા બીજા આઠથી દસ ભગતોની પસંદગી કરે છે. ઉપરાંત પૂજાનું આયોજન, ગામબાંધી, ગામના દેવસ્થાને પૂજાનો કાર્યક્રમ, તે પૂજાની ચીજવસ્તુઓ, ભોગ વગેરેની વિગતોનું

આયોજન કરે છે. આ દિવસોમાં સૌએ પાળવાના નિષેધોની જાણ કરે છે. તે સમગ્ર પૂજાનો કાર્યક્રમ નક્કી કરે છે અને પૂજાના વિવિધ તબક્કા સંપૂર્ણ રીતે સંપન્ન કરે છે. લોકોએ તેનામાં મૂકેલી શ્રદ્ધાનો યોગ્ય પડઘો પાડવાનું તથા પૂજા સફળ રીતે પાર પાડીને પોતાની કીર્તિમાં વધારો કરવાનું પણ તે આ દ્વારા કરે છે.

**ઉપસંહાર :**

ભગત સમાજમાં ધર્મના માધ્યમ દ્વારા દેવદેવીઓની પૂજા તથા જનસમુદાય વચ્ચે માધ્યમરૂપ બને છે. તે ધર્મના માધ્યમ દ્વારા દેવોનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી તે ચોધરી સમુદાયના માનસપટ પર હંમેશાં એક વિશિષ્ટ પ્રકારે અંકિત થઈ ગયેલો દેખાય છે. તેના વચનને દેવનું વચન કે છેવટનું વચન ગણવામાં આવે છે. ભગત લોકોની આ ધાર્મિક શ્રદ્ધા અને વિશ્વાસનો ઉપયોગ ભૂત-ડાકણ, પ્રેત, ખતરાનો ડર, વળગાડ વગેરે સામે રક્ષણ આપી, રોગોમાંથી સાજા કરીને ધર્મ વિશેની શ્રદ્ધાને સતત સજાગ રાખ્યા કરે છે. તથા ધર્મભાવનાનું દૃઢીકરણ કરી તેનાં મૂળિયાંને ઊંડાં નાખે છે.

ભગતનું જીવન સામાન્ય લોકો કરતાં જુદું હોય છે. તે દેવદેવીઓની વધુ નિકટનો, તેમની પૂજા કરનારો હોઈ તથા અમુક યમનિયમો પાળનારો હોય છે. તેથી તે સમાજમાં આદરણીય, સન્માનનીય ગણાય છે. તેની પાસે દેવીદેવતાઓની પૂજા વગેરેનું તત્ત્વજ્ઞાન હોવાથી સામાન્ય લોકોથી તે ઊંચી કક્ષાનો મનાય છે. આમ, ભગતનું કાર્ય કરનારા ધર્મના માધ્યમ દ્વારા જ સમાજના અન્ય સભ્યો કરતાં જુદા પડે છે. તેથી તેમનો નાનો એક વિશિષ્ટ વર્ગ રચાય છે. ચોધરીના પરંપરાગત ધાર્મિક સ્વરૂપમાં બારે માસ કોઈને કોઈ ધાર્મિક પ્રવૃત્તિઓ, આચારોવાળું રચનાતંત્ર હોઈ સર્વ ધાર્મિક ક્રિયાઓનું સંચાલન ભગત દ્વારા જ સતત થયા કરે છે, જે ધાર્મિક દરજ્જાનું વિશિષ્ટ પ્રકારે પ્રગટીકરણ કર્યા કરે છે.

# પ્રકરણ-૫

## હરખી પૂજા

**(૧) પ્રસ્તાવના :**

ચોધરીઓ મોટા દેવોની સામૂહિક પૂજાને હરખી તરીકે ઓળખાવે છે. તેમના જીવનમાં આવી પૂજાનું ભારે મહત્ત્વ અંકાયેલું છે. તેમાં ભાગ લેવાથી જીવન કૃતકૃત્ય બની ગયું એમ માનવામાં આવે છે. ભગતના માર્ગદર્શન હેઠળ આ પૂજાનું સમગ્ર આયોજન કરવામાં આવે છે. તે જ તેનો સૂત્રધાર હોય છે. અગાઉ પ્રકરણ ત્રણમાં આપણે જોયું તેમ પ્રથમ ગામબાંધીનો કાર્યક્રમ યોજવામાં આવે છે. હરખીના પ્રસંગની 'ગામબાંધી' વિશિષ્ટ બાંધી તરીકે ઓળખાય છે. આ દિવસે સૌ પોતપોતાનું કામકાજ, નોકરીધંધો - બધું બંધ રાખીને દેવના કાર્યમાં જોડાય છે. કોઠારીની પૂજા કરી જ્યાં ગામનો પડાવ નાખવામાં આવે છે ત્યાં લઈ આવી તેને દેવસ્થાને મૂકવામાં આવે છે. રાત્રે ભોજન પછી આખી રાત ગામદેવોની પૂજા કરવામાં આવે છે, જેમાં ખલીમાં નાચણું તથા દેવ-દેવીઓના મંત્રો, સ્તુતિ, વિનંતી કરવા ઉપરાંત કેટલાંક 'પીઢાં' અધ્યાયો દર્શાવવામાં આવે છે. જે એક પ્રકારની નાટકીય અભિવ્યક્તિ જેવાં હોય છે. અહીં આખી રાત ગામના દેવોની પૂજા કરી મોટા દેવોના સ્થાનકે પૂજા કરવા જવા માટે રજા માગવામાં આવે છે. ગામદેવની પૂજા, હરખી પૂજાનું આ કાર્ય સફળ થાય તે માટે તેમના આશીર્વાદ લેવાનો આ પ્રથમ તબક્કો છે. પૂજા પૂરી થઈ ગયા પછી સ્નાન, રસોઈ કરી દેવને ભોગ ધરાવવામાં આવે છે. પછી સૌ જમે છે. પરવારીને સૌ બપોર પછી સોમવારને દિવસે ગામથી નીકળે છે. ગામ મોટું હોય તો ૨૫થી ૩૦ જેટલી ગાલ્લીઓ દેવસ્થાને જવા નીકળે છે. નાનું ગામ હોય તો ઓછી હોય છે. સમગ્ર પૂજાનો સામાન, ભગતો તથા સીધું, વાસણ વગેરે સાથે એક મોટી જાત્રાનો સંઘ નીકળતો હોય તેવું દૃશ્ય સર્જાય છે. ડોવળીવાળો રંગમાં આવીને આ સમયે દેવની ખુશીનાં વચનો ડોવળીમાં વગાડે છે. રસ્તામાં કોઈ ઢોરચારતી ગોવાલણ જોવા મળે તો ડોવળીમાં વગાડે છે....

તોરે ગાવડ તીરેહ હોવે ને એ...
પાણી પાવી દેજે ને એ...ઉબેહરૂમ...
તોરે ગજવામાં તમાકુ હોય નેય...
બીડી પાવી દેજે ને એ...ઉબેહરૂમ.

અર્થાત્: ગોવાલણ તારી ગાયો તરસી થઈ છે. તેમને તું પાણી પીવડાવી દેજે તથા તેમને સારી રીતે ચરાવજે. તારા ગજવામાં તમાકુ છે તો તેની બીડી પીવરાવી દેજે...

રસ્તામાં કોઈ સ્ત્રી નાના બાળકને લઈને જતી હોય તો તેને ઉદ્દેશીને તે સુંદર મધુર સ્વરે વગાડે છે...

તોરે નીચક ભૂખ હોય ને એ...
તોરે નીચકાણે છોલ કરીને હીંચકી આપહી ને યે...
એને રડાવતી નખે ને એ...

અર્થાત્: તારું બાળક ભૂખ્યું થયું છે. તારું બાળક મને આપ. હું તેને હીંચકો નાખીને રમાડીશ ને પાછું આપીશ. તું તેને રડાવતી નહીં...

આમ ડોવળીવાળો પ્રકૃતિના પ્રસંગ અનુસાર પોતાની ડોવળીના સૂરમાં પરોવીને મધુરું ગાન પીરસતો પીરસતો સૌ હરખીવાળાઓને દેવના સ્થાનકે લઈ જાય છે. આખે રસ્તે એક હનવાણીવાળો વારંવાર તુલસીની ડાળી હનવાણીમાં બોળીને રસ્તાની પવિત્રતા પેદા થાય તથા હરખીને કોઈ વિઘ્ન ન નડે તે માટે સતત હનવાણીનું પાણી છાંટ્યા કરતો હોય છે. આ રીતે સૌ નક્કી કરેલા દેવના સ્થાનકે અંધારું થતાં સુધીમાં પહોંચી જાય છે.

**(૨) દેવપૂજાની તૈયારી :** ચોધરીઓમાં નાનાં કે મોટાં દેવસ્થાનોને નિયમિત સાફસૂફ કરવાનું તથા પૂજા કરવાનું કોઈ વલણ નથી. એટલે હિંદુ દેવમંદિરોમાં જેમ દેવસ્થાને એકાદ પૂજારી નિયમિત રીતે સફાઈ, પૂજા કરતો હોય તેવી કોઈ વ્યવસ્થા તેમનામાં નથી. તેમના દેવો વાસ્તવમાં પ્રાકૃતિક છે. એટલે જ્યારે નાના મોટા પ્રસંગે પૂજા કરવાનું આયોજન થાય ત્યારે તે સ્થાનને સાફસૂફ કરવામાં આવે છે અને દેવની પૂજા થાય છે. દેવો વનમાં પહાડોની ગુફામાં અદૃશ્ય શક્તિઓ સ્વરૂપે ચારે બાજુ વિહરતા હોય છે. એટલે કોઈ હરખી દેવપૂજા માટે જાય ત્યારે દેવનાં સ્થાનકોને સાફસૂફ કરવાં અને પૂજવાં તેની કાર્યવ્યવસ્થાનો ભાગ બને છે.

હરખી દેવસ્થાને પહોંચે એટલે ગાલ્લીઓ છોડી સામાન ઉતારીને દેવની રાયખલીવાળા મેદાનમાં લઈ જવામાં આવે છે. દરેક દેવસ્થાનની પ્રાકૃતિક વ્યવસ્થારચના સરખી હોતી નથી. દેવલીમાડીમાં રાયખલી નીચે ખુલ્લા મેદાનમાં છે જ્યાં ગાલ્લીઓને રાયખલીની ચારે બાજુ ઊભી રાખવામાં આવે છે. જ્યારે આહિંદા ડોગારમાં રાયખલી ઊંચી ભેખડ પર ચડીને પછી આવતા મેદાને હોઈ ગલ્લીઓ નીચે દૂર છોડવામાં આવે છે. આવી સ્થિતિમાં ભગત દેવનું પવન ચડાવી મંત્રોચાર કરી છોરેલી ગાલ્લીઓવાળા વિસ્તારને સુરક્ષિત કરવા માટે



બાંધે છે જેથી કોઈ જંગલી પશુ આવીને બળદને કે ગાલ્લીઓને નુકસાન ન કરે.

દેવસ્થાને રાયખલીએ પહોંચ્યા પછી રાયખલીને વાળીઝૂડીને સાફ કરવામાં આવે છે. ભગત આ દરમિયાન લીંપવા માટે તથા રસોઈ-પાણી માટે જળાશયની શોધ કરે છે. આ સ્થાનનું જળાશય દેવનું જળાશય ગણાય છે. એટલે ભગત અહીં પણ દેવપૂજા કરે છે, પ્રાર્થના-વિનંતી કરે છે, પાણીની માગણી કરે છે. ચોધરીઓ દર્શાવે છે કે દરેક દેવસ્થાને દેવને સ્નાન(નાહણી) કરવાનું સ્થાન હોય છે જ્યાંથી પાણી નીકળે છે. પરંતુ પૂજા કર્યા વિના અને દેવની કૃપા વિના પાણી મળતું નથી. પૂજા કરવાથી એકદમ ઝરણું ફૂટે છે અને ત્યાંથી પાણી મેળવવામાં આવે છે. ત્યાં ભગતો સ્નાન કરે છે. દરમ્યાન અન્ય પુરુષ સભ્યો છાણમાટીથી રાયખલી લીંપીને તૈયાર કરે છે. ભગત સ્નાન કરી રાયખલીમાં હનવાણીના પાણીનો પ્રથમ છંટકાવ કરે છે. પછી દેવની સ્તુતિ કરી પવન ચડાવી દેવનું કાર્ય કરવા માટે રાયખલીને મેલાં તત્ત્વો રંજાડે નહીં તેથી મંત્રો વડે બાંધે છે. તેમાં દેવપૂજાનો સમગ્ર સામાન–કોઠારી, દેવહાડોવળી, દેવહા નાકડીઓ, દેવના ઘોડા, માનવ આકૃતિઓ, પશુ આકૃતિઓ, દેવની ધજાઓ વગેરે દેવના મુખ તરફ રાખીને મૂકવામાં આવે છે. આ પછી રસોઈ તૈયાર થઈ જતાં સૌ જમે છે અને પરવારીને અંદાજે રાત્રે ૧૧-૧૨ વાગ્યે દેવપૂજા કરવાની શરૂઆત કરવામાં આવે છે. દેવપૂજાનો સમય શિયાળાની ઋતુનો અને રાત્રીનો હોય છે તેથી ઠંડીથી હૂંફ મેળવવા દેવસ્થાને રાયખલીની ચારે બાજુ તાપણાં કરીને બેસે છે. આહિંદા ડોગારની રાયખલીમાં મોટાં મોટાં તાપણાં-'આંગીઠ' કાયમી ધોરણે બનેલાં જોવા મળે છે જેની રાખનો મોટો ઢગલો કેટલીયે હરખીઓના સમયથી રચાઈ ગયેલો હોય તેમ લાગે છે, જે ૨ાા ફૂટ જેટલો ઊંચો અને પાંચથી સાત ફૂટના ગોળ ઘેરાવામાં પથરાયેલો હશે. આવાં કાયમી પાંચ તાપણાં ખલીની સરહદે દેવના સામા મોઢે દેખાય છે. સફાઈ કરવામાં તેને કોઈ દૂર કરતું નથી. આવાં તાપણાં ખલીમાં નાચતા ભગતોને થોડી ગરમી પૂરી પાડવામાં પણ ઉપયોગી બનતાં જણાય છે.

**(૩) રાયખલીમાં દેવસ્તુતિ :** ચોધરીઓમાં મોટા દેવોની આ હરખી પૂજાને પાંચ વિવિધ તબક્કાઓમાં વિભાજિત કરી શકાય. (૧) દેવસ્તુતિ, (૨) દેવના ચાકરોની પૂજા, (૩) મ્હલપૂજા, (૪) ભોગ ધરાવવો અને (૫) વિદાયની પૂજા.



રાયખલીમાં દેવસ્તુતી



**૧. દેવસ્તુતિ :** ચોધરીઓમાં સામાન્યત: દેવપૂજાની સ્તુતિ સાર્વત્રિક રીતે એક જ પ્રકારે અને નિશ્ચિત સ્વરૂપે થતી જોવા મળે છે. હરખીમાં આ સ્તુતિ રાયખલીમાં થાય છે. આ રાયખલીમાં કરવામાં આવતી પૂજાનાં મહત્ત્વનાં ચાર અંગો ગણાવી શકાય. (अ) ડોવળીવાળો (ब) આંગીઠ (क) જવાબી (ड) ચાચરદેવ.

**(अ) ડોવડીવાળો :** અગાઉનાં પ્રકરણોમાં પણ દર્શાવ્યું છે કે દેવપૂજામાં ડોવળી વાદ્ય એક અગત્યનું વાદ્ય છે. આનો વગાડનાર દેવપૂજાના મંત્રો તથા પૂજાથી અમુક અંશે માહિતગાર કે જાણકાર હોય છે. તેથી તે દેવપૂજા વખતે દેવની ડોવળીમાં દેવપૂજાના મંત્રો પણ વગાડી પૂજાના વાતાવરણને વધુ અસરકારક બનાવે છે. આ દ્વારા દેવપૂજાનું વાતાવરણ સુમધુર સ્વરમાં તૈયાર થાય છે એટલુ જ નહીં પણ પૂજાનો પ્રારંભ તેનાથી થાય છે. હોશિયાર વગાડવાવાળો



દેવપૂજા કરવા માટે તૈયાર થનાર ભગતો માટે દેવનું પવન ચડે તે માટેનું એક મોટું પ્રેરકબળ પૂરું પાડે છે. ભગતને દેવનું પવન ચડાવવામાં ડોવળી વગાડવાવાળાનો અગત્યનો ફાળો છે. ભગત પૂજામાં તેનાં વખાણ પણ કરે છે, તે કહે છે....

'ઝોરેવાજે, હેલેવાજે, વાજ્જા કરે, પાંચમેં પાચીત કર હું...
દેવમાં નામીતો કરહું, હાકામાણો બોન ઓછા કરીહું, તોરે બોન
ચડતો કરહું. દોડતો આવજે, દોડતો જાજે; રાહેણા ટારપી, ભીમરાણે
પીપી, મૂકી છાંયે તીયે વાજ્જા કરે.'

અર્થાત્ હે ડોવળીવાળા! તારું વાજિંત્ર હંમેશાં મધુર રીતે વગાડવાનું ચાલુ રાખ. તને દેવનો માનીતો કરીશું, બીજા બોલ ઓછા કરીશું અને તારા બોલને ચડતા કરીશું. તને ઊંચે સ્થાને લઈ જઈશું. અમે નાચવાનું ચાલુ કરીએ એટલે તું દોડતો આવજે, બંધ કરીએ તો દોડતો જજે. તારું વાજિંત્ર તો મૂકી રાખવામાં આવે તો પણ તે વાગ્યા જ કરે છે. તે દેવનું વાદ્ય છે.

**(ब) આંગીઠ :** 'આંગીઠ' એટલે અગ્નિ. હરખી પૂજામાં ભગત રાયખલીમાં પ્રવેશ કરીને સૌ પ્રથમ આ આંગીઠ લઈને બેઠેલી ભગત–વ્યક્તિ પાસે જઈને બેસે છે. કોઈ પણ ભગત આવી પૂજાની શરૂઆત આ સ્થાનેથી કરે છે. આ અગ્નિ લઈને બેઠેલો ભગત થોડી થોડી વારે અગ્નિ પર ઘી નાખ્યા કરે છે જેથી અગ્નિમાંથી એક પ્રકારની સુવાસ ફેલાય છે અને અગ્નિ પ્રજ્વલિત રહે છે. આ ભગત વારંવાર દેવતા...દેવતા...દેવતા... એમ પૂજાના પ્રારંભના સમયમાં સતત બોલતો હોય છે. પૂજામાં-નાચણામાં ભાગ લેનાર દરેક ભગત પ્રથમ આ અંગીઠ પાસે આવી તેની સામે ઊભા પગે બેસે છે અને દેવના મંત્રોનો જાપ શરૂ કરે છે. બીજી બાજુ ડોવળીવાળો પણ મધુર સ્વરથી દેવના મંત્રો વગાડતો હોય છે. આથી ચારે બાજુ મંત્રમુગ્ધ વાતાવરણ સાથે ભગતનું તાદાત્મ્ય થવાથી તેનામાં દેવનું પવન પ્રવેશ કરે છે. તેનું સમગ્ર શરીર ધ્રૂજવા માંડે છે અને ધૂણતો ધૂણતો ઊભો થઈ જાય છે. રાયખલીમાં કૂદાકૂદ કરે છે, હાકોટા પાડે છે. પછી તે 'જવાબી' પાસે જાય છે. આમ આંગીઠ



**આંગીઠ પાસે ભગત**



પાસે બેસીને દેવનું પવન ચડાવવાનું કાર્ય થાય છે. દેવપૂજામાં દેવનું ધૂણ કે દેવનું પવન ચડવું એ પ્રાથમિક પગથિયું છે. દેવપૂજાનો આ પ્રથમ ભાગ છે. દેવપૂજામાં પ્રવેશવાનું પ્રથમ નાકું છે. અહીં પૂજાની પવિત્રતા માટે અગ્નિનું મહત્ત્વ દર્શાવવામાં આવે છે.

**(क) જવાબી :** 'જવાબી' એટલે જેની પાસેથી દેવના ધૂણનો-પવનનો જવાબ લેવાનો છે તે. આ જવાબના પ્રતીકરૂપે વડની વડવાઈનો સાટકો તેની પાસેથી ધૂણ ચડાવેલો દરેક ભગત લે છે અને પોતાના પગ અને શરીર પર તેને જોરજોરથી ફટકારે છે. ભગત આ સમયે કિકિયારીઓ, હાકોટા કરતો કરતો રાયખલીમાં દોડતો હોય છે. ચોધરીઓ માને છે કે શરીર પર મારવામાં આવતા સાટકાના મારની ભગતને કશી અસર થતી નથી. કારણ કે તેને દેવનું પવન ચડ્યું હોય છે, તેનામાં દેવનો પ્રવેશ થયો હોય છે. થોડી વાર સાટકાનો માર પોતાના શરીર પર માર્યા પછી તેના શરીરમાં દેવ સ્થાયી થાય છે એટલે ધૂણ શમે છે. આમ જવાબી ભગતના શરીરમાં ધૂણ કે પવનના પ્રવેશને પરીક્ષણ કરવાની અથવા ભગતમાં દેવનું સ્વરૂપ આવ્યું છે કે નહીં તેની જાણકારી કરવા માટેની આ એક વ્યવસ્થા છે.

**(ड) ચાચરદેવ :** ચોધરીઓમાં ચાચર એક દેવ છે જેનું સ્થાન ગણેશ જેવું મનાય છે. કોઈ પણ દેવની પૂજા કરતાં પહેલાં હરખીમાં આ દેવને પૂજવો પડે છે અને તેની પાસેથી પૂજાનું અન્ય કાર્ય કરવા માટેની રજા લેવામાં આવે છે. હરખી પૂજામાં આ દેવનું સ્થાન એક ભગત સંભાળે છે જેને 'ભોગી' કહેવામાં આવે છે. મંત્રો દ્વારા પોતામાં દેવનું આહ્વાન કર્યા પછી ભગતને ધૂણ ચડે છે. ધૂણ સ્થાયી થયા પછી ચાચરદેવ આગળ તે હરખી કયા કારણસર આવી છે, કયા ભગતે માનતા લેવડાવી છે, શી માનતા લેવડાવેલી છે વગેરે બાબતોની રજૂઆત કરવામાં આવે છે. ભગત દેવની લાકડી ઠોકતો ઠોકતો નાચે છે અને પછી દેવના પીઢામાં પોતાના પાત્રની રજૂઆત કરે છે.

**(૪) દેવસ્તુતિના તબક્કા :** હરખી પૂજાનો પ્રથમ ભાગ રાયખલીમાં ઊજવવામાં આવે છે. તેના ત્રણ તબક્કા જોવા મળે છે. (अ) દેવનું ધૂણ અથવા દેવનું પવન. (ब) દેવનું નાચણું. (क) દેવનાં પીઢાં (અધ્યાય).

**(अ) દેવનું ધૂણ :** અગાઉ જોયું તેમ દેવપૂજા કરવામાં મંત્રો તથા ડોવળીના મધુર સૂરના સાંનિધ્યથી ભગત દેવનું આહ્વાન કરે છે. તેને 'ધૂણ' કે 'પવન' ચડવું કહે છે. આ ધૂણથી ભગતના શરીરમાં દેવનો પ્રવેશ થાય છે. સામાન્ય વ્યક્તિ આ દેવપૂજા કરી શકે નહીં તથા તેને ધૂણ પણ ચડે નહીં. જે ભગત યમનિયમની સાધના દ્વારા દેવપૂજા કરવા લાયક બને છે, તેને જ ધૂણ ચડે છે.

આમ દેવપૂજા માટે તેનામાં દેવનો પ્રવેશ થયેલો હોવો જોઈએ. તો જ દેવપૂજા દેવોની ઈચ્છા મુજબની થાય છે. આમ ધૂણ દેવપૂજાનો પ્રાથમિક અને આવશ્યક તબક્કો ગણાય છે. ભગતના શરીરમાં દેવનો પ્રવેશ થવો અને તેનું સ્થાયી થવું એ બંને કાર્યો ધૂણને કારણે જ શક્ય બને છે. આથી ધૂણ ભગતને સામાન્ય વ્યક્તિમાંથી દેવરૂપમાં રૂપાંતરિત કરે છે. આ સ્થિતિમાં તે જે કાંઈ બોલે તે દેવનો બોલ ગણાય છે, તે જે કાંઈ કરે તે દેવનું કૃત્ય ગણાય છે.

**(બ) દેવનું નાચાણું :** આ નાચાણું એક વિશિષ્ટ પ્રસંગનું અને પ્રકારનું નાચાણું છે. આ કોઈ સામાન્ય પ્રકારનું નાચાણું નથી કે તેમાં ગમે તે વ્યક્તિ ભાગ લઈ શકે. આ નાચાણાને 'દેવનું નાચાણું' તરીકે ઓળખવામાં આવે છે. એટલે ભગત તરીકે પસંદગી પામનાર, યમનિયમો પાળનાર વ્યક્તિને દેવનું પવન ચડે પછી તેમાં પ્રવેશ પામે છે. આ નાચાણું રાયખલીમાં જ કે દેવપૂજાના સમયે જ દેવના સ્થાને થાય છે. ભગતો 'દેવાહ્યાયનાકડી', દેવની નાચવાની લાકડી વડે રાયખલીમાં દેવનું સ્તવન કરતા કરતા, દેવપૂજાના કાર્ય માટે નાચે છે. એટલે આ નાચાણું પવિત્ર નાચાણું ગણાય છે. દેવને રીઝવવા કે દેવને ખુશ કરવા, માટે તેની પૂજા નિમિત્તે કરવામાં આવે છે. તેથી આ નાચાણું દેવપૂજાનું એક અગત્યનું અંગ બને છે. સમગ્ર પૂજાનાં સ્તવનો, વિનંતીઓ, પ્રાર્થના આ નાચાણા દ્વારા કરવામાં આવે છે. આમ ચોધરીઓમાં દેવપૂજાની આ એક વિશિષ્ટ પદ્ધતિ હરખી પૂજામાં વિકસેલી દેખાય છે. ચોધરીઓ માને છે કે નાચાણું એ દેવને રીઝવવા કે તેની કૃપા







દેવલીમાડીએ 'રાયખલીમાં નાચાણું'



આહિંદા ડોગારે રાયખલીમાં નચાણું

મેળવવાની એક આગવી રીત છે. આ નાચાણું તેમની પૂજાના મંત્રો, સ્તવનોને એક પ્રકારનો લય આપે છે, નીરસતા દૂર કરે છે. તે દેવપૂજા કરવાની એક

આગવી રીત છે જે પૂજાનો જોશ વધારે છે તથા પૂજાની સક્રિયતાને વધુ વેગવાન બનાવે છે.

(ક) દેવનાં પીઢાં :

ચોધરીઓ દેવપૂજામાં સ્તવનના તથા દેવોના જીવનના વિવિધ તબક્કાઓ દર્શાવે છે જે હિન્દુ કથા-પૂજાના અધ્યાય જેવા દેખાય છે. તેને ''પીઢાં'' તરીકે ઓળખાવે છે. આ પીઢાંમાં દેવને રીઝવવા ભગતો દેવના ચાકરો, ગોવાળો, ખેડૂતો વગેરે પ્રકારના નાટકીય પાઠો સ્તુતિના ભાગરૂપે ભજવે છે. ભગતના જણાવ્યા અનુસાર ચોધરી પરંપરાગત દેવપૂજાના સંદર્ભમાં તો કુલ ૫૬ જેટલાં પીઢાં ગણાવવામાં આવે છે. પરંતુ ચોધરી ધાર્મિક વિધિવારસો, પૂજા, મંત્રતંત્ર વગેરે કશું લેખિત સ્વરૂપે નથી. બધું મૌખિક રૂપે છે. એટલે બધાં પીઢાં ભાગ્યે જ કોઈને યાદ હશે. આ ઉપરાંત હરખી પૂજાનું – દેવપૂજાનું આ કાર્ય એક રાતમાં - રાત્રે ૧૨ વાગ્યાથી શરૂ કરી સૂર્યોદય થાય ત્યાં સુધીમાં – દેવસ્તુતિના બધા તબક્કા પૂરા કરવા પડે છે. કારણ તે પછી દેવપૂજાના બીજા ચાર તબક્કાઓ પૂરા કરવાના હોય છે અને હરખી બપોર પછી વિદાય થવાની હોય છે. એટલે મર્યાદિત સમયમાં છથી સાત કલાકમાં જેટલાં પીઢાં થઈ શકે તેટલાં કરવામાં આવે. અંદાજે આ સમય દરમિયાન પાંચથી સાત જેટલાં પીઢાં થતાં જોવા મળ્યાં છે.

દરેક પીઢું આંગીઠ પાસે બેસીને દેવનું ધૂણ કે પવન ચડાવવાથી જ શરૂ કરવામાં આવે છે. ધૂણ સ્થિર થઈ ગયા પછી પીઢાંમાં જે વિષયની – પ્રસંગની અભિવ્યક્તિ કરવાની હોય તે સંદર્ભમાં દરેક ભગત ક્રમશ: પોતાની પાત્રઓળખ ચાચરદેવની સમક્ષ કરે છે. પછી સૌ સાથે મળી પ્રસંગની નાટકીય અભિવ્યક્તિ ગાતાં, કૂદતાં, નાચતાં નાચતાં કરે છે. આ પ્રસંગોમાં ગીતો પણ ગવાય છે તેથી સાથી ભગતો મંજીરા, કરતાલ, કીરકીટિયું વાદ્ય વગાડે છે. ભગતના જણાવ્યા અનુસાર ''આજે ઈયા ઠેકાણે વાહ વાહ હરખીમાં ખરખીયત કર્યા કરતી હા.'' અર્થાત્ આજે આ જગ્યાએ હરખીમાં નાટક – ટુચકા કર્યા કરીશું. આમ દેવના જીવનની એકાદ પ્રસંગની નાટકીય અભિવ્યક્તિ એક એક પીઢું ગણાય છે જેને પૂજાનો અધ્યાય કહી શકાય.

પીઢું પહેલું :

પહેલું પીઢું દેવસ્તુતિ કે પ્રાર્થનાનું હોય છે જેમાં હરખી કયા ગામથી આવી છે, હરખી પૂજાનું કારણ, પ્રસંગ વગેરેની પ્રારંભિક રજૂઆત દેવ આગળ કરવામાં આવે છે. આમાં વિવિધ દેવો, તેમના ચાકરો, ભૂતો વગેરેને યાદ કરવામાં આવે છે અને સૌને આ પૂજા વિના વિઘ્ને, ભૂલચૂક વિના પાર પડે તે માટે વિનંતી કરવામાં આવે છે. આ પીઢાંમાં કોઈ વેશ કે નાટકીય અભિવ્યક્તિ





આવતી નથી. માત્ર પ્રાર્થના અને વિનંતીની જ રજૂઆત હોય છે. હરખીનો મુખ્ય ભગત અને પછી અનુક્રમે બીજા ભગતો આંગીઠ પાસે બેસી દેવનું ધૂણ – પવન ચડાવે, ડોવળીવાળો દેવના મંત્રો વગાડે જેથી ધૂણ ચડે છે. પછી જવાબી પાસેથી સાટકો લઈને શરીર પર માર મારી દેવના પવનને સ્થિર કરવામાં આવે છે. ત્યાર બાદ ભોગી પાસે જઈને ચાચરદેવને પોતાની હાજરીની નોંધ કરાવે છે તથા મદદ માટે પ્રાર્થના કરે છે અને ખલીમાં દેવની લાકડી ઠોકતા ઠોકતા ગોળાકારે સૌ નાચે છે. પ્રથમ પીઢાની રજૂઆત નીચે પ્રમાણે કરવામાં આવે છે.

. . . આં ભીયે. . .! આજે કાટીસકૂવાણી નગરીણે હરખી રા ભૂંયા. . . આજે માડી માતાણે હુકમ હોયો રા ભૂંયા. . . . આજે કથ્ હરખીણ્યે ખલે આવી પડ્યા રા ભૂયા. . . . આજે વાંક, વાંધો કથો પડે ની રા. . . ભૂંયા. . . ચાચર ચવઠ આજે કથ્ ચવઠામાં આવી ગના રા. . . ભૂંયા. . . ઈયા ચવઠમાં આજે કથ્ જહ દેજે માન દેજા રા. . . ભૂંયા. . . . આજે દડતાન્ પડતા દેવલી માડ્યેણે ખલે આવા રા. . . ભૂંયા. . . . આજે પેલો દેવલી માડ્યેણે મચકાલો ભૂત, ઉજગાંડ્યો વાડો, ખખડિયો ભૂત, આવીગ રા. . . ભૂંયા. . . .

આં...ભીયે. . .! આજે ઘડ્યો આવીને ઘેડ્યે જાહું રા. . . . ભૂંયા. પાવણા ભોગ વાલતા જાહું, જાર જવાબ દેતા જાહું રા. . . ભૂંયા. . . . આજે પોર્યા - છોકરાંમાં દુઃખ પડ્યા રા ભૂંયા. . . તી દાડે કથ્ ખોડ્યા ગુણાણે હાદી આણ્યો. . . તી દાડે કથ્ ખોડ્યા ગુણ્યે કડી પૂરા ટીચી નેદી રા. . . ભૂંયા. . . ખોડ્યે ગુણે હોર માનતા છોડી નેહી રા. . . ભૂંયા. . . તી દાડે કથ્ ખખીલતે નારાલ્યે હુડી હોપારી પીપન્જે પદરાવી બીડાના પરાણા નેતા જાહું રા. . . ભૂંયા. . . આજે દેવલી માડ્યે આપડાહય કાંખ્ખી નેદા, છૂલ્લે નેદા, કડથેનેદા ખબેનેદા રા. . . ભૂંયા. . .આજે હંહ કરીને હરખી આવી આ રા. . . ભૂંયા. . . આજે પોર્યે આવ, છોકર આવ, કંહણ આવ, ખાંડો આવો, ઘૂર્યો આવો રા. . . ભૂંયા. . . ગાડલી આવી, ગરેડ આવી રા ભૂંયા. આજે કથ્ ભર્યા ગાડી, આજે ધનની ગાડી કવાતની. આજે કથ્ નાણાવટીની ગાડી કવાતની. તેવ કથ્ અમારે ચાનતન્ તેવ કથ્ તુ મારે ચાન્યા કરે રા . . . ભૂંયા. આજે ભૂલચૂક હોઈ ગઈ. માફ઼ કરતો જા રા. . . ભૂંયા. . . આજે ઈયે ઠેકાણે કાચા જ હવીરા, ડોવીડ્યા કાચા, બારદાન રા. . . ભૂંયા. . . આજે કાવડી, કૂકડે, બામાણી, બોકડે દેવલી માડ્યેણે ખલે હૂજર કદને રા. . . ભૂંયા. . . ભેંહો દીવો પૂરી ને હૂં, પગે પડી નેહૂં, નવસે નમાણે નમી નેહૂં રા. . . ભૂંયા. . . હરખી પરગીણ્યે વાલતા જાહૂં રા. . . ભૂંયા . . . !

અર્થાત્–આજે કાટીસ કૂવા ગામની હરીખી આવી છે. આજે દેવલીમાડીનો



હુકમ થયો છે. માડી આજે હરખી તારી ખલીના સ્થાને આવીને પડી છે. આજે કોઈ વાંક - વાંધો પડે નહીં તેની તું કાળજી રાખજે. આજે ચાચરદેવની જગ્યામાં પૂજા માટે આવી ગયા છીએ. આ જગ્યાએ હે માડી ! તું તારા પૂજાના કામથી જશ આપજે, માન આપજે. હે દેવી ! આજે તારા આંગણે દોડતા ને પડતા તારા ખોળે, તારે સ્થાનકે આવ્યા છીએ. આજે તારા સ્થાનકે મચકાલો ભૂત, ગાંડો વાંડો, ખખડતો ભૂત પણ આવી ગયા છે.

હે માડી ! આજે ઘડીકમાં આવ્યાં અને પૂજા કરીને બીજી ઘડીએ જતાં રહીશું. તારી મહેમાનગતિ માટે તને ભોગ ધરાવતાં જઈશું. નમસ્કાર કરતાં જઈશું. આજે છોકરાંછૈયાંમાં દુઃખ પડ્યું છે. તે દિવસે ખોડિયા ગુણ્યા ભગતને બોલાવી તારી બાધા માનેલી ને ભોગ ચડાવેલો અને તે ભગતે તારી બાધા છોડાવેલી. હે માડી ! તને નાળિયેર, સોપારી ચડાવેલાં. તારા આશીર્વાદ લઈશું. દેવલી માડીએ આજે આપણને તેની બગલમાં લીધા, ઝોળીમાં લીધા, કમરે લીધા, ખભા પર લીધા છે. આજે હોંશ ભરીને હરખી લઈને માડી તારા ખોળે આવ્યા છીએ. આજે તારા આંગણે છોકરાં આવ્યાં છે, વાસણકૂસણ આવ્યાં છે, ખાંડો મીંડો બળદ લઈને અમે આવ્યા છીએ, સાજોમાંદો બળદ ગાલ્લીએ જોડીને આવ્યા છીએ માડી.

હે દેવી ! આજે વળી ભરેલી ગાડી, આજે ધનની ગાડી, આજે વળી નાણાવટીની ગાડી કહેવાતી હતી, તેવું અમારામાં ચાલ્યા કરતું હતું તેવું તમારામાં પણ ચાલ્યા કરે. આજે અમારા આ પૂજાના કાર્યમાં કોઈ ભૂલચૂક થઈ જાય તો તું માફ઼ કરજે. આજે તારા કાર્યમાં કાચા હવીરા – પૂજા કરવાવાળા, કાચા ડોવળી વગાડનારા, કાચા ભગતો આવ્યા છીએ. આજે તારા સ્થાનકે મરઘાં, બકરાં હાજર કરી દીધાં છે. ઘીનો દીવો કરી તને નવસો નમસ્કાર કરીશું અને હે માડી ! વહેલી સવારે અમે તારા આશીર્વાદ લઈને વળતા થઈશું.

આમ, પ્રાર્થના અને વિનંતીઓ દ્વારા દેવ આગળ પોતાની સ્થિતિની રજૂઆત કરવામાં આવે છે તથા પૂજા માટે જે કાંઈ મળ્યું તે તારે માટે લાવ્યાં છીએ, અમે કાચા, અધૂરા, અણઆવડતવાળા છીએ. માડી, અમારી ઊણપો ઘણી છે. પણ તું આશીર્વાદ રૂપે અમારું પૂજાનું કાર્ય સફળ બનાવજે તેવી વિનંતી આ પીઢા - અધ્યાયમાં કરવામાં આવે છે. આમ આ રીતે વિનંતીનું આ પીઢું પૂરું થાય છે.

**પીઢું બીજું :**

ચોધરીઓ મોટે ભાગે ખેતી કરે છે. તેથી તેઓ માને છે કે તેમના દેવો પણ ખેતી કરે છે. પરંતુ દેવો ઊંચા અને શક્તિશાળી છે. તેથી તેમની ખેતીનાં સાધનો ઊંચી કક્ષાનાં અને સોનાનાં છે, ચમત્કારી છે તેમ માને છે. દેવો માણસ કરતાં

વધુ શક્તિશાળી છે તેમ માને છે. એટલે દેવો પાસે પોતાની ખેતીવાડીમાં બરકત, વિપુલતા થાય તેવી વિષયવસ્તુની પ્રાર્થના આ પીઢામાં દેખાય છે. અને દેવોના ખેતીના ચાકર, નોકર, ભડો અને ભડીનાં પાત્રો દ્વારા દેવસ્તુતિ તરીકે વિવિધ નાટકીય ગમ્મતો સાથે કેટલીક રજૂઆત કરવામાં આવે છે.

પહેલા પીઢા પછી બીજું પીઢું પંદરથી વીસ મિનિટના વિરામ પછી શરૂ કરવામાં આવે છે. પ્રથમ ડોવળીવાળો ડોવળીમાં દેવના મંત્રો વગાડે છે એટલે ભગત ખલીમાં આંગીઠવાળા પાસે જઈને ધૂણ માટે બેસે છે અને મંત્રો બોલે છે. ધૂણ ચડે છે. ધૂણ સ્થિર થયા પછી તે ચાચરદેવ પાસે જાય છે અને જે વેશ કાઢવાનો હોય તેના સંદર્ભમાં દરેક ભગત પોતાને તે રૂપે ઓળખાવે છે. આ પીઢામાં ભગત દેવના ઘરના નોકર કે હાળી તરીકેનો વેશ કાઢે છે. એટલે દરેક ભગત ક્રમશ: ચાચર સામે લાકડી લઈને ઠોકતાં હું માડીનો ''ભડો'' એમ પોતાને ઓળખાવે છે. એક બીજો ભગત એ ચાકરની સ્ત્રી તરીકે લાકડી ઠોકતાં માડીની ''ભડી'' એમ દર્શાવે છે. આમ ભડો અને ભડીના સંવાદ દ્વારા દેવના ઘરનાં કાર્યોનું વર્ણન તેમાં દર્શાવવામાં આવે છે. ભગત આ પીઢાની શરૂઆત નીચે પ્રમાણે કરે છે.

. . . આં ભીયે !. . . આજ કથ્ ચાર ખંડ ધરતીને નવખંડ દર્યો ફેરતા ફેરતા તુમારે ગામખેડે આવી પૂગ્યા રા. . . ભૂંયા. . . આજ તુમારે રજા. . . હુકમ હોય તો તુમારે ગામખેડામાં ફીરહું રા. . . ભૂંયા. . . એઈ. .. આજે ભડો હોતનો,. . . એઈ. . . આજે. . . ભડી હોતની. . . .

ભડો - : ઘરબાર તોરે ભડે. . . રાણા હાલી કાયે રંગીહાલે કાયે. . . તું કા. . .
ભડી - : હલ નાકડ્ તોરે હા રા ભડા. . . રાણાહાલા રા. . . તૂંકા. . .
ભડો - : ઉખલ મુખલ તોરે ભડે......તુંકા.
ભડી - : હલ બલજ તોરે ભડા.....તુંકા.
ભડો - : હાંડ ચાટવ્ તોરે નીરાન ભડે......તુંકા.
ભડી - : ઊચ્ચે પાંજરે વાલી આપ મારે ભડા.....તુંકા.
ભડો - : ઉખલે ચાલ્લે વાલી આપજે ભડે.......તુંકા.
ભડી - : એક કણ્યે બતરી કણ્યે વાલી આપ મારે ભડા.....તુંકા.
ભડો - : ઘરા બારાં વાલી આપજે ભડે....તુંકાં.
ભડી - : ડોબા ઢાંડામાં વાલી આપ મારે ભડા....તુંકા.
ભડો - : કૂકડે બોકડે વાલી આપજે મારે ભડે.......તુંકા.
ભડી - : દેવલી માડી એકકણ્યેણે બતરી કણ્યે વાલી આપ મારે ભાડા......તુંકા.
ભડો - : મારે કોઠ્યે પાંજરે વલી ગયે મારે ભડે.....તુંકા.



આં... ભીયે. . . તી દાડે કથ્ ઈથે તીડે કાલ્યો મેઘ વરહી
ગનો, આગાલ પૂંછવાલો, પાછલ મૂંછ વાલો રા. . . ભૂંયા. . .
તી દાડે કથ્ ગાભબી ઓરે ઓર્યા કરતનો, હંહરો હાલી હાકચા
કરતનો, પાદરી પાંચારી પાણી આપચા કરતીની રા. . . ભૂંયા. . .
તી દાડે ભર્યો ખોલો બાન્જા કરતના, બી-બીવડ કથ્ જેમાણા હાથે વાળતા જાતના,
ડાબા હાથે ટોપની ધરતા જાતના રા ભૂંયા. . .
તી દાડે કથ્ નેદતા જાતના ગોડતા જાતના, લીલાલહેર વલતી જાતની રા... ભૂંયા.
તી દાડે કથ્ પાકીન કથ્, હેડા પાંહા પડતીગની. તી દાડે કથ્
વાડતા ગના, તોડતા ગના; તી દાડે કથ્ હનખલી, ઘનખલી,
દૂધખલી, પૂનખલી તે ખલતેમાં નાખતા ગના રા. . . ભૂંયા. . . .
તી દાડે કથ્ કાબરો, ચીતરો, ખાંદિયો જોડતા ગના, હનાય ગોડવે
બાંધતા ગનારા ભૂંયા.
તી દાડે કથ્ હનાય કોડીન્, હનાય પંજીઠ. તી દાડે કથ્ ઉગાય
પરાલ કાઢતા ગના રા. . . ભૂંયા. . .
તી દાડે હના બુઆરી રા. . . ભૂંયા. આજે હુના કરાઠી રા. . . ભૂંયા.
આજે હના કામ્બજ, રા ભૂંયા. હના ફટક રા. . . ભૂંયા. . .
આજે હના હૂપડ રા. . . ભૂંયા.
તી દાડે હના ફટક્ વાવ દેયા કરતના, ભૂખર, વાયર્ વાજજા
કરતન, હેલ વાયર વહજ્જા કરતન્, એક કણ્યે બતરી
કણ્યે વાલ્યા કરતન રા. . . ભૂંયા. . .
તી દાડે કથ્ ભર્યી ગાડલી જોડ્યા કરતના, હના હીદવો
માંડ્યા કરતના રા. . . ભૂંયા. કાબરો, ચીતરો, ખાંદિયો
જોડતા જાતના હના હાદડમાં. તી દાડે કથ્ ઘરાબારામાં આજે
તે કણી નાખતા જાતના રા. . . ભૂંયા. . .
અર્થાત્ - હે ભડી ! તારું ઘર સારું છે. તું પણ ખૂબ સુંદર છો. . .
હે ભડા ! તારાં હળ લાકડાં સારાં છે. તું પણ ખૂબ સુંદર છો. . .
હે ભડી ! તારો ઘરનો ખાંડણિયો સાંબેલું સારાં છે. . .
હે ભડા ! તારાં હળ લાકડાં સારાં છે. . .
હે ભડી ! તારાં હાંડલાં, ચાટવો – રસોઈનાં વાસણો સારાં છે. . .
હે ભડા ! તું ગાલ્લી ભરીને અનાજમાં બરકત કરી દે. . .
હે ભડી ! તું ખાંડણિયામાં બરકત વાળી આપજે. . .
હે ભડા ! તું એક કણીની બત્રીસ કણી વાળી આપજે. . .

હે ભડી ! તું ઘરબારમાં વાળી આપજે. . .

હે ભડા ! તુ મારાં ઢોરઢાંખરમાં વાળી આપજે. . .

હે ભડી ! તું મારાં કૂકડાં, બકરામાં વાળી આપજે. . .

હે ભડા ! તું દેવલી માડીને એક કણીની બત્રીસ કણી વાળી આપે તેમ વિનંતી કરજે.

હે ભડી ! હવે મારા કોઠારો ધનધાન્યથી માડીએ વાળી આપ્યા છે - ભરી આપ્યા છે. તેમની કૃપા થઈ ગઈ છે..

હે દેવ ! તે દિવસે આ કિનારે કાળો મેઘ વરસી ગયેલો. તે આગળ પૂંછવાળો અને પાછળ મૂંછવાળો હતો. તે દિવસે વરાપ આવતાં, વાવણી કર્યા કરતા હતા. હસમુખો હાળી હળ હાંક્યા કરતો હતો અને તેની પાતળી પનિહારી પાણી આપ્યા કરતી હતી.

હે દેવ ! તે દિવસે અમે બીનો ભરેલો ખોળો બાંધ્યા કરતા હતા અને જમણા હાથે બી-બિયારણ વાવતા જતા હતા, તથા ડાબા હાથે ટોપલી પકડતા હતા.

હે દેવ ! તે દિવસે નીંદામણ નીંદતા જતા હતા, ગોડતા જતા હતા અને તારી કૃપાથી લીલાલહેર હતી.

હે દેવ ! અનાજ પાકીને લચી પડવાથી ખેતરની પાળ પર પડી ગયેલું તે દિવસે તેને લણતા ગયેલા, કાપતા ગયેલા. તે દિવસે સોનાની ખળી, ધન ખળી, દૂધ ખળી, પુણ્ય ખળી તેવી ખળીમાં નાખતા ગયેલા.

હે દેવ ! તે દિવસે કાબરો, ચીતરો, બળદ જોડીને ગયેલા. સોનાનું મોઢિયું તેને મોઢે બાંધતા ગયેલા. તે દિવસે તારો વૈભવ બહુ હતો. તારી સોનાની વળી, સોનાની પંજેઠી હતી. તે દિવસે પરાળના પૂળા કાઢતા ગયેલા. તારી ખળીનો સોનાનો સાવરણો, સોનાનો કરાંઠો, સોનાની પરાળ, સોનાનું પાંખિયું હતું. તારી સોનાની ફટકારવાની પછેડી, તારું સોનાનું સૂપડું છે.

હે દેવ ! તે દિવસે તમે સોનાની પછેડી ઉડાડતા ભાત સાફ કરતા હતા. તેમાંથી સૂકો પવન વાયા કરતો હતો. ઠંડો પવન વાયા કરતો હતો અને એક કણીમાંથી તમે બત્રીસ કણી વાળ્યા કરતા હતા.

હે દેવ ! તે દિવસે ભરેલી ગાલ્લી જોડ્યા કરતા હતા. તેને સોનાનો ટેકો માંડતા હતા, કાબરો બળદ જોડતા હતા, અને ઘર બહાર સોનાની સાદડી પર તે કણી નાખતા જતા હતા.

આમ ભડો અને ભડી - દેવના ખેતીના ચાકર તરીકેના સંવાદ દ્વારા ખેતીની ક્રિયાઓ જેમાં બે ભગત બળદ બને, તેમના ગળામાં દોરડું બાંધવામાં આવે, એક ખેડૂત તેમને ખળીમાં ગોળ ગોળ ખેડતો હોય તેમ ફેરવે છે. પછી બી વાવવું,



નીંદવું, લણવું, અનાજને કૂટવું, કપડાના ફટકાથી ધૂળ ઉડાડી સાફ કરવું, કોઠીમાં ભરવું વગેરે ખેતીની ક્રિયાઓની નાટકીય અભિવ્યક્તિ નાચાણામાં કરવામાં આવે છે. આ દ્વારા દેવને રીઝવીને તેમની કૃપા મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેઓ આ રીતે પ્રાર્થના કરી તેમના કોઠાર ધનધાન્યથી ભરેલા રહે, ખેતર હરિયાળાં રહે, નદીઓ પાણીથી ભરેલી રહે, કૂવામાં પાણી છલકાય, વરસાદની મહેર રહે તે માટે આ પ્રસંગે પ્રાર્થના કરે છે. આ ઉપરાંત દેવપૂજાના ગંભીર અને શુષ્ક વાતાવરણને રંગીન બનાવવા ભડો-ભડીના પ્રેમની રંગરેલિયાંની છાંટ દર્શાવવામાં આવે છે. આ સમયે લોક મનોરંજનનું અત્યંત મહત્ત્વનું કાર્ય આ દ્વારા થતું જોવા મળે છે.

**પીઢું ત્રીજું :**

ચોધરીઓ ખેતીની સાથે થોડુંક પશુપાલન પણ કરે છે. તેથી ગાય, બળદ, ભેંસ, બકરાં વગેરે ઉછેરે છે. તેઓ માને છે કે તેમના દેવો પણ પશુઓ રાખે છે તથા દૂધ, છાશ, માખણ વગેરે પણ બનાવે છે. પશુ ચારે છે. આથી ચોધરીઓમાં ખેતી ઉપરાંત તેમનાં પશુઓની સુખાકારી તેમને માટે મહત્ત્વનો વિષય દેખાય છે. આથી હરખીપૂજામાં આ પશુઓની સુખાકારી માટે પણ દેવોના આશીર્વાદ લેવાનો પ્રયત્ન થાય છે. આવા પ્રયત્નને એક સ્વતંત્ર પીઢા-અધ્યાય તરીકે ભગતો દ્વારા પૂજામાં રજૂઆત થતી જોવા મળે છે.

પીઢાની શરૂઆત દેવની ડોવળીવાળાના સૂરથી ભગતો શરૂ કરે છે. ભગતો એક પછી એક ધૂણ ચડાવી ધૂણ સ્થિર કરીને ચાચરદેવ પાસે પીઢાની શરૂઆત કરવાની આજ્ઞારૂપે છાતી ઠોકીને દેવની ગાય, દેવની ગોરી ગાય, દેવની કાળી ગાય, દેવની કાબરી ગાય, દેવની ચાંદરી ભેંસ, દેવની ગોરી ભેંસ, દેવનો ધોળો બળદ, દેવનો ખાંડો બળદ, દેવનો મીંડો બળદ, દેવનો સાંઢ, દેવનો પાડો વગેરે પ્રકારે અભિવ્યક્તિ કરે છે. મુખ્ય ભગત દેવનો ગોવાળ બને. એક ભગત દેવની ગોવાલણ બને અને નાચતા ગાતા, સ્તુતિ કરતા પીઢાની રજૂઆત નીચે પ્રમાણે કરવામાં આવે છે.

આં ભીયે...! નામે હીરો ગોવલી, છાહ્યો ગોવલી, બડો માખાણ્યો ગોવલી, બડો કાનો ગોવલી, નામે દેવલી માડ્યેણે મોટો ગોવલી, દેવલીમાડ્યેણે હર્યો ગોવલી. . . . આંભીયે ! . . . નામે હીજલી ગોવાલણ,... નામે દેવલીમાડ્યેણે ગોવાલણ, વલતી ગોવાલણ, ઢલતી ગોવાલણ... નામે કુંવા હાંડ, નામે ફેદરા હાંડ, નામે દેવલીમાડ્યેણે માનતો પાડો, રીદીણ્યો પાડો. નામે પાતાલ ગાય, નામે દૂબલ ગાય. નામે માડ્યાણે ખોખર દાદર, દામાણી દાદર... આજે કથ્, ચાંદરી ભેંહે, ગોરી ભેંહે. આજે કથ્ તીયે ઠેકાણે હુના કૂડા, હના મોવર, હના

દામણ... આજે કથ્ વાલ્યા કરતન્... એઈ... આજે કથ્ છાહો ભમરા વાલતેને, આજે માખીગાય વાલ્ વાલતેને.... આજે માનીત ગોલ, પાંહે પીરે તોરે.... આજે કથ્ આજે ઈયે ઠેકાણે ઘરા-બારામાં વલત જાય, ડોબા ઠાંડામાં વલત્ જાય. આજે કથ્ દોડતાન્ પડતા આવના. તીયા તોરે સત જાય માન જાય.

આજે ધીહાંમાં-ગુરખામાં આજે વલત્ જાય. તીયા તોરે કથ્ સત હા... આજે ભૂંજતી રવી, આજે માનતી રવી, આજે ભર્યા નેતરે, આજે હુંહરે નેતરે, આજે છાહા તાણનારી મસ્કાલી, આજે ગાય દૂનારી, આજે બેરી કવાતની, તીયા તોરે કથ્ સત હા....

આજે જહ દેજે માજી. હીરો ગોવલી, કાનો ગોવલી, મેનો ગોવલી, દૂજએ ગોવલી. આજે હોના કૂડ, આજે કૂંચી હેરી, આજે ભર્યો ડાંડ, આજે તીયેજ ડાંડે. આજે કથ્ વાલ્યા કરત્ન. તીયા તોરે કથ સત હા....

આજે જહ દેજે, માન દેજે. આજે ભર્યે નેતરે હોતને, આજે તીયા સત જાણાય, માન જાણાય. વરની પડે, વાંધોની પડે, આજે ખરી પૂંજ પડી જાય....*

અર્થાત્ — નામે હીરો ગોવાળ, છાસ્યો ગોવાળ, મોટો માખણિયો ગોવાળ, મોટો કાનો ગોવાળ, નામે દેવલી માડીનો મોટો ગોવાળ, દેવલી માડીનો હર્યો ગોવાળ. નામે હીજલી ગોવાલણ, નામે દેવલીમાડીની ગોવાલણ, વળતી ગોવાલણ, ઢળતી ગોવાલણ. કૂંવર નામનો સાંઢ, ફેદરો સાંઢ. દેવલીમાડીનો માનીતો પાડો, દેવલીમાડીનો ગાંગરતો પાડો. નામે દૂધાળ ગાય, નામે પાતળી ગાય. નામે માડીનું વેરાન ગોચર, લીલાં ગોચર. આજે તારા દરબારમાં ચાંદરી ભેંસ, ગોરી ભેંસ. આજે સોનાના કોઠાર, સોનાનાં મોઢિયાં, સોનાનાં દામણાં. હે દેવ! તું અમારું બધું વાળી આપજે. આજે અમે છાશ તાણતા હતા, આજે ભરેલી ગોળી, માનીતી સોનાની ગોળી. પીરદેવના સ્થાનકે આજે, તારું સત્ જણાય, માન જણાય. આજે તેમાં ક્યાંય વાંધો-વચકો ન પડે તે તું જોજે.

આજે અમારા ઘર-બારમાં બધું વળતું કરજે, આજે અમે સવાસોનો ખર્ચ કરીને તારે આંગણે દોડતા, પડતા, તારી દયા-કૃપા માગવા આવ્યા છીએ ત્યારે હે દેવી ! જોજે તારું સત જાય નહીં.

આજે ઘીમાં-ગુરબામાં વળતું થજો. તારે ત્યાં શેની અછત છે! આજે ફરતી રવી, માનીતી રવી, ગોળીમાં ફરે છે, તારા નામનાં નેતરાં-છાશ તાણવાનાં દોરડાં-હસતાં તાણીએ છીએ. આજે છાશ તાણનારી, દૂધ કાઢનારી બધી તારી દયા ઈચ્છે છે. હે દેવી ! જોજે તારું સત્ જાય નહીં.

* વધુ વિગતો માટે પરિશિષ્ટ - પીઢા ત્રીજામાં જુઓ.



આજે હીરો ગોવાળ, કાનો ગોવાળ, માનો ગોવાળ, દૂધીયો ગોવાળ વગેરે બનીને આજે અમે તારી પૂજા કરીએ છીએ. તારા સોનાના કોઠાર, તારો રસ્તો ભર્યો છે માડી. તું અમારું સર્વ પ્રકારે વળતું કરજે. ત્યારે તારું સત છે તેમ જણાશે.

તું અમને – પૂજા કરનારાને, હરખીમાં આવેલા સૌને જશ આપજે, માન આપજે, તારી દયા-કૃપા આપજે. ત્યારે તારું સત સાચું છે તેમ અમે સમજીશું. આમાં કોઈ વાંધો, કોઈ વળ ન પડે. આજે તારી પૂજાની ખરી અંજલી પાડીએ છીએ.

આમ, આ પીઢામાં દેવને વિનંતી કરે છે કે તું અમારાં ઢોર-ઢાંખરમાં, વાછરડાં-પાડાંમાં, દૂધ, માખણ અને ઘીમાં તું વળતું કરજે. બધું હર્યુંભર્યું કરજે. પશુ સંપત્તિમાં વૃદ્ધિ કરજે. આ વિનંતીમાં નાટકીય અભિવ્યક્તિમાં એક ભગત દેવનો ગોવાળ બને છે. એક દેવની ગોવાલણ બને છે અને સ્ત્રીનો પોશાક ધારણ કરે છે. છાશ તાણવાની અભિવ્યક્તિમાં એક ગોળી કે દેગડામાં પાણી નાખી લાકડી મૂકી તેને નેતરાં બાંધવામાં આવે છે અને પછી બન્ને જણાં તાણે છે, થોડી થોડી વારે માખણ માટે જુએ છે. વધુમાં ગોવાળ-ગોવાલણના પ્રેમવાર્તાલાપની રજૂઆત દર્શાવી પૂજાના નીરસ વાતાવરણમાં આનંદની છોળો ઉડાડવાનું અને ગમ્મત પૂરી પાડી રાત્રીની ઊંઘ ખંખેરવાનું પણ તે કાર્ય કરે છે, અને સૌને દેવપૂજામાં ભાગીદાર બનાવે છે. આમ, તેમના પશુપાલન જીવનની ઝલક દર્શાવી તે અંગેની સુખાકારી તથા તેની વિપુલતા માટે દયાની પ્રાર્થના કરવામાં આવે છે.

**પીઢું ચોથું :** આ પીઢામાં દેવનું ઘર, આંગણું, ઘરવખરી વગેરેનું વર્ણન કરવામાં આવે છે.આમાં એક ભગત દેવના ઘરનો ચાકર અને એક ભગત દેવના ઘરની સ્ત્રી-ચાકર બને છે. સાવરણી, સૂપડી લઈ ઘરની સફાઈ કરી કચરો કાઢે છે. આ કચરો ક્યાં નાખવો તેની વિચારણા કરે છે. જવાબી જ્યાં કહે તે દિશામાં તે નાખવામાં આવે છે. આ રીતે દેવના ઘરનું કામ કરવાની અભિવ્યક્તિ દ્વારા દેવને ખુશ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

આ પીઢામાં ભગત રાયખલીમાં ધૂણ ચડાવી ધૂણ સ્થિર કર્યા પછી ભોગી પાસે થઈને વેશની નીચે પ્રમાણે રજૂઆત કરે છે :

આં...ભીયે! દાબજ્ નગરનો ગાબાણો હાળી. દાબજ્ નગરનો દાબાણ પાચટ. દાબજ્ નગરનો ગાબાણા હાલ્યાણે. આજે કથ્ હોનાની રાહ, હનાની જોહરી, હનાની સામેલ, હનાનો પરાણો. આં...ભીયે! આજે કથ્ હના બુઆરી રા ...ભૂંયા. આજે કથ્ હના કરાડો રા...ભૂયા. આં...ભીયે ! પીયે પાહી નાંખાવું તે

ઉગતો મામા હૂરજ દબાઈ જાય. પીયે પાહી નંખાવું તો તાપી-નર્મદા દબાઈ જાય. તુમારે રજા હોય તો ભીલવાડામાં નાંખજે.

અર્થાત્ — પૂર્વજોના નગરનો ગાબાણો હાળી, પૂર્વજોના નગરની હાલાણી, સોનાનું દોરડું, સોનાની ધૂંસરી, સોનાની સામેલ, સોનાનો પરોણો. આજે સોનાની સાવરણી, સોનાની સૂપડી....

આમ – નોકર અને નોકરડી ઘરઆંગણાનો કચરો વાળીને ભેગો કરે છે. હવે આ તો દેવના ઘરનો કચરો છે એટલે તેને ક્યાં નાખવો? માટે જવાબી પાસેથી તેનો જવાબ મેળવવામાં આવે છે અને તે જ્યાં, જે દિશામાં કહે – ત્યાં નાખવામાં આવે છે. ભગતો જવાબી આગળ નિવેદન કરે છે.

હે ભાઈ ! અમે સફાઈ કરી લીધી છે. અમે આ કચરો પૂર્વમાં નાખીએ તો સૂરજ દબાઈ જશે. દક્ષિણમાં નાખીશું તો ડૂબતો કે આથમતો સૂરજ દબાઈ જશે. ઉત્તરમાં નાખીશું તો તાપી અને નર્મદા દબાઈ જશે તો અમને લાગે છે કે તમે રજા આપો તો વાયવ્ય દિશામાં ભીલવાસમાં નાખીએ. પછી એ તરફ કચરો નાખવામાં આવે છે.

આ પીઢામાં દેવના ઘરના નોકર-ચાકરનો વેશ કાઢીને દેવપૂજા કરવાની નાટકીય અભિવ્યક્તિ કરવામાં આવે છે. તથા દેવના ઘરનું મહત્ત્વ, સોનાની ધાતુની સર્વ વસ્તુઓનું વર્ણન અને દેવના ઘરનો કચરો પણ એટલો ભારે અમૂલ્ય છે કે આ સાંસારિક-ભૌતિક જગત દબાઈ જવાનો ડર રહે છે. આ દ્વારા દેવનો વૈભવ અને મહત્ત્વ દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ રીતે આ પીઢું અહીં પૂરું કરવામાં આવે છે.

**પીઢું પાંચમું :** આ પીઢામાં જે દેવની પૂજામાં હરખી આવી છે તે દેવના સ્થાનકના સંદર્ભમાં વર્ણન કરવામાં આવ છે. તેમાં દેવના મહેલ, સ્નાનની જગ્યા, અન્ય દેવદેવીઓ વગેરેની રજૂઆત કરવામાં આવે છે. "તારું બધું અમારા કરતાં ઘણું રૂડું છે. તું અમારું પણ રૂડું કરજે. અમે અગાઉ પણ તારી પૂજા કરવા આવ્યા હતા. ત્યારે તેં દયા કરી અમારું બધું વળતું-રૂડું કર્યું હતું. અમારાં છોકરાં-છૈયાંમાં, ખેતીવાડીમાં, ઢોરઢાંખરમાં, મરઘાં-બોકડાંમાં, બધે તેં સુખશાંતિ અમને આપી હતી. આ વખતે પણ તું અમારી આ વિનંતી સાંભળી કૃપાદૃષ્ટિ કરી અમને સર્વે બાબતોમાં બરકત આપી અમારું રૂડું કરજે. અમને સુખસમૃદ્ધિ અને શાંતિ આપજે." આ પ્રકારની રજૂઆત પીઢા દ્વારા ખલીમાં કરવામાં આવે છે. આ ઉપરાંત તેમના મૂળ પૂર્વજો રાજાપાન્ઠો, અને બાલાવીદાણને પણ યાદ કરવામાં આવે છે. એ બધાની સાક્ષીએ તું અમને તારા આશીર્વાદ આપજે જેથી અમારું રૂડું થાય તેમ ઈચ્છવામાં આવે છે.



ભગતો અગાઉની જેમ આંગીઠ પાસે બેસી ધૂણ ચડાવે છે, ધૂણ સ્થિર થયા પછી જવાબીઓ ભોગી પાસે જઈને પીઢામાં કરવાના વેશ વિશે રજૂઆત કરે છે અને પીઢું ચાલુ કરવામાં આવે છે.

"આં...ભીયે! આજે કથ્ ઈયે ઠેકાણે દેવલીમાડ્યેણે ખોલે આજે દડતીને પડતી હરખી આવી હા.... આજે ઈયે ઠેકાણે વાહ વાહ હરખીયેમાં આજે ખર ખીયત કર્યાકરતી હા.... આજે દેવલી માડ્યેણે આપડે કથ્ પગે પોટે પડી નેહું રા...ભૂંયા... આજે કથ રાજાપાન્ઠા અને બાલાવીદાણ રા... ભૂંયા.... આજે જર જવાબ દેતા જાહું, જૂગણો માલ્યે ફેડતા જાહું... આજે ઘરામાં, બારામાં, ખેતામાં, ખલામાં, ખેત્યેમાં, વાડ્યેમાં, વલતા જાહું. એક કણ્યેણે બતરી કણ્યે વાલતે જાહૂંરા... ભૂયા.... દેવલી માડી આજે તારે ઘરને આંગણે દોડતાન્ પડતા આવના. પોગે પડતા જાહું, પૂંજ પાડતા જાહૂં રા... ભૂંયા.... આજે બતરી વાજે, બતરી ચાલા વજાડતા જાહું. દરબારમાં આવહું, બતરી માણેહ નેતા જાહૂં, વાત વગળતા જાહૂં. આજે... કથ્ ભૂલની પડે, ચૂકની પડે રા... ભૂંયા....

આં...ભીયે...! તીદાડે કથ્ હોડો દેવ, હાંહોદેવ, ભંગજી દેવ, મહેનત દેવ, મજૂર દેવ, બુદ્ધિ દેવ, રોજગાર દેવ, હજ્જી દેવ. તી દાડે કથ્ આપલ્યા હૂઝ દેખાડને રા... ભૂંયા.... તી દાડે કથ્ ઈયે દેવ પૂંજી દેતના રા.... ભૂંયા.... તીદાડે કથ્ કાવડી કુકડ, બામણી બોકડે, હુડે હોપારી, પીપન્ચે ઘરી બગતા ખરાડા ચાર પાગાણા ઘોડા આપડે નેતા જાતના રા... ભૂંયા.... તી દાડે કથ્ વલ્લો દેવ વલતુ કરજે. આજે કથ્ કાણી કાણ્યે, આજે કથ્ ઘરા-બારામાં વાલી આપચા કરતને રા... ભૂંયા.... તી દાડે પગે પોટે પડતા જાતના, નવસે નવાણું, નમન કરતા, કાનફેટાણી ભેટના જાતના, હંહતા રમતા, ખાતાપીતા જાતના રા... ભૂંયા....

અર્થાત્ — આજે આ ઠેકાણે દેવલીમાડીના ખોળે આજે હરખી દોડતી અને પડતી આવી છે. આજે આ હરખીમાં અમે નાટક ટુચકા કરતા જઈશું માડી ! આજે દેવલીમાડીને પગે પડતા જઈશું. આજે આપણા પૂર્વજો રાજાપાન્ઠો અને બાલાવીદાણને યાદ કરતા જઈશું. આજે જર જવાબ આપતા જઈશું, બ્રહ્માંડના ભેદ ઉકેલતા જઈશું. અને ઘરમાં-બારામાં, ખેતીમાં-વાડીમાં વાળતા જઈશું. તારી કૃપાથી એક કણીની બત્રીસ કણી વાળતા જઈશું. તને નમસ્કાર કરતા જઈશું. તારા નામની પુંજ મૂકતા જઈશું.

આજે બત્રીસ વાજાં અને બત્રીસ તાલ વગાડતા જઈશું. તારા દરબારમાં બત્રીસ માણસો આવીશું. તારી વાત સમજતા જઈશું. આજે તારા કાર્યમાં માડી ભૂલચૂક થાય નહીં.

હે માડી ! તે દિવસે સાંધોદેવ, શેઢોદેવ, ધંધોરોજગારદેવ, ભંગજીદેવ,

મહેનતદેવ, શ્રમદેવ, બુદ્ધિદેવ, સૂઝબૂઝ આપનાર દેવ જે અમને સૂઝ દેખાડતો હતો. તે દિવસે તે બધા દેવોની પૂજા કરેલી. તે દિવસે સૌ દેવોને પૈસો-ટકો, કૂકડાં, બોકડાં, સૂડી-સોપારી બધું તથા માટીના ચાર પગવાળા ઘોડા વગેરે ચડાવ્યું હતું. તે દિવસે વલ્લાદેવે વળતું કરેલું. કાણી વાળેલી. તું આજે અમારી કણી વાળી આપજે. તે દિવસની જેમ આજે પાણ તને પગે પડતા જઈશું, નવસો નવ્વાણું નમસ્કાર કરતા જઈશું. કાન સાથે કાન અડાડીને તને ભેટતા જઈશું, હસતા, રમતા, ખાતા-પીતા આનંદથી પાછા જતા રહીશું માડી !

આમ, આ પીઢામાં જોઈએ તો સમગ્રપાણે જે મુખ્ય દેવે હરખી ગઈ હોય છે તે દેવના સ્થાનકના મહત્ત્વ વિશે ગુણગાન કરી સ્તુતિ કે વિનંતી કરવામાં આવે છે. અગાઉ કરેલી પૂજા વખતે પાણ તેં દયા કરી હતી તેવો હવાલો પાણ આપવામાં આવે છે અને આ વખતે પાણ તેવી જ કૃપા તું કરજે તેમ વિનંતીપૂર્વક માગાણી કરવામાં આવે છે.

ચોધરીઓમાં જોવા મળતી હરખીપૂજામાં રજૂ કરવામાં આવતાં પીઢાં એ એક વિશિષ્ટ પ્રકારની ગદ્ય-પદ્યાત્મક નાટકીય અભિવ્યક્તિ કે વેશ કાઢવા જેવું એક અધ્યાયનું સ્વરૂપ દેખાય છે. ભગતો પોતે જ પીઢાં દર્શાવતાં બોલમાં દર્શાવે છે કે, ''હે માડી ! આજ ખર ખીયત કર્યા કરતા હા'' — અર્થાત્ આજે આ પૂજામાં નાટક ટુચકા કરતા જઈશું. દેવપૂજા સાથે તેમાણે જોડેલી આ નાટકીય અભિવ્યક્તિ-વેશ સમગ્ર પૂજાના નીરસ તત્ત્વને, આખી રાતના ઉજાગરાને દૂર કરી આનંદમય અને સજાગ રહેવાની સ્થિતિને તથા દેવો પરત્વેના તેમના પરંપરાગત અહોભાવમાં અને તેમની શ્રદ્ધાની દઢતામાં ભારે વધારો કરનારી દેખાય છે. તેમની વિષયવસ્તુ બધે એક જ સ્વરૂપની હોય છે પાણ તેની અભિવ્યક્તિ તથા પીઢાના ક્રમ એકસરખા હોતા નથી. આ સમગ્ર પૂજા અલેખિત સ્વરૂપે છે તથા પ્રાદેશિક વૈવિધ્ય તેમાં ભળે છે. એટલે નાટકીય અભિવ્યક્તિમાં તથા તેના સમયગાળામાં હમેશાં એક જ સરખાપાણું કે સામ્ય જોવા મળતું નથી. પરંતુ ભગતની પૂજાના બોલની અભિવ્યક્તિ મહદંશે બધે એક જ સરખા પ્રકારની રહેતી જોવા મળે છે. ચોધરીઓમાં ભગત થવાની તાલીમમાં દેવની પૂજાની તાલીમ હજુ એકસરખા સ્વરૂપની માળખાકીય પ્રકારે સચવાયેલી જોવા મળે છે. એટલે તેમાં ખાસ ફરક જોવા મળતો નથી. પૂજાના મંત્રો કે તેમાં બોલાતા બોલમાં પુનરાવર્તન ઘાણું થાય છે. એટલે તેમાં વધુ વિગતોનું લંબાણ જોવા મળતું નથી. નાના કે મોટા કોઈ પાણ દેવે કે દેવસ્થાને અમુક પૂજામાં સ્તુતિની રજૂઆત એક જ સરખી જોવા મળે છે, પછી તે દેવપૂજા હોય કે શ્રાદ્ધપૂજા હોય. પૂજાના બોલના માળખાકીય સ્વરૂપમાં કોઈ ખાસ વૈવિધ્યપાણું દેખાતું નથી.



**(૫) ચાકરપૂજા :**

આખી રાત રાયખલીમાં દેવદેવીઓની સ્તુતિ, ગુણગાન તથા નાટક-ટુચકા કે વેશ-પીઢાં કાઢીને પૂજાનો પહેલો તબક્કો સવારમાં સૂરજ ઊગતાં પૂરો કરવામાં આવે છે. બીજા દિવસે ભગતો સ્નાન કરી દેવપૂજા માટે ગુફાદ્વારે જવા માટે ડુંગર પર ચડવાની તૈયારી કરે છે. હરખીની આગેવાની લેનાર મુખ્ય ભગત તથા બીજા ભગતો પાણ તેમની સાથે જોડાય છે. આ ઉપરાંત હરખીમાં આવેલાં સૌ સરઘસ આકારે પૂજા કરનાર ભગતોની પાછળ પાછળ દેવના ગુફાદ્વારે પૂજા કરવા જવામાં જોડાય છે. પૂજાનો જે જે સામાન લાવવામાં આવ્યો હોય તે બધો – કોઠારી, ધજાઓ, માટીની માનવ અને પશુ આકૃતિઓ તથા ઘોડાઓ સાથે લેવામાં આવે છે. મુખ્ય ભગત કમરે ધોતિયાની ફાંટ બાંધી તેમાં ચોખા તથા ડાંગર કાણી તરીકે દેવને અર્પાણ કરવા માટે લઈ લે છે. સૌ ભગતો દેવના નાચની લાકડી સાથે રાખે છે. ડોવળીવાળો ડોવળી વગાડતો વગાડતો ભગતો સાથે છેક ગુફાદ્વાર - 'મ્હૂલ' સુધી સાથે રહે છે. પ્રથમ ભગતો દેવનું પવન ચડાવી પવન સ્થિર થતાં દેવસ્તુતિ ચાલુ કરે છે. પહેલાં ભગતો લાકડી સાથે નાચાણું કરે છે અને દેવની ગુફાને રસ્તે ચાલે છે. ભગત આ સમયે બોલે છે.. આં...ભીયે ! આજે કથ્ દેવલીમાડ્યેણે દરબારમાં આવતા ખરા.... આજે કથ્ ખોલો ભરાવતા આવનારા...ભૂંયા.... આજે કથ્ દેવલીમાડ્યાણે ગઢ મ્હલ જાણે સીદી વાટ. નામે ડોગરે કાકરે જાહું. ચોકીદાર ચોકી ચૂકવહું, નાકેદાર નાકું ચૂકવહું રા... ભૂંયા.... ગઢમ્હલ જાણે ઉગડતો ઝાંપો, નામે હોના બારી, નામે હરખીણે વીછૂડવાણી બારી, ગઢમ્હલ



દેવના મ્હૂલે જતાં નાચાણું



દેવના ચાકર
છાશ તાગે છે.

જાવાગ તીયે ભર્યા, આંગાણ રા... ભૂયાં....

અર્થાત્ — આજે દેવલીમાડીના દરબારમાં આવ્યા છીએ. આજે દેવની કૃપા લેવા – કણી લેવા ખોળો લઈને આવ્યા છીએ. આજે દેવલીમાડીના ગઢની સાદીવાટ. દેવલીમાડીના દ્વારે જવા માટે ડુંગરો કાંકરો ચડતા જઈશું, ચોકીદારને ચોકી ચૂકવશું, નાકેદારને નાકું ચૂકવશું. માડીના ગઢનો ઊઘડતો ઝાંપો. માડીની સોનાની બારી, માડીની હરખીએ જવા માટેની બારી, માડીના ગઢના મ્હૂલે જવા માટેનું ભરેલું આંગાણું.

આમ દેવલીમાડીના ગુફાદ્વારે જતાં પહેલાં તેના ગઢમહેલ, રસ્તો તથા રસ્તામાંના તેના ચાકરો વગેરેનું વાર્ણન દર્શાવવામાં આવે છે. આ દેવનો રસ્તો – દેવની ગુફાનો રસ્તો હોઈ પવિત્ર ગાણાય છે. તેથી હનવાણીવાળો અહીંયાં પાણ હનવાણી છાંટતો છાંટતો સાથે સાથે ચાલે છે. દેવના ગુફા દ્વારે જવાના રસ્તામાં જ થોડા થોડા અંતરે નાના પથ્થરોના દેવના ચાકરોના સ્થાનક જેવા રસ્તાની બન્ને બાજુ રસ્તાનો નિર્દેશ કરતા હોય છે. ભગત આ દરેક ચાકર, નાકેદાર,



ચોકીદાર, છડીદાર, હુકમીદાર વગેરે આગળ એક જ પ્રકારના મંત્રો-સ્તવન – બોલે છે અને નાચાણું કરે છે. દરેક ચાકરના સ્થાનકે સિંદૂરનું ટીલું કરવામાં આવે છે, નાળિયેર, ચોખા, દારૂ, મરઘું ચડાવવામાં આવે છે. આ દરેક ચાકર આગળ પૂજારૂપે બોલ બોલે છે ''આં...ભીયેં ! આજે કથ્ નાકેદાર ચોકીદાર, હુકમીદાર, છડીદાર, પૂંજાય જાતા હા. . . આજે કથ્ નાકેદાર પૂંજપાતા હા... આજે કથ્ દડતાન પડતાન્.. ખાંડો-મીંડો બલદ જોડતા આવાય. ઢલતે માગે, ઢૂલી પડતા આવા. આજે એક કણ્યેણે બતરી કણ્યે વાલી આપતા. આજે દેવલી માડ્યે જહ દેજે માન દેજે.... આજે ખખડોની, ભભડોની. નાકેદાર, ચોકીદાર, છડીદાર. આજે હાપાય મુ બંધ કરતના, વાઘાય ડોકા બંધ કરતના, વા વાપર બંધ કરતના. જહ દેજે માન દેજે...''.

અર્થાત્ — આજે નાકેદાર, ચોકીદાર, હુકમીદાર, છડીદાર, આજે તેમના નામની પુંજ પડે છે. આજે અમે દોડતા ને પડતા ખાંડો-મીંડો બળદ જોડીને આવ્યા છીએ. આજે ઢળતે રસ્તે, ઢળી પડતા આવ્યા છીએ. આજે એક કણીની બત્રીસ કણી વાળી આપજો. આજે માડી તારું સત્ જોઈશું, માન જોઈશું. આજે તારા સ્થાનકમાં કોઈનો ડર નથી, ભય-ગભરાટ નથી. માડી, આજે નાકેદાર, ચોકીદાર સાપનું મોં બંધ કરી દેવાવાળા છે. આજે વાઘની ડોક બંધ કરતા એટલે આ તરફ આવવા નહીં દેનારા છે. આજે તારા આ ચાકરો માડી પવન, વંટોળ બંધ કરવાવાળા છે. માડી, જશ આપજે, માન આપજે.

આમ માડીના ચાકરો કેવું રક્ષાણ કરે છે તેનો ભગતો આ દ્વારા ખ્યાલ રજૂ કરે છે અને દર્શાવે છે કે આવા તારા બહાદુર ચાકરો છે. તારા દરબારમાં ક્યાંયે ડર કે ગભરામાણ જેવું નથી. તેં અમારું રક્ષાણ કર્યું છે. હે દેવી ! તું અમારા પર દયા કરી અમારી એક કાણીની બત્રીસ કાણી કરી આપજે. એટલે અમારી સર્વ બાબતો– ખેતી, ધન-ધાન્યે, પશુ, બકરું, કુકડે, માણસે, સુખ, સમૃદ્ધિ અને શાંતિ આપજે.

**(૬) મ્હૂલ પૂજા :** બધા ચાકરોએ એક સરખી પૂજાની રીત પતાવતાં ક્રમશ: નાકેદાર, ચોકીદાર, છડીદાર વગેરે તેમને નાળિયેર, સિંદૂર, મરઘું વગેરે આપીને છેવટે મુખ્ય દેવના ગુફાદ્વારે હરખી આવી પહોંચે છે. અહીંથી પૂજાનો ત્રીજો તબક્કો શરૂ થાય છે.

પૂજાના આ તબક્કામાં દેવના ગુફાદ્વારે પૂજા કરવામાં આવે છે. ભગતો નાચતા-કૂદતા, દેવની લાકડી સાથે આવે છે. ડોવળીવાળો દેવનાં ગુણગાન– સ્તુતિ વગાડે છે. ભગતો પૂજામાં નીચે પ્રમાણેના બોલ દર્શાવે છે.

આં...ભીયે ! આજે કથ્ ખેતાણી નાણી, કાણીણી કય તઉં



દેવલી મહુડ-કાળો કાકર





દેવલી માડીની મહુડે પૂજા



દેવલી માડીની મ્હ્લ



આજે કથ્ હાચા મનાણી કય તઉં દેવલીમાડી હા...!

નામે માડીનો રંગીન ઝાંપો... નામે ફરતી બારી, ....નામે થદાડતી બારી

નામે હના બારી, ...નામે દેવલીમાડ્યેણે ઉબાતો ઉમેશ, નામે દેવલી માડ્યેણે ઉબાતે હાટડે, ...નામે દેવલી માડ્યેણે હનાય ફૂડ, ...નામે દેવલી માડ્યેણ ઉબાતી ફૂડ.

આજે ખેત્યાણે, વાડ્યેણે, ડોબેણે, ઢાંડાણે, ધરતીણે. આજે ખોખડોની, ભોભડોની. જહ દેજે માન દેજે. આજે છપ્પન તાલે, બાવન ફૂરો, આજે ઉગાડ દેજે, ભૂલની પડે ચૂકની પડે, તીયા તોરે સત જાણ માન જાણ...

અર્થાત્ — હે દેવલીમાડી ! તું અમારું ખેતીનું સ્થાન છે. તું અમારી કાણી છે. તું અમારા મનને જાણનારી છે. તું જ અમારી સાચી દેવી છે. માડીના ઘરનો રંગીન ઝાંપો, નામે ફરતી બારી, નામે તોતિંગ બારી, નામે સોનાની બારી. દેવલી માડીનો ઊભરાતો ઉમરો, દેવલી માડીના ઊભરાતા કોઠાર (પાલાં), દેવલી માડીના સોનાના કોઠાર, દેવલી માડીના ઊભરાતા કોઠાર...

હે દેવલી માડી ! ખેતીમાં, વાડામાં, ઢોર-ઢાંખરમાં, જમીનમાં, તું દયા કરજે. આજે તારી દયાથી ડર નથી, ગભરામણ નથી. તું આજે અમને જશ આપજે માન આપજે... હે દેવી ! આજે છપ્પન તાળાં, બાવન ચાવીઓ તું ઉઘાડી દે ત્યારે તારું સત જાણું, માન જાણું.

આમ દેવના ગુફાદ્વારે દેવના દરવાજા તથા રાજમહેલની રજૂઆત દ્વારા વિનંતી કરી રાજી કરવાનો અને દેવને ખુશ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અને ગુફાદ્વારનાં તાળાં ખોલી અમારો અંદર સ્વીકાર કરો તેવી રજૂઆત કરવામાં આવે છે. પછી મુખ્ય ભગત દેવના ગુફાદ્વારે ચઢે છે. અગાઉ દર્શાવ્યું છે તે પ્રમાણે આ દ્વાર સાંકડું હોય છે એટલે દ્વાર આગળ બેઠા બેઠા વાંકા વળીને દેવની ગુફાની અંદર હાથ લાંબો કરીને સિંદૂરનાં નીચે ટીલાં કરવામાં આવે, ઘીનો દીવો કરવામાં આવે, નાળિયેર ફોડવામાં આવે, ચોખા તથા ડાંગરની અને દારૂની પુંજ મૂકવામાં આવે છે. ગુફાદ્વારે ડાંગરના પરાળનું દોરડું બનાવી તેને જુવારનાં કણસલાં બાંધી તોરણ બાંધે છે. અહીં માટીના વાસણમાં દૂધ મૂકવામાં આવે છે. ધજા, ઘોડા, માનવ તથા પશુઆકૃતિઓ મૂકવામાં આવે છે. આ ગુફાની પૂજા સમયે ભગત નીચે પ્રમાણે બોલ બોલે છે. ચોધરીઓ દેવલીમાડી સ્ત્રી દેવ હોઈ સ્ત્રીઓને પૂજામાં આવવાની છૂટ આપે છે. આથી હરખીમાં આવેલી સ્ત્રીઓ દેવીને તેનું ગુફાદ્વાર ખોલવા માટે વિનંતીરૂપે ગાય છે.

જાંપો ખોલો રાખી રજે... માડ્યે બેના...(૨)

જેવ કથન તેવ નાવે... માડ્યે બેના....(૨)

જેવ જોજે તેવ કજે માડ્યે બેના...(૨)
બગલા ઘોડા આમે નેવે માડ્યે બેના...(૨)
ભરી કોઠારી ભરી નાવે માડ્યે બેના...(૨)
અર્થાત્ – હે માડી ! તું તારો ખોળો તૈયાર રાખજે.
તેં જેવું કહ્યું હતું તેવું બધું લાવ્યા છીએ.
તને જેવું જોઈએ તેવું બધું લાવ્યા છીએ.
તારે માટે અમે સફેદ ઘોડા લાવ્યા છીએ માડી !
કોઠારી ભરીને લાવ્યા છીએ માડી ! દરવાજો ખોલજે.

દેવની પૂજા વખતે ભગતો નીચે પ્રમાણે રજૂઆત કરે છે.

"...નામે વાઘાણે વીસુરવાની બારી,
આજે વાઘ પાંજરો આંજુ ચીમાયા કરતા હા,
આજે કથ્ ઈયે ઠેકાણે માડી માતાણે હાંબાર માંડવો કવાતનો.
આજે કથ્ મલાણે વલતો તોરણ, આજે કથ્ તૂને હનારૂપાણે પૂંજ પડતી હા...
આજે પોર્યામાં, છોકરામાં, ઘરામાં, બારામાં, ખેતામાં, ખલામાં,
ડાબામાં, ઢાંઢામાં, કૂકડેમાં, બોકડેમાં, વાલી આવજે રા... માડી !
આજે વરની પડે, વાંધોની પડે, આજે ધરામાં, બારામાં સુખે
પરગડીયે વાલતે જાય તીય તોરે સત જાણ માન જાણ માડી !"

અર્થાત્ – માડી તારા મહેલમાં વાઘને પસાર થવાની બારી,
માડી વાઘ આજે તારા પાંજરામાં લપાઈ રહ્યો છે,
માડી આજે તારો અહીં મોટો માંડવો, આજે તારે ઘરને દરવાજે તોરણ,
આજે તારે આંગણે સોનાની પુંજ પડે છે,
આજે છોકરાંછૈયામાં, ઘર-બારમાં, ખેતી-ખળામાં, ઢોરઢાંખરમાં, કૂકડા-બકરામાં, તું વાળી આપજે. આમાં કોઈ વળ-વાંધો પડે નહીં. હે દેવી, અમારા દરબાર-ઘરમાં સુખના દિવસો વળતા થાય ત્યારે તારું સત્ જાણું, માન જાણું.

પછી ભગત દ્વારા દેવની ગુફાની એ પૂજા, નૈવેદ્ય અપાય છે. ઘીનો દીવો કરવામાં આવે છે. દેવના વાઘ માટે માટીના વાસણમાં દૂધ રેડવામાં આવે છે, નવાં તોરણ બાંધવામાં આવે છે. ઘોડા, માટીની આકૃતિઓ મૂકવામાં આવે છે. લાવેલાં બકરાં, મરઘાં, દેવને બતાડી સમર્પણ કરવામાં આવે છે. પછી વધ કરવાના સ્થાનક "દાહતે" લઈ જઈ વધ કરી, તેની રસોઈ કરીને પછી દેવને ચઢાવી દેવામાં આવે છે. ભગતે બાંધેલી ડાંગર અને ચોખાની ફાંટમાંથી ચોખા, ડાંગરની પુંજ દેવને મૂકી અર્પણ કરવામાં આવે છે. તેમાંથી પ્રસાદ તરીકે અને આશીર્વાદ તરીકે થોડા ચોખા, ડાંગર, ફાંટમાં લઈને ફાંટ બાંધી દેવામાં આવે છે.



આમ મ્હલ પૂજાનો આ તબક્કો અહીં પૂરો થાય છે.

ચોધરીઓ હરખી-દેવપૂજા વાસ્તવમાં તેમનાં ઘર, કુટુંબ, છૈયાંછોકરાં, પશુ-પંખીઓમાં સુખાકારી રહે, ધન ધાન્યે કોઠાર ભરેલા રહે, વંશવૃદ્ધિ થાય તથા કોઈ નડતર ન થાય તે માટે જીવનના એક ધાર્મિક કાર્ય તરીકે કરે છે. આ પૂજા દ્વારા દેવોની પ્રસન્નતા, આશીર્વાદ તેમને પ્રાપ્ત થાય છે તેમ તેઓ માને છે. તેઓ કોઠારીમાં ડાંગર, ચોખા, અનાજ, બી વગેરે જે લાવ્યાં હોય છે તેને દેવના મ્હલે સામે ધરે છે અને દેવોના આશીર્વાદ લે છે જે તે પ્રસાદ સ્વરૂપે ભગત એક પોટલીમાં બાંધી આપે છે. ચોધરીઓ આ પ્રસાદને "કણી", "કવની", "કુંબર" અને "બીવડ" તરીકે ઓળખાવે છે. ("કણી" એટલે ડાંગર, "કવની" એટલે પૂજાના ચોખા, "કુંબર" એટલે જુવાર વગેરે ધાન્ય અને "બીવડ" એટલે શાકભાજીનાં બીજ.) આ પ્રસાદ ખાવાથી શરીરમાં શક્તિ-સ્ફૂર્તિ વધે છે, રોગનો ભય દૂર થાય છે, માંદગી આવતી નથી અને વંશવૃદ્ધિ થાય છે, પશુને સારાં વાછરડાં જન્મે છે, દૂધમાં વૃદ્ધિ થાય છે, ધનધાન્યે કોઠીઓ ભરેલી રહે છે, અને ઘરમાં મેલાં તત્ત્વો પ્રવેશતાં નથી તેમ માને છે. આથી તેમનામાં દેવપ્રસાદનું ઘણું ભારે મહત્ત્વ જોવા મળે છે.

**(૭) દેવનો ભોગ :**

હરખી પૂજાનો આ ચોથો તબક્કો છે. ચોધરીઓ માને છે કે દેવપૂજામાં કેવળ પ્રાર્થના-વિનંતી પૂરતી નથી. દેવોને ખુશ કરવા હોય તો તેમને કશુંક નૈવેદ્ય અર્પણ કરવું પડે છે. ચોધરીઓ પોતે પરંપરાગત રીતે વન્ય જીવ હોઈ વન્ય ધર્મી છે. એટલે પરંપરાગત રીતે માંસાહાર સ્વીકૃત છે. આથી એમના દેવો પણ ખાતા-પીતા છે. તેથી ભોગ વિનાની પૂજા અધૂરી રહે છે તેમ તેઓ માને છે. પરંપરાગત રીતે જુદા જુદા દેવોને શો શો ભોગ આપવો તે પણ ચોધરીઓના ધાર્મિક માળખામાં નક્કી કરવામાં આવેલું છે. દા.ત. દૂધ મોગરા આગળ આઝાદી પહેલાં પશુ બલીમાં પાડાનો ભોગ આપવામાં આવતો હતો. હવે તેમાં થોડો ફેરફાર થયો છે. એટલું જ નહીં પણ ભોગ માટે લાવેલા બલીને કેટલાંક દેવસ્થાનોએ વધ કરવામાં આવતો નથી પરંતુ દેવના નામે બકરાં, કૂકડાંને માર્યા વિના જંગલમાં દેવસ્થાને છોડી મૂકવામાં આવે છે. પછી તેને કોઈ મારતું નથી. તે દેવનું બકરું, દેવનો કૂકડો ગણાય છે. આમ ભોગના સંદર્ભમાં ચોધરી ધાર્મિક માળખું ઘણી વિગતોની સ્પષ્ટતાવાળું છે. દા.ત. અમુક નાની નાની પૂજા વગેરેમાં ઈંડાનો ભોગ આપવાનું વિધાન દર્શાવવામાં આવે છે. અમુક પૂજાઓમાં મરઘીનાં બચ્ચાં - "પીલ્લા"નો ભોગ આપવાનું વિધાન છે. જ્યારે મોટી પૂજા હોય ત્યાં મરઘો, બકરો વગેરેનું વિધાન ભગત કરે છે. એટલે ચોધરીઓની

દેવપૂજાનું સમગ્ર સ્વરૂપ તેના વિવિધ તબક્કાઓ, પાસાંઓ બહુ ઝીણવટપૂર્વક દર્શાવવામાં આવે છે અને દરેકનું યોગ્યપણે પાલન થાય તે તેમના પૂજાના સંદર્ભમાં આવશ્યક મનાયું છે.

અગાઉ દેવસ્થાન વિશેની ચર્ચામાં વિગતે સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે, હરખીપૂજામાં દેવને આપવામાં આવતો ભોગ સીધો દેવસ્થાને-મ્હલે મારવામાં આવતો નથી. દરેક દેવસ્થાને અન્ય ચાકરોનાં સ્થાનકો છે, તેમ ભોગનો વધ કરવાનું સ્થાનક પણ દેવના સ્થાનની સમગ્ર રચનામાં નિશ્ચિત કરવામાં આવેલું હોય છે. આ જગ્યાને તેઓ ''ઉતારો'' તરીકે ઓળખાવે છે. દેવના ગુફાદ્વારે દેવપૂજા પૂરી થઈ જાય ત્યારે ભોગ આપવાનાં બકરાં, મરઘાંને દેવને બતાડી ચઢાવી દેવામાં આવે છે. પછી વધ કરવાના સ્થાનકે લઈ જઈને વધ કરવામાં આવે છે. આ સ્થાન દેવસ્થાનનો ભાગ હોઈ અન્ય સ્થાનોની જેમ તેની પણ ભગતો દ્વારા સિંદૂર, ધૂપ, ઈંડાં અથવા મરઘાનાં નાનાં બચ્ચાંનો ભોગ આપીને તેને ખુશ કરવામાં આવે છે અને દેવના ભોગનો વધ કરવા માટે રજા માંગવામાં આવે છે. તે પછી ભોગનો વધ કરવામાં આવે છે. મરઘાનાં પીંછાંમાંથી હાર બનાવી આ સ્થાને બાંધવામાં આવે છે. બકરાના માથાની ભગત પૂજા કરે છે, મંત્રોચ્ચાર પછી તે એક જ ઝાટકા વડે કપાઈ જાય તે રીતે તેનો વધ કરવામાં આવે છે. આ વધની દેવને માટે સ્વતંત્ર રસોઈ બનાવવામાં આવે છે. આ રીતે દેવના ભોગનો આ તબક્કો અહીં પૂરો થાય છે.

આજે પરંપરાગત ચોધરી ધાર્મિક માળખામાં સંપર્ક, શિક્ષણ તથા સુધારવાદી કે સાંપ્રદાયિક અસરને કારણે દારૂ તથા માંસાહાર છોડવા તરફની એક ગતિ જોવા મળે છે. પરંતુ તેમની પરંપરાગત દેવપૂજવાની શ્રદ્ધામાં હજુ ઓટ આવી નથી. આવી સ્થિતિમાં દેવોની ચોખ્ખી પૂજા એટલે દારૂને બદલે ચા અને પશુ-પંખીના બલીને બદલે નાળિયેર જેવાં કેટલાંક પ્રાસંગિક અનુકૂલનોનો ચોધરી માળખામાં સ્વીકાર થયો છે. અને પરંપરાગત દેવપૂજાની શ્રદ્ધા, હરખીપૂજા કરવાનું વલણ જળવાતું જોવા મળે છે. આમ પ્રાસંગિક વિવિધ ક્રિયાઓમાં નાનાં નાનાં પરિવર્તનો કે ફેરફારો ચોધરી ધાર્મિક માળખામાં જરૂર જોવા મળે છે. પરંતુ તેથી તેમના પરંપરાગત ધાર્મિક માળખાના સ્વરૂપમાં કોઈ માળખાગત પરિવર્તન દેખાતું નથી.

**(૮) વિદાય પૂજા :** દેવનો ભોગ વધેરાઈ ગયા પછી ભગતો સૌ સ્નાન કરે છે. એક ભગત દેવને ધરાવેલા બલિની અલાયદી રસોઈ બનાવે છે. દેવની આ રસોઈ તૈયાર થઈ ગયા પછી તે દેવને અર્પણ કરવામાં આવે છે. સૌ પ્રથમ રસોઈના ચૂલા, રસોઈનાં વાસણો, રસોઈનો સામાન, કોઠાર અને રસોઈની પૂજા



કરવામાં આવે છે. આ સમયે પણ અગાઉની પૂજાની જેમ ડોવળીવાળો ડોવળી વગાડે છે. પછી ભગતો દેવની લાકડી લઈ દેવસ્થાને દેવની રસોઈ લઈને નાચતા નાચતા જાય છે. ગુફા દ્વારે રાંધેલી રસોઈ નૈવેદ્યરૂપે અર્પણ કરવામાં આવે છે. આ સમયે ભગત નીચે પ્રમાણે દેવસ્તુતિ કરે છે.

આં...ભીયે ! આજે કથ્ ધરતીણે ખલ દાબાય ગના, ચાપાય ગના. આજે કથ્ દેવ પૂજાતા હા. આજે તુમારે દરબારેમાં આવતા ખરા ! ખોલો ભરાવતા ગના... આજે કથ્ ગાડાલા ગરાવ જોડતા, ખાંડો-મીંડો જોડતા આવહું. આજે પડી પૂંજે ઝીની નેજે... વાહ ભોગ ખોલે નેજે... આજે કથ્ જહ દેજો.... માન દેજો...

અર્થાત્ — હે માડી ! અમે આજે ધરતીમાં દબાઈ ગયેલા, ચંપાઈ ગયેલા આજે દેવ પૂજવા આવ્યા છીએ. આજે તારા દરબારમાં ખોળો ભરવા આવી ગયા છીએ. ગાલ્લી સાથે ખાંડો મીંડો બળદ જોડીને અમે ફરીથી પણ આવીશું. આજે તારા નામની પુંજ પાડવામાં આવે છે. તને ભોગ ધરાવીએ છીએ તેનો તું સ્વીકાર કરજે. અમારા પર દયા કરજે. જશ આપજે માન આપજે.

આમ દેવના ગુફાદ્વારે નૈવેદ્ય-ભોગ અર્પણ કર્યા પછી બનાવેલી રસોઈ અને મારેલા વધની બનાવેલી રસોઈના પ્રસાદ આવેલા સૌ હરખીવાળાઓ આરોગે છે. પછી વાસણકૂસણ માંજી પરવારી ગાલ્લીઓ તૈયાર કરી લેવામાં આવે છે. જતા પહેલાં દેવના ચાકર, નાકેદારની-વાટ ઓલાવાની છેલ્લી વિદાય લેવાની પૂજા આ દેવસ્થાને કરીને પછી વિદાય થાય છે. આ નાકેદારની પૂજા કરતાં ભગત નીચે પ્રમાણે સંબોધન કરે છે.

આં...ભીયે ! આજે કથ્ માડી તારે ઘરને આંગીણ્યે દડતાને પડતા આવના. પગે પોટે પડતા જાહું. પૂંજ પાડતા જાહુ રા...ભૂંયા... આજે કથ્ કડવ કડવ ખાતા જાહું, મીઠ મીઠ બોનતા જાતના. ભૂખ્યાણ્યે ધાન આપતા જાહું, તીરહાણે જલ આપતા જાહું. આજે રાહે રાહે જાતા જાહું. પાર્યે ઉંગીલતા જાહું. ભર્યા ખોલે આવ્યા કરું હું. જેવી રીતે રાખતા ગના તેવી રીતે પાછા રાખતાં જાજે.

અર્થાત્ — આજે માડી તારા ઘરના આંગણે દોડતાને પડતા આવ્યા. પગે લાગીને પાછા જઈશું. તારા નામની પુંજ પાડતા જઈશું. આજે કડવું કડવું ખાતા જઈશું અને મીઠા બોલ બોલતા જઈશું. આજે ભૂખ્યાને અન્ન આપીશું, તરસ્યાને પાણી આપીશું અને રસ્તે રસ્તે ચાલ્યા જઈશું. નદીકિનારે સ્નાન કરતા જઈશું. ભરેલા ખોળે આવ્યા કરીશું. માડી ! તું પહેલાંની જેમ અમારી પર દયા રાખતી રહેજે, હે માડી ! તું જશ આપજે માન આપજે.

આમ નાકેદારના સ્થાનકે માડીનો આભાર, કૃતજ્ઞતા વ્યક્ત કરી ફરી તારી પાસે આનંદથી આવીશું, તારી પૂજા કરીશું વગેરે ભાવના વ્યક્ત કરવામાં આવે

છે અને દેવસ્થાનની અંતિમ વિદાય લઈ હરખી પાછી પોતાના ગામ ભણી પ્રયાણ કરે છે.

દેવપૂજા સુખદ રીતે પૂરી થવાથી એક અત્યંત અનેરા આનંદની લાગણી પેદા થાય છે તથા બીજી બાજુ દેવકૃપા પ્રાપ્ત થવાથી શ્રદ્ધા અને ભાવનાનું એક ઘેરું વાતાવરણ તેમને વીંટળાયેલું હોય છે. જીવન ધન્ય ધન્ય થયાની એક કૃતજ્ઞતાની લાગણી પણ પેદા થાય છે. ડોવળીવાળો પાછાં જતાં પણ આશીર્વાદ મળ્યાની ખુશાલીમાં મસ્તીથી ડોવળી વગાડ્યા કરતો હોય છે. હનવાણીવાળો આખે રસ્તે હનવાણી છાંટ્યા કરતો હોય છે. રસ્તે આવતાં નાનાં મોટાં દેવસ્થાને સિંદૂર અને પુંજ મૂકી, પૂજા કરી દેવને નમસ્કાર કરતા જાય છે. આમ મોટા દેવના સ્થાનકેથી હરખી રાત સુધીમાં પોતાના ગામના દેવસ્થાને પહેલાં પડાવ નાખ્યો હતો ત્યાં આવે છે. ત્યાં સૌ રાત રોકાય છે, અને પુનઃ તે રાત્રે ગામ દેવોના સ્થાનકે દેવનું નાચણું કરવામાં આવે છે. મોટા દેવની પૂજાએ આ દેવોની રજા લઈને ગયા હોવાથી મોટા દેવની કૃપા-આશીર્વાદ, કણી જે કાંઈ મળ્યું છે તે આ દેવોને સમર્પિત કરવામાં આવે છે. પછી દેવની રજા લઈને બીજા દિવસે સવારે હરખીની પ્રસાદીરૂપે જે ''કણી'', ''કવની'', ''કુંબર'' તથા ''બીવડ'' લાવ્યા હોય છે તે હરખીમાં આવનાર કુટુંબોને વહેંચવામાં આવે છે અને દરેક પોતાની કોઠારીમાં મૂકીને પ્રસાદરૂપે પોતપોતાને ઘરે લઈ જાય છે.

હરખીમાં જોડાયેલા દરેક કુટુંબની વ્યક્તિ દેવના પ્રસાદ-પાત્ર કોઠારીને સન્માનપૂર્વક ઘરે લઈ જઈ તેનું સ્વાગત કરી, ઘરના ખાંડણિયા પર મૂકે છે. ભગત સૌ દેવદેવીઓને યાદ કરી સ્તુતિ કરે છે અને તેની પૂજા કરે છે. ઘરની સૌ વ્યક્તિઓ, પશુઓ-ગાય, ભેંશ, બળદ તથા પક્ષીઓ વગેરેને સિંદૂરના તિલક દ્વારા દેવની કૃપા દર્શાવવામાં આવે છે. કણીને લઈને અનાજની કોઠીઓમાં નાખવામાં આવે છે. કુબરને રસોઈમાં નાખીને ઘરનાં સૌ તથા પશુને પણ ખવડાવે છે. કોઠારીને કોઠી પર મૂકવામાં આવે છે, બીવડને બીની કોઠીમાં નાખવામાં આવે છે. કોઠીને સિંદૂર કરી ધજા પણ ચડાવે છે. તથા પ્રાર્થના કરવામાં આવે છે કે હે દેવ! અમારી પર તારી સદા દયા રહેજો. તમે અમારી સંભાળ રાખજો. અમારા કોઠાર ધનધાન્યે ભરેલા રાખજો, અમારાં સૌનું હિત કરજો. ભગત પૂજા કરતાં કવની અને બીવડ વિશે દર્શાવે છે કે, ''જ્યારે આકાશમાં વીજળી ચમકે, વાદળોનો અવાજ થાય, જોરથી પવન ફૂંકાય, ઝાડની ડાળો ભાંગી પડે, પશુ પંખીઓ ઘર બહાર ભાગી જાય અને વરસાદ થાય ત્યારે તું આ બીજ ખેતરમાં વાવજે. દેવકૃપાથી વિપુલ પાક પાકશે. આમ ખેતરમાં બી નાખવાની નિશાની દર્શાવી તે ઘરનાં સૌને આશીર્વાદ આપે છે. અંતમાં ''ભરમાય'' દેવની પૂજા



કરવામાં આવે છે. આ દ્વારા સમગ્ર હરખીપૂજા દરમ્યાન પૂજાવિધિમાં કે કોઈ દેવ-દેવીનું નામ રહી ગયું હોય, પૂજામાં અધૂરાપણું રહ્યું હોય કે ભૂલચૂક થઈ હોય તો કોઈ દેવ-દેવી નડે નહીં, હેરાન કરે નહીં તે હેતુથી સમાપનરૂપે સૌની અંતિમ પૂજા, પ્રાર્થના કરી લેવામાં આવે છે અને આ રીતે સમગ્ર હરખીપૂજાનું કાર્ય સમાપ્ત થાય છે.



# પ્રકરણ-૬
## ઉપસંહાર

ચોધરીઓ પરંપરાગત રીતે વન્યધર્મી છે. પરિણામે પ્રાકૃતિક દેવદેવીઓ, તેમની પૂજા, મંત્ર-તંત્ર, ભગત વગેરેનું ધાર્મિક દૃષ્ટિએ ઘણું ઘેરું સ્વરૂપ જોવા મળે છે. કોઈ પણ પ્રકારની આફત, તકલીફ, દુઃખ વગેરે સ્થિતિમાં દેવ કે પિતૃઓ, ભૂતો નાખુશ થયા હશે, દેવપૂજામાં, તેના ભોગમાં કંઈક ખામી રહી ગઈ હશે અથવા મેલાં તત્ત્વો હેરાન કરે છે તેમ માની તેમની પૂજા નૈવેદ્ય આપવાનું કરે છે. તેમને ખુશ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આવી સ્થિતિમાં તેઓ તેમના ધાર્મિક વડા ભગત પાસે દોડી જાય છે. તેની પાસે તેનો ઈલાજ કરાવવાનો પ્રયત્ન કરે છે. ભગત તેમનાં દેવદેવીઓ અને તેમની વચ્ચેનું એક મહત્ત્વનું માધ્યમ છે જે લોકોનાં દુઃખદર્દને પારખવાનું, દેવોને વિનંતી કરી તેમની પૂજા, ભોગ અર્પણ કરી તેમને ખુશ કરવાનો અને આફત, તકલીફ કે દુઃખ-દર્દ દૂર કરવામાં મદદરૂપ બને છે. તેથી તેમનામાં નાનાંમોટાં સામાજિક, ધાર્મિક, આર્થિક વગેરે પાસાંઓ અને તેનાં વિવિધ કાર્યોમાં, ધાર્મિક દેવપૂજાનું તત્ત્વ ખૂબ જ ઊંડાણપૂર્વક સ્થાયી થયેલું છે. તેમના વાર્ષિક તહેવારો, ધાર્મિક ઉજવણી કે જીવનના મોટા ભાગનાં ધાર્મિક કાર્યોમાં, ક્રિયા કે આચારોમાં ભગત દ્વારા વૈયક્તિક કે સામૂહિક પૂજા દ્વારા દેવી-દેવતાઓને ખુશ કરવાની એક વિધિવત્ માળખાકીય વ્યવસ્થા સ્થપાયેલી દેખાય છે. જે તેમના જીવનની એક અતિ મહત્ત્વની, પ્રભાવશાળી, ઉત્કૃષ્ટ અને આગવી ઘટના છે અને તેમના સમગ્ર સાંસ્કૃતિક જીવનને ક્રિયાશીલ રાખવામાં મદદરૂપ બને છે. તે તેમની ભાવનાઓ, શ્રદ્ધાઓને, માન્યતાઓને પોષણ આપે છે, તેમનું વધુ દૃઢીકરણ કરે છે, તેનાં મૂળિયાં ઊંડાં નાખવામાં તથા સમગ્ર ધાર્મિક માળખાને ટકાવી રાખવામાં મદદરૂપ બને છે.

હરખી પૂજા દરમિયાન કરવામાં આવતા દેવસ્તવન, પૂજા તથા વિવિધ પીઢાંઓમાં કરવામાં આવતા વેશ–નાટક-ટુચકાઓ વગેરે દ્વારા દેવોને ખુશ કરવાનો ખ્યાલ કેન્દ્રસ્થાને છે. દેવદેવીઓને યાદ કરવા ઉપરાંત પૂજા દ્વારા તેમનું ઋણ અદા કરવાનો, થયેલી ભૂલો માટે ક્ષમા યાચવાનું, કૃપા મેળવવા માટે પ્રાર્થના, વિનંતી તથા ભોગ-નૈવેદ્ય આપી રાજી રાખવાના કાર્યની અભિવ્યક્તિ થાય છે. આ દ્વારા તેમના જીવનના રચનાતંત્રીય સ્વરૂપમાં હરખીનું ક્રિયાત્મક





મૂલ્ય કેટલું છે તેનું યથાર્થ પ્રગટીકરણ થતું જોવા મળે છે.

ચોધરીઓની આ પ્રકારની સામૂહિક દેવપૂજાનું સ્વરૂપ 'હરખી' તેમનાં દેવદેવીઓ પરત્વેના પૂજાના ખ્યાલમાંથી વિકસેલું છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે, પરમેશ્વર સર્વ શક્તિમાન સત્તા છે જેણે દુન્યવી કે સંસારનાં કાર્યોની જવાબદારી દેવદેવીઓને સોંપી છે. તેથી તેઓ સ્પષ્ટપણે માને છે કે તેમના જીવનમાં આવતી કોઈ પણ પ્રકારની તકલીફ, આફતો, દુઃખો, નુકસાન, માંદગી વગેરે આ દેવોની નાખુશીનું, ગુસ્સાનું કારણ હશે અને તેથી અવકૃપારૂપે તેમને માંદગી, રોગો, પશુઓમાં તકલીફ, ખેતીમાં નુકસાન, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ગરીબી, સંપત્તિનાશ વગેરે મળે છે. માટે તેમને ખુશ કરવાં, રાજી કરવાં, એ તેમના ધાર્મિક જીવનનો એક મહત્ત્વનો ભાગ બન્યો છે. જેમાંથી દેવસ્તુતિ, પ્રાર્થના, પૂજા, ભોગ વગેરે સ્વરૂપો વિકસેલાં જોઈ શકાય છે. આમ, 'હરખી' એ તેમના દેવોની નાખુશીમાંથી પેદા થતી અવકૃપાના ભયમાંથી બચવા અને તેમને ખુશ કરવા કે રાજી કરવાની, ભૂલોની કબૂલાત કરી ક્ષમા માગવાની એક ધાર્મિક વિધિવ્યવસ્થાના સ્વરૂપ તરીકે દેખાય છે, જે તેમના ધાર્મિક જીવનનું મહત્ત્વનું તથા આવશ્યક અને ક્રિયાત્મક અંગ દેખાય છે.

આ સમગ્ર પૂજાવિધિના સંદર્ભમાં નીચેની બાબતો સ્પષ્ટપણે તારવી શકાય છે :

(૧) હરખી તેમના દેવોની કૃપા મેળવવા કે અવકૃપાના ભયમાંથી બચવા તથા તેમને ખુશ કરવાના પ્રયત્નમાંથી વિકસેલી દેખાય છે. દેવોનો નાખુશીનો ભય તેમને સતત સતાવે છે.

(૨) આવો ભય તેમના વૈયક્તિક જીવન ઉપરાંત સામૂહિક જીવન સાથે સંબંધિત થયેલો દેખાય છે. તેમનું સમગ્ર સામૂહિક જીવન વિવિધ પાસાંઓ પર અવલંબિત છે. તેમનું સાંસ્કૃતિક જીવન વ્યક્તિગત જીવન કરતાં વધુ સામૂહિક હોઈ આવી ભયવાળી સ્થિતિ સૌને અસરકર્તા બને છે. એટલે દેવોની નાખુશી-નારાજગી સમગ્ર સમાજને અસરકારક બને છે. માટે તેમનામાં સામૂહિક પૂજાના સ્વરૂપનો વિકાસ થયેલો દેખાય છે.

(૩) આવી પૂજા તેમના જીવનમાં ઘણાંબધાં પાસાં – ખેતીવાડી, ઢોરઢાંખર, મરઘાં-બતકાં, છોકરાં-છૈયાં, સુખ-દુઃખ, ધન-ધાન્યમાં વિપુલતા વગેરેને સ્પર્શનારી છે તથા તે બધાની સુખાકારી માટે કે આશીર્વાદ મેળવવા માટે થતી દેખાય છે.

(૪) દેવપૂજામાં સામાન્ય લોકો સીધો ભાગ લઈ શકતા નથી, કારણ કે તે દેવનું કાર્ય છે. એટલે લોકોની લાગણીઓ, માગણીઓ કે તેની રજૂઆત તેમના ધાર્મિક વડા ભગત દ્વારા થાય છે. તે આ લોક અને પરલોક –

દેવીદેવતાઓ અને લોકો વચ્ચેનો મધ્યસ્થી છે, તે બાબત સ્પષ્ટ સ્વરૂપે દેખાય છે. ભગત જ્યારે ધૂણ ચડાવે ત્યારે તેને 'દેવનું પવન આવ્યું' તેમ ઓળખવામાં આવે છે. આ દ્વારા તેનામાં દેવનો પ્રવેશ થાય છે તેમ સમજે છે અને પછી તેનો બોલ દેવનો બોલ ગણે છે, તેનું કૃત્ય દેવનું કૃત્ય ગણાય છે. ઉપરાંત ભગત લોકોનાં દુઃખ-દર્દ જાણીને દેવો આગળ રજૂ કરવાનું કાર્ય કરે છે તથા દેવોના પ્રતિનિધિ તરીકે તેના ઉપાયો લોકોને સૂચવે છે. આથી પરંપરાગત ધાર્મિક જીવન પર ભગતની પકડ વધુ દેખાય છે. તેનું ધાર્મિક દૃષ્ટિએ વિશિષ્ટ અને આગવું સ્થાન છે. હરખી પૂજાની તે આગેવાની લે છે તથા સર્વ ક્રિયાઓની જવાબદારી લઈ નિઃસ્વાર્થપણે સમગ્ર દેવપૂજા હેમખેમ પૂરી કરે છે. આમ, ચોધરી સમાજમાં તે એક આવું સંસ્થાકીય સ્વરૂપ ધારણ કરતો દેખાય છે.

(૫) હરખી પૂજા વિવિધ તબક્કાઓમાં વહેંચાયેલી દેખાય છે. આ સર્વ તબક્કાઓ દરમિયાન ભગત દ્વારા રાખવામાં આવતી કાળજી એક મહત્ત્વની બાબત છે. અધૂરી, ભૂલવાળી, ખોટી કે કચાશવાળી પૂજા દેવપૂજાના કાર્યને સફળ બનાવતી નથી. એટલું જ નહીં, પણ તેથી દેવની નારાજગી અને ખોફ સહન કરવો પડે છે જેથી દુઃખ, આફત કે તકલીફોની ઘટમાળ શરૂ થાય છે. આમ, ભગત અને લોકો હરખી પૂજામાં એક વિશિષ્ટ માનસિક દબાણની સ્થિતિ હેઠળ સમગ્ર પૂજાવિધિ સંપન્ન કરવાનો પ્રયત્ન કરે છે જેની પાછળ ડર, ભય કે અકલ્યાણની માનસિક સ્થિતિ પ્રતિબિંબિત થાય છે.

(૬) તેમના મોટા ભાગના દેવો પ્રાકૃતિક સ્વરૂપના છે જેમાં નાના અને મોટા અથવા ચઢિયાતા દેવો – એમ બે ભાગ સ્પષ્ટ જોવા મળે છે. સ્થાનિક દેવો કરતાં મોટા દેવો વધુ સત્ કે શક્તિવાળા ગણાય છે. પરંતુ હરખીપૂજામાં મોટા દેવોની પૂજા કરતાં પહેલાં નાના કે સ્થાનિક દેવોની પૂજા-રજા લેવાની સ્થિતિ દેવપૂજામાં તેમનું મહત્ત્વ ઓછું નથી તેમ સ્પષ્ટ દર્શાવે છે.

(૭) તેમનાં દેવદેવીઓ તેમનાં જીવનનાં વિવિધ પાસાંઓને સ્પર્શતાં કે તે અંગેનાં કાર્યોમાં મદદરૂપવાળાં જણાય છે. એટલે શારીરિક માંદગીમાં, પશુમાંદગીમાં, ખેતીવાડીનાં કાર્યોમાં, ઉત્પાદન વધારવાનું કાર્ય, વરસાદ લાવવામાં, માનવ-સુખાકારી, વંશવૃદ્ધિ એમ વિવિધ પ્રકારની ભૌતિક કે સાંસારિક સુખાકારીને લગતાં એવાં નાનાંમોટાં સર્વ કાર્યો અંગેના અલગ અલગ દેવોની રચનાનું સ્વરૂપ જોવા મળે છે.

(૮) હરખીની સમગ્ર પૂજા અને તેના તબક્કાઓ દરમિયાન દેવોની ખુશી પ્રાપ્ત કરવાની બાબત કેન્દ્રસ્થાને દેખાય છે. તેમને સદા પ્રસન્ન રાખવાનો સતત પ્રયત્ન થાય છે. પૂજાના સ્તવનમાં, નાચણમાં તથા દરેક પીઢાંમાં "તેને યાદ કરીશું, તારી પુંજ પાડીશું, તારી સેવા કરીશું, તને ભોગ આપીશું, તું ખુશ થજે" તેવી વારંવારની અભિવ્યક્તિમાં સુખાકારી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન દેખાય છે.



(૯) ચોધરીદેવપૂજા તેમના ભૌતિક કે દુન્યવી કલ્યાણના સંદર્ભમાં રચાતી જોવા મળે છે. તેમનામાં આથી કોઈ આત્મકલ્યાણ કે મોક્ષ જેવા કોઈ ખ્યાલનું સ્થાન દેખાતું નથી.

(૧૦) હરખીપૂજામાં તન-મનની તથા કાર્યની શુદ્ધિ પર અત્યંત ભાર મુકાય છે. એ પૂજાનો મહત્ત્વનો પાયો દેખાય છે. દેવની પૂજાનું કાર્ય અને તે દ્વારા આશીર્વાદ મેળવવાના હોઈ તેનાં કાર્યોમાં શુદ્ધિ અને પવિત્રતા અનિવાર્યપણે જાળવવામાં આવે છે. ગામબાંધી વખતે દર્શાવવામાં આવેલા નિષેધો, ભગતો સાથે ગામ બહાર પડાવ નાખી અલગ રહેવું, હનવાણીનો ઉપયોગ, ભગતો માટે પાળવાના નિયમો – નિષેધો, રાયખલીને લીંપીને પવિત્ર બનાવવી, જાતીય સંબંધો, રજસ્વલા અને પ્રસૂતા વગેરે પરત્વેના નિષેધો સમગ્ર દેવપૂજામાં શુદ્ધિ અને પવિત્રતાની બાબતને સ્પષ્ટ કરે છે. કોઈ પણ પ્રકારની અશુદ્ધિ, અપવિત્રતા સમગ્ર પૂજાને બગાડે છે. એટલે દેવપૂજામાં આ બાબત પરત્વે મુકાતો ભાર તેમના ધાર્મિક આચારને નિયંત્રિત કરવાનું કાર્ય કરે છે. દર્ખેમે તો આ તત્ત્વને સમુદાયની સામૂહિક ચેતના પ્રગટ કરવાના તથા સંગઠિત કાર્ય કરવાના એક મહત્ત્વના સામાજિક-ધાર્મિક પરિબળ તરીકે ધર્મની ઉત્પત્તિના મૂળ તરીકે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. ચોધરીજીવનમાં ધર્મનું તત્ત્વ તેમના મોટા ભાગનાં બધાં નાનાંમોટાં પાસાંઓમાં સંકળાયેલું દેખાય છે અને જ્યાં જ્યાં ધાર્મિક સ્વરૂપ છે ત્યાં ત્યાં વત્તાઓછા સ્વરૂપે શુદ્ધિ, અશુદ્ધિ, પવિત્રતા સંકળાયેલી છે.

(૧૧) ચોધરીઓની હરખીપૂજામાં વપરાતા પદાર્થો – ચીજવસ્તુઓ, સિંદૂર, ઘી, કણી, કોઠારી, દેવાહ્ નાકડી, ડોવળી, મરઘાં, બકરાં, દારૂ, દૂધ, ધૂપ, માટીના ઘોડા, અન્ય આકૃતિઓ, ચોખા, ડાંગર, જુવાર, શાકભાજી, નાળિયેર વગેરે તેમના જીવનમાં રોજબરોજ ઉપયોગમાં આવતી તથા તેમને સહેલાઈથી મળતી અને મોટે ભાગે જાતે પેદા કરતી ચીજવસ્તુઓ છે. તેમને મન તેમની પાસે જે કાંઈ ઉત્તમ છે તે દેવોને અર્પણ કરવામાં આવે છે. એટલે તો ખેતીની પહેલી ફસલ પ્રથમ દેવોને અર્પણ કરે છે પછી પોતે ઉપયોગમાં લે છે. તેઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે, અમારા જીવનની

જેમ દેવોના જીવનની આ બધી આવશ્યક વસ્તુઓ છે. 'અમારું છે તેમ તેમનું પણ છે' એમ વારંવાર પૂજામાં ભગત દ્વારા થતી અભિવ્યક્તિ આ બાબતને બહુ સ્પષ્ટ રીતે પ્રગટ કરે છે અને પુષ્ટિ આપે છે.

(૧૨) હરખી લઈ જવાની ઘટના ચોધરી સમુદાયમાં પારસ્પરિક નિકટતા પેદા કરવાનું તથા ગ્રામબંધુતાને મજબૂત કરવાનું કામ કરે છે. દેવપૂજાની આ ઘટના તેમની સંરચનામાં આપોઆપ ચાલતું એક સ્વસંચાલિત ક્રિયાતંત્ર ઊભું કરે છે તથા તેના ચાલક બળ તરીકે ભગત મુખ્ય ભૂમિકા ભજવતો દેખાય છે.

(૧૩) સમગ્ર હરખીપૂજાના સમય દરમિયાન ગામએકતા તથા તે દ્વારા ભાવાત્મક એકતાનું પ્રગટીકરણ થતું જોવા મળે છે. તેમની આ પૂજા કે ધાર્મિક ક્રિયાકાંડો તેમની અને દેવો વચ્ચેની એક કડીરૂપ બનતાં દેખાય છે.

(૧૪) તેમના જીવનનાં તમામ ક્ષેત્રોમાં ધાર્મિક આધાર વત્તાઓછા પ્રમાણમાં બધાં પાસાંઓમાં સંકળાયેલો છે. તેમના જીવનનો આધાર દેવદેવીઓ અને ભગત છે તેથી તેમને અંગેની કોઈ શંકા-કુશંકા તેઓ કરતા નથી. શ્રદ્ધા અને ભક્તિભાવથી ભગતના આદેશોનું પાલન કરે છે. તેને જીવનનું ધ્યેય સમજે છે, તેને જ ધર્મ સમજે છે. આમ, ધાર્મિક આચારોમાં ભારે ઊંડી શ્રદ્ધાનું તત્ત્વ રોપાયેલું દેખાય છે.

(૧૫) તેઓ પ્રકૃતિના જીવ છે. તેમના દેવો પ્રકૃતિનાં જ અંગો તરીકે છે એટલે દેવો અને પ્રકૃતિ તેમના જીવનનાં અવિભાજ્ય અંગો છે.

અન્નનું વિપુલ ઉત્પાદન અને પ્રથમ ફસલનો સંબંધ તેમણે પૂજા સાથે જોડ્યો છે. વરસાદ, ખેતરને ખેડવું, બી વાવવું, નીંદામણ માટે નાંદરવો પૂજવો, પાકને ખળીમાં લેવો અને ખળી દેવનું પૂજન વગેરે આર્થિક સંબંધો સાથે દેવપૂજાનો સંબંધ જોડ્યો છે. તે ઉપરાંત પશુપાલનમાં બકરાંનો, કૂકડાનો, બળદ, ગાયભેંસના અલગ અલગ દેવની સ્થાપના અને તેની માંદગીના ઉપચારોની પૂજાનું સ્વરૂપ તેમણે વિકસાવેલું છે. તેવી જ રીતે સામાજિક જીવનમાં લગ્ન, જન્મ, મરણ વગેરે વિવિધ પાસાંઓમાં ધાર્મિક વિધિઓ અને આચારોને સાંકળવાનો પ્રયત્ન કરી તેઓ પ્રકૃતિ તથા દેવો સાથેના સંબંધોને સુદૃઢપણે જાળવવાનો પ્રયત્ન કરતા દેખાય છે.

ચોધરીઓમાં હરખી એ તેમના ધાર્મિક જીવનના ભાગરૂપ સામૂહિક દેવપૂજાનું એક એવું સ્વરૂપ છે કે જે જૂથ કે સમુદાયના સભ્યો વચ્ચે સતત ક્રિયાશીલ વ્યવસ્થા તરીકે કાર્ય કરતું જોવા મળે છે. જીવનની કોઈ પણ પરિસ્થિતિ કે આફત સમયે દેવદેવીઓને શરણે જવાનું અને તેમને ખુશ કરવાનું વલણ તેઓ ધરાવે છે જેનું આ પ્રતીક છે. આ દેવપૂજા દ્વારા વ્યક્ત થતી પૂજા, સ્તુતિ અને તેની



નાટકીય અભિવ્યક્તિ તેમનામાં રહેલી કલ્પનાશક્તિ અને મનોરંજનની કુશળતાને પ્રગટ કરતી જોવા મળે છે. એટલું જ નહીં, પણ આ દ્વારા દેવદેવીઓ પરત્વેનો આદરભાવ, તેમના ધાર્મિક ગૂઢાર્થો અને જૂથ કે સમુદાયની લાગણીઓનું અને ભાવનાઓનું પ્રગટીકરણ થાય છે.

ચોધરી સમાજજીવનના વૈયક્તિક અને સામૂહિક અનેક પ્રસંગો છે જે દ્વારા તેમના રચનાતંત્રીય અને ક્રિયાત્મક પાસાંનો પરિચય થાય છે. કુટુંબના સભ્યો એકત્રિત રીતે ધાર્મિક આચાર કરે તથા દર વર્ષે સમગ્ર ગામ ભેગું મળી ચોક્કસ પ્રકારની ધાર્મિક ક્રિયાઓ કરે તે પાછળ રોગનાબૂદી, ખેતીવાડી, પશુપંખી, ઢોરઢાંખર સારાં રહે, તંદુરસ્તી વધે, બાળબચ્ચાંમાં સુખાકારી રહે અને વૃદ્ધિ થાય, મેલાં તત્ત્વો રંજાડે નહીં, ગામમાં કોઈ આફત આવે નહીં વગેરે દ્વારા સામુદાયિક કલ્યાણની ભાવના વ્યક્ત થાય છે. વિવિધ સગાં કે ગ્રામબંધુઓ આવી પૂજામાં સંકળાય છે તેથી પરસ્પરાવલંબન અને સ્નેહગાંઠ મજબૂત બને છે તથા આવા પ્રસંગોનું પુનરાવર્તન ગ્રામસંગઠને વધુ મજબૂત બનાવે છે જે તેમના જીવનને માટે આવશ્યક નહીં પરંતુ અનિવાર્ય તત્ત્વ છે. આવી ધાર્મિક પૂજા તેમને જીવનની કમનસીબીઓ, નિષ્ફળતાઓ, દુઃખો, નિરાશાઓ તથા અણધારી આફતો સામે લડવામાં અને તેની સામે ટકી રહેવામાં મદદ કરે છે. આવા પ્રસંગોએ સર્જાતી નિરાશાઓ તેમના જીવનની ક્રિયાશીલતાને અટકાવે છે જેને આવી ધાર્મિક પૂજાઓ કે ક્રિયાઓ ગતિશીલ બનાવે છે, નિરાશાને દૂર કરે છે, તેમનામાં ધાર્મિક વિશ્વાસને સ્થાયી સ્વરૂપ આપવામાં, આત્મવિશ્વાસનું દૃઢીકરણ કરવામાં અને વૈયક્તિક કે સામૂહિક કલ્યાણમાં લાભદાયી બનાવવામાં ભાગ ભજવે છે તથા તેમના જીવનનાં મૂલ્યોને પુનર્જીવિત કરી નવી દૃષ્ટિ આપે છે. આમ, હરખી જેવા ધાર્મિક પૂજાના પ્રસંગો તેમના જીવનમાં સામાજિક જોડાણ, સંલગ્નતા અને સાતત્ય રચે છે.

**પરિવર્તન**

તેઓ પ્રકૃતિપૂજક હોવા ઉપરાંત વર્ષોના સંપર્કને પરિણામે હિન્દુ, ઈસ્લામ તથા ખ્રિસ્તી સંપ્રદાયોની, સ્વરાજ્યના આંદોલન, દેવીના વાનું સુધારાવાદી આંદોલન, શિક્ષણનો વિકાસ વગેરેના પરિણામે તેમના પરંપરાગત ધાર્મિક માળખામાં કેટલાંક પરિવર્તનો આવતાં જણાય છે. હિન્દુ સંપ્રદાયોમાં સતકેવલ, મોક્ષમાર્ગી સંપ્રદાય, ઈસ્લામી સંપ્રદાયમાં માંગરોળમાં મુઈદ્દીન ચિસ્તીની અસર, માંડવી તાલુકાના ટીંટોઈ, સાલૈયા, કીમડુંગરા, સઠવાવ, ઉટેવા, મોરીઠા વગેરે ગામોમાં થઈ છે તથા વ્યારા અને ઝંખવાવમાં ખ્રિસ્તી મિશનની ૧૯૬૦થી અસર થઈ છે. આ બધા ઉપરાંત ઘણા ચોધરીઓ વેડછી અને બારડોલી આશ્રમની પ્રવૃત્તિઓના સંપર્કમાં

આવતાં આઝાદીના આંદોલનમાં જોડાયા. શિક્ષણના વિકાસ પછી નવા સમજના વિકાસે તેમની પરંપરાગત ધાર્મિક માન્યતાઓ, આચારો, વિધિઓમાં પરિવર્તનની અમુક ભૂમિકા ઊભી કરી છે. હિંદુ સંપ્રદાયો, દેવીનોવા અને સતીપતિ આંદોલનને કારણે દારૂ, માંસાહાર છૂટ્યાં છે. મરઘાં-બકરાં કાઢવામાં આવ્યાં છે. આ બાબતને ગાંધીવાદી વિચારસરણીવાળી વેડછી અને બારડોલી આશ્રમની પ્રવૃત્તિઓએ સમર્થન આપ્યું છે. આ બધાથી અમુક અંશે હિંદુ દેવદેવીઓની માન્યતા તરફનો ઝોક વધ્યો છે અને હનુમાન, શંકર, કૃષ્ણ, રામ, સાંઈબાબા, જલારામ બાપા, આઠવલેજી વગેરેની પૂજા, મહાભારત, રામાયણ, ગીતા, ગાયત્રી, સત્યનારાયણની કથા વગેરેની અસરનો ફેલાવો થયો છે.

બીજી બાજુ ખ્રિસ્તી મિશનની અસરથી ચર્ચ, ઈશુપ્રાર્થના, ઈસ્ટર, નાતાલની ઉજવણી વગેરે પણ પ્રવેશ્યાં છે. તો ઈસ્લામિક પીરને માનવાને કારણે કેટલાક આચારો પણ પ્રવેશ્યા છે. આ બધાં પરિબળોને પરિણામે તેમની દેવદેવીઓની પૂજા, તેની માન્યતાઓ, વિધિઓ વગેરેને અમુક અસર થઈ છે. અભ્યાસ દરમિયાન મોટા દેવોએ પૂજા કરવાનું વલણ ૬૩.૫ ટકા, હરખી જવાનું વલણ ૭૫.૦૦ ટકા, ભોગ-બલી આપવાનું વલણ ૬૩.૫ ટકા, અને દેવપૂજામાં દારૂ વગેરેનો ઉપયોગ કરવાનું વલણ ૬૬.૦ ટકા જેટલું જોવા મળે છે.*

આમ, સમગ્રપણે જોઈએ તો તેમના ધાર્મિક માળખામાં કોઈ રચનાતંત્રીય પરિવર્તન જોવા મળતું નથી. પરંતુ કેટલીક ધાર્મિક માન્યતાઓ તથા આચારોમાં અમુક અંશે સ્પષ્ટ પરિવર્તન દેખાય છે. વેડછી ગામમાં હનુમાનના મંદિરનો વિકાસ, ગોવાળદેવના સ્થાને કૃષ્ણ મંદિર બાંધવાના પ્રયત્નો સ્પષ્ટ મૂર્તિપૂજા તરફની સ્થિતિનો નિર્દેશ કરે છે. વિવિધ સાંપ્રદાયિક અસરો અને પરિવર્તનનાં પરિબળોની અસરો હોવા છતાં પરંપરાગત ધાર્મિક દેવપૂજાને વળગી રહેવાનું સ્પષ્ટ વલણ દેખાય છે. ક્યાંક ભોગ, બલિ, દારૂ બંધ થયાં છે. દેવપૂજામાં ચોખ્ખી પૂજાનું સ્વરૂપ એટલે ચા, નાળિયેર ધરાવવાનું નવું વલણ અનુકૂલન તરીકે વિકસ્યું છે. આમ, પરંપરાગત દેવપૂજા અને તેની શ્રદ્ધા સાથે જોડાઈ રહેવાની સ્થિતિએ કેટલાંક નવાં અનુકૂલનો વિકસાવ્યાં છે. છતાં પણ તેમનામાં ધાર્મિક જીવનનું પ્રભુત્વ ઘણું ઘેરું છે તથા ભગતનાં કાર્યોની પકડ હજુ પણ જળવાયેલી દેખાય છે અને તેથી સમગ્ર ધાર્મિક જીવનમાં અનુકૂલનો દ્વારા નવાં સ્વરૂપો અપનાવવાની વૃત્તિ એક ધીમા પરિવર્તનની સ્થિતિ સૂચિત કરે છે.**

---

* જુઓ અરવિંદ ભટ્ટ : ૧૯૮૫ : ગુજરાતના ચોધરીઓ, પાન ૨૭૦.

** જુઓ અરવિંદ ભટ્ટ : ૧૯૮૫ : ગુજરાતના ચોધરીઓ, પાન ૩૧૪.

## પરિશિષ્ટ - ૧

## હરખી પૂજામાં ભગતના બોલ

### પીઢું - ૧

| ચોધરી બોલીમાં | ગુજરાતી બોલીમાં |
|---|---|
| આંભીયે. . . ! | નમસ્કાર ! |
| આજે કથ્ હરખીણે ખલે આવી પયળા રા... ભૂંયા ! | હે ભાઈ ! આજે હરખીના સ્થાનકે આવી પડ્યા છીએ. |
| આજે વાંક - વાંધો કથો પડેની રા... ભૂંયા ! | હે ભાઈ ! આજે પૂજામાં કશો વાંક-વાંધો પડે નહીં. |
| આ ચાર ચવીઠ્. આજે કથ ચવીઠામાં આવી ગના રા ભૂંયા! | હે ભાઈ ! આજે હરખીની પ્રથમ પૂજાના સ્થાનકે આવી ગયાં છીએ. |
| ઈયા ચવીઠામાં આજે કથ્, જહ દેજા, માન દેજા રા... ભૂંયા ! | હે ભાઈ ! આજે આ સ્થાનકે માડી તું માન અપાવજે, જશ અપાવ જે. |
| આજે કથ દડતાન્ પડતા દેવલી માડ્યેણે ખલે આવા રા... ભૂંયા ! કડ્યે નેદા ખભે નેદા, કહણે નેદા, રા... ભૂંયા ! ...ખોબે નેદા રા ભૂંયા ! | હે ભાઈ ! આજે દોડતાં અને પડતાં દેવલી માડીના સ્થાનકે આવ્યાં છીએ. તેણે સૌને કમરે લીધાં ખભે લીધાં, ખોળામાં લીધાં, ખોબામાં લીધાં. |
| આજે કથ હરખીયેમાં પહ્ આવ્, છોકર આવ, વાંક ની પડે, વાંધો ની પડે રા... ભૂંયા ! આજે તે ડાબા હાથે દાબી દેજે રા... ભૂયાં ! | હે ભાઈ ! આજે હરખીમાં બાળબચ્ચાં આવ્યાં છે, છોકરાં આવ્યાં છે. તારી પૂજામાં કોઈ વાંધો, વિઘ્ન ન પડે. તું વિઘ્નોને ડાબા હાથે દાબી દેજે માડી. |

આજે કથ્ પલો દેવલી માડ્યેગે
મચકાલો ભૂત, ઉજગાંડ્યો વાડો,
ખખડિયો ભૂત, આજે ઈથે ખલે
બધા ભૂત આવીગરા... ભૂંયા !

હે ભાઈ ! આજે દેવલી માડીનો મલકાતો ભૂત, ગાંડો ભૂત, ખડખડ કરી ડરાવતો ભૂત વગેરે બધા ભૂત આવી ગયા છે.

આં ભીયે. . . !
આજે ઘેડ્યે આવીને ઘેડ્યે જાહું રા...
ભૂંયા ! પાવાણા ભોગ વાલતા જાહું,
જાર જવાબ દેતા જાહું રા... ભૂંયા !

નમસ્કાર !
આજે ઘડીમાં આવી ને ઘડીમાં પૂજા કરીને જતાં રહીશું. મહેમાનગતિ માટે માડીને ભોગ આપતાં જઈશું. અને માડીને નમસ્કાર કરતાં જઈશું.

આં ભીયે. . .!
આજે કથ્ ઈયેણે ચેંગીર્યો જેવો ધેણી
હોત નો. ઈયાણે આજે પોર્યા
છોકરામાં દુઃખ પડ્ય રા... ભૂંયાં !

હે ભાઈ !
આ બાઈને (જુવાનજોધ) શક્તિશાળી ધણી હતો. તેને આજે બાળબચ્ચાંમાં દુઃખ પડ્યું છે.

તીદાડે કથ્ ખોડ્યા ગુણાણે હાદી
આણ્યો. તીદાડે કથ્ ખોડ્યા ગુણાણે
કડી - પૂરી ટીચી ને ધી રા...ભૂંયા !

હે ભાઈ ! આ દુઃખ માટે તે દિવસે ખોડ્યા ગુણ્યા ભગતને બોલાવીને તેની પાસે પૂડી જોવડાવી હતી અને તેણે બાધા લીધી હતી.

તીદાડે ખોડ્યા ગુણ્યે હીર માનતા
છોડી. તીદાડે કથ્ ખખીલતે નાયરાલે,
હુડી હોપારી, પીપન્જે પદરાવી
બગના પરાણા નેતા જાહું ભૂંયા !

હે ભાઈ ! તે દિવસે ખોડ્યા ગુણ્યા ભગતે વળતું થતાં બાધા છોડી અને પાણીવાળું નાળિયેર, સૂડી-સોપારી, પાન વગેરે દેવને પધરાવ્યું હતું અને તેના ખોળે આશરો લીધો હતો.

આજે દેવલી માડ્યે આપડા કાંખ્ખી
નેદા, છૂલ્લે નેદા, કયડે નેદા, ખબે નેદા
રા... ભૂંયા !

ભાઈ ! આજે દેવલી માડીને ચરણે આવ્યાં છીએ. દેવલી માડીએ અમારો સ્વીકાર કરી અમને બગલમાં લીધાં, ઝોળીમાં લીધાં, કમરે લીધાં, ખભા પર લીધાં. એમ અમારું સ્વાગત કર્યું છે.



આં ભીયે !
આજે હંહ કરીને હરખી આવીઆ
રા... ભૂંયા ! આજે પોર્યા આવ,
છોકર્ આવ, કંહાણ આવ્, ખાંડો
આવ્, ધૂર્યો આવ્, ગાડલી આવ્, ગરેડ
આવી રા... ભૂંયા !

નમસ્કાર !
આજે હોંશે કરીને હરખી આવી છે ભાઈ ! આજે તેમાં બાળકો, છોકરાં આવ્યાં છે. વાસણકૂસણ લાવ્યાં છીએ. ખાંડો, બળદ, મારકણો બળદ વગેરે ગાલ્લીએ જોડીને ગાડા રસ્તે આવ્યાં છીએ ભાઈ !

આજે કથ્ ભૂલ-ચૂક હોઈ ગઈ,
માફ કરતો જા રા... ભૂંયા!

હે ભાઈ ! આજે માડીની પૂજામાં કોઈ ભૂલચૂક થઈ જાય તો માફ કરજે.

આજે ઈથે ઠેકાણે કાચાં જ હવીરા,
ડોવીડ્યા કાચા, બારદાન રા... ભૂંયા !

હે ભાઈ ! આજે માડીની પૂજામાં કાચા પૂજા કરનારા, કાચા ડોવડી વગાડનારા, બાધા જેવા આવ્યાં છીએ.

આજે કથ્ કાવડી કૂકડે, બામાણી બોકડે
દેવલી માડ્યેગે ખલે હજૂર કદનેરા
ભૂંયા !

હે ભાઈ ! આજે માડીના ભોગ માટે કૂકડાં, બકરાં સાથે લેતાં આવ્યાં છીએ. (હાજર કરેલાં છે.)

આજે ભેંહે દીવો પૂરી નેહું, પગે પડી
નેહુ, નવસે નવાણે નમી નેહું રા...
ભૂંયા !

હે ભાઈ ! આજે માડીના સ્થાનકે ઘીનો દીવો પૂરીશું, પગે લાગીશું, અને નવસો નમસ્કાર કરીશું.

આજે પોહાહેં મામાહા આવના,
હરખી પરગણ્યે વાલતા જાહું રા...
ભૂંયા !

હે ભાઈ ! પૂજામાં છોકરાના મામા પણ આવ્યા છે. હરખી પ્રભાતે વાળીને ચાલ્યા જઈશું.

## પીઢું-૨

| | |
|---|---|
| આં ભીયે ! | નમસ્કાર ! |
| આજે કથ્ ઘૂંટણીયે, પગીણ્યે પડતા આવન્, દેવલી માડી તોરે ખલેન્ વાંક પડે, વાંદો પડે તે માફ કરજે નીયે...દેવલી માડ્યે. | આજે દેવલી માડીના સ્થાનકે ઘૂંટણીએ પડતા - ચાર પગ કરતા, આવ્યા છીએ. હે માડી ! માટે કોઈ વાંક વાંધો પડે-ભૂલ-ચૂક થાય તો તું માફ કરજે. |
| આજે કથ્ કાટીસ ફૂવાણી નગરીણે હરખી રા...ભૂંયા આજે માડી માતાણે હુકુમ હોવા રા ભૂંયા ! | આજે કાટીસ -ફૂવા ગામની હરખી આવી છે ભાઈ. આજે માડી માતાનો હુકમ થયો છે ભાઈ ! |
| આજે ચાર ખંડ ધરતી ને નવ ખંડ દર્યો ફીરતા-ફીરતા તુમારે ગામ ખડે આવી પૂગા રા...ભૂંયા. | ભાઈ ! આજે ચાર ખંડ ધરતી તથા નવખંડ દરિયા ફરતા ફરતા માડી તારા ગામના સીમાડે આવી પહોંચ્યા છીએ. |
| આજે તુમારે રજા હુકમ હોય તે તુ મારે ગામ ખેડામાં ફીરહું રા...ભૂંયા !...રજા દેવતા હો. | આજે માડી તમારી રજા હુકમ હોય તો તમારા ગામના વિસ્તારમાં ફરીશું રજા આપજો માડી ! |
| તી દાડે કથ્ વલ્લો દેવ, વલેવલે, આજે કથ્ કણી કાંગણે, આજે કથ્ ઘરાબારામાં વાલી આપચા કરતના રા...ભૂંયા. | આજે આવડતવાળો દેવ આવડતથી ઘરબારમાં વાળી આપતો હતો ભાઈ ! |
| આજે ભડી હોતની, ભડો હોતનો. આજે કાકડ ફૂવાણો દેવ દાંડો રા...ભૂંયા! | આજે એક ભડી હતી અને એક ભડો (તમારા ચાકર) હતા. આજે કાકડ ફૂવાનો દેવ તમારે આંગણે માડી આવ્યો છે. |
| આં ભીયે ! | નમસ્કાર ! |



| | |
|---|---|
| - નામે માડી માતાણે ગડમલની ભડી. | - માડી માતાના નામની ડુંગર પરની ભડી (નોકરાણી) |
| - નામે દેવલી માડીનો ગડમલનો કથો ભડો. | - દેવલી માડીનો ડુંગર પરનો ભડો (ચાકર) |
| - નામે દેવલી માડીણે ઘરાપાંહાણી ભડી. | - દેવલી માડીના ઘરની નજીક રહેતી ભડી (નોકરાણી) |
| - નામે દેવલી માડીણે ઘરાપાંહાણનો ભડો. | - દેવલી માડીના ઘરની નજીક રહેતો ચાકર (ભડો) |
| - નામે દેવલી માડીણે પજારેણી ભડી | - દેવલી માડીના ઘરની પડાળીમાં રહેતી નોકરાણી |
| - નામે દેવલી માડીણે પજારેણો ભડો | - દેવલી માડીના ઘરનો પડાળીમાં રહેતો નોકર |
| - નામે ગરુબ ગોજ્જાણે મીલતી ભડી | - ગરીબને પણ મળતી નોકરાણી |
| નામે ગરુબ ગોજ્જાણે ઢલતો ભડો | નામે ગરીબો તરફ ઢળતો-હમદર્દી રાખતો ભડો |
| નામે કોઠ્યે પાંજીરેમાં વાલતી ભડી | નામે કોઠી-પાંજરામાં અન્નની વિપુલતા-વાળતી ભડી |
| નામે કોઠ્યે હાંડલ્લેમાં વલતો ભડો | નામે કોઠી-હાંડલાંમાં રસોઈની વિપુલતા વાળતો ભડો |
| નામે હના કોડીને વાલતી ભડી | નામે પરાળ ઊંચકવાની સોનાની લાકડી વડે ઊથલપાથલ કરનાર ભડી |

| | |
|---|---|
| નામે ખાડા ડડામાં વાલતો ભડો | નામે ખાડા-ખાબોચિયામાં વાળતો ભડો |
| નામે નાડા મછીડ વાલતી ભડી | નામે હળ, ધૂંસરી બાંધવાનું ચામડાનું જોતર-દોરડું (નાડા) તથા બળદનું ચામડાનું મ્હોરું (માછીડ-ફૂમતાવાળું) બનાવતી ભડી |
| વાડ્હના ચાંદીમાં વલતો ભડો | સોના ચાંદીમાં વિપુલતા લાવનાર ભડો |
| નામે પૈહા ટકામાં વાલતી ભડી | નામે પૈસા-ટકામાં સમૃદ્ધિ લાવનાર ભડી |
| વડી ઘરબારામાં વાલતો ભડો | ઘરબારમાં સમૃદ્ધિ લાવનાર ભડો |
| નામે નાચણ ભડી | નામે નાચવાવાળી ભડી |
| નામે મચકાલી ભડી | નામે અટકચાળા કરનારી ભડી |
| બડો મજીરો ભડો | મોટો મજૂર ભડો (બહુ કામ કરે તેવો) |
| નામે ભરાલ ચીકણે ઓવારેણીની ભડી | નામે લપસણા ઓવારા-કિનારાવાળી ભડી |
| નામે કાકડેપારાની ભડી | નામે કાકડાપાર-ગામની ભડી |
| નામે કડોદણી ભડી | નામે કડોદ ગામની ભડી |
| બડા નામે બોડાણની ભડી | મોટા નામવાળી સ્રી-ભડી |
| આજે ભડીને ભડો આવી ગયે, | આજે ભડી અને ભડો આવી ગયાં, |



| | |
|---|---|
| આજે કાકડા કૂંવડાણો બેલ્ ડાંડ્ આવી ગયો રા ભૂંયા. | આજે કાકડા કૂવા ગામની થાંભલી અને કટકો આવી ગયા છે ભાઈ ! |
| ભડો : ઘરબાર તોરે ભડે... રાણાહાલી કાયે, રંગાહાલી કાયે તુંકા. | ભડો : હે ભડી ! તારાં ઘરબાર અને તું ઘણી જ સુંદર અને રંગેલી છે. |
| ભડી : હલ નાકડ્ તોરે હારા ભડા રાણહાલાકા-તુંકા. | ભડી : હે ભડા ! તારાં ખેતીવાડીનાં સાધનો હળ લાકડું અને તું ઘણો જ સુંદર છે. |
| ભડો : ઉખલ્ મુખલ્ તોરે ભડે...રાણહાલી કાયે, રંગાહાલી કાયે તુંકા. | ભડો : હે ભડી ! તારું ખાંડણિયું સાંબેલું અને તું ઘણી જ સુંદર અને રંગેલી છે. |
| ભડી : હલે બલજે તોરે નીરેન ભડા રાણહાલારા તુંકા. | ભડી : હે ભડા ! તારાં હળબળદ અને તું ઘણો જ સુંદર છે. |
| ભડો : હાંડ ચાયવ્ તોરે માથે ભડે રાણાહાલી કાયે, રંગાહાલી કાયે તુંકા. | ભડો : હે ભડી ! તારો હાંડલી-ચમચો અને તું ઘણી જ સુંદર અને રંગેલી છે. |
| ભડી : ઉચ્ચે પાંજી રે વાલી આય મારે ભડા...રાણહા રાણાહાલા તુંકા. | ભડી : મારા ભડા ! ગાડું ભરીને અનાજની બરકત કરી આપું, તું ઘણો જ સુંદર છે. |
| ભડો : ઉખલે ચાલ્લે વાલી આપજે ભડે રાણાહાલી કાયે રંગાહાલી કાયે તુંકા. | ભડો : હે ભડી ! ખાંડાણીયામાં બરકતવાળી આપજે. તું ઘણી જ સુંદર અને રંગેલી છે. |
| ભડી : એક કણ્યે બતરી કણ્યે વાલી આપે મારે ભડા... રાણાહા રાણાહાલાકા તુંકા. | ભડી : હે ભડા ! એક કણના બત્રીસ કણવાળી આપજે, તું ઘણો જ સુંદર છે. |

ભડો : એક કણ્યે બતરી કણ્યે વાલી આપજે નીયેન ભડે, રણાહાલી કાયે તોરાહાલી કાયે તુંકા.

ભડો : હે ભડી ! એક કણંના બત્રીસ કણ વાળી આપજે, તું ઘણી જ સુંદર અને રંગેલી છે.

ભડી : કોઠ્યે પાંજીરે નાખતો જાજે મારે ભડા...રણાહા રણાહાલાકા તુંકા.

ભડી: હે ભડા ! કોઠીમાં, પાંજરીમાં નાખતો જજે. તું ઘણો જ સુંદર છે.

ભડો : એક કણ્યેણે બતરી કણ્યે કોઠ્યે પાંજીરે નાખી આવજે નીયે ભડે... રણાહાલી કાયે રંગાહાલી કાયે તું કા.

ભડો : હે ભડી ! એક કણના બત્રીસ કણ કોઠીમાં નાખી આપજે, તું ઘણી જ સુંદર અને રંગેલી છે.

ભડી : એક નાણે બતરીનાણે પહ્યા કાયે... મારે ભડા... રણાહા રણાહાલારા...તુંકા.

ભડી : હે ભડા ! એક પૈસાના બત્રીસ પૈસા. મારા ભડા તું ઘણો જ સુંદર છે.

ભડો : એક કણ્યેણે બતરી નાણે પહ્યા કાયે મારે ભડે... રણાહાલી કાયે... રંગાલી કાયે તુંકા.

ભડો : હે ભડી ! એક કાણીના બત્રીસ પૈસા. મારી ભડી...તું ઘણી જ સુંદર અને રંગેલી છે.

ભડી : ડોબ્ ઢાંડામાં વાલી આપ મારે ભડા... રણાહા રણાહાલારા તુંકા.

ભડી : હે ભડા ! ઢોરઢાંખરમાં વાળી આપજે, તું ઘણો જ સુંદર છે.

ભડો : ઘરાબારામાં વાલી આપજે ભડે...રણાહાલી કાયે રંગાલી કાયે તુંકા.

ભડો : હે ભડી ! ઘરબારમાં વાળી આપજે, તું ઘણી જ સુંદર અને રંગેલી છે.

ભડી : એક કણ્યેણે બતરી કણ્યે વાલી આપ રણાહા રણાહાલારા તુંકા.

ભડી : હે ભડા ! એક કાણીમાંથી બત્રીસ કાણી વાળી આપજે. તું ઘણો જ સુંદર છે.

ભડો : એક કણ્યેણે બતરી કણ્યે કોઠ્યે પાંજીરે વાલી આપજે મારે ભડે... રણાહાલી કાયે તોરાહાલી કાયે તુંકા.

ભડો : એક કાણીની બત્રીસ કાણી કોઠીમાં વાળી આપજે મારી ભડી, તું ઘણી જ સુંદર અને રંગેલી છે.



ભડો : ખેત્યે વાડ્યેમાં વાલી આપજે ભડે...રણાહાલી કાયે રંગાલી કાયે તુંકા.

ભડો : હે ભડી ! ખેતીવાડીમાં વાળી આપજે, તું ઘણી જ સુંદર અને રંગેલી છે.

ભડી : ગાડલ પરાણ તોરે નીરાન ભડા... રણાહા રણાહાલારા તુંકા.

ભડી : હે ભડા ! ગાલ્લી બળદ હાંકવા માટેની લોખંડની આરવાળી વાંસની તારી લાકડી છે. તું ઘણો જ સુંદર છે.

ભડો : ઉખલ મુહલ તોરે નીયેન ભડે... રણાહાલી કાયે રંગાલી કાયે તુંકા.

ભડો : હે ભડી ! ખાંડણિયું સાબેલું તારું છે. ભડી તું ઘણી જ સુંદર અને રંગેલી છે.

ભડી : કુકડ બોકડ્ વાલી આપજે મારે ભડા...રણાહા રણાહાલારા તુંકા.

ભડી : મરઘું-બકરું વાળી આપજે-તેમાં વૃદ્ધિ કરજે મારા ભડા... તું ઘણો જ સુંદર છે.

ભડો : ડોબે ઢાંડ વાલી આપજે... ભડે... રાણે હે રંગાલી કાયે તો રાહાલી કાયે તુંકા.

ભડો : ઢોર ઢાંખરમાં તું વૃદ્ધિ કરી આપજે - વળતું કરજે - મારી ભડી, તું ઘણી જ સુંદર, રંગીલી અને કુમારિકા જેવી છે.

ભડી : કોઠ્યે પાંજીરે કણ્યે વાલી આપજે મારે ભડા... રણાહારણા-હાલારા તુંકા.

કોઠીમાં - ગાલ્લી ભરીને તું કણ વાળી આપજે મારા ભડા... તું ઘણો જ સુંદર છે.

આજે કથ્ વાહવાહ હરખી હારા ભૂંયા... આજે હંહ કરીને આવી હારા ભૂંયા, આજે માડી માતાએ કહણે ને દે, ખોલે ને દે, આજે કથ કાંખ્ખી નેદે, ખબે નેદેરા ભૂંયા...આજે કડવ ખાતે જાઈ, મીઠ બોનતા જાઈ, ઉજલ જાત હંહત્ જાઈ, કાલે માથે બેહતે જાઈ, વાત-વગાત કરતે જાઈ રા...ભૂંયા...

આજે હરખી અહીં રાત વાસો છે. આજે હોંશથી હરખી આવી છે. આજે માડી માતાએ ભક્તોને કમરે અને ખોળે લીધા. આજે બગલમાં ને ખભે લીધા ભાઈ. આજે કડવું ખાતા જઈશું અને મીઠું બોલતા જઈશું. હસતા જઈશું. કાળા માથે બેસતા જઈશું અને વાતચીત કરતા જઈશું.

## પીઢું ૩

| | |
|---|---|
| આં ભીયે ! | નમસ્કાર.... |
| આજે કથ્ હના ઘર, હના કોડ્યેમાં. આજે કથ એક કણ્યે બતરી કણ્યે વાલત્ જાઈ, મીલત્ જાઈ, ઢલત્ જાઈ. આજે કથો વર, વિચાર કરતા ગનારા ભૂંયા... | આજે સોનાનું ઘર, સોનાના કોઠારમાં આજે એક કાણીની બત્રીસ કાણી વળતી થઈ જશે, મળતી જશે. આજે વાતચીત કરતા જઈશું. |
| નામે હીરો ગોવલી, નામે છાહ્યો ગોવલી. | હીરા નામનો ગોવાળ, છાશીયા નામનો ગોવાળ. |
| બડો માખીણ્યો ગોવલી, બડો કાનો ગોવળી. | મોટો માખણીયો ગોવાળ, મોટો કાનો ગોવાળ. |
| નામે દેવલી માડ્યેગે મોટો ગોવલી. | દેવલી માડીનો મોટો ગોવાળ. |
| નામે દેવલી માડ્યેગે હર્યો ગોવલી. | દેવલી માડીનો હરિયો ગોવાળ. |
| નામે હીજલી ગોવાલાણ. | હીજલી નામની ગોવાલણ. |
| બડે નામની ગોવાલણ. ઢલતી ગોવાલણ, વલતી ગોવાલણ, | મોટી નાચતી ગોવાલણ, ઢળતી ગોવાલણ, વળતી ગોવાલણ. |
| નામે તીણે ગોવાલાહય, વલતી નાકાડ. | તે ગોવાળીઓની વળતી લાકડી. |
| નામે તીણે ગોવાલાહય ચાનતી નાકાડ. | તે ગોવાળીઓની ચાલતી લાકડી. |
| નામે તીણે ગોવાલાહય ઘૂમીકાયલી નાકાડ. | તે ગોવાળીઓની ઘૂઘરાવાળી લાકડી. |
| નામે ગોવાલ દેવણો દેવલી માડ્યેણો હાચો હાંડ. | ગોવાળ દેવનો, દેવલી માડીનો સાચો સાંઢ. |



| | |
|---|---|
| નામે કુંવર હાંડ, નામે ફેદરા હાંડ. | કુંવર નામનો સાંઢ, ફેદીર્યો નામનો સાંઢ. |
| દેવલી માડ્યેગે ચાનતો પાડો. | દેવલી માડીનો ચાલતો પાડો. |
| નામે દેવલી માડ્યેગે રાંનીણ્યો પાડો. | દેવલી માડીનો રેંકતો પાડો. |
| નામે ગામડામાં રમતો પાડો. | ગામડાઓમાં રમતો પાડો. |
| નામે દુજાલ ગાય. | દુધાળ ગાય. |
| નામે પાતાલ ગાય. | પાતળ ગાય. |
| નામે દુદાલ ગાય. | દુધાળ ગાય. |
| આજે કથ્ ચાંદરી ભેંહે, ગોરી ભેંહે, આજે કથ્ તીયે ઠેકાણે હના કૂડ, હના મોવર, હના દામણ... આજે કથ્ વલ્યા કરતન્. | આજે કપાળ પર સફેદ ટપકા વાળી ભેંસ, ગોરી ભેંસ. આજે તે જગ્યાએ સોનાની કોઠાર, સોનાની મોર, સોનાની દામણ આજે વળી વળ્યા કરતું હતું. |
| આજે છાહો ભમરા વલતાના, આજે માખીગાય વાલ વાલતને, આજે ભર્ય ગોલ્, આજે માનીત ગોલ પાંહે પીરે તોરે કથ્ આજે સત જાણાય, આજે માન જાણાય, આજે વરની પડે, આજે વાંદોની પડે. | આજે છાશના ભ્રમર વળતા હતા, આજે ભરેલી ગોળી, આજે માનીતી ગોળી, 'પીર' દેવના સ્થાનકે, આજે તારું સત્ જણાય, માન જણાય, આજે વાંક કે વાંધો ન પડે. |
| આજે ઈયે ઠેકાણે ઘરાબારામાં વલત્ જાય, ડોબા ઢાંડામાં વલત્ જાય, આજે કથ હવા હાણે ખરાય કરીને દડતાન્ પડતા આવના. તીયા તોરે કથ્ સત હા.... | આજે આ જગ્યાએ ઘરબારમાં વળતું જાય, આજે સવાસોનો ખર્ચ કરીને દોડતા આવેલા. ત્યારે તારુ સત છે. |

આજે ઘીહાંમાં, ગુરખામાં આજે વલત જાય, તીયા તોરે કથ્ સત હા.. આજે ભૂજતી રવી. આજે માનીતી રવી, આજે ભર્યે નેતરે, આજે હંહરે નેતરે, આજે છાહા તાણનારી મસ્કાલી, આજે ગાય દુનારી, આજે બેરી કવાતની. તીયા તોરે કથ્ સત હા.

આજે ઘીમાં વળતું જાય, ત્યારે તારું સત છે. આજે સંકેલી રવી, આજે માનીતી રવી, આગે ભરેલાં નેતરાં, આજે હંસતા નેતરાં, આજે છાશ તાણનારી અટકચાળી, આજે ગાયનું દૂધ કાઢનારી, આજે બહેરી કહેવાતી હતી, ત્યારે તારું વળી સત છે.

આજે જહ દેજે, માજી હીરો ગોવલી, કાનો ગોવલી, મેનો ગોવલી, દૂજ્જો ગોવલી, આજે હના કૂંડ, આજે કૂંચી હેરી, આજે ભર્યો ડાંડ, આજે તીયેજ ડાંડે આજે કથ્ વલ્યા કરતન્, તીયા તોરે કથ્ સત હા...

આજે માજી માન આપજે, આજે હીરો ગોવાળ, કાનો ગોવાળ, મેનો ગોવાળ, દૂધીયો ગોવાળ. સોનાની કોઢાર, દુર્ગંધ મારતી શેરી, ભરેલો મારગ, તે મારગે વળી વળ્યાં કરતું હતું ત્યારે તારું સત છે તેમ જણાશે.

આજે જહ દેજે, માન દેજે. જે ભર્યે નેતરે હોતને, આજે છાહેણે કોરૂ વવાડતના, આજે તીયા સત જણાય, માન જણાય, વરની પળે, વાંધોની પડે, આજે ખરી પૂંજ પડી જાય.

આજે માન આપજે, ભરેલાં નેતરાં હતાં, આજે કોતરડું છાશથી વહેવડાવતા હતા, આજે ત્યારે સત જણાય, કોઈ જાતનો વાંક વાંધો ન પડે, આજે સાચી પુંજ પડી જાય.



## પીઢું-૪

આં ભીયે...
આજે કથ્ હેડો દેવ, હાંદો દેવ, ભંગજી દેવ, મેહનત દેવ, મજૂરી દેવ, બુદ્ધિ દેવ, રોજગાર દેવ, હુજજી દેવ, તી દાડે કથો આપડાહ્ય હુઝ દેખાડતાના રા... ભૂંયા...

નમસ્કાર...
આજે ખેતરના શેઢા પરનો દેવ, સાંધો દેવ, ભંગજી દેવ, મહેનતનો દેવ, મજૂરીનો દેવ, બુદ્ધિનો દેવ, રોજગારનો દેવ, સૂઝ-બૂઝ આપનાર દેવ. તે દિવસે આપણને આ દેવો સૂઝ-બૂઝ આપતા હતા.

તી દાડે કથો હાંદો દેવ, હેડો દેવ, ધંધો રોજગાર દેવ, આપળે પૂંજી દેતના, પાંયરી દેતનારા ભૂંયા! તી દાડે કથ્ કાવડી કૂકડ, બામાણી બોકડે, હુડે હોપારી પીપન્યે ધરી બગના ખરાડા ચાર પાગાણા ઘોડા આપળે નેતા જાતના રા...ભૂંયા !

તે દિવસે સાંધો દેવ, ખેતરના શેઢાનો દેવ, ધંધા રોજગારનો દેવ આપણે પૂજતા હતા, તેનો પાઠ કરતા હતા. ભાઈ ! તે દિવસે મરઘાં, બોકડાં (બકરાં) સૂડી-સોપારી, સફેદ ચાર પગવાળા ઘોડા આપણે પૂજામાં લેતા ગયા હતા.

તીદાડે કથ્ ઈયે ઠેકાણે ચાર ચાર પાગાલ્ય ઘોડા હાજૂર કરતના. તી દાડે પગે પડતા જાતના, નવસે નમાણે નમતા જાતના, કાન ફેટાણી ભેટતા જાતના, હંહતા, રમતા ખાતા-પીતાં જાતના રા...ભૂંયા !

હે ભાઈ ! તે દિવસે આ જગ્યાએ ચાર ચાર પગ વાળા દેવીની પૂજામાં હાજર કરેલા, તે દિવસે નવસોને નવ્વાણું નમસ્કાર કરતા ગયેલા, કાન સાથે કાન અડાડીને ભેટાણી ભેટતા ગયેલા; હસતા, રમતા, ખાણી-પીણી કરતા ગયેલા હતા ભાઈ !

આજે કથ ભર્યી ગાડી. આજે ધનની ગાડી કવાતની. આજે કથ નાણાવટીની ગાડી કવાતની. તેવ કથ્ અમારે ચાનત તેવ કથ્ તુમારે ચાન્યા કરે...રા ભૂંયા.

હે ભાઈ ! આજે વળી ભરેલી ગાડી, આજે ધનની ગાડી કહેવાતી હતી, આજે વળી નાણાવટીની ગાડી કહેવાતી હતી, તેવું અમારામાં ચાલ્યા કરતું હતું તેવું તમારામાં પાણ ચાલ્યા કરે.

આં ભીયે...

આંભીયે...

તીદાડે કથ ઈયે તીડે કાલ્યો મેઘ વરહી ગનો, આગાલ પૂંછવાલો, પાછાલ મૂંછવાલો રા ભૂયા... તી દાડે કથ્ ગાભણી ઓરે ઓર્યા કરતનો, હંહરો હાલી હાકચા કરતનો, પાદરી પાયારી પાણી આપચા કરતીની...રા ભૂયા.

હે ભાઈ! તે દિવસે વળી આ કિનારે કાળો મેઘ વરસી ગયેલો, આગળ પૂંછવાળો તથા પાછળ મૂંછવાળો હતો. ભાઈ! તે દિવસે વળી તેની સ્ત્રી સગર્ભા સ્થિતિમાં વાવણી કર્યા કરતી હતી, હસમુખો હાળી હાંક્યા કરતો હતો તથા પાતળી એવી પણિયારી પાણી આપ્યા કરતી હતી.

તી દાડે ભર્યો ખોલો બાંન્જા કરતના, બી-બીવડ કથ જેમણા હાથે વાવતા જાતના, ડાબા હાથે ટોપની ધરતા જાતનારા ભૂયા.

હે ભાઈ! તે દિવસે ભરેલો ખોળો બાંધ્યા કરતા હતા, બીજ બિયારણ વળી જમણા હાથે વાવતા જતા હતા, ડાબા હાથે ટોપલી પકડતા જતા હતા.

તી દાડે કથ નેદતા જાતના, ગોડતા જાતના, લીલાલ્હેર વલતી જાતની રા... ભૂયા.

હે ભાઈ! તે દિવસે વળી નીંદતા જતા હતા, ગોડતા જતા હતા, લીલાલહેર થતી હતી.

તી દાડે કથ્ પાકીન કથ, હેઠા પાંહા પડતી ગની. તી દાડે કથ્ વાડતા ગના, બોડતા ગના, તી દાડે કથ્ હનખલી, ધનખલી, દૂધખલી, પૂનખલી. તે ખલ્લેમાં નાખતા ગના રા...ભૂયા.

હે ભાઈ! તે દિવસે વળી પાકીને શેઢા પર પડી ગયેલું, તે દિવસે કાપતા ગયેલા, તોડતા ગયેલા, તે દિવસે સોનાની ખળી, ધન ખળી, દૂધ ખળી, પુણ્ય ખળી, તેવી ખળીમાં નાખતા ગયેલા.

તી દાડે કથ્ કાબરો, ચીતરો, ખાંદીયો, જોડતા, ગના, હનાય ગોડવે બાંધતા-ગના રા...ભૂયા.

હે ભાઈ! તે દિવસે કાબરો, ચટાપટાવાળો બળદ જોડી ગયેલા, સોનાનું સૂંઢિયું બળદને બાંધતા ગયેલા.

આજે કથ્ ઈયે ઠેકાણે આગના પાગે હંનકારતના, પાછના પાગે

હે ભાઈ! આજે આ જગ્યાએ આગલા પગે બોલાવતા ગયેલા,



ડખ્ખારતાના, કવાલો ભરીને ખાતા જાતનારા...ભૂયા.

(ઈશારાથી) પાછલા પગે ડખ્ખારવું લડવા માટેની તૈયારી કરતા તથા મુઠ્ઠીભર ખાતા જતા હતા.

તી દાડે કથ્ હનાય કોડીન્, હનાથ પંજીઠ, તી દાડે કથ્ ઉગાથ પરાલ કાઢતા ગના રા...ભૂયા.

હે ભાઈ! તે દિવસે વળી સોનાની પંજેઠી. (ભાત ફેંદવાની લાકડી) તે દિવસે પરાળ કાઢતા ગયેલા.

તી દાડે કથ્ ચઢાત હાંજ. આજે કથ્ વાલતા જાતના રા...ભૂયા.

હે ભાઈ! તે દિવસે ચઢતી સાંજ આજે વાળતું જાય છે.

આજે હના બુઆરી રા... ભૂયા, આજે હના કરાઠો રા...ભૂયા.

હે ભાઈ! આજે સોનાની સાવરણી, આજે સોનાનો કરાઠો.

આજે હના કામ્બજ રા... ભૂયા.

આજે સોનાનું (પરાળ અને ડાંગર જુદું પાડવા માટે લાકડાનું પાટિયું) પાંખિયું.

આજે હના ફટક્ રા ભૂયા...

આજે સોનાની ફટકી. (અનાજમાંથી કચરો ઉડાડવા માટેની પછેડી)

આજે હના હૂંપડ રા... ભૂયા.

હે ભાઈ! આજે સોનાનું સૂપડું.

તી દાડે હના ફટક્ વાવ દેયા કરતના, ભૂખર વાયર વાન્જા કરતન્, હેલ વાયર વાન્જા કરતન્, એક કણ્યેણે બતરી કણ્યે વલ્યા કરતેને રા... ભૂયા.

હે ભાઈ! તે દિવસે સોનાની પિછોડીથી ઉડાડતા હતા, સૂકો પવન વાયા કરતો હતો, ઠંડો પવન વાયા કરતો હતો, એક કણીમાંથી બત્રીસ કણી વળ્યા કરતી હતી.

તી દાડે કથ્ ભર્યી ગાડલી જોડ્યા કરતના. હના હીદવો માંડ્યા કરતના રા ભૂયા... કાબરો, ચીતરો, ખાંદીયો જોડતા જાતના. હના હાદડમાં તી દાડે

હે ભાઈ! તે દિવસે ભરેલી ગાલ્લી જોડ્યા કરતા હતા, સોનાનો ટકો માંડતા હતા. કાબરો ચીતરો, ખાંધિયો બળદ જોડીને જતા હતા. સોનાની

કથ્ ઘરાબારામાં આજે કાણી નાંખતા જાતના રા ભૂંયા !

સાદડીમાં તે દિવસે ઘરબારમાં તે કાણી (અનાજ) નાખતા ગયેલા હતા.

તી દાડે કથ્ ડોગરા અવડો ઢીગ વાલ્યા કરતના રા... ભૂંયા!

હે ભાઈ! તે દિવસે ડુંગર જેવડો ઢગલો વાળતા કરતા હતા.

આજે ચંગીર્યા જેવો ધેણી કા ભૂંયા. આજે હીયાણે ઘરમાં કથ્ પોયરા-છોકરામાં કથ્ દુઃખ ઘરમાણ પડયરા...ભૂંયા.

હે ભાઈ! આજે તેનો જુવાન જોધ સશક્ત એવો ધણી, આજે એના ઘરમાં તથા બાળબચ્ચામાં દુઃખ પડ્યું.

તી દાડે કથ્ ખોડા ગુણયાણે હાદી આંણયારા ભૂંયા, ખોડે ગુણ્યે કથ્ કડી પૂરી ટીચી નેદીરા ભૂંયા.

હે ભાઈ! તે દિવસે ખોડ્યા ગુણ્યાને બોલાવી લાવેલા ભૂંયા, તેણે કઢી પૂરી જમી લીધું હતું.

ખોડે ગુણ્યે કથ્ વીરમાનતા છોડી નેદની રા ભૂંયા, તી દાડે કથ્ દેવલી માડ્યે કથ્ નવે કાગલે નખી નેદને રા...ભૂંયા.

હે ભાઈ! ખોડ્યા ગુણ્યાએ વીરમાનતા છોડાવી લીધી હતી. તે દિવસે દેવલીમાતાએ નવ કાગળોમાં લખી લીધું હતું.

આજે છૂટીને હલકા હોણે આવા રા ભૂંયા, આજે પગે પડતા જાહું, નવસે નમાણે નમતા જાહું રા...ભૂંયા.

હે ભાઈ! આજે છૂટીને હળવા થવા આવ્યા, આજે નમસ્કાર કરતાં જઈશું, નવસો નમસ્કાર નમતા જઈશું,

તેવો આજે વલ વિચાર કરતા આવા રા ભૂંયા, આજે દુદાવાટે, માંહવાટે, હુડ્યે વાટે, ચાની હમડા જવડી પલી વાટ કરતા આવા રા... ભૂંયા. જે ચોખાર ખાતાખાતે ચોકીદારને નાકે નાકે હુકમીદારને હડતાને પડતા આવા રા ભૂંયા.

હે ભાઈ! એવો આજે વિચાર-યુક્તિ કરતા આવ્યા, આજે દૂધના રસ્તે, માંસના રસ્તે, હોડીના રસ્તે ચાલી સૂપડાં જેવડો પહોળો રસ્તો કરતા જઈશું, ચોકીદારને નાકે, હુકમીદાર-છડીદાર નાકે દોડતા આવ્યા.



## પીઢું - ૫

આં ભીયે ! આજે કથ્ હરખીણે ખલે આવી પયળા રા. . . ભૂંયા. આજે કથ્ વાંકવાંધો કથો પડેની રા. . . ભૂંયા આજે કથ્ ઘાંઘલી વાજ, બતરી ચાલા વાજાડી દે જે, દેખાડી દેજે, રમાડી દેજે. વાજતી ગોલી, રમતી ગોલી, દેવલી માડ્યે દેવરે ખલે, માખણ્યે પેંડા, ઘીંહાણે પૂડા, લાબી જ નેહુ. તોરે ખલે દેવલી માડી વલતા પેંડા, ચઢતા પેંડા, ફીરતા પેંડા, ફરતી રવી, ધુંગી રાલી રવી તાણીને નેહું.

હે ભાઈ! આજે હરખીના સ્થાનકે આવી પડ્યાં છીએ. દેવપૂજામાં કોઈ વાંક, વાંધો ન પડે ભાઈ. આજે ઘાંઘણી વાદ્યમાં બત્રીસ ચાલા વગાડજે, બતાવીને રમાડી દેજે. વળતી ગોળી, રમતી ગોળી. દેવલી માડીએ, દેવના સ્થાનકે માખણના પેંડા, ઘીના પૂડા વાળી લઈશું. માડી તારા સ્થાનકે વળતા પેંડા, ચઢતા પેંડા, ફરતા પેંડા, તારા સ્થાને ફરતી રવી, ઘૂઘરાવાળી રવી, રવૈયો તાણી લઇશું માડી !

દેવલી માડી, તોરે ખલે, વાલીને નેહું, ઘર હટ્ટુ, બારહટ્ટ, હારુરિયે, કહણે હારું, કવીન્ને હારું, દડતા લાગા, ગાડાને ગરાડે જોડતા લાગા, ખાંડો ને મીંડો જોડી નેદો, હુડી ને હોપારી નેતા આવા. તોરે ખલે ઠીહ ને ઠપકો હારી જે નેહુ, ઘીંહાણે દીવો પૂરી જે નેહું, ખોદાણ્યો ખાડો, પુરી દેહું.

દેવલી માડી, તારા સ્થાનકે ઘર માટે, બહાર માટે, ધોતી માટે, તારા ખોળા માટે, તારા શરણે દોડીને આવ્યા. ગાલ્લીને રસ્તે ખાંડો અને મીંડો બળદ જોડીને આવ્યા. સૂડી અને સોપારી લેતા આવ્યા, તારે ખોળે - આંગણે - સ્થાનકે આવ્યા છીએ. તારો ઠપકો સાથે લેતા જઈશું, ઘીનો દીવો પૂરતા જઈશું, ખોદેલી જગ્યા પૂરતા જઈશું.

આં ભીયે ! આજે કથ્ તોરે ખલે દેવડી માડી હજારે કરે, દહીંણે ગમખરે વાજાડી દેહું, મેસાણા પેંડા વાલીજે દેહું, ઉબાતો કુરો, વધતો કુરો, ચડતો કુરો, નાચાણી ખલી, છીડાલી ખલી ફીરતી ખલી.

નમસ્કાર ! આજે દેવલી માડી તારા ખોળે - સ્થાનકે હાજર કરીશું; દહીં તાણવાનો ધમકાર કરીશું, મહેસાણાના પેંડા વાળતા જઈશું, ઊભરાતો ગોળો, વધતો ગોળો, ચડતો ગોળો, નાચવાની ખલી - સ્થાનક, કાંણાવાળું કે છિદ્રવાળું સ્થાનક, તારું ફરતું સ્થાનક.

આં ભીયે ! આજે કથ્

પેલો ખોખરો પીંજારો, નામે હર્યો મૂલી, નામે જલ ડેળકો, નામે રમતી જલદેવડી.

બડી નામે ભરી નાચાણ, રમતી નાચાણ, હંહલી નાચાણ, નામે દાતા હુવારી, નામે ધની હુવારી.

નામે વલતી માદાણ, નામે ઉબાતી માદાણ, નામે ગુરુબ ગોજાય, ઢલતી માદાણ, નામે હાચી માદાણ, નામે હંહરી માદાણ, નામે ચડતી માદાણ, નામે હાચી માદાણ, નામે દેવલી માડ્યેણે ભરી માદાણ, નામે કાલી જોગણ, નામે ભલી જોગણ, મચકાલી જોગણ.

**વણજારાનું ગીત**

વણજારી : મોટા મોટા મૂછા વાલો તું મારે લાખ વનજારા તું.
વણજારો : મોટા મોટા ચોટના વાલી તું મારે લાખ વનજારી તું કા.
વણજારી : મોટા મોટા પાગડા વાલો તું મારે લાખ વનજારા તું.
વણજારો : મોટા મોટા પાગડા વાલી તું મારે લાખ વનજારી તું.
વણજારી : મોટા મોટા ટાન્યા વાલો તું મારે લાખ વનજારી તું.
વણજારો : મોટે મોટે હાડ્યે વાલી તું મારે લાખ વનજારી તું કા.
વણજારી : ખમખી દાદરામાં ઢોબે ચારે તું મારે લાખ વનજારા તું.

પેલો બોદો પીંજારો (રૂ પીંજનારો), હર્યો મૂલી, જળ દેડકો, રમતી જળદેવી

ભરેલી નાચાણ (નાચાણાની જગ્યા નાચનારાઓથી ભરેલી હોય) રમતી નાચાણ, હસતી નાચાણ.

દાતા નામની દાયણ, ધની નામની દાયણ, વળતી માદાણ, ઊભરાતી માદાણ, ગરીબોની ઢળતી માદાણ, સાચી માદાણ, હસમુખી માદાણ, ચઢતી માદાણ, સાચી માદાણ, દેવલી માડીની ભરેલી માદાણ, કાળી જોગણ, ભોળી જોગણ, ચસકાવાળી જોગણ.

**વણજારાનું ગીત**

વણજારી : મોટી મોટી મૂંછવાળો તું મારો વણજારો.
વણજારો : મોટા મોટા ચોટલાવાળી તું મારી વણજારી.
વણજારી : મોટી મોટી પાઘડીવાળો તું મારો વણજારો.
વણજારો : મોટી મોટી પાઘડીવાળી તું મારી વણજારી.
વણજારી : મોટા મોટા પગવાળો તું મારો વણજારો.
વણજારો : મોટી સાડીવાળી તું મારી વણજારી.
વણજારી : ખમખી મેદાનમાં ઢોર ચારવાવાળો તું મારો વણજારો.



કાખારે, ડમરે ભુનવી નાઠો ગોવી રયો રા. . . ગોવાલ

ભમડા હામાં ભુનવી નાઠો ગોવી રયો રા. . . ગોવાલ

વાણજારો : ઈયા દાદરામાં ડોબં ચારે તું મારે લાખ વનજારી કા તુંકા.
વણજારી : બાયેણે હીયણાટી હીંગરૂ વાજાડે તું મારે વનજારા તું.
વણજારો : ઘરાબારા, બલજ, વાલે તુ મારે વનજારી તું કા.
વણજારી : મોટા મોટા બીડ્યા વાલો તું મારે લાખ વનજારા તું.
વણજારો : મોટા મોટા કાછડા વાલી તું મારે લાખ વનજારી તું કા.
વણજારી : ઘરેબારે વાલી દેજે તું મારે લાખ વનજારા તું.
વણજારો : ડોબા ઢાંડામાં વાલી આપે તુંકા મારે લાખ વનજારી તું કા.
વણજારી : ખેતી વાડીમાં વાલી આપજે તું મારે લાખ વનજારો તું.
વણજારો : ગોઠાણી વાડ્યે ઉડાડી દેજે તું મારે લાખ વનજારા તું કા. ઉડ્યા કરે તું કા મારે લાખ વનજારી તું.
વણજારો : ગોદાણી વાડ્યે ઊડ્યા કરે તું કા મારે લાખ વનજારી તું કા.

વણજારી : છાહેણો ભમરા વલ્યા કરે તું મારે લાખ વનજારા તું.
વણજારો - ઉડાણી હાંડ્યે ઉડ્યા કરે તું મારે લાખ વનજારી તું.

કેસૂડાના ઝાડમાં ભૂલી પાડી લઈને નાઠો ને રોકી રાખી રે. . . ગોવાળ

કાંટા - ઝાંખરામાં લઈ જઈને ભૂલી પાડી રોકી રાખી રે. . . ગોવાળ

વણજારો : આ મેદાનમાં ઢોર ચારનારી તું મારી વણજારી.
વણજારી : બહેનને સ્વપ્નમાં શિઠગડું વગાડે તું મારી વનજારી.
વણજારો : ઘરબાર, બળદવાળી તું મારી વણજારી.
વણજારી : મોટી બીડીવાળો તું મારો વણજારો.
વણજારો : મોટા કાછડાવાળી ''પહેરેલું લૂગડું'' તું મારી વનજારી.
વણજારી : ઘરબારમાં વાળી દેજે. તું મારો વણજારો.
વણજારો : ઢોરઢાંખરમાં વાળી આપે તું મારી વણજારી.
વણજારી : ખેતીવાડીમાં વાળી આપજે તું મારો વણજારો.
વણજારો : ઢોર બેસતાં હોય (ગોઠાણ વાડી), એ વાડીયે બીજેથી અનાજ ઉડાડી દેજે.
વણજારો : 'ગોદાણી વાડ્યે'માંથી ઊડ્યા કરે (અનાજ) તું મારી વણજારી.
વણજારી : છાશના ભ્રમર વાળ્યા કરે તું મારો વણજારો.
વણજારો : રંધાતું અનાજ હાંડલીમાંથી ઊડી જાય, અન્નની બરકત ન રહે તેવી મારી તું વણજારણ.

વણજારી - ફૂકડે-બોકડે વાલ્યા કરે તું
મારે લાખ વનજારા તું.

વણજારી - ફૂકડાં-બકરામાં વાળી
આપે તેવો તું મારો વણજારો.

આં ભીયે !

નમસ્કાર !

આજે કથ્ લાખ વનજારી,
તી દાડે લાખ વનજારેણે ભર્યા બીડ, ઉબાત બીડ, માથા પાર મૂકીને ઈયે ગામને પલે ગામ, ડોબે ઢાંડે ચારતી હેંડતીની; આજે ઈયે ઠેકાણે દેવલી માડ્યેણે ખોલે, આજે દડતી ને પડતી આવી હા. આજે ઈયે ઠેકાણે વાહ વાહ હરખીયેમાં ખર ખીયાત કર્યા કરતી હા.

આજે લાખ વણજારી,
તે દિવસે લાખ વણજારીનું ભરેલું બેડું, ઊભરાતું બેડું, માથે મૂકીને આ ગામને પેલા ગામે ઢોર-ઢાંખર ચાર્યા કરતી હતી. આજે આ જગ્યાએ દેવલી માડીના ખોળે દોડતી ને પડતી આવી છે. માડી! આજે આ જગ્યાએ હરખીમાં નાટક-ટુચકા કર્યા કરીએ છીએ.



## પીઠું-૬

આં ભીયે !...
આજે કથ દેવલી માડ્યેણે ખલે ખાંડો ને મીંડો જોડતા આવનારા ભૂંયા... ભર્યે ડોબે નેતા આવનારા, ભર્યા ગોવાલે આવ્યા કરતે ને રા... ભૂંયા.

નમસ્કાર !
આજે દેવલી માડીના સ્થાનકે ખાંડો ને મીંડો બળદ જોડીને આવ્યા છીએ ભાઈ... ભરેલા ઢોર લેતા આવ્યા, ભરેલા ગોવાળિયા આવ્યા છે ભાઈ...!

તી દાડે કથ્ ચાંદરી ગાય, કાબરી ગાય, ભેહે માદાણ, ગાય માદાણ રા... ભૂંયા...!

તે દિવસે ચાંદરી ગાય, કાબરી ગાય, ભેંસનું કાદવવાળું ખાબોચિયું, ગાયનું કાદવવાળું ખાબોચિયું ભાઈ...!

આજે કથ્ હુન્જ દાદર્, આજે ઈયે દાદરે, પલે દાદરે, ખેડૂત દાદરે ચર્યા કરતના. આજે કથ્ ડોબે ઢાઢરા ભૂંયા...

આજે વળી સીમની ઊજળી જમીન, આજે આ જમીનમાં પેલી જમીનમાં ઢોર ઢાંખર ચરાવ્યા કરતા હતા ભાઈ...!

આજે કથ્ છાહ્યેણે ધમખીરે વલ્યા કરતના, માખેણે પેંડા વલ્યા કરતના. તી દાડે હેડ ઊડ્યા કરતીની રા... ભૂંયા.

આજે છાશના ધમકારો (છાશ તાણવાનો અવાજ) કર્યા કરતા હતા, માખણના પીંડ વાળ્યા કરતા હતા; તે દિવસે તેના ફુવારા ઊડતા હતા ભાઈ...!

આજે કડવ્ કડવ્ ખાતા જાહું, મીઠ મીઠ બોનતા જાહું, રા... ભૂંયા.

ભાઈ! આજે કડવું કડવું ખાતા જઈશું, મીઠું મીઠું બોલતા જઈશું.

આજે કથ્ ભોખ્યાણે ધાન આપતા જાહું, તીરહાણે જલ આપતા જાહું, રા... ભૂંયા.

ભાઈ! ભૂખ્યાને અનાજ આપતા જઈશું અને તરસ્યાને પાણી આપતા જઈશું.

આજે કથ્ ઘરાબારામાં, વલતે ડોબે ડોબે વલ્યા કરાત રા... ભૂંયા.

ભાઈ! આજે ઘરબારમાં, ઢોરમાં વળતું થયા કરશે.

આજે કથ્ તુમારેમાં ભણ એવ્ ને એવ વનજારોણે ભણ મીલ્યા કરે રા... ભૂંયા.

ભાઈ! આજે તમારામાં પણ વણજારાના જેવું મળ્યા કરતું હશે.

ચમકાણી જોગાણ, નામે દાદીર્યેણી જોગાણ, ચાનતી હવાર, નામે ભાંજતી હવાર, નામે હુવતી જીડાણ, મેલી જીડાણ, નામે કાલી જોગાણ

ચમકાણી જોગણ, મેદાનમાં રહેનારીની જોગણ, ચાલતી સવાર, ભાંગતી સવાર, ઊંઘતી ‘જીડાણ’ મેલી જીડાણ, કાળી જોગણ

નામે દૂધ હવાર, નામે રમતી હવાર, ઉબાતી કોડચી, વાંકી કોડચી, નામે હાચી કોડચી

દૂધ સવાર, રમતી સવાર, ઊભરાતું કોડિયું, વાંકું કોડિયું, સાચું કોડિયું

દુજીપારહ, ભોજી પારહ, ફીરલો તારો, કમલી રહણી, ભાગતી રહણી, હાચી રહણી, ભટીકતી રહણી

‘દુજી’ પારસી ‘ભોજી’ પારસી, ફરતો તારો, સવારનાં કુમળાં કિરણો, ભાગતાં કિરણો, સાચાં કુમળાં કિરણો, ભટકતી કિરણો

ખરો વાંડો દેવ, હીચો વાંડો દેવ, હાચૂ દાતીણ, નામે છલકાયતી મોરી, છૂંદાણ મોરી, નામે દેવલી માડયેણે ઉબાતી નાણી, નામે દેવલી માડ્યેણે હાચી નાણી, દેવલી માડ્યેણે ખાલી નાણી, દેવલી માડ્યેણે હાચે દાતીણે, ગોવાલ દેવાહ્ય ભણ હાચે દાતીણે દેવલી માડ્યેણે ભણ ખાખરાણે દાતીણ. નામે ધૂંહતો ઓલાહ

સાચો વાંઢો દેવ, સાચું દાતણ, છલકાતી મોરી, ટીપાયેપી મોરી. દેવલી માડીની ઊભરાતી, નાહવાનો હોજ, દેવલી માડીની સાચી સ્નાન જગ્યા. દેવલી માડીની ખાલી સ્નાન જગ્યા, દેવલી માડીના સાચા દાતણ, ગોવાળ દેવોના સાચું દાતણ, દેવલી માડીનું પણ કેસૂડાનું દાતણ, ઊલ કાઢવાની પ્રક્રિયા

નામે ડોગરે કાકરે ચઢતા જાહું, ચોકીદાર ચકી ચૂકહું, નાકેદાર નાકે ચૂકહું રા ભુંયા. ગઢમલ જાણે સીદી વાટ, ગઢમલ જાણે ઉઘડતો ઝાપો બડો નામે રંગીનો ઝાપો, નામે ફીરતી બારી, નામે છદીડતી બારી, ઊગડતી બારી, ખીના બારી, હના બારી, બડી ધાંગલા બારી. નામે હરખાણે વીછૂડવાણી બારી, ઉગુડતી બારી, બાર ટીલહાણી બારી, ખખુડતી બારી.

ડુંગરે કાકરે ચઢતા જઈશું, ચોકીદારને ચોકીએ તથા નાકેદારને નાકા પર મૂકીશું, ગઢમલ જવાનો સીધો રસ્તો, ગઢમલ જવા માટે ઊઘડતો દરવાજો મોટો રંગેલો દરવાજો, ફરતી બારી, તોતિંગ બારી, ઊઘડતી બારી, ખીલાની બારી, સોનાની બારી, ધાંગલા બારી, હરખીને પસાર થવાની બારી, ઊઘડતી બારી. બાર તાળીની બારી, ખખડતી બારી.



ગડમલ જાવાણ લીટોં, ભર્ય આંગણકા...ભૂંયા. ગમમલ જાવાણ લીટોં, ચીકણ આંગણકા...ભૂંયા. નામે દેવલી માડ્યેણે ઉબાતો ઉમરો. નામે દેવલી માડ્યેણે ઉબાતે હાટડે. નામે દેવલી માડ્યેણે ઉબાતે મુહલે. આજે દેવલી માડ્યેણે હાંડને ચાટ્વ બડા પાંહા.

ભૂંયા! ગડમલ જવાનું છે ત્યાં ભરેલું આંગણું, ભૂંથા ગડમલ જવાનું છે ત્યાં ચીકણું આંગણું, દેવલી માડીનો ઊભરાતો ઉમરો, દેવલી માડીનો અનાજનાં ઊભરાતાં પાલો, દેવલી માડીના ઊભરાતાં સામેલાં, દેવલી માડીના પીઠ ઉપર હાંડલીને લાકડાનો ચમચો

આજે માડી માતાણે બીણ હના કોડીન્, આજે કથ લાંદની કરત્નારા... ભૂંયા આજે છાણ વાંહીદ કરનારી કા...ભૂંયા. આજે ઈયા વાહી દાણ, આમારેમાં ચાનતન્ તેવ, તુમારેમાં ચાન્થા કરે રા-ભૂંયા.

આજે માડી માતાનું સોનાનું ‘કોડીન્’ ભૂંયા આજે છાણવાસીદું કરનારી. આજે એવું વાસીદું અમારામાં ચાલ્યા કરતું હતું અવે તમારે પણ ચાલ્યા કરે ભૂંયા

આજે દેવલી માડ્યેણે આપરે કથે પગે પોટે પડી નેહુંરા ભૂંયા.

ભૂંયા! આજે દેવલી માડીને નમસ્કાર કરી લઈશું,

નામે દેવલી માડ્યેલે છાણ વાંહીદી. નામે દેવલી માડ્યેણે હનાય કૂડ. નામે દેવલી માડ્યેણે વલસી કૂડ. નામે દેવલી માડ્યેણે ઉબાતી કૂડ. નામે દેવલી માડ્યેણે ખાંડો ને મીંડો. નામે દેવલી માડ્યેણે વાહડે બાંધવાણે હના મોવર.

દેવલી માડીને છાણ વાસીદું, દેવલી માડીની સોનાની કોઠાર, દેવલી માડીની વળતી કોઠાર, દેવલી માડીની ઊભરાતી કોઠાર, દેવલી માડીના ખાંડોને મીંડો બળદ, દેવલી માડીના વાછરડા બાંધવાના સોનાના મોર

નામે દેવલી માડ્યેણે ઉબાતો ઉબડો. નામે તીયે કૂડીમાંથી હીદી વાટ ઉબડે જાવાણીરા ભૂંયા. નામે ઉબડે જાવાણો પાદરો મારાગ.

દેવલી માડીનો ઊભરાતો ઉકરડો, તે કોઠારમાંથી ઉકરડે જવાનો સીધો રસ્તો, ઉકરડે જવાનો સીધો રસ્તો.

નામે ચઢતો ઉબકો. આજે ઉબાયા કરતૂન નેવૂ ઘરાબારામાં ઉબાયા કરે રા... આજે કથ હીંદાય ડોંગરી બાન્જા કરતીનીરા ભૂંયા.

ચઢતો ઉકરડો, ભૂંયા આજે ઊભરાયા કરતું હતું તેવું ઘરબારમાં ઊભરાયા કરે. આજે ક્યાંક હીંદાય ડુંગરી બાંધ્યા કરતી હતી.

ભર્યો ગોવાલ ચાર્યાકરતના, ભર્યે કોઠે દાબ્જા કરતના, આજે કથ્ રાજાબાંઠો ને બાલાવિંદાણ રા... ભૂંયા.

હે ભાઈ ! આજે વળી રાજા બાંઠોને બાલો વિંદાણ. ભરેલા ગોવાળો ચરાવ્યા કરતા હતા, ભરેલી કોઠીઓ દાબ્યા કરતા હતા.

જર જવાબ દેતા જાહું, જૂગાણે માલ્યે ફેડતા જાહું, આજે ઘરામાં, બારામાં, ખેતામાં, ખલામાં, ખેત્યેમાં, વાડ્યેમાં વાલતા જાહું.

જવાબ આપતા જઈશું, આકાશ, 'બ્રહ્માંડ'ના માળ ઉકેલતા જઈશું, આજે ઘરમાં, બારાણામાં, ખેતરમાં ખળીમાં, ખેતીવાડીમાં, વાળતા જઈશું.

એક કણ્યેણે બતરી કણ્યે વાલ, દેવલી માડી આજે તોરે ઘરને આંગાણે દડતા આવના, પડતા આવના, પગે પોટે પડતા જાહું, રા. . . ભૂંયા !

દેવલી માડી આજે તારા ઘરને આંગણે એક કાણીની બત્રીસ કાણી વાળવા દોડતાને પડતા આવ્યા, નમસ્કાર કરતાં જઈશું, પુંજ મૂકતા જઈશું.

નામે ભર્યો ખોલો, નામે વલતો ખોલો, ઉબાતો ખોલો.

ભરેલો ખોળો, વળતો ખોળો; ઊભરાતો ખોળો.

નામે ખખૂડતે નારાયલે, નામે લીતુની ભાજી.

ખખડતાં નાળિયેર, તાંદળજાની.

આજે બતરી વાજે, બતરી ચાલા બજાડતા જાહું, દડતા આવહું, પડતા આવહું, દરબારમાં આવહું, બતરી માણહે નેલા આવહું વાત વગાત કરતા જાહું, તેવ આજે કથ ભૂલની પડે, ચૂકની પડે, આજે કથ્ પોર્યામાં છોકરામાં. પડી ગના, આજે નામે કીમે પડી ગને આજે.

આજે બત્રીસ વાજાં, બત્રીસ તાલ વગાડતા જઈશું, દોડતા આવીશું, પડતા આવીશું, દરબારમાં આવીશું, બત્રીસ માણસો લેતાં આવીશું, વાતચીત કરતાં જઈશું આજે વળી ભૂલચૂક નહીં પડ, આજે બાળબચ્ચાંમાં કાંઈ વાંક, વાંધો ન આવે તાપીનો દેવ પડી ગયેલા આજે નામઠામ પડી ગયેલા.

રાહે કાહે જાતા જાહું. પાર્યે ઉર્ગીલતા જાહું, ભર્યે ખોલે આપચા કરું હું, જેવી રીતે રાખતા ગના તેવી રીતે પાછા ફેડતા જાજે.

હસ્તા હસ્તા જતા જઈશું, કિનારે સ્નાન કરતા જઈશું, ભરેલા ખોળે આવ્યા કરીશું, જેવી રીતે રાખતા ગયેલા તેવી રીતે લેતા જઈએ.



ખેત્યેણે, વાડ્યેણે, ડોબાણે, ઢાંડાણે, ધરતીણે આજે. ખખડોની ભભડોની જહદેજા, માનદેજા, કથ્ વારું આજે.

ખેતીવાડીને, ઢોરઢાંખરને ધરતીને. આજે કોઈ પ્રકારની હેરાનગતિ નહીં ત્યારે આજે માન આપજે.

કડવ કડવ ખાતા જાતના, મીઠ - મીઠ બોનતા જાતના, ભુખ્સાણે ધાન આપતના, તીરહાણે જલ આપતના તેવી રીતે રાખતા જાતના, આજે તેવી રીતે જહ દેજે, માન દેજે આજે.

કડવું, કડવું ખાતા જઈશું ને મીઠું, મીઠું બોલતા જઈશું, ભૂખ્યાને ધાન આપતા હતા, તરસ્યાને પાણી આપતા હતા, તેવી રીતે રાખતા જતા હતા. આજે એવી રીતે માન આપજે.

આજે કથ રાજ બાન્ઠો, બાલો વિધાણ. તી દાડે કથ્ આજે હેલો દાબ, પીલો દાબ, લીલી દાબ પૂંદરો દાળ આજે કથ્ તું મારે નામે ધરી નેદે આજે.

આજે 'રાજા બાન્ઠો' બાલો વિધાણ. તે દિવસે ઠંડોદાબ, પીળો દાબ, લીલી દાબ, કાણો દાબ આજે તમારાં નામઠામ પકડી લીધાં છે.

આજે કથ્ જહદાર, માનદાર, ચોકીદાર, હુકમીદાર, આજે કથ્ માન દેજા આજે.

આજે વળી સતવાળું, માનવાળું, ચોકીદાર, છડીદાર, માન દેજો.

વાહા ભોગ ખોલે નેજા, એક કણ્યેણે બતરી કણ્યે વાલી આપજા આજે સતવારું, જવાબ દેજા, માન દેજા.

ભોગે લેજો, એક કાણીની બત્રિસ કાણી વાળી આપજો, આજે સત છે, ત્યારે જવાબ દેજો, માન આપજો.

જહ દેજા, માન દેજા, આજે દુજ્જે ગોવલી, માખીણ્યો ગોવલી, આજે ગોવી લ્યાય કથ માખીણે પેડા વલતા જાતના, કડવ કડવ ખાતા જાતના, મીઠું મીઠું બોનતા જાતના, આજે જહ દેજા, માન દેજા આજે.

આજે સત આપજે, માન આપજો. આજે દૂધિયો ગોવાળ, માખણિયો ગોવાળ, ગોવાળના માખણના પેંડા વળતા જતા હતા, કડવું, કડવું ખાતા જતા હતા, મીઠું, મીઠું બોલતા જતા હતા, આજે સત્ આપજે, માન આપજો.

વાઘાબારી આજે રોઝા બારી, આજે કીકીરતો દરવાજો, આજે કીકરતો ઝાંપો આજે પડી ગના આજે જહ દેજા માન દેજા.

વાઘની બારી, રોઝ બારી અવાજ કરતો દરવાજો, અવાજ કરતો ઝાંપો, પડી ગયેલા આજે જશ તથા માન આપજો.

આજે ભર્યી વાંજલી વાજ્જા કરતીની,
ભર્યે આંગીણે નાચ્યા કરતના, આજે
પૂંદરી વાજી વાજ્જા કરતીની. આજે
કથ્ ભોખ્સાણે ધાન આપતના,
તીરહાણે જલ આપતના, તીયા લોકે
જહ દેઅ, માન દેઅ તીયા દેવલી
માડી તોરે આજે કથ્.

ભરેલું વાજું વાગ્યા કરતું હતું, ભરેલા
આંગણે નાચ્યા કરતા હતા, આજે
કાણી વાજી વાગ્યા કરતી હતી,
ભૂખ્યાંને અનાજ આપ્યા કરતા હતા,
તરસ્યાને પાણી આપતા હતા, ત્યાર
ત્યારે દેવલી માડી તારે આજે તારું સત
જોઉં, માન જોઉં.

આજે છપ્પન તાલે, બાવન કૂચે
આજે ઉગાડ દે જે તીયા તોરે સત્
જાણ, માન જાણ આજે કીકીરતી
બારી, આજે ઈયે બાર્યેમાં ભૂલની
પડે, ચૂકની પડે

આજે છપ્પન તાળાં, બાવન
ચાવીઓ, આજે ઉઘાડી દેજે ત્યારે
તારું સત જાણું, માન જાણું, બોલતી
બારી આજે આ બારીમાં ભૂલચૂક ન
પડે.

નાકેદાર, ચોકીદાર, હુકમીદાર, આજે
દડતાન્ પડતાન્ ખાંડોને મીંડો જોડતા
આવામ્, ઢલતે માર્ગે ઢૂંલી પડતા
આવા, આજે એક કણ્યેણે બતરી
કણ્યે વાલી આપતના, આજે દેવલી
માડ્યે જહ દેખ, માન દેજે.

નાકેદારે, ચોકીદાર, દોડતા ને પડતા
આજે ખાંડો ને મીંડો બળદ જોડતા
આવ્યા, ઢળતે રસ્તે ઢળી પડતા
આવ્યા, આજે એક કણીની બત્રીસ
કણી વાળી આપતા હતા, આજે
દેવલી માડીનું સત્ જોઉં, માન જોઉં.

આજે ખખડોની, ભભડોની,
નાકેદાર, ચોકીદાર આજે હાપાય મું
બંધ કરતના, વાઘાય ડોક બંધ કરતના,
વા વાયર બંધ કરતના, જહ દેજા.

આજે કોઈ 'ગભરામણ નહીં, કોઈ
ડર નહીં, નાકાદાર, ચોકીદાર, આજે
સાપનું મોઢું બંધ કરતા હતા. વાઘની
ડોક બંધ કરતા હતા. પવન વંટોળ
બંધ કરતા હતા. હે માડી! આજે
જશ આપજો.

# પરિશિષ્ટ - ૨

## ચોધરી બોલીના શબ્દાર્થ

આગના - આગળના
આગલ - આગળ
આણ્યો - લાવ્યો
આપચા કરતનારા - આપ્યા કરતા હતા
આપડાહ્ય - આપણને
આપળે - આપણે
આવ આવ્યો
આવા રા - આવ્યા
આવીગરા - આવી ગયા
આવન્ - આવ્યા
આંડ્લો - આંધળો
આંગણ્ - આંગણું
આંજુ - હજુ પણ
આં ભીયે - નમસ્કાર
એવને એવ - એવું ને એવું
ઓડાણા - ઓઢણીના
ઈયા - આ
ઈયાણે - એને
ઈયેણે - એનો
ઈયે તીરે - આ કિનારે
ઉખલ - ખાંડણિયો
ઉગાય પરાલ - પરાળનો પૂળો
ઉગુડતી - ઊઘડતી
ઉચ્ચે પાંજીરે - ગાડું ભરીને
ઉજગાંડ્યો વાડો - ગાંડો ભૂત, એક ભૂતનું નામ
ઉબડો - ઉકરડો
ઉબાતી - ઊભરાતી
ઉમરો - એક ઝાડ
કડ્યે - કેડે
કડવ - કડવું
કઢી - કઢી
કણ્યે - કણી, અનાજ
કદનેરા - કરી દેજે
કન્ને હારુ - કોઈ પણ માટે
કમલી - કુમળાં
કરતના - કરતા હતા
કરાંઠો - કરાંઠીનું ઝાડું
કવાતની - કહેવાતી
કવાલો - મૂઠીભર
કવાસનો - કહેવાતો
કહણે - ખોળામાં
કંહાણું - વાસણ-કૂસણ
કાકડકૂવાણે - એક ગામનું નામ
કાકરે - કાંકરે
કાગલ - કાગળ
કાછીડ્યે - પોતડીના
કાછીરા - કાછડો
કાન ફેંટણી - કાન સાથે કાન અડાડીને ભેટવું
કામ્બજ - ડાંગર અને પરાળ જુદું કરવાનું લાકડાનું સાધન, પાંખિયું
કાલ્યો - કાળો
કાવડી કૂકડ - એક પ્રકારની મરઘી
કાંખ્ખી નેદા - કાંધે લીધા
કાંગણે - ઘરબારમાં
કાંઠ્યે - કોઠીમાં

કૂડ - કોઠાર
કુડ - કોઠ (ઢોરની)
કોઠે - કોઠીમાં (અનાજની)
કોરૂ - કોતરડું
કોડચી - કેડિયું
કોડીન્ - ભાત છૂટું પાડવાની હૂકવાળી લાકડી

ખખડિયો ભૂત - એક ભૂતનું નામ (ખડખડ અવાજ કરતો)
ખખીલતે - ખખડતું (નાળિયેર)
ખબે ખભા પર
ખલે - સ્થાનકે
ખરો - સાચો
ખાખરાણે - ખાખરા કે કેસૂડાનાં ઝાડનાં
ખાંડો - ભાંગેલા શીંગડાંવાળો (બળદ)
ખાંદીયો - ખાંધિયો (બળદ)
ખીના બારી - ખીલાની બારી
ખેડ્યા ગુણાણે - ખોડિયા ગુણિયો (એક ભગતનું નામ)
ખેતામાં - ખેતરમાં
ખેત્યે - ખેતરે
ખખડોની - ગભરામણ નહીં
ખોબે-ખોબામાં

ગડ મલ - ડુંગર પરનો દેવ
ગઢ મલ-દેવની મ્હલ્ - દેવની ગુફા
ગના રા - જવું
ગની - ગયેલી
ગય બેલી - ઘરની ભીંત વચ્ચેની થાંભલી (મૂખ્ય)
ગરેડ - ગાલ્લીનો ચીલો, રસ્તો
ગાડલ પારાણ - ગાલ્લી વખરી
ગાડલી - ગાલ્લી
ગામ ખરે - ગામને સીમાડે
ગુરુબ ગોન્જાણે - ગરીબડાં
ગુરુબામાં - ઘરમાં
ગુરુબ - ગરીબ
ગોડવે - સૂંઢિયું
ગોલ - ગોળી (છાશની)

ઘીરહીણો - ઘરનો
ઘરાં પાંહાણી - ઘર પાસેની
ઘરા બારામાં - ઘરબારમાં
ઘીહાંમાં - ઘીમાં
ઘૂટણ્યે - ઘૂંટણિયે
ઘૂંહતો - ઘસતો
ઘેડ્યે - ઘડિયે

ચકી - નાડું-
ચમકાણી - ચમકતી
ચવીઠ્ - સ્થાનક
ચર્યા - ચર્યા કરવું (પશુનું)
ચર્યા કરતના - ચરાવતા હતા (પશુ)
ચાનતન્ - ચાલતું હતુ
ચાન્યા કરે - ચાલ્યા કરે
ચાટવ - ચમચો (લાકડાનો)
ચાલ્લે - ચાળો
ચાંદરી - કપાળમાં સફેદ વાળનું ટપકું (ભેંસ, ગાયને)
ચીકાણ - ચીકણું
ચીમાયા - લપાવું, છુપાવું
ચૂકકહું - ચૂકવશું



ચેંગીર્યો - શક્તિશાળી (મરઘો)

છલકાયની - છલકાતી
છદીડતી બારી - તોતિંગ બારી
છડ્ય કરે ને - ખાંડીને, છડીને
છંદે - તાલે, સંગે
છાહા - છાશ
છૂદાણ મોરી - ભાંગેલી કે તૂટેલી નીક
છૂલ્લે નેદા - ઝોળીમાં લીધા
છેડી નેદની રા - છોડાવી દીધી હતી
છોકર - છોકરાં

જવડી - જેવડી
જહ - જશ
જાતના -જતા હતા
જામણાણે - જાંબુડાનું
જારા જશે
જાર જવાબ - નમસ્કારરૂપી જવાબ
જવાણ - જવાનું છે
જાહુંરા - જઈશું
જીયાણે - જેની
જૂગાણે - આકાશ, બ્રહ્માંડ
જેમાણા - જમાણા
જોગાણ - જોગણી
ઝીની ને જે - ઝીલી લેજે

ટકો - પૈસો
ટાલહાણી - તાળાની
ટીચી નેદીરા - જમી લીધું, ખાઈ લીધું
ટોપની - ટોપલી

ડખ્ખારતા - લડવા કે મારવા માટે તૈયારી કરવી, પડકારવું
ડડા - ખાબોચિયું, ખાડા
ડાંડ - રસ્તો, માર્ગ
ડોંગાર - ડુંગર
ડોબે ઢાંઢારા - ઢોરઢાંખર
ડોવડ - તૂમડીમાંથી ફૂંકવાનું બનાવેલું એક વાદ્ય - ડોવડી
ડોબે ઢાંડામાં - ઢોરઢાંખરમાં
ડોવડિયા - ડોવડી વગાડનારા

ઢલતે માર્ગે - ઢળતા રસ્તે
ઢીગ - ઢગલો
ઢૂલી પડતા - ઢળીપડવું

તી દાડે - તે દિવસે
તીતુન્ની ભાજે - તાંદળજાની ભાજી
તીરહાણે - તરસ્યાને
તીયાણે - તેની
તુમારે - તમારે
તુંકા - તારું
તેવ - તેવું
તોરાલી ક્યે - છેલછબીલી
તોરે - તારે

દડતાન - દોડતા
દર્યો - દરિયો
દાતીણ - દાતણ
દાદર - સીમની ખુલ્લી જમીન, મેદાન
દાદીર્યેણી - સીમની ખુલ્લી જમીનવાળો

દાબ્જા - દબાવવું
દાડે - દિવસે
દાંડોરા - આવ્યો છે
દુદા વાટે - દૂધના રસ્તે
દૂનારી - દૂધ કાઢનારી, દૂધ દેનારી
દેખાતાના રા - દેખાડતા હતા
દેતા જાહું - આપતા જઈશું
દેજા - આપજે
દેવલી માડ્યાણે - દેવલી માડીએ
દેવાહાયના - દેવોના

ધરતા - પકડતા
ધારાણ - ઘરનો મુખ્ય થાંભલો
ધાંગલા બારી - એક દરવાજો
ધૂર્યો - મારકણો, ઘૂરકવું
ધેણી - ધણી, પતિ

નગરીણે - નગરીની, શહેરની
નમી નેહું રા - નમતા જઈશું
નમણે - નમસ્કાર
નાકેદાર - દેવના દરબારનું નાકું સાચવનાર
નાડા - હળકે ધૂંસરીએ બાંધવાની ચામડાની દોરી
નાણી - સ્નાન કરવાનો હોજ - જગ્યા
નાણે - પૈસા, નાણાં
નાયરાલે - નાળિયેર
નીકલી જાતે - નીકળી જઈશું
નયેન - છે ને ! હોવું (સ્ત્રી)
નીરા - નહીં
નીરાન - ઘણાં જ

નીસુરવાણી - નીકળવાની
નીહરી - નીકળી
નેઈ નેજા - લઈ લેજે
નેતરે - છાશ તાણવાની દોરી
નેતા જાહું - લેતા જઈશું
નેદા - લીધા
નેધી - દેવું, આપવું
નેવાં - નવાં
નેહું - દઈશું
નેંદતા - નીંદતા

પજારેણી - પડાળીનો
પડ્ય રા - પડવું, પડ્યું
પડતી ગની - પડી ગયેલું
પદરાવી - પધરાવી
પયળા - પડ્યા, અમલ કરવો
પરગડીયે - વહેલી સવારે, પ્રભાતે
પરગણ્યે - પ્હો ફાટતાં, પ્રભાતે, મળસકે
પરાણ - પરોણો - બળદને મારવા માટેની ખીલી વાળી લાકડી
પલી - પેલી
પહ્યા - પૈસા
પંજીઠ - પંજેઠી, દંતાળી
પંહ બાળકો
પાકીન્ - પાકીને
પાગાણા - પગવાળા
પાછના - પાછળના
પાછાલ - પાછળ
પાદરી - વારંવાર ગેસ કાઢી અવાજ કરનાર બળદ
પાદરો - સીધો



પાવાણા - મહેમાનગતિ
પારહ - પારસી (કોમ)
પાંયરી - પનિહારી
પાંહાણી - નજીક
પાંહે - પાસે
પીપન્જે - એક દેવનું નામ
પીપન્યે - મરઘીનું બચ્ચું, પીલ્લું
પીરે - દેવસ્થાને
પૂગ્યા રા - પહોંચ્યા
પૂંજ - અર્ઘ્ય
પૂન ખાલી - પુણ્યનું સ્થાનક
પોટે પડી નેહું - પગે પડી લઈશું, નમસ્કાર કરીશું
પોર્યા - છોકરાં
પોહની - છોકરી (અનાથ)
પોહાહેં - છોકરાંઓના

ફટક - અનાજમાંથી કચરો ઉડાડવા માટેની પછેડી
ફીરતાફીરતા - ફરતાં ફરતાં
ફીરતો - ફરતો
ફીર હું રા - ફરીશું
ફેડવું - ઉકેલવું
બગના - સફેદ
બગના ખરાડા - સફેદ ઘોડા
બડ્હ - મોટું
બડો - મોટો
બાયરે - બારી
બારદાન - બાઘા જેવો
બારામાં - બારણામાં
બાલો વિધાણ - એક પૂર્વજનું નામ
બાંદજા - બાંધ્યા

બાંધવાણે - બાંધવાના
બાંન્ના કરતના - બાંધ્યા કરતા હતા
બીવડ - બિયારણ
બુખારી - સાવરણી
બોકડે - બકરાં
બોનતા જાહું - બોલતા જઈશું

મચકાલો - મલકાતો
મજીરો - મજૂર (પુરુષ)
મસ્કાલી - નટખટ સ્ત્રી
મહેનત દેવ - એક દેવનું નામ
માખીણાય - માખાણના
માછીડ બળદના મોં પર બંધાતું ચામડાનું મહોરું
માણહે - માણસો
માદણ - ભેંસની બેસવાની કાદવવાળી જગ્યા
માતાણે - માતાનું
માનેદેજા - માન આપજે
માનતા - માન્યતા
માનીત - માનીતી
મામાહેં - મામાઓ
માલ્યે - માળા
માંસ વાટે - માંસના રસ્તે
મીલતી - ને મળતી
મીલ્યા કરે રા - મળ્યા કરે
મુખલ - મુસળ, સાંબેલું
મુરથ બેલી - મુહૂર્તવાળી વળી (ઘરની), ઘર બાંધતી વખતે પ્રથમ નાખેલી થાંભલી
મહેકાલી - અટકચાળા કરતી (સ્ત્રી)
મોરી - નીક, ગટર

મોવર - દામણું, ઢોર બાંધવાનું દોરડું
મોવર - મોર (પક્ષી)
ભડી - દેવની સ્ત્રી ચાકર
ભડો - દેવનો પુરુષ ચાકર
ભર્યા આંગણ - ભરેલું આંગણું
ભર્યા ગાડલી - ભરેલી ગાલ્લી
ભંગજી દેવ - એક દેવનું નામ
ભાંજલી - ભાંગતી
ભૂખર વાયર - સૂકો પવન
ભૂજતી - શેકવું
ભૂંયા - ભાઈ
ભેંહે - ભેંશ
ભોખ્સાણે - ભૂખ્યાને
ભોગ ખલે નેજે - ભોગનો સ્વીકાર કરજે
ભોભડોની - ભય નહીં, ગભરામણ નહીં

રણા હાલી - સુંદર
રવી - રવૈયો (છાશ તાણવાનો)
રહણી - સૂર્યનાં કુમળાં કિરણો
રંગાહાલી - રંગીલી (સ્ત્રી)
રંગીનો - રંગીલો
રાજા બાંઠો - ચોધરી જાતિના પૂર્વજનું નામ

વચનો - વચ્ચેનો, વચલો
વાજ્જા કરતન - (વાજિંત્ર) વાગ્યા કરતું હતું
વરવાંદો - વાંક, વાંધો
વરહી ગનો - વરસી ગયો (ગયેલો)

વલ કરતા - યુક્તિ કરવી
વલતી જાતની - વળતી થતી હતી, સમુંસૂથરું થતું હતું
વલે વલે - આવડતથી, કળથી
વાલ્યા કરતના - વાળ્યા કરતા હતા
વલ્લો દેવ - આવડતવાળો દેવ
વાવડતના - વહેવડાવતા
વાધાય - વાધને
વાટ - રસ્તો
વાડતા ગના - કાપતા કે વાઢતા ગયેલા
વાડ્યે - વાડામાં
વાડો - ભૂત જેવો મેલો
વાત વગાત - વાતચીત
વાયર - પવન
વાલતા - વાળવું
વાલી આપ - વાળી આપ
વાવ - ઉડાડ્યું
વાહેડ - વાછરડાં
વાંડો - વાંઢો,
વાંદો - વાંધો
વાંહીંદ - વાસીદું
વીછૂડ વાણી - પસાર થવાની

સીદી - સીધી

હડતાને પડતા - ચાલતા ને પડતા
હન ખાલી - સોનાનું સ્થાનક
હનાય - સોનાનુ
હમડા - સૂપડું
હરખીણે - સામૂહિક દેવપૂજાએ
હલ-હળ



હલકા હોણે - હળવા થવું
હલે-બલજ - હળ બળદ
હવાર - સવાર
હવાહાણો - સવા સો
હવીરા - ભગત સાથે દેવ પૂજા કરનારો
હનાકારતના - ઈશારેથી બોલાવતા
હંસતા - હસતા
હંહ - હોંશ
હંહરે - હસતાં
હંહરો - હસમુખો
હાચકા કરતનો - હાંક્યા કરતો
હાજૂર - હાજર
હાટડે - પાલાં
હાદડ - સાદડી
હાદી - બોલાવવો
હાપાય - સાપને
હાલી - હળ હાંકનારો, હાળી
હાંકારત - બોલાવવું, હોંકારો કરવો
હાંજ - સાંજ

હાંડ્ - માટીની હાંડલી
હાંદો દેવ - આથમતો સૂરજ
હીદવો - ગાલ્લી ઉલડે નહીં તે માટેનો લાકડાનો ટેકો
હુકમીદાર - હુકમનું પાલન કરનાર
હુજ - સૂઝ
હુજ્જી દેવ - સૂઝ આપનાર દેવ
હુડી - સૂડી
હુડ્યે વાટે - સૂડીના રસ્તે
હુવાતી - ઊંઘતી
હૂંપડ - સૂપડું
હેડ - ફુવારા (દૂધ - છાશના)
હેડાપોહા - શેઢા પર
હેડો દેવ - ખેતરના શેઢાનો દેવ
હેલ વાયર - ઠંડો પવન
હોઈ ગઈ - થઈ ગઈ
હોતની - થાત
હોપારી - સોપારી
હોવારા - થયો છે.



# ગૂજરાત વિદ્યાપીઠનાં પ્રકાશનો

૧.ગુજરાતના ચૌધરીઓ – ડૉ. અરવિંદ ભટ્ટ
૭૫.૦૦
૨. આદિવાસી લોકસંગીત – વિમલ શાહ, સિદ્ધરાજ સોલંકી ૯.૦૦
૩.અદિવાસી સ્ત્રીઓમાં નવી ટેક્નોલૉજીનો ઉદય અને પ્રભાવ
– અરુણ પટેલ
૬૫.૦૦
૪.અમદાવાદ શહેરમાં મહિલા ભિક્ષુકો – ડૉ. મુસ્તાઅલી મસવી ૭૦.૦૦
૫.આદિવાસીઓની પલટાતી આર્થિક સ્થિતિનો અભ્યાસ
– ડૉ. મુસ્તાઅલી મસવી
૫૦.૦૦
૬.ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા ગરીબી નિવારણ
– ડૉ. ઠા. ભા. નાયક, મુસ્તાઅલી મસવી ૬.૦૦
૭. ગુજરાતની અનુસૂચિત જનજાતિઓની ઉ.બુ. આશ્રમશાળાઓ
– ડૉ. ઠા. ભા. નાયક ૧૦૦.૦૦
૮.ગુજરાતના આદિવાસીઓની અર્થવ્યવસ્થા – મુસ્તાઅલી મસવી ૩.૫૦
૯. ગુજરાતી ભીલી વાતચીત (ગરાસિયા સ્વરૂપ) – શાંતિભાઈ આચાર્ય ૨.૦૦
૧૦. ગુજરાતના આદિવાસી લઘુવિસ્તારોનું આયોજન – ડૉ. ઠા. ભા. નાયક ૬.૦૦
૧૧.ગુજરાતના છૂટાછવાયા આદિવાસીઓની આર્થિક સમસ્યા
– ડૉ. ઠા. ભા. નાયક, ચંદ્રકાન્ત ઉપાધ્યાય ૧૯૫.૦૦
૧૨. ઘટક કક્ષાએ પૂર્ણ રોજગારી આયોજન : સાગબારા
– આર. બી. લાલ, ભારતી દેસાઈ ૩૦.૦૦
૧૩.ધોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો – સં. સિદ્ધરાજ સોલંકી ૪૦.૦૦
૧૪.ચોધરીઓ અને ચોધરી શબ્દાવલી – શાંતિભાઈ આચાર્ય ૮.૦૦
૧૫.દક્ષિણ ગુજરાતનું સાદું વાણા બાંધણીકાર્ય
– ડૉ. એબરહાર્ડ ફિશર, હકુ શાહ ૪.૦૦
૧૬.દૂબળાનાં લોકગીતો – ડૉ. ઠા. ભા. નાયક ૪.૫૦
૧૭. નોકરિયાત આદિવાસી મહિલાઓ : પ્રજાકીય ઓળખ
૧૦૦.૦૦
– બેલા ઠાકર
૧૮.પછાત વર્ગો વિશે બે મનનો – સં. ઠા. ભા. નાયક, સિદ્ધરાજ સોલંકી ૨૦.૦૦
૧૯. પશુપાલનનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ
૧૮.૦૦
– ડૉ. સિદ્ધરાજ સોલંકી, ડૉ. આશા સોલંકી
૭.૦૦
૨૦. બાળઉછેરનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ ,, ,,
૪.૫૦
૨૧. સગાઈનો અભ્યાસ : કેટલાક સુઝાવો – ડૉ. ઠા. ભા. નાયક
૧૫.૦૦
૨૨. સાંથાલ આદિવાસીઓ - ચારુલાલ મુખરજી
૧૦.૦૦
૨૩. સમૂહ શ્રાદ્ધ – વિમલ શાહ, હકુ શાહ, રમેશ શ્રોફ
૮.૦૦
૨૪. गुजरात के आदिवासी – विमल शाह
25. Mogra Dev Tribal Crocrodile-Gods
15.00
– Eberhard Fischer, – Haku Shah
25.00
26. The Saharias – Dr. T. B. Naik
100.00
27. The Sidis of Gujarat – Dr. T. B. Naik, G. P. Pandya

પ્રાપ્તિસ્થાન : નવજીવન પ્રકાશન મંદિર, પો. નવજીવન, અમદાવાદ - ૩૮૦ ૦૧૪

ISBN : 81-86445-27-7

PRICE : Rs. 100.00